નવરત્નોપદેશનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ

(પાર્લે-મુંબઈમાં આયોજિત અધ્યયનશિબિરની કેસેટના આધારે)

ગોસ્વામી શ્યામ મનોહર

લેખક - પ્રકાશક :
ગોસ્વામી શ્યામ મનોહર
૬૩, સ્વસ્તિક સોસાયટી,૪થો રસ્તો,
જુહુસ્કીમ, પારલે, મુંબઈ. ૪૦૦૦૫૬.

નિઃશુલ્ક વિતરણાર્થ આર્થિક સહયોગ :
શ્રીરાજેશ ચોકસી (ન્યૂયોર્ક), શ્રીમતી સરસ્વતી નંદકિશોર મિત્તલ (અંધેરી-મુંબઈ), શ્રીમિલન કાંટાવાળા (અમદાવાદ), શ્રીયશ કાપડિયા(મુંબઈ), શ્રીકિશોર ભાટિયા (દુબઈ).

નવરત્નોપદેશનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ

(પ્રતિ : ૧૦૦૦. પ્રકાશનવર્ષ : વિ.સં. : ૨૦૬૧, શ્રીવલ્લભાબ્દ : ૫૨૬)

મુદ્રક :
શૈલેશ પ્રિન્ટર્સ્,
૧૪, ચુનાવાલા ઇંડસ્ટ્રિઅલ એસ્ટેટ,
કોંડીવિટા રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૯.

॥શ્રીકૃષ્ણાય નમઃ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પ્રકાશકીય

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણનો આ ‘નવરત્ન’ ગ્રંથ, મૂળમાં ઉત્તર ગુજરાતના ખેરાળુ ગામના શ્રીગોવિંદ દવેને ભગવત્સેવા કરતાં જે ઉદ્વેગ થતો હતો તેના નિવારણમાટે પ્રકટેલો ઉપદેશ; અને ષોડશગ્રંથોમાં છઠ્ઠી સંખ્યાએ યોજાયેલો ગ્રંથ છે.

મહાપ્રભુજીએ ચીંધેલા માર્ગથી કલિકાળક્રમે વિપરીત જ દિશામાં ચાલવાની માનસિકતા ધરાવનાર અમો ગોસ્વામી બાળકો અને અનુગામી વૈષ્ણવ જનતા ને આજે પુષ્ટિસંપ્રદાયમાં સહુથી વધુ જે કાંઈ વાત નડે છે તે મહાપ્રભુજીએ ઉપદિષ્ટ સિદ્ધાન્તો જ છે. આવી આપણી દુર્ગતિમાંથી બાહેર આવવામાટે ઉપદેશક અને અનુગામી બન્ને મળીને એક વખત પોતાના મૂળ સિદ્ધાંત અને તેના નિરૂપક ગ્રંથો નો નિભ્રાંત આશય પારસ્પરિક સહમતીથી નિર્ધારિત ન કરી લે ત્યાં સુધી આપણી સમસ્યાનું સમગ્રતયા સાંપ્રદાયિક સમાધાન મળી શકતું નથી. આથી અમુક ગોસ્વામી નવયુવકો એક જાહેર ચર્ચાસભા ગોઠવવાનો આગ્રહ કરતાં હતાં. હું જો કે તે વખત પણ બહુ આશાવાદી નહોતો છતાંય ચર્ચાસભામાં વિચારોની આધારભૂમિકાના રૂપે વિચાર્ય મુદ્દાઓ, સિદ્ધાન્તવચનો; અને તેમના ભાવાભિપ્રાય જે મારી સમજ પ્રમાણે ખરા લાગતાં હતાં તેમનો ૧૩ શીર્ષકોમાં એક સંકલન મેં રજું કર્યું. તેને પાછળથી ‘સિદ્ધાન્તવચનાવલી’ તરીકે પ્રકાશિત કરાવીને બધાને મોકલાવી પણ દીધી. આજે પરંતુ મહાપ્રભુજીના નામે પોતાનાં ચરણો પૂજાવનારા અમો ગોસ્વામી બાળકોને મહાપ્રભુજીના વચનો ગાળ કરતાંય વધુ ખૂંચતા હોય છે. તેમજ અનુગામી વૈષ્ણવ જનતાને

પણ મહાપ્રભુજીનાં સાક્ષાત્ વચનો કરતા એમના વંશજોનાં વચનો વધારે કર્ણપ્રિય લાગતાં હોય છે. તેથી અવ્વલ તો કોઈ સાંભળવા જ માગતા નથી અથવા તો સાંભળીને મૂલ આચાર્યવાણીનો યદ્વા-તદ્વા અભિપ્રાય આપી છટકી જવા માગતા હોય છે. અથવા કેટલાક ચતુર ગો.બા.ઓ હવે સિદ્ધાંતો ઉઘાડા જ પડી જવાથી તેને સિદ્ધાંત તરીકે ખાનગી કે જાહેર માં કબૂલ રાખીને પણ તેના કરતા આઠ ગણોં ઘોઘાટ સિદ્ધાન્તવિરુદ્ધ કાર્યક્રમોનો એક માસ્-પ્રોપેગેંડાની કુનેહ વાપરીને જનતામાં કરવા મંડ્યા છે. આમાં હેતુ ફક્ત એક જ કે જેમ બને તેમ જનતામાં વ્યામોહ ફેલાવી દેવો કે સાચા સિદ્ધાંતોની ગંભીરતા તરફ પુષ્ટિમાર્ગીય જનતા આંખ આડા કાન કરી શકે!

આ પરિસ્થિતિમાં પ્રભુએ જેને જેવું સામર્થ્ય આપ્યું હોય તે મુજબ મહાપ્રભુજીનો સાચો અભિગમ જનતાની સમક્ષ રજુ કરતા રહેવું જોઈએ. કેમકે હાલના સ્વાર્થના કાદવમાં ગલાડૂબ ફંસાયેલા આપણેં સહુ આજની તારીખમાં હળીમળીને સર્વમાન્ય રજુઆત આપણાં સિદ્ધાંતોની કરી શકીએ એ શક્યતા જણાતી નથી. તેથી જે સિદ્ધાંતચર્ચાસભા ગોઠવવામાં આવી હતી તેના વાર્ષિકોત્સવ રૂપે મહાપ્રભુજીના સાચા અભિપ્રાયોની રજુઆત માટે ગ્રંથોનું દરેક વરસે સ્વાધ્યાય કરીએ છીએ. સ્વાભાવિક રીતે આમાં મારી ભાષા કઠોર છે, જે હકીકતમાં તો હોવી ન જ જોઈએ એમ સ્વીકારવા છતાંય, ક્યારેક આવી તેજાબી ભાષાથી ધોવાઈને અમો ગોસ્વામી બાળકો અને વૈષ્ણવો માં રહેલો પુષ્ટિનો બીજભાવ સાચા સુવર્ણની માફક ચમકી ઉઠશે તો જેમ ગાલિબે કહ્યું છે “ઈશ્ક **મુઝકો નહિ વહશત હી સહી મેરી વહશત તેરી શોહરત હી સહી. કત્અ કીજે ન ત્અલ્લુક મુઝસે કુછ નહિ હો તો અદાવત હી સહી**” એ ન્યાયે હું મારી જાતને ન કેવળ ક્ષમ્ય બલ્કે કૃતકૃત્ય પણ માની લેવાની મનોવૃત્તિ ધરાવું છું. પુષ્ટિપ્રભુ મહાપ્રભુ અને પ્રભુચરણ આપણને સાચા પુષ્ટિમાર્ગના પથિક બનાવે તે જ એક મહેષણા સાથે!

આ સ્વાધ્યાયપ્રવચનને કેસેટમાંથી કંપ્યુટરમાં ઉતારનાર ચિ.પરેશ અને ચિ.મનીષા, તેમજ મારી અનઘડ ગુજરાતી ભાષાને સુધારવામાટે કલાકોના કલાકો પ્રૂફરીડિંગ અને અપેક્ષિત થોડા ઘણાંક સુધારા-વધારાઓમાં ભેગા થઈને બેસનારા સહુ વિદ્યાર્થીઓનો હૃદયથી આભાર માનવો કે નહિ! આ બાબતમાં મારા મનમાં થોડીક ગડમથળ છે. કેમકે પુષ્ટિમાર્ગ પ્રત્યે મારી કે એમની જ નહિ બલ્કે સહુ પુષ્ટિમાર્ગીઓની આવી બાબતમાં ગંભીર જવાબદારી છે જ. તેથી માર્ગની સેવાના કાર્યમાં આભાર શો માનવાનો હોય! છતાંય મારી ભાષાકીય ક્ષતિઓ તે પુષ્ટિમાર્ગનો વિષય ન હોઈ મારી વ્યક્તિગત ક્ષતિ કે ન્યૂનતા નો વિષય છે. તેનામાટે આભાર ન માનું તો હું કૃતઘ્ની બનું! તે સિવાય આના મુખપૃષ્ઠની ડિઝાઈન બનાવનાર ચિ.જગદીશ શેઠ અને તેમાં રંગ ભરનાર ચિ.ખ્યાતિ મેહતા છે. તે પછી મુદ્રણસંબંધી ઘણી બધી જવાબદારી શ્રીમનીષ બારાઈએ મારા દરેક પ્રકાશનોની માફક નભાવેલી છે. તેથી આ બધાનો આભાર માનવો કે નહિ?...

સહુ પુષ્ટિમાર્ગીઓમાટે પુષ્ટિબીજભાવની નિશ્ચિંત દઢતાની શુભેચ્છાઓ સાથે!

વિ.સં.૨૦૬૧ દીપાવલી ગોસ્વામી શ્યામ મનોહર

૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો, જુહુસ્કીમ, પાર્લે(પ.), મુંબઈ ૪૦૦૦૫૬.
અડેલ, મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય માર્ગ, નયા શહર, કિશનગઢ, અજમેર, ૩૦૫૮૦૨.

અમૃતવચનાવલી

(૧)જે કટોરી (ગિરવિ) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકુરજી આપ હી કે દ્રવ્યકો આરોગે સો આપ હી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહીં અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂં ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો; યાકેલિએ ગોઅનકોં ખવાયો અરુ શ્રીયમુનાજીમેં પધરાયો(યહ સુનિકે સબ વૈષ્ણવ ચુપ હોય રહે).

(**શ્રીમહાપ્રભુ** : ઘરુવાર્તા-૩).

(૨)ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રવિહિત શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેવા અનુષ્ઠાનને કર્મમાર્ગીય જાણવું. વૃત્ત્યર્થ એટલે કે પોતાનું પેટિયું રળવામાટે જો શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેમને તો કૃષિની માફક ‘લૌકિક કર્મ’જ કહેવા. જાજરૂ જઈને મલપ્રક્ષાલનાર્થ ગંગાજલ વાપરવા જેવું તે નિષિદ્ધ આચરણ છે; અને આવા દુષ્કૃત્યને કારણે પાપજ લાગતું હોય છે.

(**શ્રીપ્રભુચરણ** : ભક્તિહંસ).

(૩)અપને સેવ્ય સ્વરૂપકી સેવા આપુહી કરની. ઓર ઉત્સવાદિ સમય અનુસાર, અપને વિત્ત અનુસાર, વસ્ત્ર-આભૂષણ ભાંતિ-ભાંતિકે મનોરથ કરિ સામગ્રી કરની.

(**શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ** : ૨૪ વચનામૃત).

(૪)જબ સંતદાસકો સગરો દ્રવ્ય ગયો તબ શ્રીઠાકુરજીકી સેવામેં મંડાન શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં રાખે ઓર શ્રીઠાકુરજીકે દ્રવ્યમેંતે ચોબીસ ટકા પૂંજી કરિ કોડી બેચતે. સો શ્રીઠાકુરજીકી પૂંજીમેંતે તો કાસિદકો દિયો ન જાઈ સો કમાઈકો ટકા દિયે. તબ ઇનકી મજૂરીકો રાજભોગ ન ભયો સો મહાપ્રસાદ હૂ ન લિયો. ટકાકે ચૂનકો ન્યારો ભોગ ધરતે સો રાજભોગ જાનતે=મહાપ્રસાદ લેતે; ઓર નિત્યકો નેગ બહોત શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં હોતો. તાતે આપુની રાજભોગકી સેવા સિદ્ધ ન ભઈ (જાને). કાસિદકો દિયે સો નારાયણદાસકોં લિખે જો તુમ્હારી પ્રભુતાતેં એક દિન રાજભોગકો નાગા પર્યો જો મેરી સત્તાકો ભોગ ન ધર્યો! યા પ્રકાર સન્તદાસ વિવેકધૈર્યાશ્રયકો રૂપ દિખાયે. વિવેક યહ જો = શ્રીગુસાંઈજીકો હૂંડી પઠાઈ — આપુની સેવા ન ભઈ, રાજભોગકો નાગા, માને. ધૈર્ય યહ જો = શ્રીઠાકુરજીકે દ્રવ્યકો ખાનપાન ન કિયે. આશ્રય યહ જો = મનમેં આનંદ પાયે — દુઃખકલેશ ન પાયે.

(**શ્રીહરિરાયજી-દ્વિતીયેશ** : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).

(૫)પારિશ્રમિક તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફળ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજદ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજોદ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો? કર્મમાર્ગમાં વિહિત હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવી લેવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાનાં પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

(**સુરતસ્થ ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી** : સિદ્ધાં.મુક્તા.વિવૃ.પ્રકા.૨).

(૬)“અત્ર ગૃહસ્થાન-વિધાનેન, સ્વગૃહાધિષ્ઠિત-સ્વરૂપ-ભજન-

પરિત્યાગેન અન્યત્ર તત્કરણે ભક્તિઃ ન ભવતિ, ઇતિ સૂચિતં ભવતિ : અહીંયાં સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે તેથી, જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન (ભેટ-સામગ્રી-મનોરથ-ઝાંખીરૂપે) કરવામાં આવે તો ભક્તિ થઈ ન કહેવાય''.

(શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી : ભક્તિવર્ધિ.વ્યા.૨).

(૭)જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

(શ્રીમદ્દુજી મહારાજનાં ૩૨ વચનામૃતો : ૫).

(૮)લૌકિક અર્થકી ઈચ્છા રાખિકે જો ભગવદ્ભજનમેં પ્રવૃત્ત હોય સો સર્વથા ક્લેશ પાવે હે. ઈતને કછૂ લાભકે લિયે પૂજાદિકમેં પ્રવૃત્ત હોય સો 'પાખંડી' ઓર 'દેવલક' કહ્યો જાય હે. તાસૂં લાભપૂજાર્થ સિવાય—જામેં નિષેધ નહીં હે એસી રીતસૂં ''મેરો લૌકિક સિદ્ધ હોય'' એસી ઈચ્છાસૂં જો ભજનમેં પ્રવૃત્ત ભયો હોય સો 'લોકાર્થી' કહ્યો જાય.

(શ્રીનૃસિંહલાલજી મહારાજ : સિદ્ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).

(૯)શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીનાં હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

(નિ.લી.ગોસ્વામિતિલકાયિત શ્રીગોવર્ધનલાલજી મહારાજ : ડેક્લેરેશન મિતિ—ભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯ = તા.૫-૯-૧૯૩૨).

(૧૦)મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીનેમાટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવકઉપર એ સરવે ખરચ કરે છે...ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(નિ.લી. અમરેલીવાળા શ્રીવાગીશલાલજીના આમ-મુખત્યાર : ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમા જુબાની).

(૧૧)જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(નિ.લી.શ્રીદેવકીનન્દનાચાર્યજી-પંચમેશ : 'આશ્રય'એપ્રિલ૮૭).

(૧૨)વકીલ : જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી, વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે ?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ના કહેવાય.

(નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ સુરતસ્થ ૩/૨ ગૃહાધીશ : જુબાની, નડિયાદના કેસમાં).

(૧૩)...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે...શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

(નિ.લી.શ્રીરણછોડલાલજી, રાજનગરના વચનામૃત=૪૮૪-૮૭).

(૧૪/ક)વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતોઉપર અટલ રહેવામાંજ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું

છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવનાઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ-હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોનાં ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતાં થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેયજ સધનારૂં છે.

(૧૪/ખ)મેરે અનુયાયીઓંકો દો પ્રકારસે દીક્ષા દેતા હૂં. પ્રથમ કંઠી બાંધના તથા દૂસરી બ્રહ્મસંબંધદીક્ષા દેના. કંઠી બાંધના સાધારણ વૈષ્ણવોંકો હી દી જાતી હૈ. તથા બ્રહ્મસંબંધ વિશેષરૂપસે ઉન અનુયાયીઓંકો જો સેવામેં વિશેષરૂપસે બઢના ચાહતે હૈં. પહેલી દીક્ષાકો ‘શરણ-દીક્ષા’ કહતે હૈં તથા દૂસરી દીક્ષાકો ‘આત્મનિવેદન’ કહતે હૈં. શરણદીક્ષામેં વૈષ્ણવ સિર્ફ઼ નામસ્મરણ કરનેકા હી અધિકારી હૈ. તો સેવાવાલે વૈષ્ણવકો બ્રહ્મસંબંધદીક્ષા લેનેકે બાદ હી અધિકાર હોતા હૈ. બ્રહ્મસંબંધવાલા વૈષ્ણવ અપને ઘરમેં હી સેવાકા અધિકારી હોતા હૈ...હમ સ્વરૂપકી સેવા નન્દાલયકી ભાવનાસે કરતે હૈ. ઈસલિયે હમ સાતોંકે સાત પુત્રોંકે ઘર ‘ઘર’ હી કહલાતેં હૈં ઔર હમારા ઘર ‘તીસરા-ઘર’ કહલાતા હૈ ઔર હમારે ઘરકી સૃષ્ટિ ‘તીસરે-ઘરકી-સૃષ્ટિ’ કહલાતી હૈ.

(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ તૃતીયેશ : ૧૪/ક : - તા.૨૪-૧૨-૪૮ ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેર સભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત ‘વૈશ્વાનર’ અંક-૩૧ સન્-૪૮ :: ૧૪/ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫).

(૧૫)આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હૈ ઓર

વહી અનર્થોંકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવનપર'' ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં! હમારે મંદિર કહાં હૈં! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આ ગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી-મહારાજ, મુંબઈ-મદ્રાસ: વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૬/ક)હમ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞાકા પાલન કહાં કર રહે હૈં? હમારે યહાં ગૃહસેવા કહાં હૈ? કેવલ મંદિરોંકે દર્શનોંસે ક્યા લાભ હૈ? શ્રીમહાપ્રભુજીકી આજ્ઞા હૈ ''કૃષ્ણસેવા સદા કાર્યા''. યદિ શ્રીમહાપ્રભુજી મંદિરકો મુખ્ય માનતે તો અપની તીન પરિક્રમાઓંમેં અનેક મંદિર સ્થાપિત કર દેતે. શ્રીગુસાંઈજીને શ્રીગિરિધરજીકો સાતસ્વરૂપકા મનોરથ કરતે સમય ઈસી પ્રકારકી ચેતાવની દી થી. મન્દિરસ્થાપન કરતે સમય ઉનકો ડર થા કિ ઘરમેંસે ઠાકુરજી મન્દિરમેં પધાર જાએંગે. મેરે પિતાજીને કલ (ઉપર ટાંકેલ '૧૫/ક'માં વચનમાં) જો કહા વહ અક્ષરશઃ સત્ય હૈ. તુમ અપને ઘરોંમે ઠાકુરજીકો પધરાઓ ઓર સેવા કરો.

(૧૬/ખ)પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરૂં ઉતરતું નથી.

શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભક્તિવર્ધિની) અર્થાત્...ગૃહમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારૂં માનવું તો આજ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંતપ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને...ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

(દહીસરમાં શ્રીગોવર્ધનનાથ-હવેલીટ્રસ્ટના સંસ્થાપક નિ.લી.પૂ.પા.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ: ૧૫/ખ: 'વલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫ — ૧૫/ગ: 'નવપ્રકાશ' અંક ૮ વર્ષ ૮).

(૧૭/ક)ઔર જબ જનરલ પબ્લિક-ટ્રસ્ટ હૈ, તબ ઠાકુરજીકો ગોસ્વામી-સંબંધસે પૃથક્ કર, ઠાકુરજીકો સબ સંપત્તિ અર્પણ કર, અર્થાત્ ભેટ કરકે, રિલીજિયસ એંડૉમેંટ કે રૂપમેં હુએ વહ ટ્રસ્ટ હૈં. એસી અવસ્થામેં ઈન ટ્રસ્ટોંસે જો નેગ-ભોગ ચલાયા જાતા હૈ વહ દેવદ્રવ્યસે ચલાયા જાતા હૈ. દેવદ્રવ્યકા ઉપભોગ કરનેવાલે અંતમેં દેવલક હી હૈં. શ્રીમદાચાર્યચરણને પ્રભુકી સોનેકી કટોરી ગિરવી રખ કર જબ ભોગ અરોગાયા તબ આપને ઉક્ત દ્રવ્યસે સમર્પિત સબકા સબ પ્રસાદ ગાયોંકો દિયા. યહ હૈ સામ્પ્રદાયિક સિદ્ધાંત. ઈસ પ્રકારકે આદર્શરૂપ સિદ્ધાંતોંકા જિસ પ્રથાસે વિનાશ હો કર આચાર્યોંકો દેવલક બનાયા જાય, ઉસ પ્રથાકો જિતની શીઘ્ર સમ્પ્રદાયસે હટા દી જાય ઉતના હી શ્રેય ઈસમેં ગોસ્વામિ-સમાજ તથા વૈષ્ણવ-સમાજ કા નિહિત હૈ.

(૧૭/ખ)ભગવત્સેવા સંપ્રદાયકી આત્મરૂપ પ્રવૃત્તિ હૈ. આચાર સેવાકા અંગ હૈ સેવાકી અનુકૂલતાકે અનુરૂપ હી આચારકા પાલન કિયા જાના ચાહિયે. આચાર-પાલનકો પ્રમુખતા દે કર ભગવત્સેવાકા ત્યાગ ઉચિત નહીં હૈ. ભગવત્સેવા જૈસે ભી બને કરો...ગુરુવરોંમેં

મત ભેજો...યદિ હમ ભગવદ્દ્રવ્યકો પેટમેં ડાલેંગે તો વહ અપરાધ હૈ. ગ્રન્થોંકે અધ્યયનકે પ્રતિ હમેં સમાજકો આકર્ષિત કરના ચાહિયે.

(**નિ.લી.ગો. શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ :** ૧૬/ક :-'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ'લેખ પૃષ્ઠ ૭.; ૧૬/ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૮/ક)જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(૧૮/ખ)તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે "તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા". માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે : કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે

તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી.

(**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબન્દર :** ૧૭/ક : સુધા-ધારા ૧૧૪ — ૧૭/ખ : સુધાબિન્દુ ૭૩).

(૧૯)વલ્લભમતમેં યહ સિદ્ધાંતતઃ ગલત હૈ ઓર ઐસે દેવસ્થાનોંકે ચઢાવેકા પ્રસાદ ભી ખાયા નહીં જા સકતા હૈ, ક્યોંકિ વહાં દેવલકત્વ હી પ્રધાન હૈ. આજકે યુગકો દેખતે હુએ જહાં ન્યાસ કરના આવશ્યક હૈ વહાં ઉપર્યુક્ત સિદ્ધાન્તોંકો ધ્યાનમેં રખ કર હી ન્યાસ કરના આવશ્યક હૈ, જિસસે દેવલકવૃત્તિસે બચા જા સકે. યદિ ઐસી વ્યવસ્થા નહીં કી જાતી તો દેવદ્રવ્ય હોતા હૈ, જિસકા સેવન કરનેસે આચાર્ય સ્પષ્ટ કહતે હૈં કિ નર્કપાત હોગા.

(**નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ :** "હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન").

(૨૦)ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈં કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઇતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હૈ...સબ પ્રકારકે દાન ચઢાવોં વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરુદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામેં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઓર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(**પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ :** શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૫૬).

(૨૧/ક)પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય? દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલોજ છે.

(૨૧/ખ)મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમા વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. ક્યાંય ધ્વજ-ઘુમ્મટ હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે...

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક **નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત** : ૨૦/ક : વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩— ૨૦/ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

(૨૨)...બ્રહ્મસંબન્ધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઈન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ...મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકેલિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમે કરની હૈ.

(**પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી,** સંસ્થાપક-શ્રીગોવર્ધનનાથજી મંદિર, હ્યુસ્ટન ટેક્સાસ યુ.એસ.એ. : વલ્લ.વિજ્ઞા. અંક ૫-૬ વર્ષ ૧૯૯૫).

(૨૩)પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામાં આવે છે? ઉત્તર : સામાન્યરીતે ઈતર હિંદુસંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્યસ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ'ગ્રંથલેખક **અ.સો.વા.ગો.પૂ.પા.શ્રીવલ્લભરાયજી, સુરત** : પુષ્ટિ.શીત.છાંય. પાનાં નં.૧૫૭-૧૫૮).

(૨૪)શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દૃષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભળાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે

વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે.
(**શ્રીમદ્ભાગવતતત્ત્વમર્મજ્ઞા પૂ.પા.સુશ્રી ઈન્દિરા બેટીજી :** વૈ.પ.અંક જૂન - ૯૦).

(૨૫)"અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સંપ્રદાયકે સિદ્ધાન્તનકૂં કોર્ટમેં સમઝાયે" — "હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે...હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં".

(**જામનગરસ્થ પૂ.પા.ચિ.હરિરાયજીના સિદ્ધાંતનિષ્ઠ પિતૃચરણ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ :** ગો.શ્યા.મ.ને મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

(૨૬)આ કાર્યક્રમદ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો કર્યો છે; બીજો કોઇ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એકજ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઇ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો — હું તો પ્રવાસ ખુબ કરૂં છું — એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઇ કાલે "લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા", એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ. મંગલાના દર્શનમાં વૈષ્ણવો; એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઇ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઇ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઇ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષ્યા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઇ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. અને મારી તો ખાસ વિનંતી છે કે આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે "ગુર્જરે જીર્ણતાં ગતાઃ" ભક્તિ જો જીર્ણ થઇ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ... અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય :** "પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).

(૨૭)પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાવો કરવા માટે તો છે જ નહીં, ભક્ત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દૃઢ કરવાનો માર્ગ છે...બન્નેના સંબંધો એવા હોવા જોઇએ કે કોઇ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સંબંધ છે, તે બીજી કોઇ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધું બાધક છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય** શ્રીવલ્લભાચાર્યપ્રાકટ્ય-ચપીઠ અમરેલી-કાંદીવલી-ચંપારણ્ય-સૂરત : 'પુષ્ટિનવનીત' પૃ.૧૨).

(૨૮/ક)પ્રશ્ન : આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈં વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હૈં જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને,

ટ્રસ્ટમન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે કોઈકુ બ્રહ્મસંબંધ નહીં દેનો. ઈન સબ વિષયમેં આપકો અભિમત ક્યા હૈ?

ઉત્તર: દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર તો માત્ર એક હી હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી... આજ મન્દિર જિતને હૈં અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હૈં વો સ્થાન... વાકુ અપન 'મર્યાદાપુષ્ટિ-મન્દિર' કહ સકે હૈં, 'પુષ્ટિમન્દિર' નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

(૨૮/ખ)આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્-મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(**પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ** ૨૭/ક: 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક ૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ. ૭. ૨૭/ખ: બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧)

(૨૯)શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી** 'વલ્લભીય ચેતના', ઓક્ટોબર ૧૫, ૨૦૦૩, પૃ. ૪)

(૩૦)ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય છે, પૂર્ણત: ભગવાન્‌માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરા સેવા થાય છે. આને 'માનસી-સેવા' કહેવાય છે. આની સાથે મનુષ્યે

શરીરથી પણ સેવા કરવી જોઈએ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા=હુંપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા 'વિત્તજા' સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે. આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય, ષષ્ઠેશ,** વડોદરા: 'શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન' પૃ.૧૨૫)

* * *

વિષયાનુક્રમણિકા

વિષય પૃષ્ઠ

પુષ્ટિસિદ્ધાંતચર્ચા-વાર્ષિકોત્સવનો ઉદ્દેશ્ય ૧

નવરત્નગ્રંથના અધ્યયન માટેના મુદ્દા ૧

પુષ્ટિમાર્ગીય આચારસંહિતા એટલે ષોડશગ્રંથ ૨

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવૃત્તને નવરત્નનો ઉપદેશ ૩

સમજ, શ્રદ્ધા અને નિષ્ઠા અનુસાર પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું વર્ગીકરણ ૪

(૧)બાલ્યાવસ્થા ૪

(૨)કુમારાવસ્થા ૫

(૩)કિશોરાવસ્થા ૫

(૪)યુવાવસ્થા ૫

(૫)પ્રૌઢાવસ્થા ૬

(૬)વૃદ્ધાવસ્થા ૬

નવરત્ન ગ્રંથ કિશોરબોધ છે ૭

પુષ્ટિમાર્ગનાં માતા શ્રીયમુનાજી, મર્યાદામાર્ગનાં માતા શ્રીગાયત્રી અને પ્રવાહમાર્ગના માતા શ્રીલક્ષ્મીજી ૭

આધુનિક મનોવૈજ્ઞાનિક એરિક્સનની દૃષ્ટિ અને નવરત્ન ગ્રન્થ સમજવામાં તેની ઉપયોગિતા ૧૦

બાળકના વિકાસ માટે પ્રથમ સોપાન વિશ્વાસ ૧૧

શ્રીયમુનાજી થકી પુષ્ટિમાર્ગીય વિશ્વાસની પ્રાપ્તિ ૧૩

વિશ્વાસનો અપોઝિટ્ અવિશ્વાસ ૧૪

વિકાસનું બીજું સોપાન આરંભ ૧૫

લજ્જા, અનિશ્ચય દૂર કરવા બાલબોધ અને સિદ્ધાંતમુક્તાવલી માં શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ ૧૭

આરંભનું અપોઝિટ્ અપરાધબોધ ૧૯

શ્રીમહાપ્રભુજીએ પોતાના સામર્થ્યથી આપણને અપરાધબોધરહિત બનાવ્યા ૧૯

ત્રીજું સોપાન : ઉદ્યોગ/પુરુષાર્થ ૨૨

ઉદ્યોગનું પ્રતિબંધક લઘુતાગ્રંથિ/ઈન્ફીરિયારીટિ કૉમ્પ્લેક્સ્ ૨૩

વિકાસનું ચોથું સોપાન આત્મનિર્ધાર/સેલ્ફ-આઇડેન્ટિફિકેશન ૨૪

આત્મનિર્ધારનો અભાવ ઉછેરની ખામીને કારણે ૨૬

વિકાસનું પાંચમું સોપાન ઘનિષ્ઠતા/ઇન્ટિમસી ૨૭

ઘનિષ્ઠતાના અભાવમાં એકલતાનો દોષ અને તેને દૂર કરવાના ઉપાયો ૨૯

વિકાસનું છઠ્ઠું સોપાન સૃજનશીલતા/પ્રોડક્ટીવિટી ૩૧

વિકાસનું સાતમું સોપાન આત્મસ્વરૂપબોધ/ઈગો-આઇડેન્ટિફિકેશન ૩૫

આત્મસ્વરૂપબોધથી વિરુદ્ધ આત્મવિભાજન/ઈગો સ્પ્લિટ્ ૩૬

આત્માનાં અવિભાજનમાટે શ્રીમહાપ્રભુજીએ લીધેલી કાળજી ૩૯

ઉદ્વેગ અને ચિંતા વચ્ચે રહેલ સંબંધનો વિચાર ૪૧

(૧)ઉદ્વેગથી ઉદ્ભવતી ચિંતા ૪૨

(૨)ઉદ્વેગરૂપા ચિંતા ૪૩

(૩)ઉદ્વેગજનિકા ચિંતા ૪૪

ચિંતાના સ્વરૂપનો વિચાર ૪૪

નવરત્ન, અન્તઃકરણપ્રબોધ, વિવેકધૈયાશ્રય ગ્રન્થોમાં વર્ણવેલ ચિંતાના વિષયની આન્તરિક સંગતિ ૪૬

બાળકના સ્વસ્થ માનસિક વિકાસનું સોપાન : [૧]વિશ્વાસ

પછી [૨]આત્મનિર્ભરતા અને તેના પછી [૩]આરંભ ૫૩
આત્મનિર્ભરતાનો પ્રયાસ સફળ ન થતાં લજ્જા અને અનિશ્ચય ૫૪
પુષ્ટિમાર્ગીઓના લજ્જા અને અનિશ્ચય શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તમુક્તાવલીમાં દૂર કર્યા ૫૬
પુષ્ટિમાર્ગીના સ્વસ્થ વિકાસ (આત્મસ્વરૂપબોધ)માટે જરૂરી [૪]ઉદ્યોગ, [૫]આત્મનિર્ધાર, [૬]ધનિષ્ઠતા, [૭]સૃજનશીલતા નો ષોડશગ્રંથોમાં વિચાર ૫૭
(૪)ઉદ્યોગ ૫૭
(૫)આત્મનિર્ધાર ૬૧
(૬)ધનિષ્ઠતા ૬૨
(૭)સૃજનશીલતા ૬૪
ચિંતાની અપ્રાસંગિકતા ભજનીય કે આશ્રયણીય શ્રીકૃષ્ણનાં સ્વરૂપવિચારે ૬૫
પ્રમેયબળની અનુપલબ્ધિમાં શ્રીમહાપ્રભુજીની વાણીનું પ્રમાણબળ જ માર્ગપર ચાલનાર માટે પ્રજ્વલિત મશાલ ૭૨
ઉદ્‌વેગના પિંજાણથી થતી ચિંતાની મનાઈ ૭૫
કામ-ક્રોધનું પિંજાણ કરવાથી પાપાચાર ૭૭
કામ-ક્રોધનું પિંજાણ કરવાથી નાશ ૭૯
પિંજાણ રહિતનો કામ-ક્રોધ જો ધર્માવિરુદ્ધ હોય તો આપણી ભીતર શક્તિ પેદા કરે છે ૮૦
ઉદ્‌વેગનાં બે મુખ્ય કારણો : ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ ૮૨
ઇષ્ટાનિષ્ટના વિયોગ-સંયોગની પ્રાથમિક અવસ્થા સમજવાથી ચિંતાનો ફિનોમિના સમજાશે ૮૫
ઉદ્‌વેગની પહેલી શરત : સભાનતા. નિદ્રાધીન કે બેહોશ વ્યક્તિને ક્યારે પણ ઉદ્‌વેગ નથી થતો ૮૬
વ્યવસાયાત્મક જ્ઞાન એ મૂળ છે જ્યાં ઉદ્‌વેગ ઉત્પન્ન થાય છે ૮૭
ચિંતાને સમજવા માટે 'ક્લિફર્ડ્ મોર્ગન્'ની વ્યવસાયાત્મક જ્ઞાનની વિવેચના ૮૮
વ્યવસાયાત્મક જ્ઞાનથી ત્રણ પ્રકારની અનુભૂતિ ક્લિફર્ડ્ મોર્ગન્‌ની દૃષ્ટિથી ૮૯
વ્યવસાયાત્મક જ્ઞાન અને અનુવ્યવસાયાત્મક જ્ઞાન ૯૧
ચિંતાના કારણ અનુવ્યવસાયાત્મક જ્ઞાન સાથે નવરત્ન ગ્રંથની સંગતિ ૯૨
શારીરિકમાનસશાસ્ત્ર પ્રમાણે ચિંતા અને ચિંતનની સમજ ૯૩
(૧)ઓટૉનોમસ્ સિસ્ટમ્ ૯૩
(૨)સિમ્પથૅટિક્ સિસ્ટમ્ ૯૪
(૩)પેરાસિમ્પથૅટિક્ સિસ્ટમ્ ૯૫
પેરાસિમ્પથૅટિક્ સિસ્ટમ્‌ને જગાડવાથી ચિંતાપર કાબુ મેળવી શકાય ૯૬
ચિંતન કે ચિંતા/નિર્વિષય અથવા સવિષય ૯૮
નિર્વિષય ચિંતન ૯૮
સવિષય ચિંતન ૧૦૦
પુષ્ટિમાર્ગીય સવિષય સમાધિથી ચિંતાનું ઉદાત્તીકરણ નવરત્નના ઉપદેશ દ્વારા ૧૦૩
સમર્પણપૂર્વક સેવા કરનાર ભક્તે નિશ્ચિંત હોવું જરૂરી ૧૦૬
સુખદુઃખાદિના આવર્તનથી જીવનની જીવંતતા ૧૦૭
જીવનના લચીલા સ્વભાવ(અન્-પ્રેડિક્ટેબલ્ ફ્લક્ચ્યુએશન્)થી ઉદ્‌વેગનો ઉદ્‌ભવ ૧૧૩
ભક્તિ ચિંતાને સાંખી શકતી નથી ૧૧૪

ચિંતાને દૂર કરવા ચિંતનનો ઉપદેશ ૧૧૮
પરમાત્મામાં જીવન જીવવાનો આત્માનો અભિગમ ૧૨૫
નવરત્નમાં ઉપદિષ્ટ ચિંતનનાં પ્રકારોને પેટેંટ્ મેડિસિન્ માની લેવી નહિ ૧૨૬
ભગવાન્‌ની બાબતમાં નિશ્ચિંત નથી થવાનું ૧૩૨
નવરત્ન ગ્રંથનો સ્વાધ્યાય ૧૩૭
૧.[આન્તરિકોપાયોપદેશ] : નિવેદિતાત્મભિ: (કર્તૃપ્રજ્ઞાવિવેક) *કાપિ - ચિન્તા* કદાપિ ન કાર્યા ઈતિ પુષ્ટિસ્થો ભગવાન્ (સંપ્રદાનમતિવિવેક) અપિ *લૌકિકીં ચ ગતિં* ન કરિષ્યતિ. ૧૩૮
કન્ડેન્સ્ અક્ષરોથી આર્થિકોપદેશનું નિરૂપણ ૧૩૮
વાચનિક અને આર્થિક ઉપદેશનો તફાવત ૧૩૯
નવરત્નમાં વાચનિક અને આર્થિક ઉપદેશ ૧૩૯
ભક્તિમાર્ગમાં પ્રવૃત્તને નવરત્નનો ઉપદેશ ૧૪૦
ત્રાંસા અક્ષરોવાળા શબ્દોથી રોગનું વર્ણન ૧૪૧
અન્ડરલાઈનથી ઔષધિનું વર્ણન ૧૪૨
પ્રવાહી જીવને લૌકિકગતિને કારણે ઉદ્વેગ નથી થતો ૧૪૨
લોકમાં પ્રવૃત્તિ નિવેદિતાત્માને ઉદ્વિગ્ન કરશે ૧૪૩
આ ઉપદેશ નિવેદિતાત્માની જ ચિંતાનિવારણ માટે છે ૧૪૫
વિષય સાથે આપ-લે કરતી બુદ્ધિના પ્રકારો ૧૪૮
કર્તૃપ્રજ્ઞાવિવેક ૧૫૦
સંપ્રદાનમતિનો વિવેક ૧૫૧
નિવેદિતાત્માએ કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવી ૧૫૧
આત્મચિંતન કરનારી બુદ્ધિ મનથી નહીં દોરવાય ૧૫૨
પરમાત્માનુગામિની બુદ્ધિ વિષયથી વિચલિત નહીં થાય ૧૫૩
“નવરત્ન સૂત્ર છે અને વિવેકધૈર્યાશ્રય તેનું ભાષ્ય છે” વિધાનની ચકાસણી ૧૫૬

આત્મનિવેદીનો આત્મનિર્ધાર જ સહજ ઉદ્વેગ પેદા કરતો હોય છે ૧૫૬
ચિંતાનિવૃત્તિને માટે કાયિક, વાચિક અને આન્તરિક ઉપાય ૧૫૭
નવરત્ન-વિવેકધૈર્યાશ્રય ગ્રંથોની સંગતિ ૧૫૮
વિવેક-ધૈર્ય-આશ્રયના શિખરપર પહોંચવા તળેટીથી શરૂઆત કરવી પડશે ૧૫૯
તળેટીની ઉંચાઈ અને શિખરની ઉંચાઈ નો ભેદ સમજવો પડશે ૧૬૧
૧.“પ્રભુને પ્રાર્થના ન કરવી” તે પ્રથમ વિવેક ૧૬૨
૨.“અભિમાન ન કરવું” તે બીજો વિવેક ૧૬૩
૩.‘હઠાગ્રહત્યાગ’ એ ત્રીજો વિવેક ૧૬૪
૪.‘કર્તવ્યાકર્તવ્ય’ ની બાબતમાં સજાગતા તે ચોથો વિવેક ૧૬૬
ધૈર્યના ચાર પ્રકાર સહજ પ્રતીકાર કે અનાગ્રહ, સહન, ત્યાગ અને અસામર્થ્યભાવના ૧૬૬
બૌદ્ધિક અનાગ્રહ ૧૬૬
લાગણીનો અનાગ્રહ ૧૬૭
વ્યાવહારિક અનાગ્રહ ૧૬૭
બૌદ્ધિક, લાગણીવાળો કે વ્યાવહારિક હઠાગ્રહ ન રાખવો ૧૬૭
ધૈર્યની પરિભાષા ૧૬૮
લાગણીના અનાગ્રહથી ધૈર્ય કેળવવાની શરૂઆત ૧૬૯
લાગણીના હઠાગ્રહથી ધૈર્ય ખંડિત થશે ૧૬૯
લાગણીના અનાગ્રહથી ત્યાગની સિફત કેળવાય છે ૧૭૧
૧.અનાગ્રહિલતયા પ્રતીકાર શક્ય હોય તો તે ધૈર્યમાં બાધક નહિ પણ સાધક પગલું છે ૧૭૨
૨.પ્રતીકાર શક્ય ન હોય તો દુ:ખોને સહી લેવું તે ધૈર્યનું

બીજું ડગલું છે ૧૭૩
૩.પોતાની મેળે કોઈ આરંભ ન કરવો તે ધૈર્યનું ત્રીજું ડગલું છે ૧૭૩
૪.અસામર્થ્યની ભાવના એ ચોથું ડગલું છે ૧૭૩
આશ્રયની પરિભાષા ૧૭૪
૧.આશ્રયનો પ્રથમ મુકામ મન-વાણીથી પ્રભુની શરણાગતિ ૧૭૫
૨.આશ્રયનો બીજો મુકામ મન-વાણી-કાયાથી અન્યાશ્રય નહીં કરવો ૧૭૬
'અન્યાશ્રય' કહેતાં અન્ય કોણ ? ૧૭૬
ડોક્ટર કે વકીલ જેવા સાથેનો વ્યવહાર આશ્રય નથી ૧૭૭
આરાધ્યદેવનો જ આશ્રય ૧૭૮
૩.આશ્રયનો ત્રીજો મુકામ પ્રભુ ઉપર ચાતક જેવો વિશ્વાસ ૧૭૯
પરમાત્મામાં વિશ્વાસ એ 'આશ્રય'નું મહત્ત્વનું અંગ છે ૧૮૩
૪.આશ્રયનો ચોથો મુકામ ''પ્રાપ્તં સેવેત નિર્મમઃ'' ૧૮૪
નવરત્ન સૂત્ર છે અને વિવેકધૈર્યાશ્રય ભાષ્ય છે ૧૮૫
૨.[આન્તરિકોપાયોપદેશ] : સર્વથા તાદૃશૈઃ જનૈઃ (સાકં) નિવેદનં તુ (સર્વથા) સ્મર્તવ્યં (કર્તૃસ્મૃતિવિવેક), સર્વેશ્વરઃ સર્વાત્મા (સંપ્રદાનપ્રજ્ઞાવિવેક) ચ નિજેચ્છાતઃ કરિષ્યતિ. ૧૮૬
સંપ્રદાનપ્રજ્ઞાવિવેક ૧૮૭
નિવેદનન્તુ સ્મર્તવ્યં (કર્તૃસ્મૃતિવિવેક) ૧૮૭
''સર્વેશ્વરઃ ચ સર્વાત્મા''(સંપ્રદાન બાબતની પ્રજ્ઞા કેળવવાનો વિવેક) ૧૮૮
૩.[આન્તરિકોપાયોપદેશ] : પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકં (કર્તૃકર્મબુદ્ધિવિવેક); અતઃ *સર્વેષામ્ અન્યવિનિયોગે* અપિ સ્વસ્ય કા ચિન્તા! ઈતિ સ્થિતિઃ. ૧૯૦
પોતાનાઓનો અન્યવિનિયોગ થતો હોય તો ચિંતા ન કરવી ૧૯૧
નિવેદનનું ભાન રાખવું અભિમાન નહિ ૧૯૧
નિવેદનના સ્વરૂપનો વિચાર જરૂરી ૧૯૨
નિવેદન આપણા સંબંધનું હોય છે ૧૯૬
ભક્તિના સંબંધથી કૃષ્ણના આત્મા આપણે થઈ શકીએ છીએ ૨૦૩
પ્રભુની પ્રભુતામાં વિરોધાભાસ નથી ૨૦૪
પાંચ પ્રકારના પ્રતિબંધમાં સેવા છોડી દેવી જોઈએ ૨૦૬
૪.[આન્તરિકોપાયોપદેશ] : સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકં (કર્તૃકર્મબુદ્ધિવિવેક); અતઃ *સ્વસ્ય અન્યવિનિયોગેઽપિ* કા ચિન્તા! ઈતિ સ્થિતિઃ. ૨૧૦
પોતાના અન્યવિનિયોગની બાબતમાં પણ ચિંતા ન કરવી ૨૧૦
આત્મનિવેદનના કર્તા અને તેમાં પ્રભુને નિવેદિત થયેલ કર્મની બાબતમાં સાચી બુદ્ધિ રાખવાના વિવેકથી ચિંતા ત્યાગી શકાય ૨૧૧
અવિવેકી માટે ચિંતા નિવારણનો ઉપદેશ નથી ૨૧૨
૫.[આન્તરિકોપાયોપદેશ] : જ્ઞાનાદ્ અથવા અજ્ઞાનાદ્ યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ (કર્તૃબુદ્ધિવિવેક)આત્મનિવેદનં કૃતં તેષાં કા પરિદેવના! ૨૧૬
ભક્તિ અને ચિંતા પરસ્પર વિરોધી હોય છે ૨૨૭
જેણે પ્રાણ કૃષ્ણસાત્ કર્યા હોય તેને પરિદેવના ન હોય ૨૨૮
''અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્'' નો અનર્થ ૨૩૦
'કૃષ્ણસાત્કૃતપ્રાણ' એ આર્થિક-વાચનિક ઉપદેશ છે ૨૩૨
૬.[આન્તરિકોપાયોપદેશ] : તથા શ્રીપુરુષોત્તમે (સમ્પ્રદાનબુદ્ધિવિવેક), *નિવેદને ચિન્તા ત્યાજ્યા* હરિઃ હિ સ્વતઃ સમર્થઃ. ૨૩૩

સમર્થો હિ હરિઃ સ્વતઃ ૨૩૪
શ્રીપુરુષોત્તમે તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા ૨૩૫
૭.[આન્તરિકોપાયોપદેશ] : હરિઃ હિ સ્વતઃ સમર્થઃ, (તસ્માત્) શ્રીપુરુષોત્તમે(સમ્પ્રદાનબુદ્ધિવિવેક) *વિનિયોગે અપિ સા ત્યાજ્યા.* ૨૪૦
૮.[આન્તરિકોપાયોપદેશ] : (યૂયમ્) અખિલાઃ સાક્ષિણો ભવત !(કર્તૃબુદ્ધિવિવેક-ધૈર્ય); યસ્માદ્, હરિઃ પુષ્ટિમાર્ગસ્થિતઃ (સમ્પ્રદાનબુદ્ધિવિવેક),(તસ્માત્) *લોકે તથા વેદે સ્વાસ્થ્યં તુ ન કરિષ્યતિ* (સમ્પ્રદાનમતિવિવેક). ૨૪૦
લીલાત્મક સરસ સાક્ષિભાવ અને અરસાત્મક સાક્ષિભાવનો ભેદ ૨૪૨
૯.[કાયિકાન્તરિકોપાયોપદેશ] : સેવાકૃતિઃ *ગુરોઃ આજ્ઞા(નુસારિણી ભવતિ), હરીચ્છયા બાધનં,* વા (ક્રિયાપ્રજ્ઞાવિવેક); અતઃ સેવાપરં ચિત્તં વિધાય સુખં (કર્તૃપ્રતિભાવિવેક+ધૈર્યોપદેશ) સ્થીયતામ્. ૨૫૧
મહાપ્રભુજી પોતાનો પૂજાપો વધારવા નહિ પણ પુષ્ટિજીવની પુષ્ટિપ્રભુપરતા વધારવા સેવાનો ઉપદેશ કરવા માગે છે ૨૫૧
૧૦.[આન્તરિકોપાયોપદેશ] : હરિઃ *ચિત્તોદ્વેગમ્ અપિ વિધાય* યદ્યત્ કરિષ્યતિ તસ્ય લીલા તથૈવ ઇતિ મત્વા (કર્તૃધૈર્યોપદેશ) ચિન્તાં દ્રુતં ત્યજેત્. ૨૬૧
૧૧.[વાચનિકોપાયોપદેશ] : તસ્માત્ *સર્વાત્મના* નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ" (ઇતિ) વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્ (સંપ્રદાનાશ્રયોપદેશ),ઇત્યેવ મે મતિઃ. ૨૬૯
નવરત્નગ્રંથોક્ત શરણાગતિ અને વિવેકધૈર્યાશ્રયોક્ત શરણાગતિ નું તુલનાત્મક સ્વરૂપ ૨૭૦
ઉપસંહાર ૨૭૬

॥ નવરત્નમ્ ॥

[આત્મનિવેદનનાં ચિંતનદ્વારા લૌકિક કે અલૌકિક બાબતમાં, સેવામાં ઉપયોગી કે અનુપયોગી વાતોની બાબતમાં, કરવામાં આવતી કોઈ પણ જાતની ચિંતા ન કરવાનો ઉપદેશ]

ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ॥
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્ ॥૧॥
નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈઃ જનૈઃ ॥
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૨॥

[પોતે આત્મનિવેદન કરનાર કે તેનાં નિવેદિત સ્વકીયોનો, જો નિવેદિત કે અનિવેદિત વ્યક્તિઓમાટે વિનિયોગ થતો હોય, ત્યારે આત્મનિવેદનના સ્વરૂપના વિચારે ભક્તિમાટે કરવામાં ચિંતા દૂર કરવી]

સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ॥
અતોઽન્યવિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્ ॥૩॥
અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનમ્ ॥
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના ॥૪॥

[આત્મનિવેદનમાં પૂરો વિશ્વાસ ન હોવાને કારણે કે ભગવત્સેવામાં નિવેદિતનો વિનિયોગ ન થવાને કારણે કરાતી ચિંતા શ્રીપુરુષોત્તમના સ્વરૂપચિંતનદ્વારા દૂર કરવી]

તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ॥
વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥૫॥

[પોતે કે પોતાનાં સ્વકીયો લૌકિક કે વૈદિક વ્યવહારોમાં સ્વસ્થ ન રહી શકતા હોય તો તેવા કારણે કરવામાં આવતી ચિંતા પણ પોતાના સાક્ષિભાવના ચિંતનથી દૂર કરી લેવી]

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ।।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ।।૬।।

[ગુરુ અને ભગવાન્ બન્નેની અથવા તો બેમાંથી કોઈ એકની આજ્ઞા પાળી ન શકાતી હોય ત્યારે તે ભયને કારણે કરવામાં આવતી ચિંતા સ્વસેવ્ય પ્રભુના સ્વરૂપના ચિંતન કે ભગવત્સેવાના તાત્પર્યના ચિંતન થી દૂર કરવી]

સેવાકૃતિઃ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરીચ્છયા।।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્।।૭।।

[ઉપદેશેલ પ્રકારે સેવાનો નિર્વાહ કરવાનું સામર્થ્ય હોય કે ન હોય તેના કારણે સ્વાભાવિક રૂપે પેદા થતી ચિંતાને ભગવલ્લીલાની ભાવના કે ભગવત્-શરણાગતિની ભાવના થી દૂર કરી લેવી]

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્ યદ્યત્ કરિષ્યતિ।।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્।।૮।।
તસ્માત્ સર્વાત્મના નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ"।।
વદદ્ભિર્ એવં સતતં સ્થેયમ્ ઈત્યેવ મે મતિઃ।।૯।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં નવરત્નં સમ્પૂર્ણમ્।।

* * *

।।શ્રીકૃષ્ણાય નમઃ।।
।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિટ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્।
પુરુષોત્તમશ્ચ તેશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ।।

પુષ્ટિસિદ્ધાંતચર્ચા-વાર્ષિકોત્સવનો ઉદ્દેશ્ય :

આજે આપણે આપણાં સિદ્ધાન્તોને પોતાની સક્રિય બુદ્ધિથી સમજવાનો જે અભિગમ તેનો જ ઉત્સવ ઉજવી રહ્યા છીએ, પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચા-સભાનો વાર્ષિક ઉત્સવ! નિષ્ક્રિય રીતે કેવળ સાંભળતા રહેવું, પોતાની બુદ્ધિ ન વાપરવી તેવું તો આપણે ઘણું સાંભળ્યું. પોતાની સક્રિય રુચિ લઈને મહાપ્રભુજીની વાણીના અવગાહન કરવાનો જે અભિગમ તે જ પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા હતી. તે જ ચર્ચાસભાનાં વાર્ષિક મહોત્સવને એજ અભિગમથી અમે ગોસ્વામી બાળકો જ નહિ, તમે ફક્ત વૈષ્ણવો જ નહિ, પણ આપણે સહુ પુષ્ટિમાર્ગીઓ મળીને ઉજવીએ તેની કડીના રૂપે હવે આપણે નવરત્નનો થોડોક સઘન સ્વાધ્યાય કરીશું.

નવરત્નગ્રંથના અધ્યયન માટેના મુદ્દા :

આ જે પત્રિકા છે એને જે લોકોને રાખવી હોય તે લોકો હાથમાં રાખે. નવરત્નના શ્લોકોનો અન્વય કરીને દરેક જે શબ્દોના અન્વય પછી જે વાક્યરચના થાય છે તે વાક્ય રચનાના ઘટક ક્યા ક્યા ઉપાદાનો છે, તેને જુદી જુદી રીતે જુદા જુદા ટાઇપમાં આમાં દર્શાવવામાં આવ્યા છે. ત્યાં એક ટાઇપને *કન્ડેન્સ્* એટલે સઘન કરી દીધી છે. તો બીજા કોઇક ટાઇપ ફેસના નીચે *અન્ડર્ લાઇન્* કરી છે. કોઇક ટાઇપને ત્રાંસી કરી છે તો કોઇક ટાઇપને સીધી રહેવા દીધી છે. કોઇક ટાઇપના ઉપર એટલે અક્ષરોના ઉપર *બ્રેકેટ્* આપવામાં આવ્યા છે અને *બોક્સ્ બ્રેકેટ્* સાઇડમાં આપવામાં

આવ્યા છે. એટલે જે વાક્યના ઘટક જુદા જુદા અંગો છે, તેને આપણે સરખી રીતે સમજીએ. આજે આપણે થોડાક લેટ્ છીએ, એટલે આજે તમે રાખો, પસ્તી માટે કાલે ફેંકી નહિ દેતા. જોકે એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે એટલે કહી રહ્યો છું કે ફેંકી નહિ દેતા પસ્તીમાં. મોટે ભાગે આજે કદાચ શરૂ થઇ શકશે તો કરીશ, નહિ તો કાલે આપણે કરીશું જ. આને સમજતા પહેલાં અમુક જે મુખ્ય મુદ્દાઓ છે નવરત્નના ઉપદેશના પાછળના, તે મુદ્દાઓને પણ આપણે સમજવા પડશે. સૌથી પહેલાં મુદ્દો નવરત્નની બાબતમાં એ છે કે નવરત્ન ષોડશગ્રન્થમાંનો એક ગ્રન્થ છે.

પુષ્ટિમાર્ગીય આચારસંહિતા એટલે ષોડશગ્રંથ :

આપણે સહુ પુષ્ટિમાર્ગી છીએ અને આપણા પુષ્ટિમાર્ગની જો કોઈ આચારસંહિતા હોય તો તે આચારસંહિતાનો પ્રથમ ઉપદેશ કે પ્રાથમિક ઉપદેશ મહાપ્રભુજીએ ષોડશગ્રન્થો દ્વારા કર્યો. આ સિવાયના પણ કેટલાક આચારસંહિતારૂપ ગ્રન્થો મહાપ્રભુજીના છે. દેખીતી રીતે જે ઉપદેશ મહાપ્રભુજીએ પોતે ન આપ્યા, તે ઉપદેશ શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઇજીએ આપ્યા છે તેવા પણ અમુક ગ્રન્થો છે. એટલા માટેજ ષોડશગ્રન્થ અને તેવા અન્ય ગ્રંથો સાથે એકકાયે પ્રકટ કરવાનો *પ્રોજેક્ટ* અમે હાથમાં લીધો છે. લગભગ ૨૨ ગ્રન્થોનું એક *વોલ્યુમ્* પ્રકાશિત કરવા અમે જઈ રહ્યા છીએ, શ્રીમહાપ્રભુજી કૃપા કરશે ત્યારે ચોક્કસ બહાર આવી જશે. એમાં શ્રીગોપીનાથજીએ અને શ્રીગુસાંઇજીએ રચેલા સાધનદીપિકા, સર્વોત્તમસ્તોત્ર, વલ્લભાષ્ટક, સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત, શ્રીમહાપ્રભુજીએ રચેલા ગ્રન્થો પૈકી પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી અને સર્વનિર્ણયનું સાધનપ્રકરણ, મઙ્ગલાચરણ એવા ગ્રન્થોનો પણ સમાવેશ કરીને લગભગ ૨૨ ગ્રન્થોની એક આપણી આચારસંહિતાનું નિકટના ભવિષ્યમાં પ્રકાશન કરીશું. હાલ પૂરતી જે આપણે સમજવાની આવશ્યકતા છે તે એ કે ષોડશગ્રન્થ, એ આપણી સૌથી પહેલી આચારસંહિતા છે. ષોડશગ્રન્થના ઉપદેશથી આપણે છૂટા પડ્યા કે

કોઈક બીજા માર્ગપર ભટકી ગયા તો સમજી જાઓ કે પુષ્ટિમાર્ગ ઉપર તમે નથી ચાલી રહ્યા. ષોડશગ્રન્થને સમજો, કઇ રીતે સમજશો? એના પ્રકારની બાબતમાં કોઈ વિપ્રતિપત્તિ હોઈ શકે નહિ : પોતે વાંચીને સમજો, બાળકોના ઉપદેશ ગોઠવીને સમજો, ચર્ચા કરીને સમજો, અનુવાદથી સમજો. બશરતે અનુવાદ સાચો હોય તો કોઈ વાંધા જેવી વાત જ હોતી નથી.

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવૃત્તને નવરત્નનો ઉપદેશ :

શ્રીગુસાંઇજીએ અહીંયાં નવરત્ન ગ્રન્થના અન્તમાં એક બહુ સૂચક વાત કહી છે. અને તે દરેક પુષ્ટિમાર્ગીએ ખ્યાલ રાખવા જેવી છે, શ્રોતાઓએ તો ખરીજ, પણ જે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનો ઉપદેશ કરવા માંગે છે, તેમને સવિશેષ. તે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે :

> **"ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાર્ઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે।**
> **અન્ધસ્ય સૂર્યઇવ તદ્વિમુખસ્ય ન અત્ર અર્થિતા॥"**
> (શ્રીગુસાંઇજીકૃત નવરત્નપ્રકાશ)

જે પુષ્ટિમાર્ગપર પ્રવૃત્ત થયો છે, જે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા માંગે છે. **"પુષ્ટિમાર્ગે પ્રવૃત્તસ્ય દાર્ઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે"** આ જે કાંઇ ઉપદેશ આપવામાં આવી રહ્યો છે તે પુષ્ટિમાર્ગ ઉપર પોતાના દઢ ડગલા ભરી શકે તેના માટે આપવામાં આવેલો છે. **"અન્ધસ્ય સૂર્ય ઇવ"** આંધળા માણસને સૂર્ય ઊગે કે આથમે તેનાથી કશો ફરક નથી પડતો. એમ જે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તથી વિમુખ છે તેના માટે **નવરત્નમાં** ચિંતા કરવી કે ન કરવી તેની બાબતમાં કશું જ કહેવામાં આવ્યું નથી. જે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા માંગે છે, તેને જે ચિંતા થઈ રહી છે, તેની ચિંતાના નિરાકરણનો અહીંયાં ઉપદેશ છે. આપણને છોકરો નથી થતો, બાયડી નથી મળતી,

પરીક્ષામાં પાસ થવું છે, ધંધો નથી ચાલતો અને, **“ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ”** કરશો તો ભગવાન તમારી લૌકિકી ગતિ જ કરવાનો છે. એક વાત સાચી સમજી લ્યો કે એ ચિંતાની સાથે આ નવરત્ન ગ્રન્થને કાંઇ-કશું લેવા-દેવાનો સંબન્ધ નથી **“તદ્વિમુખસ્ય ન અત્ર અર્થિતા”** . અહીંયાં એવાઓને ઉદ્દેશીને કાંઇ કહેવામાં આવી રહ્યું નથી. એ વાત આપણે સૌથી પહેલી, ચાહો તો લખીને સ્પષ્ટ કરી લો તમારા હાથમાં કાગળ છે, ચાહે તો મનમાં કોતરી લો, પણ એ વાત સૌથી પહેલો મુદ્દો છે જે દરેકે સમજવો જોઇએ. આજે જમાનો એવો વિચિત્ર આવી ગયો છે કે મને બીક લાગે છે થોડાક દિવસમાં કોઇકને ચિંતા થતી હશે, તો પુરુષોત્તમયાગની માફક નવરત્નમહાયાગ પણ થવા મંડશે : **“ચિન્તાકાપિ ન કાર્યા સ્વાહા ! નિવેદિતાત્મભિઃ કદાપીતિ સ્વાહા !! ભગવાનપિ પુષ્ટિસ્થો સ્વાહા !!!**

આમ કરી દો બધું સ્વાહા પણ અહીંયાં એવું કાંઇ પણ કહેવામાં આવી નથી રહ્યું ભાઇસાહેબ ! સ્વાહાનો સિદ્ધાન્ત નથી કહેવામાં આવી રહ્યો, તેવી ચિંતાઓમાટે બીજા ૧૫ ગ્રન્થોમાં પણ કોઇ એવો શબ્દ મહાપ્રભુજીએ વાપર્યો નથી.

સમજ, શ્રદ્ધા અને નિષ્ઠા અનુસાર પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું વર્ગીકરણ :

(૧)બાલ્યાવસ્થા :

ષોડશગ્રન્થો પૈકી બીજા ઉપદેશને ‘બાલબોધ’ કહ્યો તેથી કાંઇક આપણને હિન્ટ્ કે સૂચન મેળવવું હોય તો આપણે મેળવી શકીએ. જેમ એક બાળકનો શારીરિક વિકાસ કે માનસિક વિકાસ, પરિવારમાં કે સમાજમાં જે રીતે થાય છે તે બધાને અનુલક્ષીને બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, કિશોરાવસ્થા, યૌવનાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા, એવી છ જાતની લગભગ અવસ્થાઓ સ્વીકારવામાં આવે છે. ષોડશગ્રન્થમાંના બીજા ઉપદેશને ‘બાલબોધ’ કહ્યો એ હિસાબે પણ યમુનાષ્ટક અને બાલબોધ એ આપણામાટે બાલોપદેશ છે. પુષ્ટિમાર્ગીય દષ્ટિથી બાલ્યાવસ્થાનો એટલે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોની સમજ પુષ્ટિભક્તિ અને પુષ્ટિશરણાગતિ ને જીવવા માટેનો આપણો અભિગમ તેથી જેવી નિષ્ઠા કે શ્રદ્ધા બાલ્યાવસ્થામાં જરૂરી હોય તેવા ઉપદેશો છે. તેથી બાલ્યાવસ્થાને ઉદ્દેશીને આપવામાં આવેલા આ ઉપદેશો છે : યમુનાષ્ટક અને બાલબોધ.

(૨)કુમારાવસ્થા :

તે પછી આવે છે કુમારાવસ્થા. કુમારાવસ્થાનો ભેદ અને બાલ્યાવસ્થાનો ભેદ આપણે સક્ષેપમાં એવી રીતે સમજી શકીએ કે જે પોતાના પગલે ચાલી ન શકતો હોય તે બાલ અને જે ચાલવા માંડે, થોડાક ડગુમગુ પગલાં પડતાં હોય એમાં વાંધો નહિ, પણ ચાલવા મંડે તો પછી કુમાર. તેથી યમુનાષ્ટક અને બાલબોધ જો આપણા બાલબોધ હોય તો સિદ્ધાન્તમુક્તાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદા તેને આપણે આપણી કુમારાવસ્થાના બોધ એટલે ‘કુમારબોધ’ કહી શકીએ.

(૩)કિશોરાવસ્થા :

તેના પછીથી સિદ્ધાન્તરહસ્ય, નવરત્ન, અન્તઃકરણપ્રબોધ અને વિવેકધૈર્યાશ્રય એ પુષ્ટિમાર્ગીય વિશ્વાસ, પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોની સમજ, પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોને જીવવાની જે નિષ્ઠા તેનું જે કૈશોર્ય એટલે કિશોરાવસ્થા. તેથી આ ચારે ગ્રન્થોને આપણે ‘કિશોરબોધ’ કહી શકીએ. મહાપ્રભુજીની ભાષાની કૉપી કરવી હોય તો બાલબોધની માફક સિદ્ધાન્તરહસ્ય, નવરત્ન, અન્તઃકરણપ્રબોધ અને વિવેકધૈર્યાશ્રય, એ આપણા કિશોરબોધ છે. આપણા કૈશોર્યનું સૂચક છે.

(૪)યુવાવસ્થા :

તેના પછી આવે છે, કૃષ્ણાશ્રય, ચતુશ્લોકી અને ભક્તિવર્ધિની.

તેમાં પુષ્ટિમાર્ગનાં યૌવનનો ઉપદેશ છે. શ્રીકૃષ્ણની અનન્ય શરણાગતિ, શ્રીકૃષ્ણનો અનન્ય આશ્રય અને શ્રીકૃષ્ણમાં અનન્યાસક્તિ તેનું વર્ણન કૃષ્ણાશ્રય, ચતુશ્લોકી અને ભક્તિવર્ધિની માં કરવામાં આવ્યું છે. અનન્યાશ્રય અને અનન્યાસક્તિ જો તમે સમજી ગયા, તો તમે પુષ્ટિમાર્ગનું યૌવન જીવવા માટે તૈયાર થઈ ગયા. બસ, તમે પુષ્ટિમાર્ગમાં યુવાન થઈ ગયા. *યંગ્ બોય્* થઈ ગયા. *યંગ્ ગર્લ્* બની ગયા. એકદમ *યંગ્-એજ્* માં તમે આવી ગયા! બસ એના સિવાય પુષ્ટિમાર્ગનું યૌવન બીજુ કાંઈ નથી કે શ્રીકૃષ્ણમાં તમને અનન્યાશ્રય કે અનન્યાસક્તિ કેળવાઈ ગઈ. તેથી ભક્તિવર્ધિની તમને આગળનો દિશાનિર્દેશ કરે છે કે અચ્છા યૌવન પછી પણ એક અવસ્થા આવે છે. એ **"યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્"** એ પ્રૌઢતાની બાબતમાં યુવાનને અપાતો બોધ છે. એટલે આ ત્રણેય ગ્રન્થોને હું એમ કહેવા માંગીશ કે આ ત્રણેય ગ્રન્થો પુષ્ટિમાર્ગના યુવાબોધ છે.

(૫)પ્રૌઢાવસ્થા :

તેના પછી આવે છે જલભેદ, પઞ્ચપદ્યાનિ અને સંન્યાસનિર્ણય. એ પુષ્ટિમાર્ગની પ્રૌઢતાના સૂચક ગ્રન્થો છે. પ્રૌઢતાના ગ્રન્થો એટલા માટે કે યૌવનમાં જે કાંઈ પુરુષાર્થ તમે કરી શક્યા તે તમે કરી લીધો. એ પુરુષાર્થનો તમને, તમારા પરિકર કે પરિવાર અને સમાજને લાભ આપતાં પણ આવડવું જોઈએ. તમારા તેવા સ્વરૂપનાં દિશાનિર્દેશ કરનારા ગ્રન્થો છે. તેથી એ તમારી પ્રૌઢતાનાં સૂચક ગ્રન્થો છે. એમ ત્રણે એકંદરે પુષ્ટિમાર્ગના પ્રૌઢબોધ છે.

(૬)વૃદ્ધાવસ્થા :

જ્યારે નિરોધલક્ષણ અને સેવાફલ એ જે બે ગ્રન્થો છે એ પુષ્ટિમાર્ગના વૃદ્ધબોધના ઉપદેશરૂપ ગ્રન્થો છે. એટલે જે કાંઈ *ડેવલપમેન્ટ્* થઈ શકતું હતું, તેની *હાઈએસ્ટ્* એવરેસ્ટની ટોચ ઉપર પહોંચી શકાતું હતું ત્યાં તમે પહોંચી ગયા, એ વાતના સૂચક ગ્રંથો છે.

આ વૃદ્ધ એટલે પેલા ડોસા, હાથમાં લાકડી હોય અને પગ કાંપતા હોય, દાંતો તૂટી ગયા હોય તે અર્થમાં વૃદ્ધ નહિ. શ્રદ્ધામાં વૃદ્ધ, જ્ઞાનમાં વૃદ્ધ, તપોવૃદ્ધ, સાધનાવૃદ્ધ કે સ્નેહવૃદ્ધ. સ્નેહ તમારો એટલો વૃદ્ધ થઈ ગયો, એવા વૃદ્ધબોધના ઉપદેશક આ ગ્રન્થો છે.

નવરત્ન ગ્રંથ કિશોરબોધ છે :

આ દષ્ટિથી ષોડશગ્રન્થમાં નવરત્નનું સ્થાન ક્યાં છે? એ આપણે *સ્પેસીફિકલિ* સમજવું પડશે કે આ કિશોરબોધનો ગ્રન્થ છે. કિશોર એટલે જેને આજની ભાષામાં *'ટીનેજર્'* કહેવાય.

એ કૌમાર્ય અને યૌવન અવસ્થાઓની વચ્ચે આવતો પીરિયડ્ છે. સાઈકોલોજીમાં એક સિદ્ધાન્ત માન્ય છે કે *ટીનેજ્* માં લગભગ ચિંતા થતી જ હોય છે કે મારું શું થશે? જરા માફ કરજો મને એક ફિલ્મી ગીત યાદ આવી ગયું, "ન જાને ઈનમેં કિસકે વાસ્તે હું મેં, ન જાને ઈનમેં કોન હે મેરે લિયે" તો એ *ટીનેજ્* ની બહુ *ડ્રામેટિક્ પ્રોબ્લેમ્* છે. અને એ જ *ટીનેજ્* ની *પ્રોબ્લમ્* પુષ્ટિમાર્ગમાં પણ છે. આટલા બધા સિદ્ધાન્તોમાં નજાને ઈનમેં કિસકે વાસતે હું મેં, અને આ સિદ્ધાન્તોમાંથી ન જાને ઈનમેં કોન હે મેરે લિયે તો એવી કંઈક *ટિનેજ્* ની એક *સ્પેશિયલ્ પ્રોબ્લેમ્* છે. એ *પ્રોબ્લેમ્* નવરત્નમાં પણ રહેલી છે. અને તે *પ્રોબ્લેમ્* નું *સોલ્યુશન્* કે સમાધાન નવરત્ન, વિવેકધૈર્યાશ્રય અને અન્તઃકરણપ્રબોધ આપે છે.

પુષ્ટિમાર્ગનાં માતા શ્રીયમુનાજી, મર્યાદામાર્ગનાં માતા શ્રીગાયત્રી અને પ્રવાહમાર્ગના માતા શ્રીલક્ષ્મીજી :

સૌથી પહેલાં શ્રીમહાપ્રભુજીએ યમુનાષ્ટકને બાલબોધ ન કહ્યો છતાં પણ એના બાલબોધ હોવાના બધા જ *ઈન્ડિકેશન* મહાપ્રભુજીએ

સૂચવ્યા છે.

“ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ.”

બાળક એટલે શું? બાળકની સૌથી પ્રથમ અવસ્થા કે એની બુદ્ધિનો પ્રથમ વ્યાપાર શેનામાં થાય? પોતાની બાને ઓળખવામાં. જે નાનું બાળક પોતાની બાને નથી ઓળખી શકતું એને તરત ડોક્ટર પાસે લઈ જાઓ. કાંઈક ખોટ છે એનામાં. દૂધ પી રહ્યો છે દુષ્ટ અને બાને કેમ નથી ઓળખતો! કાંઈકને કાંઈક એના ભેજામાં કે કાંઈકને કાંઈક એની આંખમાં કે કાંઈકને કાંઈક કાનમાં ક્યાંક તો લફરું છે જ. એટલે સૌથી પહેલાં પોતાની બાને ઓળખે તે બાળક, જે બાને જ ન ઓળખી શક્યો તેને ‘બાળક’ ન કહેવાય. અને જે આપણી પુષ્ટિનિષ્ઠા, પુષ્ટિશ્રદ્ધા, પુષ્ટિભક્તિ છે એને જન્મ આપનારી કોઈ બા હોય તો શ્રીયમુનાજી છે. એટલે પ્રથમ જે બોધ છે, બાને ઓળખવાનો **“ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ”** આ અર્થમાં યમુનાષ્ટક પણ બાલબોધ છે હોં! નામ ભલે આગળના ગ્રન્થને મહાપ્રભુજીએ ‘બાલબોધ’ આપ્યું હોય પણ આ અર્થમાં યમુનાષ્ટક પણ બાલબોધ છે. બાળક કરતાંય નાનું ‘શિશુ’ કહેવાય તેવો ‘શિશુબોધ’ પણ યમુનાષ્ટકને કહી શકાય.

શાસ્ત્રમાં જે મર્યાદાના ઉપદેશનો **“વચસા વેદમાર્ગો હિ”** એમ નિરૂપણ કરવામાં આવ્યું તે શાસ્ત્રમાં ગાયત્રી માટે એમ કહેવામાં આવ્યું છે કે **“ગાયત્રી વેદમાતરમ્.”** તો ગાયત્રી એ મર્યાદામાર્ગની માતા છે. જે ગાયત્રીને નથી ઓળખી શકતો, તે વ્યક્તિ કોઈ દિવસ મર્યાદામાર્ગ ઉપર આગળ નથી ચાલી શકતો. મર્યાદામાર્ગમાં ‘ગાયત્રી વેદમાતરમ્’ છે એવી કે જેને કારણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ના માટે શાસ્ત્રમાં એમ કહેવાયું છે કે **“માતુઃ યદ્ અગ્રે જાયન્તે દ્વિતીયં મૌઞ્જિબન્ધનાત્”** પહેલાં તું પોતાની શારીરિક માતાના પેટમાં હતો અને શરીરે જન્મ્યો. બહુ સારી વાત થઈ કે માણસ રૂપે તું જન્મ્યો. પણ હવે બીજો જન્મ તારો ગાયત્રી માતાને કારણે થઈ રહ્યો છે. તેથી બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય ને ‘દ્વિજ’ કહેવામાં આવે છે. ‘દ્વિજ’ એટલે બીજી વખતે જન્મે તેનું નામ દ્વિજ.

જેમ મર્યાદામાર્ગમાં ગાયત્રી વેદમાતા હોવાને કારણે દરેક દ્વિજની માતા છે, તેમ શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગમાં દરેક પુષ્ટિમાર્ગી, જે પુષ્ટિમાર્ગ ઉપર ચાલીને પુષ્ટિપ્રભુ તરફ ચાલવા માંગે છે, તેઓની માતા છે. **“દોર કરિ સોર કરિ જાય પિયસોં કહે અતિ હિ આનંદ મનમેં જુ ભરકે. બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો તબહી ઈનકી ભુજા વામ ફરકે”** તેથી તો શ્રીયમુનાજી આપણી પુષ્ટિમાતા છે.

મને આજે એક ગુમનામ લેટર્ મળ્યો છે કે તમે પ્રવચન કરો છો પણ તમારી શૈલી સારી નથી, તમને શું અધિકાર છે કોઈકને સિદ્ધાન્ત કહેવાનો? ભાઈ!, મારા મને તો, એમ પૂછવાનો અધિકાર લેટર લખનારે ક્યાંથી લીધો કે મારે સિદ્ધાન્ત બોલવા નહિ! તમને કોઈ અધિકાર હોય કે ન હોય પણ હું તો બોલીશ. કેમકે હું મારી વાત તો કહેતો જ નથી. મહાપ્રભુજીની વાત કહી રહ્યો છું. એટલે બોલીશ. હું આવ્યો છું આ પુષ્ટિમાતાના ગર્ભમાંથી એટલે મને બોલવાની ઈચ્છા અને અધિકાર બેઉ મળી ગયા છે.

જેમ પુષ્ટિમાર્ગની માતા શ્રીયમુનાજી. મર્યાદામાર્ગની માતા ગાયત્રી. તેમ પ્રવાહમાર્ગની માતા લક્ષ્મી. લક્ષ્મી એટલે મારી વાઈફ્ ન સમજી લેતા! એય પાછી લક્ષ્મી છે. પ્રવાહમાર્ગની માતા લક્ષ્મી. આ લક્ષ્મી ભગવાન્ વિષ્ણુની ચરણસેવામાં પરાયણ લક્ષ્મી નહિ પણ ધનદૌલતના અર્થમાં. તેથી પ્રવાહમાર્ગ બધો લક્ષ્મીથી જ પેદા થાય છે. **“ટકાધર્મ ટકાકર્મ ટકા હિ પરમેશ્વરો યસ્ય હસ્તે ટકા નાસ્તિ ‘હા! ટકા!!’ ટક્ટકાયતે”** ટકાથી દરેક કામ સિદ્ધ થતા હોય એ પ્રવાહમાર્ગની લાક્ષણિક વિશિષ્ટતા છે. દરેક કામ ટકાથી સિદ્ધ થઈ

જાય. અને ટકા નથી હોતા તો ટકટક થતી રહે કે પુષ્ટિમાર્ગની બાબતમાં શ્યામુબાવાને બોલવાનો અધિકાર કોણે આપ્યો! તેથી એ લક્ષ્મી પ્રવાહમાર્ગની માતા છે. *ડેફિનેટલી* એનું માતૃત્વ પણ આપણને એ અર્થમાં સ્વીકારવું પડશે. એટલું જ નહિ આત્મમીમાંસા પણ કરવી પડશે કે આપણે લક્ષ્મીજીના દીકરા છીએ કે ગાયત્રીના દીકરા છીએ કે યમુનાજીના દીકરા છીએ. એ વાત આ તબક્કે સમજવાની બહુ તાતી જરૂરિયાત છે. કેમકે ત્રણ માર્ગની ત્રણ જાતની સૃષ્ટિ છે અને એમાં ત્રણ જાતની માતાઓ છે અને તેઓથી ત્રણ જાતની સન્તતિઓ પેદા થતી હોય છે. એમાં કંઈ વાંધો હોવો જોઈએ નહિ. બધા જ માર્ગોનું સૃજન પ્રભુએ કર્યું છે. તો આ માર્ગનું પણ પ્રભુએ સૃજન કર્યું છે. એ આપણે સમજવું પડશે. કેમકે લક્ષ્મીનાથ ભગવાન મહાવિષ્ણુએ જ બધા માર્ગોનું સૃજન કર્યું છે. તો એ પણ એક માર્ગ તો છે જ. જે છે તેને *રિકૉગ્નાઈઝ્* કરવું જ પડશે.

આધુનિક મનોવૈજ્ઞાનિક એરિક્સન્‌ની દષ્ટિ અને નવરત્ન ગ્રન્થ સમજવામાં તેની ઉપયોગિતા :

ખૈર, આ જે છ અવસ્થાઓ છે : બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, કિશોરાવસ્થા, યૌવનાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા. તે અવસ્થાઓમાં આપણી બુદ્ધિનો, આપણા શરીરનો, આપણા વ્યવહારનો આપણાં પરિવારમાં અને સમાજમાં કોઈકને કોઈક રીતે વિકાસ થતો રહે છે. તે જે વિકાસ થાય છે તેને અનુલક્ષીને આ બધી અવસ્થાઓના ભેદ કરવામાં આવ્યા. તે જાતનો ભાવનાકીય વિકાસ થતો અનુભવાય છે. સક્ષેપમાં આજે જે વાત ખુલાસાના રૂપે હું તમને સમજાવવા માંગુ છું તે એ છે કે એક બહુ મોટા *સાયકોલોજીસ્ટ્* થયા છે, ***એરિક્સન્*** કરીને. એમણે આ વિકાસનાં જુદા-જુદા *માઈલ્ સ્ટોન્* આજની પદ્ધતિ મુજબ કિલોમીટરના પત્થર, કે હવે કેટલું અન્તર પાછળ ગયું અને કેટલું બાકી છે, એવા ભાવનાકીય *માઈલ્ સ્ટોન્સ્ની* એણે નોંધણી લીધી છે. *ક્લાસીફિકેશન્* / વર્ગીકરણ કર્યું છે. તે આપણને નવરત્ન સમજવામાં અતિશય સહાયક થઈ પડે તેવું છે.

બાળકના વિકાસ માટે પ્રથમ સોપાન વિશ્વાસ :

એરિક્સન્ એક વાત કહે છે કે બાળકને જન્મ્યા પછી સૌથી પહેલી આવશ્યકતા વિશ્વાસની હોય છે. સૌથી પહેલી આવશ્યકતા જન્મેલા બાળકની એ કે એને ભૂખ કેમ મટાડવી? ત્યાં મા દૂધ પિવડાવી-પિવડાવીને એનામાં વિશ્વાસ પેદા કરતી હોય છે. મને જ્યારે ભૂખ લાગે ત્યારે મારી ભૂખ અહીંયાંથી મટવાની છે. મચ્છર કરડવાની જેવી તકલીફોને બાળક મા સામે રડે અને મા એ તકલીફને દૂર કરી દે ત્યારે બાળકમાં એક વિશ્વાસ કેળવાય છે. એને લાગે છે કે કોઈક એવી દુનિયામાં હું નથી આવી ગયો કે જ્યાં બધું અણગમતું જ થઈ રહ્યું છે. એટલે પહેલો નિયમ જે બાળકને સમજમાં આવે છે તે આ કે મારી કાંઈક તકલીફો છે અને મારી તકલીફોનું કાંઈક સમાધાન પણ અહીંયાં છે. તે બામાં રહેલું છે. મારી તકલીફનું સમાધાન એ વિશ્વાસ જે બાળકમાં કેળવાય કે તેની બાલ્યાવસ્થા સદ્ધર થઈ ગઈ જાણવી. જે બાળકમાં એ વિશ્વાસ નથી કેળવાતો દા.ત. એક વાત કહું કે બહુ સમૃદ્ધિ હોય, જણ્યું કોઈએ હોય, ઉછેરતું કોઈ હોય, સફાઈ કોઈ ત્રીજું કરતું હોય, રમાડતો કોઈ ચોથો હોય તો પછી બાળકનું ભેજુ કામ કરતું બંધ થઈ જાય કે કઈ તકલીફનું કોણ નિરાકરણ કરશે? આટલી બધી વ્યક્તિઓથી ઘેરાયેલા બાળકને શરુઆતમાં કોના ઉપર તકલીફ દૂર કરવાનો વિશ્વાસ રાખવો તે કેળવાતું નથી. એટલે કોઈ નિયમ એની સમજમાં નથી આવતો. કોઈક વખતે કાંઈક થાય છે, કોઈક વખતે કાંઈક થાય છે. તો જે કોઈપણ ઘટના થાય એ ઘટનાના નિરાકરણના સ્રોતમાટે બાળકમાં વિશ્વાસ ઉત્પન્ન નથી થતો. શારીરિક રીતે યા વાતાવરણને લીધે તેનું નિરાકરણ જ્યારે એકથી થતું રહે છે ત્યારે તો એનામાં અનન્ય વિશ્વાસ જાગે છે. એક સામાન્ય દાખલો તમને

આપું કે હમણાં જ્યારે હોર્ન વાગ્યો ત્યારે ગાડી પસાર થઈ રહી છે માલૂમ પડ્યું કે નહિ? કેમ ખબર પડી? તો આવું પાંચ - દસ વખત આપણે જોઈ લઈએ તે પછી આપણને વિશ્વાસ થઈ જાય કે હોર્ન વાગે એટલે ગાડી પસાર થતી હોય છે. જોવાની જરૂર નથી પડતી. પણ ધારોકે કોઈક વખતે ટી.વી.માંથી ગાડી પસાર થવાનો અવાજ આવતો હોય અને હોર્નનો પણ અવાજ આવતો હોય અને આપણે જોઈએ તો ગાડી મળે જ નહિ. બે ત્રણ વખત એવા બધા લફડા થાય તો પછી આપણો વિશ્વાસ ડગી જાય કે સંભળાઈ તો રહ્યું છે પણ ગાડી જઈ રહી છે કે નહિ કેંવી રીતે ખબર પડે! કેમકે જ્યારે જ્યારે આ અવાજ આવે ત્યારે ત્યારે ગાડી પસાર થતી હોય એમ બે-ચાર વખત દેખાય તો વિશ્વાસ કેળવાય. ક્યારેક સંભળાય અને જોવા જઈએ તો કશું ન મળે તો આપણો વિશ્વાસ ડગી જાય.

હજી એક સામાન્ય દાખલો આપું કે આપણને કોઈ પોકારતો હોય અને આપણને ક્યાંય કોઈ દેખાતું ન હોય, તો આપણો વિશ્વાસ ડગી જાય કે નહિ કે ભૂત/પ્રેતની કોઈક બાધા તો નથી થઈ ગઈ. અવાજો સંભળાય છે, કોઈક નામ લઈને પોકારે છે પણ દેખાતો નથી! ભાગો ભાગો થઈ જાય કે નહિ? શા માટે થઈ જાય છે? કેમકે આપણો વિશ્વાસ કેળવાઈ ગયો છે કે મારું નામ લઈને કોઈ મને પોકારે છે તો કોઈ માણસ આસપાસમાં હોવો જોઈએ. હવે ધારોકે મારું નામ લઈને કોઈ પોકારે કે 'શ્યામમનોહરજી!' હું બહાર જઈને જોઉં અને કોઈ ગધેડો ઉભો હોય તો મને ચિંતા થઈ જાય કે આ હું કે તું? કેમકે ગધેડો કોઈક કદી મારું નામ પોકારી શકે નહિ. પોકારતો હોય તો પછી મને ચિંતા થાય અથવા તો મારો વિશ્વાસ ભાંગી જાય કે હું ગધેડો કે તું ગધેડો! તારામાંથી આવો અવાજ મને કેમ સંભળાઈ રહ્યો છે. વિશ્વાસ ભંગ થઈ જાય હોં! એટલે વિશ્વાસ કેળવાય કેવી રીતે? કોઈપણ ઘટનાના

પુનરાવર્તનથી.

શ્રીયમુનાજી થકી પુષ્ટિમાર્ગીય વિશ્વાસની પ્રાપ્તિ :

"તવ અષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે સદા
સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ।
તયા સકલસિદ્ધયો મુરરિપુઃ ચ સન્તુષ્યતિ
સ્વભાવવિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ॥"

એમ કહીને મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય જીવોમાટે યમુનાજીના બા હોવાનો સંબન્ધ દેખાડ્યો છે. એના *રિપીટેશન્* દ્વારા શ્રીમહાપ્રભુજી આપણી ભીતર તે વિશ્વાસ કેળવવા માંગે છે કે **"ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ મુરરિપુઃ ચ સન્તુષ્યતિ"** દરેક જાતના વિશ્વાસથી આપણા હૃદયને ભરી દે છે કે પુષ્ટિમાર્ગ ઉપર મારે ચાલવું હોય તો બીવાની મારે શી જરૂર છે જ્યારે યમુનાજી જેવી મારી મા હોય તો. તેથી એક નિયમ આપણને સમજમાં આવી રહ્યો છે. **"તવ અષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સુરસૂતે સદા સમસ્ત દુરિતક્ષયો"** 'સદા' એટલે આવર્તન સમજો હોં! જે બા સાથે બચ્ચાના વ્યવહારમાં આવું આવર્તન થાય કે જ્યારે-જ્યારે ભૂખને કારણે હું રડું છું ત્યારે-ત્યારે મારી બા મને દૂધ પીવડાવે છે. એની બધી તકલીફ દૂર થઈ જાય છે. કેમકે કોઈક છે બા નામનું પદાર્થ જે મારી સાથે છે. તેવો વિશ્વાસ બાળકને કેળવાઈ જાય છે આ તે બાલબોધ. બાલબોધનું એ પહેલું પગલું એ વિશ્વાસની ઉપલબ્ધિ કે જ્યાં હું આવ્યો છું, ત્યાં એવો અવિશ્વાસ કરવા જેવું વાતાવરણ નથી. જેમાં વિશ્વાસ નથી કેળવાતો, તે બાળક કોઈ દિવસે મોટો થઈને ચાહે કુમારાવસ્થામાં હોય, ચાહે કિશોરાવસ્થામાં હોય, ચાહે યૌવનાવસ્થામાં હોય, વિશ્વાસવિહીન બાળક સમાજમાં સરખી રીતે જીવી નથી શકતો. એને દરેક ઠેકાણે અવિશ્વાસ જ થશે. જેણે વિશ્વાસને અનુભવ્યો નથી તે વિશ્વાસ

કરી શક્તો નથી. જે વિશ્વાસ કરી શક્તો નથી તે કોઈનો વિશ્વાસુ થઈ શક્તો નથી. એ વાત સમજી લેવી જોઈએ. એટલે પુષ્ટિમાર્ગમાં આપણે વિશ્વાસુ થઈએ મહાપ્રભુજીના કે મહાપ્રભુજી આપણા ઉપર વિશ્વાસ રાખી શકે. આપણે પુષ્ટિમાર્ગ ઉપર વિશ્વાસ રાખી શકીએ તેના માટે સૌથી પહેલાં આપણો *ઈન્ટરેક્શન્* એટલે આપણાં ભાવોની આપ-લે અને શ્રીયમુનાજી થકી આપણાં ભાવોના સમાધાનની જરૂરત છે. એ અર્થમાં યમુનાષ્ટક આપણો પ્રથમજાત બોધ છે. બાલબોધ એટલે બાળક પણ આ જન્મેલા બાળકનો બોધ છે કે ના મારી મા છે. જે મારી દરેક જાતની કાળજી લઈ રહી છે. તેવો વિશ્વાસ કેળવવાનો છે.

વિશ્વાસનો અપોઝિટ્ અવિશ્વાસ :

જે વિશ્વાસ તેની સામે એરિક્સન્ કહે છે કે એક ફેક્ટર અવિશ્વાસનો પણ હોઈ શકે. તો વિશ્વાસ અને અવિશ્વાસ. જેમ આજે આપણને, વૈષ્ણવોને, અવિશ્વાસ થઈ ગયો કે આપણે સેવા કરીશું તો પ્રભુ આપણી સેવા અઙ્ગીકાર કરશે કે નહિ? સેવા તો ગો.બા.ઓની જ અઙ્ગીકાર થાય. સેવા તો બહુ નેગ, ભોગ, રાગ, અપરસના વૈભવ હોય તો જ પ્રભુસુખ જળવાય, મારા ઘરમાં નળનું પાણી વાપરતો હોઉં તો પ્રભુ સેવા કેમ અઙ્ગીકાર કરે? આપણને અવિશ્વાસ થઈ ગયો છે, એવા અવિશ્વાસને કારણે આપણે પુષ્ટિમાર્ગ ઉપર સરખી રીતે ચાલી શકતા નથી. તેમાં ગોસ્વામી બાળકોના ઠાકોરજી પુરુષોત્તમ હોય, અમારા ઠાકોરજી તો ચાલુ ખાતાના રખડપટ્ટુ હોય. આવો અવિશ્વાસ થઈ ગયો. તેથી વૈષ્ણવોનાં કોઈક સ્વરૂપ મિશ્રીના ઠાકોરજી હોય તો કોઈક ઝારી ભરવાના ઠાકોરજી હોય છે. હવે એ ઠાકોરજીઓમાં પુરુષોત્તમતા ક્યાંથી આવી શકે! આવો અવિશ્વાસ ઠાકોરજીમાં આપણને કેળવાઈ ગયો. આપણે શ્રીયમુનાજીને ભૂલી ગયા. યમુનાજીને યાદ કરો કે “**તવ અષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે સદા સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિ:. તયા સકલસિદ્ધયો**

મુરરિપુઃ ચ સન્તુષ્યતિ” . ‘મુરરિપુ’ તમારાથી સન્તુષ્ટ છે. તમે કેમ અવિશ્વાસ·કરો છો કે તમારા ઘરે બિરાજતા ઠાકોરજી સાક્ષાત્ પુષ્ટિપુરુષોત્તમ નથી. એવો અવિશ્વાસ કેમ કરો છો? એ તમારાપર સંતુષ્ટ થઈ ગયો છે જો તમે તમારી બાને બરાબર ઓળખી લીધી હોય તો. બાને ઓળખ્યા પછી જ બાપની સામે જવાનો આપણો અધિકાર બને છે. બાને જ ન ઓળખો તો બાપની સામે જશો ક્યું મોઢું લઈને. બાને ઓળખો એટલે તમારામાં વિશ્વાસ જાગશે. આપણને અવિશ્વાસ છે આપણા પ્રભુ ઉપર, તેનું મૂળ પ્રમાણ એ છે કે આપણે બાને નથી ઓળખી રહ્યા. આપણે ચુંદડીના મનોરથો કરી રહ્યા છીએ પણ યમુનાષ્ટકનો ભાવ નથી સમજી શક્યા કે “**તવ અષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે સદા સમસ્તદુરિતક્ષયો ભવતિ.**” આપણે જેવા હશું તેવા હોઈશું ઠાકોરજી પણ એ વિચારશે કે જેવો હશે તેવો, અન્તે છે તો યમુનાજીનો બચ્ચોને! છે તો યમુનાજીની સંતતિને, “**નિવેદિતાત્મભિઃ કદાપીતિ ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્**” આવો અનેરો વિશ્વાસ તમારામાં જાગી જશે. જો તમે તમારી બાને ઓળખશો તો પુષ્ટિપ્રભુ તમારા ઉપર સંતુષ્ટ થઈ ગયો છે. એ વાત તમારે સૌથી પહેલાં સમજવાની રહી.

વિકાસનું બીજું સોપાન આરંભ :

તે પછી એરિક્સન્ એક બહુ સુન્દર વાત કરે છે કે વિશ્વાસ જો તમને કેળવાઈ ગયો તો હવે તમે આરંભ કરી શકશો. એટલે કે આપણાં પુષ્ટિમાર્ગના સન્દર્ભમાં આવો અવિશ્વાસ કે તમારા માથે બિરાજતા ઠાકોરજી સાક્ષાત્ પુરુષોત્તમ નથી જો તમારી ભીતર ન હોય તો તમે આરંભ કરી શકો. બાળકના વિકાસનો વિશ્વાસ પછીનો બીજો તબક્કો એરિક્સન્ મુજબ આરંભનો છે. એટલે કોઈ વાતને બાળક પોતાની ઈચ્છા વાપરીને શરૂ કરી શકે. ‘આરંભ’ એટલે *ઈનીશિયેટિવ* જેને કહેવામાં આવે. એટલે મારે કાંઈક કરવું છે તો કોઈક રીતે તો એને શરૂ કરવું જ પડશેને! હવે જો મને વિશ્વાસ

હોય તો હું કાંઈક શરૂ કરી શકું. દા.ત. રોડ ક્રોસ કરવો હોય તો આપણે એનો આરંભ કેવી રીતે કરીએ? સિગ્નલ થયું કે નથી થયું, રોડ ક્રોસ કરવાનું સિગ્નલ થયું, તો હું રોડ ક્રોસ કરવાનો આરંભ કરું. સિગ્નલ ન થયું હોય તો હું રોડ ક્રોસ ન કરું ઉભો રહું. તો આરંભ કે *ઈનીશિયેટિવ*ની પહેલાં પોતે *ટૅસ્ટ્* લેવાની હોય છે. એ *ઈનીશિયેટિવની ટૅસ્ટ્* કોણ લઈ શકે? જેનામાં વિશ્વાસ હોય તે. ગામના માણસો મુંબઈમાં ઓચિંતા આવી જાય અને એમને રોડ ઉપર ઉભા કરો એમને વિશ્વાસ નથી જાગતો હોતો કે આટલી બધી ગાડીઓ આવી રહી છે તો રોડ ક્રોસ કરવો કે નહિ. સિગ્નલની ખબર ન હોય તો ક્રોસ કરવાનો જે આરંભ છે તે કરી નથી શકતા.

વિશ્વાસના અભાવને કારણે શું થાય છે તે પણ એરિક્સને બહુ સારી રીતે વિશ્લેષણ કરીને બતાવ્યું છે કે લજ્જા અને અનિશ્ચય થઈ જતો હોય છે. જેને બહુ શરમ આવતી હોય એને આપણે 'લજ્જાળુ' કહીએ. જેને વિશ્વાસ હોય છે એને શરમ નથી આવતી. જે બાળકની બા એનામાં વિશ્વાસ ભરી દે છે, જેમ શિવાજીની માતાએ શિવાજીમાં વિશ્વાસ ભરી દીધો હતો. અરે! મુઠ્ઠીભર સેના હતી શિવાજી પાસે, બહુ હતું શું? બહુ એક ક્ષુદ્ર ગઢના કોટવાલના દીકરા હતા. પણ આખા મુગલ સામ્રાજ્યને એમણે હચમચાવી દીધું. વિશ્વાસ ભરનાર કોણ હતી? શિવાજીની બા જીજામા. તો એક વાત સમજો કે કોઈક આપણી ભીતર વિશ્વાસ ભરી દે તો આપણે *ઈનીશિયેટિવ્* લઈ શકીએ. તે વખતે પણ કેટલા બધા રાજા હતા, કાંઈ શિવાજીએ હિન્દુઓને બચાવવાની મોનોપોલી નહોતી લીધી! બીજા રાજાઓ શા માટે ઈનીશિયેટિવ ન્હોતા લઈ શક્યા? કેમકે ઘણાં બધા મોગલ દરબારમાં "સલામ વાલેકુમ્ વ આલેકુમ્ અસ્સલામ્!" કરતા હતા. આવું કેમ બને? કારણકે વિશ્વાસ નહોતો ભરી શકી એમની બા એમનામાં. એમનામાં હિન્દુત્વ ન હતું, એવી કોઈ વાત તો ન હતી. હિન્દુત્વ હતું, કદાચ શિવાજી કરતાંય સારા હિન્દુ

હશે પણ એમનામાં વિશ્વાસની ખામી હતી. તેથી લજ્જા આવી જતી હશે કે હારી ગયા તો નામોશી થશે! તેથી ઔરંગઝેબ સામે આપણે શું કરી શકીએ? આપણે બધા ક્ષુદ્ર જીવો કલિકાલના, આપણી સેવા પ્રભુ કેમ અંગીકાર કરી શકે? એ તો ગોસ્વામી બાળકો કરે તો જ સેવાને અંગીકાર કરે! કોઈ મોટો ધનવાન હોય તો મનોરથો કરે છપ્પનભોગના, તો પ્રભુ અંગીકાર કરે. આપણે તો શું ધરી શકીએ, બે મિશ્રીના કટકા અથવા નાગરી, એને કાંઈ ઉત્તમ વસ્તુના ભોક્તા પુરુષોત્તમ અંગીકાર કરે ખરા! લજ્જા આવી ગઈ ને તમને? બોલો સગા બાપ સામે જતા લજ્જા આવી ગઈ તમને ફટ્ ડોબાઓ! કોક મારે તમને બે લાફા કે બાપની સામે જતા કેમ લજાઓ છો! પણ લજ્જા અને અનિશ્ચય થઈ જાય હોં. મારાથી જવાય કે ન જવાય? એવા અનિશ્ચયને કારણે સગા બાપ પાસે જવાનો પણ આરંભ કરી જ ન શકે. લજ્જા અને અનિશ્ચય થયો એટલે સઘળો ખેલ ખતમ. આમ હું પાછો નવરત્નનો પાઠ પણ કરતો હોઉં, **"ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિં"** પણ પુષ્ટિપ્રભુ પાસે જવાની હિમ્મત પડે નહિ! તે લૌકિક ગતિ ન થઈ તો બીજું શું? વાત પતી ગઈ અને કથા બધી ખતમ થઈ. અનિશ્ચય થઈ ગયો. તો આવી ચિંતા અનિશ્ચયના કારણે થતી હોય છે. લજ્જાને કારણે થતી હોય છે. તેનો *અપોઝિટ* એરિક્સને બહુ સુંદર બતાવ્યું છે કે જેનામાં વિશ્વાસ હશે તે આરંભ કરી શકશે. *ડેરિંગ્ કેરેક્ટર્* એનામાં ખિલશે. કેમકે વિશ્વાસ આવી ગયોને! વિશ્વાસ નહિ આવ્યો તો અનિશ્ચય થઈ જશે.

લજ્જા, અનિશ્ચય દૂર કરવા બાલબોધ અને સિદ્ધાંતમુક્તાવલી માં શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ :

તો એ વિશ્વાસ મહાપ્રભુજીએ આપણી અનિશ્ચય અને લજ્જા ની મનોવૃત્તિને દૂર કરવા બાલબોધ અને સિદ્ધાન્તમુક્તાવલી માં

કેટલી સુંદર રીતે યોજ્યો છે! **“સમર્પણેન આત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ અતદીયતયા ચાપિ કેવલઃ ચેત્ સમાશ્રિતઃ તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિઞ્ચિત્ સમાચરેત્ સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા. ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ”—“નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્તવિનિશ્ચયં ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા. તતઃસંસાર દુઃખસ્ય નિવૃત્તિઃ બ્રહ્મબોધનમ્”** જુઓ કે આખો અનિશ્ચય દૂર કરી દીધો છે તમારો. કોઈ જાતનો સંશય મનમાં ન રાખો. પોતાને ઘરે બિરાજતી ભગવત્સેવામાં અનન્યાશ્રયી બની તમે તમારું તન, તમે તમારું ધન તમારું મન સમર્પણ કરો. તો **“ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્.”** શા માટે તમારી લૌકિક ગતિ કરશે? કેવા નિશ્ચયથી તમને ભરી દીધા છે! તમને આરંભ બતાવી દીધો છે કે ભગવાન તરફ જવું હોય તો કેવી રીતે આગળ વધવું. કેવી રીતે ચાલવું? **“તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા”** તમારામાં વિશ્વાસ ઠાંસી - ઠાંસીને ભરી દીધો છે **“તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિઃ બ્રહ્મબોધનમ્”**.

અરે! કેવી રીતે તમારી દુર્ગતિ થશે? સંસાર તમારો નિવૃત્ત થશે જ જો તમે તમારા તનુવિત્તનો વિનિયોગ કરશો. ચિત્ત તમારું ભગવાન્માં પરોવાઈ જશે, આવો નિશ્ચય શ્રીમહાપ્રભુજી સિદ્ધાન્તમુક્તાવલીમાં આપી દે છે. તો એક વાત ધ્યાનથી સમજો કે જે બીજું કદમ છે આરંભનું એ બહુ *ડ્રાસ્ટિક સ્ટેપ્* છે. તે આરંભ મહાપ્રભુજીએ પોતાના પુષ્ટિસિદ્ધાન્તનો બાલબોધથી નથી કર્યો હોં. સિદ્ધાન્તમુક્તાવલીથી કર્યો છે કેમકે બાલબોધ ગ્રન્થના ઉપદેશથી વિશ્વાસ કેળવવા માગે છે. કેવી ખૂબસૂરતી આ વિશ્વાસ અને આરંભ ની વાતની આપણે ત્યાં છે! જો લજ્જા અથવા જે અનિશ્ચય તમને સતાવતા હોય તો તેમને પ્રભુને સમર્પો, તમે મર્જાદી હોવ અપરસ પાળતા હો તો તે અપરસને તમે સમર્પો, અપરસ ન પાળતા હો તો તાજબીબી જેવા હશો, અલિખાન જેવા હશો પણ તમારું તન, તમારું વિત્ત, તમે પ્રભુમાં સમર્પિત કરો. લજ્જા નહિ કરો એની બાબતની કે

આતો મોટા ભગવાન્ મારાથી કેમ પ્રસન્ન થશે. એ તો છોલાથીય પ્રસન્ન થઈ શકે છે અને છપ્પન ભોગથીય પ્રસન્ન થઈ શકે છે. પ્રશ્ન છોલા કે છપ્પનભોગ નો નથી, પ્રશ્ન છે તમારું તન, તમારું ધન, તમારું મન, તેમને લજ્જા-અનિશ્ચયથી રહિત થઈને પ્રભુને સમર્પિત કરો.

“ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા”
(સિદ્ધાન્તમુક્તાવલી-૨).

તમારા તનુ-વિત્તનો નિશ્છળ વિનિયોગ કરતાં તમારી સેવા સિદ્ધ થઈ જશે. એમ મહાપ્રભુજીએ આપણને આરંભ કરવાનો *ઈનીશિયેટીવ્* લેવાનો ઉપદેશ આપ્યો છે.

આરંભનું અપોઝિટ્ અપરાધબોધ :

હવે આરંભની જે વિપરીત અવસ્થા છે તે માનસિક દુરવસ્થાને એરિક્સને ‘અપરાધબોધ’ કહ્યો છે. *ગિલ્ટી-ફીલિંગ્* . જ્યારે પણ બાળકને લજ્જા અને અનિશ્ચય ની સ્થિતિ વધવા માંડે તો તે મોટેરાઓની સરખી રીતે કૉપી ન કરી શકે. ત્યારે તેની ભીતર અપરાધની ભાવના જાગી જતી હોય છે. અમારાથી અપરસ કેવી રીતે પળાશે? અમારે તો નળનું પાણી છે, તમારે ત્યાં તો કૂવાનું પાણી છે. તમારે ત્યાં તો મુખિયા-ભીતરીયા છે, જલઘરિયા છે નવડાવવાવાળા. અમારે ત્યાં ક્યાં છે? તેથી અમે પ્રભુને શું સુખ આપી શકીએ! સેવાતો આપ જ કરવાનું જાણો અમે શું જાણીએ? અમે કેટલી સેવા કરી શકીએ? અમારે તો ઓફિસ જવાનું હોય છે. આજે આવા બધા અપરાધબોધથી વૈષ્ણવોને ગ્રસ્ત કરી દેવામાં આવ્યા છે.

શ્રીમહાપ્રભુજીએ પોતાના સામર્થ્યથી આપણને અપરાધબોધરહિત બનાવ્યા :

એક મહાપ્રભુજી જ આપણને આવા અપરાધબોધથી ઉગારી

શકે છે. એમ કહીને કે "સૂર વ્હેકે કાહે ઘિઘિયાત હે, કછુ ભગવલ્લીલા ગા!" કેમ ઘિઘિયાવી રહ્યા છો તમે પુષ્ટિમાર્ગીઓ! તમારામાં જો આત્મનિર્ભરતાનો સરખો વિકાસ થયો હોત તો ગભરાવવાની કોઈ જરૂર નહોતી. અપરાધબોધની કોઈ જરૂર નથી. મહાપ્રભુજી કહે છે કે આ બધી જે કાંઈ અપરાધોની ભાવના તમારી ભીતર જાગે છે, શા માટે જાગે છે? "**દેશ, કાલ, કર્મ, કર્તા, મન્ત્ર, સ્વભાવત:**" એ બધા ફ્લોપ્ થઈ ગયા હોય તોય હું તમને કહી રહ્યો છું કે "**કૃષ્ણએવ ગતિર્મમ:, કૃષ્ણએવ ગતિર્મમ:, કૃષ્ણએવ ગતિર્મમ:.**" તમે અપરાધબોધથી વ્યર્થમાં કેમ ગભરાઈ રહ્યા છો? મહાપ્રભુજીના વખતે કાંઈ દેશ-કાલ ઓછા ખરાબ હતા! જ્યારે જોઈએ ત્યારે આવીને મુસલ્માનોં આપણા સ્વરૂપોને ઝૂંટવી લેતા, ખંડિત કરી દેતા હતા. તે વખતે મહાપ્રભુજીએ ગૃહસેવાનો સિદ્ધાન્ત સ્થાપિત કરીને કહ્યું છે કે દરેક વ્યક્તિ ગૃહસેવા કરો. અને તે ઘરમાંથી પણ તે વખતે ઝૂંટવી નહોતા લેતા એવું નથી. શ્રીપદ્મનાભદાસજી પાસેથી પણ ઝૂંટવી ગયા હતા. એ આપણે ત્યાં વાર્તાઓમાં એનું સ્પષ્ટ ઉદાહરણ મળે છે. તો દેશ-કાલ તો આજના કરતા તે વખતે વધારે ખરાબ હતા. આજે કોઈ જબરદસ્તી મુસલ્માન નથી બનાવતો કે નથી કોઈ તમારા ઠાકોરજીને ઝૂંટવીને લઈ જાય છે કે ખંડિત કરી દેતો હોય છે. એટલી તો આજે સગવડ છે. તેથી ઉલટી રીતે આજે તો જાણે ગોસ્વામી બાળકોએ મુસલ્માનોંનો વારસો લઈ લીધો લાગે છે કે તમારા ઠાકોરજીની તમે અપરસ કે નેગભોગ વિના સેવા નથી કરી શકતા; તેથી, આવા બહાના બનાવીને તેઓ તમારા ઠાકોરજી ઝૂંટવી લેતા હોય છે! આ વાત નોખી છે! પ્રશ્ન અહીંયાં એ જ છે કે આપણે અપરાધબોધથી ગ્રસ્ત થયા છીએ. આપણે તે કૃષ્ણબોધને, સિદ્ધાન્તબોધને નથી જગાડ્યો આપણી ભીતર. તેના આ દુષ્પરિણામ થાય છે.

મહાપ્રભુજી કહે છે "**વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષત:** પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ:" (કૃષ્ણાશ્રય : ૯). બગડી-બગડીને તમારું આમાં કેટલું બગડી શકે છે? આ તો *ઓડિટેડ્ એકાઉન્ટ્* છે ધ્યાનમાં રાખજો હોં. *લૉસ્* તમે કેટલો દેખાડી શકો છો, *કમ્ ઑન્! ઓપન્ ચેલેન્જ* મહાપ્રભુજી આપે છે કે તમે તમારા ભક્તિના ચોપડા દેખાડો! કેટલો *લોસ્* છે તે દેખાડો, કેટલો દેખાડશો? શ્રીમહાપ્રભુજી પૂછે છે કે તમને વિવેક નથી? તે ચાલશે! ધૈર્ય નથી? તેય ચાલશે! શું કહ્યું ભક્તિ પણ નથી? ત્યાં પણ કહે છે કે તોય ચાલશે! મહાપ્રભુજી કહે છે *લૉસ્-એકાઉન્ટ્ વાઈપ્ આઉટ્* કરવા હું તૈયાર છું, શરત એક જ કે તમારા કૃષ્ણાશ્રયની *પ્રૉફિટ્નો અકાઉટ્* તમારા ખાતામાં સાફસુથરો દેખાવવો જોઈએ. જે વાત નહિ ચાલે તે એ કે કૃષ્ણનો આશ્રય તમે છોડી નહિં દેતા, કૃષ્ણનો આશ્રય તમે નહિં છોડો તો દરેક વાત ચાલશે અને કૃષ્ણનો આશ્રય તમે છોડ્યો પછી તમારા ખાતામાં જમાખાતે બોલતા દરેક આંકડા હકીકતમાં નુકસાનરૂપ બની જવાના છે. તમને વિવેક હશે, ધૈર્ય હશે, આશ્રય હશે, ભક્તિ હશે, તમારા મેંડ-મરજાદ કે નેગ-ભોગ-રાગના વૈભવ પણ કૃષ્ણાશ્રય વિના ફોકટ! મારા માર્ગમાં કાંઈપણ નહિ ચાલે "**વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષત: પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ.**"

મહાપ્રભુજી કહે છે : સર્વ સામર્થ્યવાન્ કૃષ્ણને હું તમારી સાથે *એગ્રીમેન્ટ્*માં બાંધી રહ્યો છું. તેથી આવો શરણાગત થાઓ અને એ તમારો ઉદ્ધાર કરશે, કરશે અને કરશે જ. કઈ રીતે અપરાધબોધથી આપણને રહિત બનાવી દીધા છે! એક વખતે અપરાધબોધરહિત બનાવવાની મહાપ્રભુજીની એ સામર્થ્યનો તો આપણે વિચાર કરવો જોઈએ કે નહિ! તમે કરી કરીને અપરાધ કેટલા કરશો? નળનું પાણી વાપરો છો, શું થશે નળનું પાણી વાપરવાથી! પાપ લાગશે ને? "**પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ:**" કૃષ્ણાશ્રય તમારો દૃઢ છે કે નહિ બતાવો! આ બધા જે તમારા ખાતામાં *ડેબિટ્*

એકાંઉન્ટ્ બોલે છે એમાં અહીંયાં આ *સાઈડમાં પ્રોફીટ્*નો એકાંઉન્ટ છે કે નહિં કૃષ્ણાશ્રયનો? ‘‘કૃષ્ણએવ ગતિર્મમ’’ નો ભાવ દૃઢ છે કે નહિં? એ છે તો મહાપ્રભુજી કહે છે ચાલશે બધું, કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. એટલે દૃઢ મનોબળ કરી ધારી લ્યો કે કૃષ્ણાશ્રયના પાઠ કરાવીને શ્રીમહાપ્રભુજીએ આપણને અપરાધબોધરહિત બનાવ્યા છે.

ત્રીજું સોપાન : ઉદ્યોગ/પુરુષાર્થ :

હજી એક વખત સરખી રીતે સમજી લ્યો કે કોઈ નાના બાળકને કહીએ કે નવરત્ન બોલ તો કાં તો એને લજ્જા આવી જાય કાં તો અનિશ્ચય થઈ જાય કે ખોટું બોલીશને કોઈ લપ્પડ્ મારશે તો? સેવા કરીશ ને કાંઈક અપરાધ થઈ જશે તો? અને અપરાધ થઈ જશે એટલે ખોટી ભાંજગડમાં પડવાનું જ નહિં. સેવા કરીએ તો અપરાધ થાયને! એટલે એવા અપરાધો ગોસ્વામિબાળકોને જ કરવા દો, આપણે શા માટે ખોટી ભાંજગડમાં પડવું? ગો.બા.ને અપરાધ કરવા દો, આવા અનિશ્ચયથી કોઈ દિવસે તમે પુષ્ટિમાર્ગ ઉપર આગળ વધી નથી શકતા, એ વાત આપણે સાફ સમજી લેવી જોઈએ. તો આપણે વિશ્વાસ અને નિશ્ચય સાથે કાંઈક આરંભ કર્યો, તેના પછી એરિક્સન્ જે વાત કહે છે તે ઉદ્યોગની.

ઉદ્યોગ એટલે શું? આરંભ કરતા ઉદ્યોગનો એક જુદો અભિપ્રાય છે. ઉદ્યોગ એટલે *એપ્લીકેશન્* પોતાના *એફર્ટ્સ્*નો. તો ઉદ્યોગ એટલે કોઈ બાબતનાં પ્રયાસ કરવા. એટલે આરંભ તો કરી દીધો. સંસ્કૃતભાષામાં એક કહેવત છે ‘‘આરમ્ભશૂરાઃ ખલુ દાક્ષિણાત્યાઃ’’ દરેક વાતનો આરંભ તો કરી દઈએ અને પછી ખબર જ ન પડે કે ક્યાં ગયા ભાઈસાબ! એવું પણ થાય. તો એવો આરંભ એ જુદી ભાત છે અને ઉદ્યોગ, એટલે ‘‘ઉદ્યોગિનં પુરુષસિંહમ્ ઉપૈતિ લક્ષ્મી’’ એમ કહે છે. આરંભ કરો ને ઉદ્યોગ ન કરો તો કોઈ વિકાસ

તમારો થઈ શકે નહિં. વિશ્વાસ આરંભ અને એના પછીનું જે ડગલું છે તે છે ઉદ્યોગનું.

ઉદ્યોગનું પ્રતિબંધક લઘુતાગ્રંથિ/ઈન્ફીરિયારીટિ કૉમ્પ્લેક્સ્ :

ઉદ્યોગનો અપોઝિટ્ પાછો બહુ સુંદર સમજાવ્યો છે એરિકસને કે જેને ઉદ્યોગ નથી ફાવતો તેને તેને ઈન્ફીરિયારીટિ કૉમ્પ્લેક્સ્ વિકસિત થઈ જાય છે. જેનામાં હીનંમન્યતા હોય એ ક્યાં સેવા કરી શકે, સેવા તો બધા મરજાદીઓ કરે, શેઠીયાઓ કરે આપણા ઘરમાં ક્યાં પ્રભુને પધરાવીએ? આવી જાતની હીનંમન્યતા આત્મગ્લાનિની જડ માન્યતા વિકસિત થઈ જતી હોય છે. મહાપ્રભુજીએ આખી હીનંમન્યતા, તમારા એવા ઈન્ફીરિયારીટિ કૉમ્પલેક્સ્ને દૂર કરી દીધું છે. એટલે મહાપ્રભુજી ચોખ્ખી આજ્ઞા કરે છે ‘‘**નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વ કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ. સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ.** ગઙ્ગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ગઙ્ગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદત્રાપિ ચૈવ હિ’’ (સિદ્ધાન્તરહસ્ય : ૨,૭,૮).

તમે શેની લઘુતાગ્રન્થિ કે હીનંમન્યતા રાખો છો? તમે સર્મપણ કર્યુ કે નહિ પ્રભુને? જો પુષ્ટિપ્રભુને સર્મપણ કર્યું હોય તો પ્રભુ જેવા અલૌકિક છે તેવો તમારો આખો પ્રયાસ અલૌકિક થઈ ગયો. હવે ઉદ્યોગ શરૂ કરી દો, સમર્પણ કરી દો. ઉદ્યોગ કરતાં જ ‘‘**ગઙ્ગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના** ગઙ્ગાત્વે ન નિરૂપ્યા સ્યાત્’’ તમારી બધીજ હીનતાને ધોઈ નાખી છે. ગંદુ પાણી પણ ગઙ્ગામાં મળીને ગઙ્ગા બની જતું હોય છે. એમ આપણો અહંતા-મમતાનો ગંદો સંસાર પણ પ્રભુને સમર્પિત થવાથી ભકિતની ઉત્તમોત્તમ ઉપલબ્ધિ બની જતો હોય છે. મને મારી અહન્તા એમ લાગે કે ‘‘દાસો અહં’’ મને મારી મમતા એમ લાગે કે ‘‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’’ તો મારી અહંતા-મમતાનો આવો જે વિકાસ છે, આવો જે ઉત્કર્ષ

છે, એ મારી બધી હીનભાવનાને દૂર કરી દે છે. જીવ દોષોથી ભરેલો હોય છે રહેશે પરંતુ નિર્દોષ પુષ્ટિપ્રભુ મારી સેવા સ્વીકારવા બંધાયેલા હોય તો દોષો બાપડા શું કરી શકવાના હતા? શ્રીગુસાંઈજીએ કહ્યું છે ''**બલિષ્ઠાઅપિ મદોષાઃ ત્વત્ક્ષમાગ્રે અતિદુર્બલાઃ તસ્યાઃ ઈશ્વરધર્મત્વાદ્ દોષાણાં જીવધર્મતઃ**'' (વિજ્ઞપ્તિ : ૩:૧૯). તેથી ભય વિના એવો ઉદ્યોગ આપણે કરવો જોઈએ. આપણને એ ઉદ્યોગ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં કેટલી ખૂબસૂરતીથી સમજાવ્યો છે!

વિકાસનું ચોથું સોપાન આત્મનિર્ધાર/ સેલ્ફ-આઈડેન્ટિફિકેશન :

ચાઈલ્ડ્ ડેવલેપમેન્ટ્ ની પ્રોસેસ્ જે એરિક્સને દેખાડી તેની લાઈટ્માં જ જસ્ટ્ આને પણ જોશો તો તમને ખ્યાલ આવશે કે કેવો સિસ્ટમેટિક્ ઉપદેશ આપણા મહાપ્રભુજીનો છે. તે કેટલો મનોવૈજ્ઞાનિક છે. મનોવિજ્ઞાન તો આજે ઉત્પન્ન થયું. મહાપ્રભુજીએ તે વખતે પોતાનાં ઉપદેશોમાં આ બધીજ કાળજીઓ લીધેલી છે કે નહિં એ તમે પોતે ચકાસો. ખૈર, ઉદ્યોગ કરનારને, એરિક્સન્ એક બહુ સુંદર વાત કહે છે, આત્મનિર્ધાર થાય છે *સેલ્ફ્ આઈડેન્ટિફિકેશન્* એ પોતાની જાતને ઓળખી શકે છે કે હું કોણ? કેવી રીતે ખબર પડે કે હું કોણ? ખતમ થઈ ગઈને વાત, તમને ખબર જ નથી કે તમે કોણ છો?

અમારા એક ઓળખીતા હતા એ બતાવતા કે એમને ત્યાં બે ભાઈ કામ કરવા આવતા હતા. એક દિવસે એમને પોતાને ત્યાં કામ કરવા આવનારાઓમાં એકને પૂછ્યું કે ''તમારા દીકરા કેટલા?'' એમણે પોતાના ભાઈને પૂછ્યું કે ''હેં ભાઈ! આપણે દીકરા કેટલા?'' બીજા ભાઈએ કહ્યું કે ''ચાર જ'' તો બોલ્યા કે ''હા હા, અમને ચાર દીકરા છે!'' હવે વિચારો કે પોતે પોતાની બાપ હોવાની હકીકત કે તેને કેટલા દીકરાઓ છે તે કોઈને પૂછીને કહેવું પડતું હોય તો કે ''હેં ભાઈ આપણને કેટલા દીકરા?''

અને પેલો કહે કે ''ચાર જ ને!'' પછી પોતાને ખ્યાલ આવે કે ''હા હા ચાર જ''. એટલે આત્મનિર્ધારનો મુદ્દલ અભાવ જાણવો કે નહિં?

તો આત્મનિર્ધાર એ બહુ ડ્રાસ્ટિક્ સ્ટેપ્ છે કે તમે તમારી જાતને ઓળખો કે તમે પુષ્ટિજીવ છો. તમે તમારી જાતને નથી ઓળખી શકતા કે તમે પુષ્ટિજીવ છો તો તમને આત્મ-અનિર્ધાર થઈ ગયો કહેવાય. જો તમે તમારી જાતને ઓળખી નથી શકતા તો શામાટે નથી ઓળખી શકતા? તેનું એક કારણ સમજો બહુ મહત્ત્વપૂર્ણ કારણ છે કે તમે જે કામ કરો છો તે રીતે તમે તમારી જાતને ઓળખો છો કે નહિં? જે કામ જ તમે નથી કરતા હોતા તો તમારી જાતની તેવી ઓળખાણ પણ કેવી રીતે આપી શકો? જેમ કાપડ વેચતો હોય તો કાપડિયા, સુખડ વેચતો હોય તો સુખડિયા, ગાયોનો સ્વામી હોય તો ગોસ્વામી. એમ જે-જે ધંધા હશે તે ઉદ્યોગ હશે. તેનાથી માણસ પોતાની જાતનો નિર્ધાર કરતો હોય છે. ગુજરાતમાં વસતો હશે તો ગુજરાતી, મહારાષ્ટ્રમાં વસતો હશે તો મરાઠી, હિન્દુસ્તાનમાં વસતો હશે તો હિન્દુસ્તાની, એ જે પોતાનો આત્મનિર્ધાર છે કે હું શું છું? એ તે જાતના ઉદ્યોગ આપણે કરતા હોઈશું જ. ઉદ્યોગ એટલે ધંધાના અર્થમાં નહિં હો! ઉદ્યોગ એટલે પુરુષાર્થ. કોઈક પુરુષાર્થ કરતા હોઈશું તો આપણને આપણી જાતને તે પુરુષાર્થને આધારે ઓળખવાનો અવસર ઉભો થાય છે. જ્યારે આપણે પુરુષાર્થહીન થઈ જઈએ ત્યારે તમે તમારી જાતને ઓળખવા માટેનું કોઈક ટેગ ઉભું નથી કરી શકતા કે હું મારી જાતને કેવી રીતે ઓળખું. એટલે સૌથી પહેલા પોતાની જાતને ઓળખવો હોય જેમ *''નો દાઈસેલ્ફ્''* સોક્રેટિસ કહેતો હતો, તેમ તમારે તમારી જાતને ઓળખવી હોય તો કોઈક ઉદ્યોગ કરવો પડશે. એમ પુષ્ટિમાર્ગમાં પણ તમને તમારી જાતને ઓળખવી હોય તો કોઈક ઉદ્યોગ કરવો પડશે. તે ઉદ્યોગ મહાપ્રભુજીએ ચોખ્ખા

શબ્દોમાં આજ્ઞારૂપે કે ઓર્ડર રૂપે નથી કર્યો. એવો તમારો ઉદ્યોગ શો છે તે તો મહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં આપણને બતાવી દીધો છે કે **‘‘ભગવદ્રૂપસેવાર્થ તત્સૃષ્ટિઃ ન અન્યથા ભવેત્’’** (પુષ્ટિપ્રવાહમર્યાદા : ૧૨). આ રીતે તમારી જાતને તમારે ઓળખવી પડશે કે હું ભગવદ્રૂપસેવાર્થ પ્રકટ થયેલો છું અને **‘‘તત્સૃષ્ટિઃ ન અન્યથા ભવેત્’’** આ સિવાય મારાથી બીજી કોઇ રીતે મારી ઓળખાણ આપી શકાય નહિં. હું સેવા કરતો હોઉં તોય મારી ઓળખાણ એ જ છે. સેવા ન કરતો હોઉં તોય મારી માંદગી ભરેલી ઓળખાણ તો એ જ છે **‘‘સ્વરૂપેણ અવતારેણ લિંગેન ચ ગુણેન ચ તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ’’** (પુષ્ટિપ્રવાહમર્યાદા : ૧૩).

આ વાતને જરા ધ્યાનથી સમજો કે તમને તમારી જાતને ઓળખવાનો એક ઉદ્યોગ હશે તો તમે તમારી જાતને ઓળખી શકશો. એવો આત્મનિર્ધારિક ઉદ્યોગ તે પુષ્ટિજીવે અવશ્ય કરવાનો ઉદ્યોગ. તેવો તમારો ઉદ્યોગ તમને સમજાવવામાં આવ્યો છે કે **‘‘ભગવદ્રૂપસેવાર્થ તત્સૃષ્ટિઃ ન અન્યથા ભવેત્’’** એ તમારો આત્મનિર્ધારિક ઉદ્યોગ છે.

આત્મનિર્ધારનો અભાવ ઉછેરની ખામીને કારણે :

જ્યારે આત્મનિર્ધાર તમારો ડગી જાય તો તમને અનિર્ધાર થાય, ત્યારે કાંઇક ને કાંઇક તમારા ઉછેરમાં પ્રોબ્લેમ્ હશે તેવો અનુમાન કરી લેજો.

તમારા પુષ્ટિમાર્ગીય મા-બાપો કાં તો તમને સરખી રીતે ઉછેરી નથી શક્યા. કાંતો અમે ગોસ્વામીઓ તમને આ માર્ગમાં સરખી રીતે નથી ઉછેરી રહ્યા. પુષ્ટિમાર્ગમાં કરવામાં આવતી અનુગામીઓની ઉછેરમાં ચોક્કસ ખામી છે. જેથી પુષ્ટિમાર્ગમાં જન્મેલ બાળક પોતાના

આત્માને તે રીતે ઓળખી નથી શકતો. આ ઓળખાણ તો દરેક પુષ્ટિમાર્ગીનિ હોવી જ જોઇએ, એક ઘણી મજાની વાત, ધ્યાન આપશો તો સમજાશે. દરેક પરિવારમાં નાનું જે બાળક હોય છે ને એને ક્યારેક પૂછી જો જો કે મોટો થઈને શું થઈશ? ઑલમોસ્ટ્ સિક્સ્ટી ટુ સેવન્ટી પર્સન્ટ્ એનો અભિગમ એવો જણાશે કે બાપ જે કામ કરતો હોય તે મુજબ એ કહેશે કે હું મોટો થઈને ડોક્ટર ટીચર થઈશ વિ. રમકડાના પેલા સ્ટેથોસ્કોપ્ કે થર્મામીટર્ લગાડીને રમતો મળશે. જો પિતા ઓફિસ જતો હશે તો એ બાળક નાનપણથી જ કહેવાનું શરૂ કરશે કે મોટો થઈને હું ઓફિસમાં જઈશ. જે ભણાવતો હશે એનું બાળક મોટો થઈને ‘હું ભણાવીશ’ એમ કહશે.

મને બરાબર ખ્યાલ છે કે દ્રુમિલબાવા બહુ નાના હતા, સાત કે આઠ વર્ષના હશે. અમારા મોટા મંદિરમાં આવતા અને બેસી જતા મથુરેશજીની અદામાં અને પછી પ્રવચન આપતા કે ‘‘પુષ્ટિમાર્ગી ભાઈઓ અને બહેનો હવે હું તમને પુષ્ટિમાર્ગ સમજાવું છું.’’ આમ કહીને પ્રવચન સ્ટાર્ટ્ કરી દેતા હતા. આત્મબોધ હતો કે મારે શું કરવું છે. આટલો નાનો હતો આ દ્રુમિલ ત્યારની આ વાત કરું છું. કેમકે મથુરેશજીને જોયા હતા પ્રવચન કરતા. આનું નામ આત્મનિર્ધારિક ઉદ્યોગ. ઉદ્યોગ નથી સ્ટાર્ટ્ કરતા તો આત્મનિર્ધાર જ નહિં થાય. તમને શું થવું છે એનો તમને પાકો નિર્ધાર નહિં થાય. તેથી આત્મનિર્ધાર બહુ જરૂરી છે.

વિકાસનું પાંચમું સોપાન ઘનિષ્ઠતા/ઈન્ટિમસી :

આત્મનિર્ધાર પછીનો એક વિકાસ એરિક્સન્ બહુ સુંદર બતાવે છે કે જે વ્યક્તિને આત્મનિર્ધાર થઈ જાય છે તેને શું મળે છે? તેને પુષ્કળ ઘનિષ્ઠતા કેળવાય છે. *ઈન્ટિમસી* થાય છે. બહું સુંદર નામ આપ્યું છે કે જેને પોતાની જાતની સાથે ઓળખાણ હોય છે એ પોતાના જેવા બીજાઓને શોધીને એમનો *ઈન્ટિમેટ્* થઈ

શકે છે. જે પોતાને જ નથી ઓળખતો કે હું કોણ? તો કોની સાથે મારે ભળવું એય નહિં જાણી શકે. આ જે પ્રોબ્લેમ્ છે તેનું સમાધાન જુઓ **“નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ”** (નવરત્ન : ૨). આપણે તાદશીને કેવી રીતે શોધી શકીશું? તાદશીને કેવી રીતે શોધવા? હાથમાં ગૌમુખી લીધી હોય તો તાદશી? કે માંથે મોટો તિલક લગાડતો હોય તે તાદશી? કે પ્રવચન કરતો હોય તે તાદશી? ના ના, તો તાદશીને કેવી રીતે શોધીશું? તાદશીને આપણે ત્યારે જ શોધી શકીશું કે જ્યારે આપણે આપણા આત્માની ભીતર તાદશી ભાવ કેળવ્યો હશે! જો નિજ આત્માની ભીતર તાદશ ભાવની ભાવના નથી તો તાદશી ભગવદીયને શોધી નહિં શકો. એટલે આત્મનિવેદિત તરીકે સૌથી પહેલા તમને તમારી જાતને શોધવી પડશે. તમારી જાતની શોધખોળ કરવી પડશે. એ તમને જ્યારે મળી જશે કે તમે કોણ છો? પછી તમને તાદશી મળશે. તમારા અધિકારને અનુરૂપ એટલે સંસ્કૃતમાં બહુ એક સુંદર શ્લોક છે.

“મૃગાઃ મૃગૈઃ સંગમ્ અનુવ્રજન્તિ
ગાવોશ્ચ ગોભિઃ તુરગાસ્તુરંગૈઃ।
મૂર્ખાશ્ચ મૂર્ખૈઃ સુધિયો સુધીભિઃ
સમાનશીલવ્યસનેષુ સખ્યમ્॥”

ઘોડાને છોડો તો એ ગાયોના વાડામાં નહિં ઘુસે, ઘોડાઓ જ્યાં ઉભા હશે ને ત્યાં હણહણતો ઘુસી જશે. ગાયોને છોડો તો એ ઘોડાઓ સાથે નહિં ભળે ગાયોમાં જ ભળશે. “ગાવોશ્ચ ગોભિઃ તુરગાઃ તુરંગૈઃ મૂર્ખાઃ ચ મૂર્ખૈઃ” જે પોતે મૂર્ખ હશે તે તો શોધી-શોધીને મૂર્ખાઓને ઉભા કરશે. કેમકે દોસ્તી એની સાથે જ ગમશે. જે કોઈ સમજદારીની વાત કરશે તો એ કહેશે, આ તો બધી સિદ્ધાન્તની વાતો છે જ્યારે કે પુષ્ટિમાર્ગ તો પ્રમેયનો માર્ગ છે! લ્યો પતી ગયું ને ત્યારે હવે જવું ક્યાં? આતો બધી

પ્રમેયની વાત સિદ્ધાન્તની ચર્ચા છે. પુષ્ટિમાર્ગમાં સિદ્ધાન્તને શું લેવા દેવા આતો પ્રમેયમાર્ગ છે. ત્યારે “મૂર્ખાઃ ચ મૂર્ખૈઃ” સમજી જવાનું. એવા તો ઘણાં ભગવદીય તમને ભારતમાં મળી જ જશે. એક શોધશો તો દસ મળશે પણ ક્યારે મળશે કે જ્યારે તમે મૂર્ખ હશો ત્યારે જ. “સુધિયો સુધીભિઃ સમાનશીલવ્યસનેષુ સખ્યમ્.” જે સમાનશીલ કે સમાનવ્યસન હોય તેઓમાં સખ્ય થઈ જતું હોય છે. તેથી **“નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ”** (નવરત્ન : ૨). તમને તરત ઈન્ટિમસી કેળવાઈ જશે તમારા અધિકારને અનુરૂપ અને એ બહુ મોટી ઉપલબ્ધિ કહેવાય.

ઘનિષ્ઠતાના અભાવમાં એકલતાનો દોષ અને તેને દૂર કરવાના ઉપાયો :

એરિક્સને આનું પણ અપોઝિટ્ બહુ ખૂબસૂરત આપ્યું છે કે જેનામાં ઈન્ટિમસીની કેપેસિટી નથી કેળવાતી, ઘનિષ્ઠતાનું સામર્થ્ય નથી કેળવાતું, તે બાળકની કેવી દુર્ગતિ થાય છે? એ કહે છે કે એ એકલો પડી જતો હોય છે. એને એકલતા ફાવી જાય છે. એ ખૂણામાં બેસી રહી દુનિયાને જોતો રહશે કે આ શું છે? “અહીંયાં કોણ આપણો છે! કોઈ આપણો નથી, બધા પાખંડી છે. કોઈક સિદ્ધાન્તની ચર્ચા કરે છે, કોઈક વેચાતો પ્રસાદ લેતા નથી. કોઈક સ્વાધ્યાયી છે. અલ્યા પણ તું કોણ છે? એ તો વાત કર! “અન્યનું તો એક વાકું આપના અઢાર છે” એ માણસ એકલો થઈ જાય. “ઊંટ કહે આ સભામાં વાકાં અંગવાળા ભૂંડા ભૂતલમાં પશુઓને પક્ષીઓ અપાર છે.” એ એકલો પડી જાય છે, બધા પશુ પક્ષીઓથી પોતાની જાતને છુટ્ટો માની લે. એકલો બધાના ગુણદોષનું ચિંતન કરે છે. એ એકલતા આવી હોય છે. જ્યારે જે પોતાનો ઘનિષ્ઠ આત્મનિર્ધાર કરે કે તેને તરત પોતાનું ગ્રુપ મળી જ જતું હોય છે. તો નવરત્નમાં જ આપણે જોઈ ગયા કે **“નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્ જનૈઃ”** સંન્યાસનિર્ણય ગ્રન્થમાં પણ તમે જોશો આગળ જઈને તો એ વાતનું મહાપ્રભુજીએ

બહુ સ્ફુટતર પ્રતિપાદન કર્યું છે કે અન્ય તાદશીનો સંગ આપણને કરવો પડશે. ભક્તિવર્ધિનીમાં પણ આ બાબતનો ઉપદેશ આપવામાં આવ્યો છે : **"અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ...સેવાયાં વા કથાયાં વા યસ્ય આસક્તિઃ દૃઢા ભવેત્"**(ભક્તિવર્ધિની : ૯).

તેવી રીતે જલભેદ, પઞ્ચપદ્યાનિ વગેરે ગ્રન્થોમાં સંગ કોનો કરવો? કેવી રીતે કરવો? કોને આપણાં માનવા? કોને આપણાં નહિં માનવા? એટલે એકલતાને કેવી રીતે દૂર કરવી એ જણાવવામાં આવ્યું છે. ભક્તિવર્ધિનીમાં પણ મહાપ્રભુજીએ આ પ્રશ્નોના સમાધાન આપ્યા છે : **"બાધસમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈષ્યતે હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ"** (ભક્તિવર્ધિની : ૧૦) એકાંતવાસની ખોટી ધાંધલ નહિં કરતા હળીમળીને રહો.

આપણે સહુ પુષ્ટિમાર્ગી છીએ. શા માટે એકાંતમાં ચર્ચા કરવી જોઇએ? સિદ્ધાન્તચર્ચા જાહેરમાં કેમ ન થાય? તો કહે કે એ તો એકાંતમાં બંધ બારણે જ થવી જોઇએ. અરે તમે *સાઈકોલોજીકલ્ પ્રોબ્લેમ્* થી પીડાઇ રહ્યા છો. કેમકે તમે એકલતા અનુભવી રહ્યા છો. પુષ્ટિમાર્ગમાં સિદ્ધાન્તચર્ચા જે કોઇ પણ પુષ્ટિમાર્ગીઓ હોય તેઓ બધા મળીને સાથે કેમ નથી કરી શકતા? તમારામાં ઘનિષ્ઠતા નથી કેળવાઈ એટલે નથી કરી શકતા. સીધો એનો જવાબ આ જ છે. તમારામાં ઘનિષ્ઠતા હોય તો કોઈ બીવાની વાત નહોતી. તમે અમારા છો અમે તમારા છીએ. શેની બીવાની વાત હોય. તમો વૈષ્ણવોની સામે સિદ્ધાન્તચર્ચા શામાટે ન કરાય? પણ એ *ઈન્ટિમસી* નહિં કેળવાઇ હોય તો તો કાંઇક લોચા થશે. બીજી બધી ચર્ચાઓ આપણે જાહેરમાં કરીશું પણ આ કરવામાં પાછો વાંધો આવી જશે. કેમકે આપણે એકલા પડી ગયા છીએ. સિદ્ધાન્તચર્ચા તો બંધ બારણે જ થાય. જાહેરમાં ન થાય કેમકે તેમ કરતા વૈષ્ણવો ક્યાંક સિદ્ધાંત સમજી ના જાય? પછીતો પ્રલય, એટલે આ બધી

કનડગત છે હોં! આ કનડગત ઉપર આપણે કાબૂ મેળવવો છે **"ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકિંચ્ચ ગતિમ્"** (નવરત્ન : ૧). તેથી નવરત્ન જેવાં ગ્રન્થોને સરખી રીતે સમજીને એકલતા દૂર કરવી પડશે.

વિકાસનું છઠ્ઠું સોપાન સૃજનશીલતા/પ્રોડક્ટીવિટી :

આના પછી એરિક્સન્ હજી એક બહુ એક સુંદર વાત કહે છે કે જ્યારે તમારી એકલતા દૂર થઈ જશે ત્યારે શું થશે? તે કહે છે કે, ત્યારે તમારામાં *પ્રોડક્ટિવીટિ* આવશે. એટલે તમે પ્રોડક્ટિવ્, સૃજનશીલ, થશો. માણસ કોઈ દિવસે પણ એકલો રહીને સૃજન નથી કરી શકતો. સૃજનની પહેલી શરત છે કે આપણે સરખે સરખા હળીમળીએ તો કાંઇક કામ થઈ શકે. સરખે સરખા હળીમળીને ન કરીએ તો આપણી પ્રોડક્ટિવીટિ ખતમ થઈ જશે. કોઈપણ એકલો પુરુષ બાપ થઈ શકતો નથી. કોઈ પણ એકલી સ્ત્રી માતા થઈ શકતી નથી. કાંઇક તો ભેગા થવું પડશે કોઇકની સાથે સખ્ય આપણે પોતાની ભીતર ખીલવશું પડશે. પછી આપણામાં સૃજનશક્તિ આવશે. એ પ્રોડક્ટિવીટિનો પણ અપોઝિટ્ એણે બતાવ્યું છે. એ પ્રોડક્ટિવીટિ ખરેખર શ્રીમહાપ્રભુજીએ આપણને કેવી બતાવી છે કે આપણે શું પ્રોડ્યૂસ્ કરી શકીએ?

શું આ પુષ્ટિમાર્ગમાં ફક્ત મઠડી, લડ્ડુ, મોહનથાળ જ પ્રોડ્યૂસ્ કરવાના છે! કેમકે અમે બહુ પ્રોડક્ટિવ્ છીએ, મનોરથી છીએ, પૈસા લઈ લઈશું ભીતરીયાઓને, ભંડારીઓને ઓર્ડર્ આપી દઈશું કે આજે મોહનથાળની ચક્કીની સામગ્રી આવી જવા દે! પછી તેવા પ્રોડક્શન્ કરીને તે મોહનથાળ, બુંદી, મઠડી નો વેચાણ કરી લઈશું. એવી પ્રોડક્ટિવિટીની, ભાઈસાબ!, આ વાત નથી હોં! એ તો લક્ષ્મીના જે દીકરાઓ જે હોટેલ્ કે રેસ્ટોરેંટ્ ના વ્યાપારમાં અટવાયેલા હોય તેમની વાત છે. યમુનાજીનાં દીકરા આવું બધું

પ્રોડ્યૂસ્ ન કરે, યમુનાજીનાં દીકરાઓનું પ્રોડક્શન્ કાંઇક બીજા નેચર્નું હોવું જોઇએ. તો એ પ્રોડક્શન્નું નેચર્ શું છે? પ્રભુએ આપણને શામાટે પ્રોડ્યૂસ્ કર્યા છે? કેવી રીતે પ્રોડ્યૂસ્ કર્યા છે? એને સમજશો તો સમજમાં આવી જશે કે પ્રભુના આપણે કઈ જાતના પ્રોડક્શન્ છીએ. સંક્ષેપમાં પુષ્ટિમાર્ગીય પ્રોડક્શન્નું સ્વરૂપ સમજવું હોય તો આપણે એટલું સમજી શકીએ કે 'પુષ્ટિ' એટલે જે જીવ સર્વમાં આસક્ત હોય એની સર્વાસક્તિને ભગવદાસક્તિ તરીકે પ્રોડ્યૂસ્ કરી શકતી હોય તો તે પુષ્ટિમાર્ગીય કે પુષ્ટિનું પ્રોડક્શન્ છે. જે જીવની "**યા પ્રીતિઃ અવિવેકાનાં વિષયેષુ અનપાયિની ત્વામ્ અનુસ્મરતઃ સા મે હૃદયાદ્ મા અપસર્પતુ**" સર્વ વિષયોમાં રહેલી એટલે કે દારા, આગાર, પુત્ર, આપ્ત, વગેરે વિવિધ વિષયોમાં રહેલી જે આપણી આસક્તિ એને પ્રભુની પુષ્ટિની શક્તિથી, પુષ્ટિની શક્તિનું સાક્ષાત્ આધિદૈવિક સ્વરૂપ શ્રીયમુનાજી છે, એ પુષ્ટિની શક્તિથી પ્રોડ્યૂસ્ કરે છે ભગવદ્-આસક્તિરૂપે : "**તયા સકલસિદ્ધયો મુરરિપુઃ ચ સન્તુષ્યતિ સ્વભાવ-વિજયો ભવેદ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ**" (યમુનાષ્ટક : ૯). હવે સ્વભાવવિજય એટલે શું? દરેક વિષયોમાં આપણો જે આસક્તિનો સ્વભાવ છે તેના ઉપર આપણે વિજય મેળવીને ભગવદાસક્ત થઈ શકીએ છીએ તે. આસક્તિ છોડવાની આપણને જરૂરત નથી પડતી, વિષયોમાં રહેલી આસક્તિને જ, શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય અને નિરોધલક્ષણ ગ્રન્થોમાં આપણને સમજાવે છે : "**એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્**" (વિવેકધૈર્યાશ્રય : ૧૩) "**હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ॥**" (નિરોધલક્ષણ : ૧૭-૧૮) તે મુજબ પુષ્ટિપ્રભુ સાથે જોડી દેવાની હોય છે.

આમ દરેક વિષયોમાં રહેલી આપણી વિષયાસક્તિ એક માટી જેવી છે. વિષયોમાં રહેલી આસક્તિ ખાણમાં પડેલા સોના કે ચાંદી જેવી કે હીરાના પથ્થર જેવી છે. એને, પરંતુ, આપણે ખોદીને

બહાર કાઢવાનું હોય છે અને સાફ કરીને ઘડીને પ્રોડ્યૂસ્ કરવાનું હોય છે. જેમ માટીનો ઘડો બનાવીએ તેમ આપણી વિષયાસક્તિને આપણી ભગવદાસક્તિમાં ઘડે છે કોણ? ભગવાન્ની પુષ્ટિ કે પુષ્ટિશક્તિ. અને એ પુષ્ટિશક્તિ જ્યારે આપણી વિષયાસક્તિને ભગવદાસક્તિમાં ઘડી દે ત્યારે આપણે, પુષ્ટિભક્ત તરીકે શું ઘડતા હોઇએ છીએ? જે સર્વોદ્ધારક પરમાત્મા છે એને આપણે ભક્તોદ્ધારક તરીકે અથવા તો સ્વાત્મોદ્ધારક તરીકે ઘડી કાઢીએ છીએ. હશે તું ગામ કે બ્રહ્માણ્ડ નો ભગવાન્ મારે મને તો તું મારો જ છે. મારા માથા ઉપર બિરાજતો મારો ઠાકોરજી છે. નહિં કે પબ્લિક્ ટ્રસ્ટનો કે ગામને માટે બિરાજતો ઠાકોરજી. એ સર્વોદ્ધારકને સ્વાત્મોદ્ધારક તરીકે ઘડવાની પ્રોડક્ટિવીટિ આપણે ત્યાં છે.

એ સૃજનશક્તિ કે પ્રોડક્ટિવ્ પાવર્ આપણો ક્યારે સફળ થાય કે જ્યારે આપણાં ઉપર પુષ્ટિવૃષ્ટિ થઈ હોય. એવી કે જેથી આપણી વિષયાસક્તિ ભગવદાસક્તિમાં કેળવાઈ જાય.

તેથી સર્વોદ્ધારક પરમાત્મા આપણા માથા ઉપર એવી રીતે બિરાજી જાય કે એને આપણે ભોગ ધરીએ ત્યારે જમતો હોય, આપણે જગાડીએ ત્યારે જાગતો હોય, આપણે પોઢાડીએ ત્યારે પોઢતો હોય, આપણે શણગારીએ ત્યારે શોભાયમાન થતો હોય, એવો ભગવાન્ આપણે બનાવી શકીએ. એ આપણી સાચી પ્રોડક્ટિવીટિ છે. એ જો આપણે પ્રોડ્યૂસ્ ન કરી શકતા હોઇએ તો ક્યાંક લોચો થઈ ગયો છે. કાંઇક તમારા ઉછેરમાં પ્રોબ્લેમ્ થઈ ગયો હોવો જોઇએ. કાં તો ભગવાન્ની પુષ્ટિ તમારામાં કામ નહીં કરતી હોય, કાં તો પ્રભુની પુષ્ટિશક્તિ દ્વારા તમારી વિષયાસક્તિ ભગવદાસક્તિમાં નહીં કેળવાણી હોય, કાં તો તમે પાખંડ કરી રહ્યા હશો, જ્યાં-ત્યાં ભટકીને. ભગવાને પોતાની પુષ્ટિશક્તિ વાપરીને તમારી જો વિષયાસક્તિને ભગવદાસક્તિમાં રિપ્રોડ્યૂસ્ કરી હોય તો તમે સર્વોદ્ધારકને ભક્તોદ્ધારક

એટલે તમારા પોતાના ઉદ્ધારક પોતાને માથે બિરાજતો ઠાકોરજી બનાવી શકો છો. એ જ પુષ્ટિમાર્ગમાં સૌથી મોટા પ્રોડક્શન્‌ની રીતભાત છે. એ વાત આપણે સરખી રીતે સમજી જઈશું તો **"બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતો અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ"** (ભક્તિવર્ધિની : ૨) વચનમાં કહેલ એ જગદ્વ્યાપી પરમાત્માને, જે કણ-કણમાં વ્યાપી રહ્યો છે, તેને તમે તમારા ઘરમાં પધરાવી શકશો. તમે તેને કહી શકશો કે અહીંયાં આવી જા અને અહીંયાં બેસી જા **"દૂર ખેલન જિન જાઓ લલા રે! બનમેં બૈઠે હાઉ બિલાઉ!"** તમે તેને બીવડાવી પણ શકો છો. એવો કે તે બીકણ બની ક્યારેય તમારું ઘર છોડીને બહાર ન ભટકે. તમે તેને આવો બનાવી શકો છો રિપ્રોડ્યૂસ્ કરી શકો છો. એ કહે કે હું સર્વવ્યાપક છું **"નહ્યસ્યાસ્તિ પ્રિયઃ કશ્ચિત્ નાપ્રિયો વાસ્ત્યમાનિનો...નાત્મીયો ન પરશ્ચાપિ...સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમ્ ઈશ્વરં ન હિનસ્તિ આત્મના આત્માનં..."** છું તો આપણે એને કહી શકીએ કે તમે અમને જેવા ઘડતર કરવા લાયક ઘડ્યા તેવું ઘડતર અમે પણ તમારું કર્યું છે. તમે કહો છો તેવા તમે માટીના રૂપમાં કદાચ હશો પણ ઘડાના રૂપમાં મેં જેમ તમને ઘડી કાઢ્યા એવા પણ તમે હવે બની ગયા છો! મેં તમને એવી રીતે ઘડ્યા છે કે હવે તમારે મારા જ ઘરમાં બિરાજવું પડશે **"રહિયે મેરે હી મહેલ અનત ન જઈએ શૈયા સામગ્રી વસન આભૂષણ સબ વિધ રાખોંગી ટહેલ"** શામાટે અનત જાઓ છો? એવી રીતે હું મારા સેવ્ય પ્રભુને ઘડી શકું છું. આથી સમજાશે કે આપણા પુષ્ટિમાર્ગની પ્રોડક્ટિવ્ ફોર્સ્ કેવી છે. એ જેટલી હશે એટલી પ્રોડકશન્ લાઈન્ બરાબર છે. જ્યાં લોચા પડે છે ત્યાં કાંઈકને કાંઈક ગોટાળો થઈ ગયો છે. કાં તો મેનેજમેન્ટ્‌માં ખામી છે, કાં લેબર્સ્ જે છે તે કામચોર બની ગયા હોવા જોઈએ, કાં તમારો કેપિટલ્ ચૂકી ગયો છે. કાંઈકને કાંઈક બટ્ટામાં જઈ રહી છે તમારી કંપની એ વાતને સમજી લેજો. જ્યારે તમે આ પ્રોડકશન્ કરી નથી શકતા. તમારી પ્રોડકશન્ લાઈનને તમે જાળવી નથી શકતા. એ આપણા પુષ્ટિમાર્ગની બહુ મહત્ત્વપૂર્ણ વાત છે.

વિકાસનું સાતમું સોપાન આત્મસ્વરૂપબોધ/ઈગો-આઈડેન્ટિફિકેશન :

તેના પછી લાસ્ટ્ સ્ટેપ્ એરિકસને જે બતાવ્યું છે કે જ્યારે તમે સૃજનશીલ થઈ જાઓ છો ત્યારે તેના માટે ઈગો આઈડેન્ટિફિકેશન્ તમારા આત્માનું જે કાંઈ સાચું સ્વરૂપ હોય તેને તમે ઓળખી શકો છો. આત્મતાદાત્મ્યનો બોધ, એના અપોઝિટ્ રૂપે એરિક્સન્‌ના મત મુજબ તમારો *ઈગો સ્પ્લિટ્* થઈ જાતો હોય છે. ઈગો સ્પ્લિટ્ થવાનો એક્ઝેટ્ ઉદાહરણ આપણે સમજવો હોય તો તે એવી રીતે કે "સિદ્ધાન્તો તો બધા સાચા છે પણ અમલમાં કેવી રીતે લાવીએ? એમાં થોડીક વ્યાવહારિક કનડગત છે!" આમ કહેનારાઓનો ઈગો સ્પ્લિટ્ થઈ ગયોને! સિદ્ધાન્ત સાચા અમલમાં લાવી શકાતા નથી એટલે ઈગો સ્પ્લિટ્ થઈ ગયો. સિદ્ધાન્ત સાચા કહેવા જશું તો લોકો અમને માનવાનું જ છોડી દેશે. કેમકે લોકોની શ્રદ્ધા સિદ્ધાન્તમાં નથી, પરંપરામાં છે. ઈગો સ્પ્લિટ્ થઈ ગયો. એમ જ્યારે આપણે પ્રોડક્ટિવ્ નથી હોઈ શકતા ત્યારે આપણો ઈગો સ્પ્લિટ્ થઈ જાય છે. આત્માના સાચા સ્વરૂપ સાથે તાદાત્મ્ય આપણે કેળવી શકતા નથી. સાગર નામના એક શાયરે કહ્યું છે :

"દશ્તે-વહશતકા સફ઼ર લગતા હૈ.
ઈશ્ક ભી કારે-હુનર લગતા હૈ.
એક અજબ શખ્સ ભરા હૈ મુઝમેં.
આઈના દેખું તો ડર લગતા હૈ.
આદમી ખુદસે બિછુડ જાયે અગર.
અજનબી અપના હી ઘર લગતા હૈ!"

આ અક્ષરશઃ આજે પુષ્ટિમાર્ગ ઉપર લાગુ થાય છે. સિદ્ધાન્તના

અરીસામાં પોતાનાં મુખ જોતાં મોટા ભાગના પુષ્ટિમાર્ગીઓને આજે બીક લાગે છે. કેમકે આજે આપણે સાચા પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોના ઘટાદાર વૃક્ષોની છાયાવાળા પુષ્ટિમાર્ગથી ઘણી દૂર ફંટાઈને અપસિદ્ધાન્તોનાં ઉજાડ રણમાં ભટકી રહ્યા છીએ. તે અપસિદ્ધાન્ત એટલે પુષ્ટિભક્તિના ધંધાકીય જાહેર ભવાડાઓ! એટલે પુષ્ટિપ્રભુના ઇશ્કને આપણે નાણાકીય હુન્નરનો કૌશલ તો બનાવી દીધો પણ તેમાં પુષ્ટિપ્રભુ નદારદ થયેલા જાણી લેવા. તેથી આત્મસ્વરૂપબોધના અભાવે થતું આવું આત્મવિભાજન ખૂબ જ ભયંકર હોય છે. *ટુ બી ઓર નોટ્ ટુ બી!*

આત્મસ્વરૂપબોધથી વિરુદ્ધ આત્મવિભાજન/ઈગો સ્પ્લિટ્ :

જેને ઈંગ્લિશમાં *'સ્પ્લિટ્ પર્સનાલીટિ'* કહેવામાં આવે છે. એક વખતે બચ્ચાનો ઉછેર એવી રીતે કરો કે એની પર્સનાલીટિ સ્પ્લિટ્ થઈ જાય પછી તે કોઈ દિવસે કશું જ કામ સરખું ન કરી શકે. આજે આપણે પુષ્ટિમાર્ગીઓ પણ સમાજમાં કોઈ ઉલ્લેખનીય રિઝલ્ટ્ આપી નથી શકતા એનું મુખ્ય કારણ એ જ કે આપણી (અમારા પૂ.પા.ગો.બા.લોકોની અને તમારા પ.ભ.બાપા-બાપી લોકોની) પર્સનાલીટિ સ્પ્લિટ્ થઈ ગઈ છે. તેનું કારણ આત્મસ્વરૂપ સાથે તાદાત્મ્યબોધ આપણને નથી કેળવાતો કે આપણી ઈગો-આઈડેન્ટિટી કેવી? 'હું કેવો' એનો બોધ હોવો જોઈએ. જે પણ કામ કરું, દશ કામ કરું પણ મારું એ *સેન્સ્ ઓફ્ ઈગો* બધાને આવરી લે ક્યાંય ખંડિત ન થાય. તમારો ઈગો તમારા વ્યક્તિત્વના એક પાસાને આવરે પણ બીજાને ન આવરે તો આત્મવિભાજન થઈ ગયું. મોટે ભાગે શું હોય છે કે જો ટ્રાફિકમાં તમે જાઓ ને બહુ ટ્રાફિક હોય બધી કારો જામ થઈ ગઈ હોયને આપણો ઈગો તરત સ્પ્લિટ્ થઈ જતો હોય છે. આપણે કહીશું, કેટલો ટ્રાફિક વધી ગઈ છે? ગાડી ચલાવવાની જગ્યા પણ નથી. અરે યાર! તું વધારી રહ્યો છે તે વાતને કેમ ભૂલી ગયો? તને તકલીફ પડી એમાં તારો ઈગો સ્પ્લિટ્ થઈ ગયો. હવે તું ટ્રાફિકના પાર્ટ તરીકે તને ગણવા

તૈયાર નથી! તકલીફ તો પડે. માણસને તકલીફ ન પડે એવું તો કાંઈ હોઈ શકતું જ નથી પણ નાની-મોટી કોઈ પણ તકલીફમાં ઈગો સ્પ્લિટ્ ન થવો જોઈએ. દેશ, કાલ બદલાઈ જાય, કાનૂન બદલાઈ જાય, આમ ઘણી બધી વસ્તુઓ બદલાઈ જાય, એમાં કાંઈ વાંધો નહિં. એ બદલાવમાં કે બદલાયેલા દેશકાલ અને કાનૂન માં કાં તો તમારા ઈગોને તમે પૂર્ણતાથી જાળવી શકતા હોવ અથવા તો દેશ-કાળ મુજબ પોતાને ઈગોને જ બદલી શકતા હોવ તો ઈગો સ્પ્લિટ્ નહિં થાય. પણ નિરંતર બદલાતા દેશ-કાલમાં તમે પણ નિરંતર ''ગંગા ગયે ગંગાદાસ અને જમના ગયે જમનાદાસ'' બનતા રહો તો પછી પતી ગયું. તમને ખબર જ નહિં પડે કે ક્યારે કોણ આવી જશે અને તેને કારણે તમારે શું બનવું પડશે!

જૈનોમાં બહુ સુંદર આ બાબતનો એક પ્રસંગ છે. હજાર વર્ષ પહેલાં બે ભાઈઓ જૈન ધર્મનાં હતા. એમને બૌદ્ધ ધર્મ સમજવા માટે બૌદ્ધોના મઠમાં એડ્મિશન્ લેવું પડ્યું. હવે એક વખત બૌદ્ધ મઠમાં બૌદ્ધ ગુરુ કાંઈક જૈન ધર્મની બાબતમાં સમજાવી રહ્યા હતા પણ એમને જૈન ધર્મના સિદ્ધાંતોની બારીકી ખબર નહોતી, એટલે એક-બે દિવસ પાઠ બંધ પડી ગયો. પાઠ કેમ આગળ ચાલે! પોતે જ ન સમજતા હોય તો ભણાવે શું? એટલે એક-બે દિવસ પાઠ બંધ રહ્યો. ત્યારે બૌદ્ધો પોતાના મઠોમાં જૈનોને એડ્મિશન્ આપીને ભણાવતા નહતા. તેથી જૈન ભાઈઓને બૌદ્ધ બનીને એડ્મિશન્ લેવું પડ્યું હતું. તેઓનું નામ 'અકલંક' અને 'નિષ્કલંક' હતું. હવે બૌદ્ધ થઈને ત્યાં ભણતા હતા તો ત્રણ દિવસ પાઠ ન ચાલ્યો એટલે અકલંકની ધીરજ ખૂટી ગઈ. એ પાઠમાં જે કાંઈ કનડગત હતી તે એણે પુસ્તકમાં સુધારી દીધી. આ રીતે વાંચવાથી આ વાત સમજમાં આવી જાય છે. એટલે પેલા બૌદ્ધ ગુરુને એમ થયું કે કોઈક દુષ્ટ જૈન આપણાં મઠમાં પેસી ગયો લાગે છે. હવે કેવી રીતે તેની તપાસ કરવી? જેને-જેને

પૂછ્યું ‘‘તમે કોણ?’’ દરેક જણ બોલ્યા ‘‘અમે બૌદ્ધ’’. બધાને ‘‘બુદ્ધં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ’’ બોલવાનું કહ્યું તો તે પણ બધા જ બોલી ગયા! હવે ઓળખવા કેવી રીતે? બહુ મજેદાર પ્રસંગ છે હોં ઈગોનો! ધ્યાનથી સાંભળજો. એમણે કહ્યું કે ચાલો એક કામ કરો, મહાવીરનું ચિત્ર ભૂમિપર દોર્યું અને બધાને કહ્યું આના ઉપર પગ મૂકો. તે જમાનામાં શ્વેતાંબરો બહુ ઓછા હતા, દિગમ્બરો વધારે હતા. બુદ્ધ અને મહાવીર બન્નેની બેસવાની રીતિ તો એક જેવી જ ધ્યાનમુદ્રાની પણ બુદ્ધ વસ્ત્રધારી અને મહાવીર નિર્વસ્ત્ર. એટલે અકલંકે વિચાર્યું કે પગ ધરતા પહેલા એક ઝીણો સૂતરનો દોરો નાખી દઉં તો તે આપણા નિર્વસ્ત્ર ભગવાન્ મહાવીર મટીને બુદ્ધ બની જશે. સૂતરનો દોરો નાખ્યો એટલે રેખાચિત્ર હવે સવસ્ત્ર બુદ્ધનું બની ગયું! તેના ઉપર પગ મુકવામાં અકલંકને વાંધો ક્યાં હતો! તેથી પગ મુકી દીધો. એટલે બૌદ્ધ ગુરુએ જે ટેસ્ટ લીધી એ પાછી ફ઼ેઇલ્ થઈ ગઈ. હવે કેવી રીતે ખબર લગાડવી કે ખરેખર અહીંયાં કોણ જૈન ઘુસી ગયો છે? જૈન વિના આ વાત તો કોઇ જાણી શકે નહીં. કોઈ કબૂલ કરે નહીં કે મેં પાઠ સુધાર્યો એટલે એમણે કહ્યું કે ઓચિંતા રાતના ધૂમ-ધડાકો કરો. બધા સૂતા હોયને બધાના ઉપર વોચ્ફુલ આઈ રાખો. એવો જોરનો ધમાકો કર્યો કે પેલા જેટલા બૌદ્ધ વિદ્યાર્થીઓ સૂતા હતા એ તો એમને એમ ઉઠી ગયા. અને અકલંક જૈન હોવાથી નવકાર મંત્ર બોલ્યા વિના ઉઠ્યા નહિં તેથી પકડાઈ ગયા. બૌદ્ધ થઈને બૌદ્ધ મઠમાં ભણતો હોય પણ જે જૈન હોવાનો ઈગો કે ‘‘**ણમો અરિહંતાણં, ણમો જિનાણં/સિદ્ધાણં, ણમો આયરિઆણં, ણમો ઉવજ્ઝાણં, ણમો સવ્વ લોએસુ સાહૂણં**’’ બોલ્યા વિના તો ઉઠાય કેવી રીતે? એટલે ઊંઘમાંથી ઉઠતાંની વેત જ ઝડપાઇ ગયા! પુષ્કળ દંગો થઈ ગયો હતો. સાતસો-આઠસો જૈન-બૌદ્ધો આપસમાં લડીને મરી ગયા હતા. એવો દંગો થઈ ગયો હતો આ ઘટનાને કારણે! ખૈર, એક વાત સમજો કે હવે તો દેશકાળ બદલાઈ ગયા

છે. એ જમાનામાં અકલંકનો જે ઈગો હતો કે હું મહાવીરનો અનુયાયી છું. નવકાર મન્ત્ર બોલ્યા વિના હું ઉભો નહીં થાઉં. એતો કામ કરી જ રહ્યો હતો કે નહિં? ઈગો એનો સ્પ્લિટ્ નહોતો થયો. વેશ બદલાઈ ગયો, દિનચર્યા બદલાઇ ગઈ, પણ ઈગો ત્યાંનો ત્યાં જ રહ્યો.

આપણને લાગે કે સરકારે કાનૂન બદલી દીધા તો હવે એમ કેમ કહીયે કે ઠાકોરજી અમારી માથે બિરાજે છે. કહીશું તો સરકાર ઠાકોરજીને કારણે થતી કમાણી ઉપર ટેક્સ્ લગાડી દેશે. એ બીકને લીધે *પર્સનાલીટિ સ્પ્લિટ્* થઈ ગઈ. સરકારે કાનૂન બદલ્યો પણ તમે કેમ બદલાઈ ગયા? એટલે તમારી પર્સનાલીટિ સ્પ્લિટ્ થઈ ગઈ. તમારો ઈગો સ્પ્લિટ્ થઈ ગયો. એટલે સેલ્ફ઼/ઈગો-આઇડેન્ટિફ઼િકેશન્ની તમારામાં ખામી રહી ગઈ છે. એ ચોક્કસ ઉછેરની કોઇ ખામી છે.

આત્માનાં અવિભાજનમાટે શ્રીમહાપ્રભુજીએ લીધેલી કાળજી :

એરિક્સને આ જે વાત બતાવી છે એવી રીતે મહાપ્રભુજીએ પણ ષોડશગ્રન્થોમાં આપણો ઈગો ક્યાંક સ્પ્લિટ્ ન થાય તેનામાટે પુષ્કળ કાળજી લીધી જ છે. એ તો બહુ વિસ્તારનો વિષય છે. છતાંય જેમકે તમે પુષ્ટિમાર્ગમાં આવો પછી તમને સેવા નથી માફ઼ક આવતી તો કથા કરો, કથા માફ઼ક નથી આવતી તો તીર્થયાત્રા કરો, તીર્થયાત્રા માફ઼ક નથી આવતી તો મર્યાદામાર્ગીય વૈષ્ણવ મન્દિરોમાં દર્શન-પૂજાપરાયણ થાવ, શરણાગતિ કરો, શરણાગતિ નથી કામ આવતી તો વિવેક કરો, છેવટે કાંઈ કામ નથી આવતું તો ‘‘શ્રીકૃષ્ણ: શરણં મમ’’ બોલતા રહો. એ બોલવામાં તો તમારું શું જાય છે? બોલતા રહો! એમાં હેતુ મહાપ્રભુજીનો ફ઼કત એકજ કે તમારો ઈગો-આઇડેન્ટિફ઼િકેશન્ ક્યારે પણ ઘવાઈ ન જાય—તમારો ઈગો જળવાયેલો રહે. હું શું છું અને મારે શું કરવું છે અને મારે શું થવું જોઈએ?

બાળકોના ડેવલપમેન્ટ્ના આ મનોવૈજ્ઞાનિક પાસાઓ છે જે એરિક્સને બતાવ્યા છે તેની અતિશય કાળજી કોઇક ધર્મોપદેશકે પણ બરાબર લીધી છે. આટલી ડીટેઇલવાઇઝ્ કાળજી કોઈ ધર્માચાર્યે પોતાના ધર્મોપદેશમાં કદાચ લીધી હોય કે નહિં પણ મહાપ્રભુજીએ આ બધીજ કાળજી એ વખતે લઈ રાખી છે. આપણી માનસિક જટિલતાઓની, આટલી બધી કાળજી આપણા મહાપ્રભુજી સિવાય કોણ લે?

એટલે શ્રીમહાપ્રભુજી આપણને નવરત્નમાં પણ એ જ કાળજીનો ઉપદેશ આપી રહ્યા છે કે શું કરશો કે નિવેદન કર્યા પછી તમારો ઈગો સ્પ્લિટ્ નહિં થાય. શું કરશો તો તમે વિનિયોગ નથી કરી શકતા તો તમારો ઈગો સ્પ્લિટ્ નહિં થાય, શું કરશો તો તમારા છોકરા-છૈયા-વહુ-દીકરીઓ તમારી ભક્તિની ભાત કે મેંડ નથી માનતા—"હું તો મરજાદ લઈને સેવા કરું છું પણ પેલી 'માસિક ધર્મ' નથી પાળતી". કોણ? "જે નવી વહુ આવી છે ને તે!". તેવા ક્ષુદ્ર હેતુથી તમારો ઈગો સ્પ્લિટ્ થઈ જાય. એટલે હવે ઘરમાં સેવા કરવાની જ નહિં. ધંધાકીય ધોરણે ચાલતી હવેલીઓમાં સેવાના ગ્રાહક બનીને પૈસા ખરચી કાઢવા. આવી જાતનો ઈગો જે સ્પ્લિટ્ થઈ ગયો છે. એક વખતે નવરત્ન જેમ-જેમ તમે સાંભળશો તેમ-તેમ સમજતા થઈ જશો, પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત થયા પછી **"પુષ્ટિમાર્ગે પ્રવૃત્તસ્ય દાર્ઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે, અન્ધસ્ય સૂર્યઇવ તદ્વિમુખસ્ય ને અત્ર અર્થિતા"** આમ કહી પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત થયા પછી તમારી જે પુષ્ટિમાર્ગી હોવાની અસ્મિતા છે એને પ્રભુચરણ દઢ કરવા માગે છે. મહાપ્રભુજી નવરત્નમાં તમારો ઈગો સ્પ્લિટ્ ન થઈ જાય એ રીતે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવામાં જે મૌસમ હોય વરસાદનો કે તડકાનો, ઠંડીનો કે ગરમીનો, કાચો રસ્તો હોય કે પાકો રસ્તો હોય, વાઘ-વરૂ પણ આવી ગયા હોય તો પણ રસ્તા ઉપર તમારો ઈગો સ્પ્લિટ્ ન થાય ક્યારેય પણ. એ વાતની અતિશય કાળજી નવરત્નમાં શ્રીમહાપ્રભુજીએ લીધી છે.

તમે તમારી જાતને કેવી રીતે સમજી રહ્યા છો એમાં કોઈ દિવસે આવા ભંગાણ આવી દરાર કે ફાટ નહિં આવે કે "સિદ્ધાન્તો સાચા છે પણ જાહેરમાં ચર્ચા કરવા જેવા નથી. મહદ્ અંશે માન્ય હોવા છતાં પણ એકંદરે અમને માન્ય નથી". આવા બધા ઉદ્ગારો આજે ઈગો સ્પ્લિટ્ થવાના જ ઉદાહરણો, અમો ગોસ્વામિબાળકોના મુખારવિંદમાં ભરાઇ ગયા છે. નવરત્ન વાંચો તમારી બધી ચિંતાઓનું નિરાકરણ થઈ જશે. આપણે આપણાં પુષ્ટિમાર્ગી હોવાની અસ્મિતાને જાળવી શકીએ છીએ આ નવરત્ન ગ્રન્થના સહારે. એ ભાવનાથી શરૂ કરવું છે આપણે. અને એ કાળજી શ્રીમહાપ્રભુજીએ લીધી જ છે.

ઉદ્વેગ અને ચિંતા વચ્ચે રહેલ સંબંધનો વિચાર :

સેવાફલમાં મહાપ્રભુજી આપણને સેવાની ફલરૂપતા સાથે પુષ્ટિમાર્ગમાં બાધક શું છે તે પણ સમજાવે છે. ભગવત્સેવા કરવા છતાંય ભોગ, ઉદ્વેગ અને પ્રતિબંધ બાધક હોય છે. તેમને તમે કેવી રીતે ઓવરકમ્ કરશો? મહાપ્રભુજી કહે છે—

"નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્"
(સિદ્ધાન્તરહસ્ય : ૪).

સમર્પણ કર્યા પછી જે ભોગ તમે કરો છો તેમાં તમે ગભરાવ નહીં **"અલૌકિકસ્તુ ભોગઃ પ્રથમે પ્રવિશતિ"** એ તો તમારું અલૌકિક સામર્થ્ય છે કે તમે સમર્પિતનો ઉપભોગ કરી રહ્યા છો. એ તમારા ભોગ માટે નથી, એ તમારો આત્મસમર્પણના આધારે કરેલ વિનિયોગનો ભગવત્પ્રસાદ છે. તમારો અહં=આત્મબોધ ઘવાઈ ન જાય તેના માટે ભોગનું નિરાકરણ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં કર્યું. તેના પછી ઉદ્વેગ આવે તેનામાટે મહાપ્રભુજી કહે છે કે ઉદ્વેગ પણ

ભગવત્સેવામાં પ્રતિબંધરૂપ હોય છે.

ઉદ્વેગને સરખી રીતે સમજો. ઉદ્વેગ એટલે શું? ઉદ્વેગ એટલે કોઈક જાતનો શારીરિક કે માનસિક આવેગ જે આપણી ભીતર ઉભરાતો રહેતો હોય. જેમ આપણને ઉલ્ટી થતી હોય તો તે એક જાતનો પેટનો ઉદ્વેગ છે. આપણી પાચનશક્તિની જે નોર્મલ્ પ્રોસેસ્ છે તે ઉદ્વિગ્ન થઈ ગઈ છે. જે તમે ખાધું એને પાછું બહાર ઠાલવી રહી છે ‘‘**‘ઓવીજી’=ભય-સઞ્ચલનયોઃ**’’ જે માનસિક કે શારીરિક કે બાહ્ય વેગ તમને બિવડાવી દે; અથવા જે તમને ચલાયમાન કરી દે. તમારા કૉર્સથી જે તમને ડગાવી દે તેનું નામ ‘‘‘વીજી’=વેગ’, જે તમને એકથી બીજે ઠેકાણે ફંટાવી દે. હવે ‘‘ઉદ્ + વેગ = ઉદ્વેગ’’ એટલે ઉપર ઉઠતો જે વેગ જેને તમે કાબુમાં ન લઈ શકો તેનું નામ ઉદ્વેગ. તો શ્રીપુરુષોત્તમજી બહુ સરખી રીતે સમજાવે છે કે આ નવરત્નમાં એક જાતની ચિંતા નથી. ત્રણ જાતની ચિંતાઓનું શ્રીમહાપ્રભુજીએ નિરાકરણ કર્યું છે : [૧]ઉદ્વેગથી પેદા થતી ચિંતા, [૨]ઉદ્વેગરૂપા ચિંતા અને [૩]ઉદ્વેગ પેદા કરનારી ચિંતા. એમ ત્રિવિધ ચિંતાઓનો અહીંયાં નિરાકરણ કરવામાં આવ્યું છે.

(૧)ઉદ્વેગથી ઉદ્ભવતી ચિંતા :

કેટલીક ચિંતાઓ આપણી એવી હોય છે કે જે ઉદ્વેગને કારણે પેદા થતી હોય છે. આપણે જ્યારે સમાજમાં જીવી રહ્યા છીએ તો કોઈકને કોઈક ભયની પરિસ્થિતિ ઉત્પન્ન થાય જ છે, ત્યારે આપણને ઉદ્વેગ થઈ જાય છે. ઉદ્વેગ થવો એ બહુ સ્વાભાવિક વસ્તુ છે. દરેક જીવિત માણસને, જેમકે ગાલિબ બહુ સુંદર કહે છે, **‘‘દિલ હી તો હૈ ના સંગોખિશ્ત દર્દસે ભર ન આયે ક્યું?’’** આ દિલ છે કાંઈ ઈંટ પથ્થર તો નથીને. દિલ છે તો એમાં કાંઈક તો દુઃખ અનુભવાશે પણ એ દુઃખને તાણી-તાણીને કેટલું

તાણવું? ચિંતા સુધી તાણવું? તો શ્રીમહાપ્રભુજી કહે છે : તાણો નહીં ભાઈસા’બ જે ઉદ્વેગ થાય છે એ ઉદ્વેગને ઉદ્વેગ જ રહેવા દો. એને તાણીને ચિંતા નહીં બનાવો.

(૨)ઉદ્વેગરૂપા ચિંતા :

કોઈકને ઉદ્વેગરૂપા જ ચિંતા થઈ જતી હોય છે કે ‘‘નિત્ય હી ઉદ્વેગ’’. મારી પાસે એક બહેન આવે છે. ઓછામાં ઓછા મારી પાસે સો-દોઢસો વખત તો આવ્યાં જ હશે. પણ જ્યારે પણ આવે ત્યારે મને એક જ વાત કહે કે ‘‘ગુરુજી બહુ ઉદ્વેગ છે’’. હવે એ આવે એટલે હું કેસીયો વગાડવા બેસી જાઉં, તબલા વગાડવા બેસી જાઉં. તોય પાછી મને કહે કે ‘‘સાંભળતા કેમ નથી તમે કે મને બહુ ઉદ્વેગ છે!’’ એટલે મને પણ ઉદ્વેગ થવા મંડે! એ આવે એટલે હું ચિંતા નથી કરતો પણ ઉદ્વેગ તો થાય જ. મેં એમને એક દિવસે કહ્યું ‘‘ઉદ્વેગ છે તો હવે એને સાંખો, હું યે સાંખી રહ્યો છું કે નહીં?’’ મનમાં એમ કહ્યું ‘‘તમે જે પેદા કરો છો તે’’. એટલે જ્યારે આવે ત્યારે એકજ રટણ કે ઘણો ઉદ્વેગ છે ગુરુજી! અરે કોઈક દિવસ તો મારા ઘરે એવી રીતે આવો અને હસીને કહો કે આજે કોઈ ઉદ્વેગ નથી. તેથી મનેય ચેપ લાગી જતો હોય છે. એ આવે એટલે હું ન કરતો હોઉં તોય કાંઈક કરવા મંડુ જેથી પેલીનો ઉદ્વેગ મારી ચિંતામાં ક્યાંક પરિણમી ન જાય. મૂળ હેતુ એટલો જ. કાંઈક હશે એમની પણ તકલીફ એટલે તેઓ ઉદ્વેગને આઉટ્ લેટ્ આપતા હશે. હું પણ લાચાર થઈ કાંઈ મ્યુઝિકલી પ્રોડક્ટિવ્ કરવા માંડું. પણ કરવા ન દે હોં પાછું. કેસીયો વગાડતો હોઉં તો રોકી લે કે ‘‘કેમ સાંભળતા નથી બહુ ઉદ્વેગ છે!’’ અરે પૂરેપૂરા ફસાઈ ગયા ક્યા દરિયામાં ડૂબીને મરી જવું! મને ત્યારે એમ થાય કે મહારાજો બહુ સમજદાર હોય છે કે એક દ્વારપાલ રાખે. અવાંછનીય વ્યક્તિને ઘુસવા જ ન દે. પણ શું કરું, હું

વૈષ્ણવોને એટલા નોખા નથી માનતો. એમને ઉદ્વેગ છે તો આપણે થોડો શેર કરવો જોઈએ. તો થોડીક મારી સામર્થ્ય મુજબ શેર કરું પણ છું. મારી સામર્થ્ય ક્યારેક ચુકી જાય, ત્યારે કાંઈક આવા બધા ઉપદ્રવ પણ કરવા મંડુ. તબલા વગાડું, કેસીયો વગાડું, પુસ્તક વાંચું, કોમ્પ્યુટર ઉપર બેસી જાઉં, કોઈ રીતે ઉદ્વેગ ચિંતામાં ન પરિણમે! એટલે કેટલીક ચિંતાઓ પોતે ઉદ્વેગરૂપા હોય છે.

(૩)ઉદ્વેગજનિકા ચિંતા :

કેટલીક ચિંતાઓ ઉદ્વેગજનિકા હોય છે. એટલે ઉદ્વેગ પેદા કરનારી હોય છે, ચિંતા પહેલાં શરૂ થાય છે અને તેને કારણે તમે પોતે પછી ઉદ્વેગ કરવા મંડી જાઓ. ઉદ્વિગ્ન થાવ છો.

ચિંતાના સ્વરૂપનો વિચાર :

એક મોટો પ્રશ્ન અહીંયાં ઉભો થાય છે કે ત્યારે ચિંતા એટલે શું? એ વાત આપણે સરખી રીતે સમજવી પડશે. ચિંતા એ ખરેખર જીવનમાં એક સમસ્યા છે. જોકે આપણે 'સમસ્યા' શબ્દનો અર્થ પણ બહુ સરખી રીતે નથી સમજતાં. 'સમસ્યા' શબ્દ બહુ હળવાશમાં વપરાય છે. 'સમસ્યા' શબ્દ સંસ્કૃતનો બહુ મજેદાર શબ્દ છે.''સમ્ + અસ્યા = 'સમસ્યા''' એટલે જે ફગાવી દેવા જેવી વાત હોય તેને 'અસ્યા' કહેવાય. 'સમસ્યા' એટલે સમ્પૂર્ણપણે કે સરખી રીતે જે ફગાવી દેવા જેવી હોય તે. હવે બૌદ્ધિક રીતે, વ્યાવહારિક રીતે, ભાવનાથી કે લાગણીના રૂપે જે જાતની સમસ્યા હોય અલ્ટિમેટ્લી સમસ્યા ફગાવી દેવા માટે હોય છે. સંઘરી રાખવા માટે નથી હોતી. કેટલાક રાજનીતિનાં વિદ્વાનોનો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે કોંગ્રેસે પ્રશાસન તો બહુ સરખી રીતે કર્યું પણ બધી સમસ્યાઓને સાચવીને રાખી. સમસ્યાઓને ફગાવી નહીં દીધી. તેનાં રોદણાં આપણે આજે રડવા પડે છે. સમસ્યા બેઝિકલી સોલ્વ્ કરી દેવી જોઈએ. ફગાવી દેવી જોઈએ. 'અસ્યા' એટલે ''અસુ=ક્ષેપણે'' ફગાવી દેવાની

ક્રિયા. જેમ કચરો આપણે કાઢીને ઘરમાંથી બહાર ફગાવી દઈએ એને 'સમસ્યા' કહેવાય. અને એનો અપોઝિટ્ વર્ડ્ છે 'સમાધાન'. સમસ્યાનું સમાધાન એટલે શું? કે જેને સરખી રીતે સાચવી રાખવાનું હોય તે. એવી રીતે રાખો કે તે હમેશાં સચવાઈને રહે. તેનું નામ સમાધાન. ઉદ્વેગથી જનિત ચિંતા એ એક સમસ્યા છે. ઉદ્વેગરૂપા ચિંતા એ પણ એક આપણી સમસ્યા છે. ઉદ્વેગજનિકા ચિંતા એ પાછી આપણી સમસ્યા જ છે. અને તેનું સમાધાન રહેલું છે ચિંતાના ચિંતનમાં—

ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્॥
(નવરત્ન : ૧)

હકીકતમાં આ ચિંતા ન કરવાનો ઉપદેશ નથી બલ્કે ચિંતન કરવાનો ઉપદેશ છે. ચિંતન અને ચિંતા માં માનસિક એક જ ક્રિયા થતી હોય છે. પણ જો માનસિક ક્રિયા સમસ્યા હોય તો તે ચિંતા બને અને સમાધાન હોય તો તે ચિંતન છે. એક ઉદ્વેગજનિકા છે અને બીજું ઉદ્વેગનિવારક છે. એક ઉદ્વેગરૂપા છે બીજું અનુદ્વેગરૂપ છે. એક તમને અશાંત બનાવે છે ત્યારે બીજું શાન્ત. એટલે ચિંતન વિચાર વિવેક કે ધૈર્ય કે આશ્રય થી જનિત હોય છે. ચિંતન તેથી સમાધાનરૂપ હોય છે. જેમ આપણાં નાના બાળકનું વજન આપણે ઉચકી શકતા હોઈએ તો તે સુખદ હોય છે પણ જો ઉચકી ન શકાતું હોય તો તે દુઃખ કે સમસ્યા બની જતું હોય છે. તેથી ચિંતનનો ઉપદેશ મહાપ્રભુજી આપે છે કે કઈ ચિંતા તમને થતી હોય તે વખતે ક્યા જાતનું ચિંતન તમે કરશો તો તમારી સમસ્યાનું સમાધાન થઈ જશે. એ સમાધાન ફગાવી દેવા જેવું નથી હોં. આપણે ''**ચિન્તા કાપિ ન કાર્યા**'' ને ગોખી લઈએ પોપટની માફક અને જ્યારે ચિંતા થાય ત્યારે નવરત્નના નવ પાઠ કરો અને પછી

નવ પાઠથી ચિંતા નિવૃત્ત ન થતી હોય તો નવ્વાણું પાઠ કરો અને પછી નવ્વાણું પાઠથી પણ નિવૃત્ત ન થતી હોય તો નવસો નવ્વાણું પાઠ કરો! કેમકે નવ તે તો પૂર્ણ સંખ્યા છે અને ચિંતા અપૂર્ણતાને કારણે થતી હોય છે! એટલે "**ચિન્તા કાપિ ન કાર્યા**" ઉપદેશનું આવું ડીંડવાણું શરૂ થાય! અરે! આ જ સહુથી મોટી ચિંતા થઈ ગઈ! આટલા બધા પાઠ કેમ કરી રહ્યા છો? એના કરતા એક વખત સરખી રીતે ઉપદેશનો મર્મ કેમ સમજી નથી લેતાં કે કઈ જાતના ચિંતનનો એમાં ઉપદેશ આપવામાં આવી રહ્યો છે, તો ચિંતા તમારી નિવૃત્ત થઈ જશે. કેમકે ચિંતન એ સમાધાન છે અને ચિંતા એ સમસ્યા છે. ચિંતનને સરખી રીતે જાળવી રાખવાનું છે. એમ પોપટની માફક પાઠ કરીને ફક્ત વેડફી નાખવાનું નથી. એટલે એ નવરત્નનો વિચાર આપણે આગળ જઈને કરીશું. ઈન્ટ્રોડક્શન્‌માં જ હજી મારે થોડુંક વધારે બોલવું છે અને બાકીના શ્લોકો પણ કાલે લઈ શકીશું એવો મને વિશ્વાસ છે.

નવરત્ન, અન્તઃકરણપ્રબોધ, વિવેકધૈયાશ્રય ગ્રન્થોમાં વર્ણવેલ ચિંતાના વિષયની આન્તરિક સંગતિ :

નવરત્ન, અન્તઃકરણપ્રબોધ અને વિવેકધૈર્યાશ્રય કિશોરબોધના ગ્રન્થો છે. એક વાત ધ્યાનથી સમજો આ ત્રણે ગ્રન્થોમાં બેઝિકલી ચિંતાના ઉપર કેમ કાબુ મેળવવો તેના જ ઉપાયો ઉપદેશવામાં આવ્યા છે. નવરત્ન જો સૂત્ર હોય તો વિવેકધૈર્યાશ્રય એનું ભાષ્ય છે. નવરત્ન જો એક નિયમ હોય તો અન્તઃકરણપ્રબોધ એનું ઉદાહરણ છે. જેમ આપણને એમ કહેવામાં આવે "યત્ર-યત્ર ધૂમઃ તત્ર-તત્ર વહ્નિઃ" જ્યાં-જ્યાં ધૂમાડો હોય છે ત્યાં-ત્યાં આગ હોય છે. તો પછી આપણને થાય કે દેખાડો તો ખરા કે ક્યાં ધૂમાડો હોય છે અને ક્યાં તેની સાથે અગ્નિનું સાહચર્ય હોય છે? આનું કોઈક ઉદાહરણ તો અમને દેખાડો. પછી કોઈક આપણને બે-ચાર દૃષ્ટાંત કે ઉદાહરણ આપે કે રસોડામાં ધૂમાડો હોય છે ત્યાં આગ હોય છે. એથી

જ્યાં-જ્યાં ધૂમાડો હોય છે ત્યાં આગ હોય છે. તે મુજબ શ્રીમહાપ્રભુજીએ "**ચિન્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ તથૈવ તસ્ય લીલા ઈતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્**" (નવરત્ન : ૮) આ ઉપદેશ તો આપ્યો.

મહાપ્રભુજી એમ નથી આજ્ઞા કરતા કે તમે પુષ્ટિમાર્ગી થયા તેથી તમારે ઉદ્વેગ નહિં કરવો. કેમ કે ઉદ્વેગ તમે ન કરતા હોવ તો પણ ઉદ્વેગ થઈ જતો હોય છે. તમે જે કરતા હોવ તેને નહીં કરવાનું કહી શકાય. તમે બેઠા હોવ તો હું તમને ઊભા થવાની વાત કરી શકું, તમે ઊભા હોવ તો હું તમને બેસવાની વાત કહી શકું, પણ જે તમે કરી જ ન શકતા હોવ તેનો હું તમને ઉપદેશ આપું એનો કાંઈ અર્થ નથી. જે સ્વાભાવિક રીતે થતું હોય તેને કરવાનો કે ન કરવાનો કોઈનો, કોઈપણ જાતનો વિધિ-નિષેધાત્મક ઉપદેશ સાર્થક નથી થતો. એથી ઉદ્વેગ જે થઈ રહ્યો છે એ તો થશે જ. જે વાત મહાપ્રભુજી આમાં કહેવા માગે છે તે એ કે ઉદ્વેગમાંથી પ્રકટ્ થતી ચિંતાઓને છોડી દો. અથવા ઉદ્વેગને એટલું નહિં તાણો કે એ ચિંતાનું રૂપ ધારણ કરી લે અથવા ચિંતા એટલી બધી નહિં કરો જેનાથી તમને અંતે ઉદ્વિગ્ન થવું પડે. એ વાત મહાપ્રભુજી નવરત્નમાં સમજાવવા માગે છે. અને ત્યારે તેનું ઉદાહરણ શું? "ચઢ જા બેટા સૂલીપે તબ ખુદા ભલા કરેગા" એવું મહાપ્રભુજીએ નથી કર્યું. મહાપ્રભુજી કહે છે કે જે કામ કરવા માટે હું ભૂતલ ઉપર અવતીર્ણ થયો, જે કામ કરવાની મને પ્રભુએ પોતે આજ્ઞા આપી તે કામ કરવાનું પ્રભુ મને ના પાડે એટલે મારા અવતારનું આખું પ્રયોજન ફૉલ્સીફાઈ થતું હોય, જૂઠું ઠરતું હોય અને પ્રભુ મને આજ્ઞા કરે કે "**દેહદેશપરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ**" (અન્તઃકરણપ્રબોધ : ૬) તો મારે ચિંતા કરવી કે નહિં? કહે છે નહિં "**અન્તઃકરણ મદ્વાક્યં સાવધાનતયા શૃણુ! કૃષ્ણાત્ પરમ્ નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતં સમર્પણાદ્ અહં પૂર્વમ્ ઉત્તમઃ કિં સદા સ્થિતઃ! કા મમ અધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો**

ભવેત્’’ (અન્તઃકરણપ્રબોધ : ૧-૩).

મહાપ્રભુજી ડેમોન્સ્ટ્રેટ્ કરીને બતાવે છે કે જો આવી રીતે ચિંતા છોડી શકાય ‘‘**લૌકિકપ્રભુવત્ કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહો અન્યથા ભવેત્**’’(અન્તઃકરણપ્રબોધ : ૪).

જુઓ પાછી એ જ સિચ્યુએશન્ ક્રિયેટ્ થઈ રહી છે. જે કાંઈ તમારાથી અપરાધ થયો ‘‘**અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્**’’ તે ફરીથી ન થાય તેવી કાળજી સારી કે થયેલા અપરાધની ચિંતા કરવી સારી ?... એટલે શ્રીમહાપ્રભુજીના પોતાનાં સન્દર્ભે જોઇએ તો તેઓશ્રી કહેવા માગે છે કે મેં પુષ્ટિપ્રભુની આજ્ઞા માની નહિં. કેમકે પ્રભુએ મને આજ્ઞા આપી હતી કે ‘‘તમે ભૂતલ ઉપર પોતે પ્રકટ થઈ ભાગવતનો અર્થ પ્રકટ કરો’’. અને એ અર્થને પ્રકટ કરવા હું પ્રકટ થઈ ભાગવતનો સાચો અર્થ પ્રકટ કરતો હતો ત્યાં તો પ્રભુએ ઓચિંતી એવી આજ્ઞા આપી કે ‘‘હવે બસ કરો નથી પ્રકટ કરવું, ચાલો પાછા આવો’’. તો મેં આજ્ઞાને ઉથાપી, સિદ્ધાન્તની દૃષ્ટિથી પ્રભુની આજ્ઞાને ઉથાપવી કેટલો મોટો દોષ. હવે ઉથાપી તો લીધી એનાથી પ્રભુએ વધારે સ્ટ્રોંગ્-વર્ડેડ્ આજ્ઞા આપી કે ‘‘**લોકગોચરો દેહદેશ-પરિત્યાગઃ**’’ દેહ અને દેશ નો લોકગોચર પરિત્યાગ કરો. તો હવે જ્યારે લોકગોચર દેહ-દેશનો પરિત્યાગ કરવો હોય ત્યારે મારે ચિંતા કરવી કે પ્રભુ પોતે ક્યારેક એક આજ્ઞા કરે છે તો ક્યારેક બીજી આજ્ઞા શામાટે કરે છે ? એટલે કોઈક જાતની ચિંતા અન્તર્દ્વન્દ્વવાળી આ પરિસ્થિતિ માં ઉભી થઈ રહી છે.

એજ જાતનું નવરત્નમાં પણ આગળ આવશે કે ‘‘**સેવાકૃતિર્ ગુરોઃ આજ્ઞા બાધનં વા હરીચ્છયા**’’ સેવા કરવાની છે તમારે ગુરુની આજ્ઞા પ્રમાણે અને હરિ જો ઈચ્છા કરે તો તમે બાધ પણ ગુરુઆજ્ઞાનો કરી શકો છો. હવે પ્રભુએ જ્યારે પ્રથમ આજ્ઞા આપી કે તમે

ભાગવતનો અર્થ પ્રકટ કરો તો એ ગુરુભાવથી આપેલી આજ્ઞા હતી. તે ગુરુભાવથી આજ્ઞા આપીને ભાગવતનું મુખ્ય તાત્પર્ય પ્રભુસેવામાં અને ભાગવતનો અર્થ હું પ્રકટ કરી રહ્યો છું. તેમાં ઓચિંતી બીજી આજ્ઞા આવી પડી કે નહીં બધુ સમેટો બંધ કરો. હવે આ ગુરુભાવની આજ્ઞા કે પ્રભુભાવની આજ્ઞા છે? કેવી રીતે નિર્ણય કરવો? કઈ આજ્ઞા પાળવી? કઈ આજ્ઞા ન પાળવી? એટલે શરૂઆતમાં મહાપ્રભુજીએ પાળી નહીં. અન્તે મહાપ્રભુજીએ નિર્ણય લીધો ‘‘**પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાદ્ ન પ્રેષ્યતે વરે તથા દેહે ન કર્તવ્યં વરઃ તુષ્યતિ નાન્યથા**’’ (અન્તઃકરણપ્રબોધ : ૮) પ્રભુ આજ્ઞા આપે છે તો ચાલો ‘‘**દેહ-દેશ-પરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ**’’ પણ હું કરી દઈશ !

એટલે નવરત્નના નિયમો ફકત ઉપદેશ આપવામાટે કહેલા નિયમો નથી. આ તો મહાપ્રભુજીએ જીવીને તે નિયમોને પોતે પાળીને દેખાડ્યા છે. હવે તમને શેની ચિંતા થાય છે? ષોડશગ્રન્થમાં એને જોડવાનો મુખ્ય હેતુ એ છે કે આ નિયમો તમને પણ સમજાવવા માગે છે.

થોડીક મારી ખોપડીમાં ખરાબી છે એટલે પાછી મને એક વાત યાદ આવી ગઈ. કોઈક સાથે મારી ચર્ચા થઈ રહી હતી કે ભાઈ! સિદ્ધાન્તો તો આવા બધા છે. તો એમણે કહ્યું કે ‘‘સિદ્ધાન્ત આવા બધા છે પણ હવે બધી પરિસ્થિતિ બદલાઈ ગઈ તો કરવું શું?’’ મેં કહ્યું, ‘‘કરવું કાંઈ નહિ પણ એટ્ લીસ્ટ્ કહી તો શકીએ ને સાચો સિદ્ધાન્ત શું છે!’’ તો એ પૂ.પા.ગો.બા.એ મને કહ્યું કે ‘‘અચ્છા! અચ્છા! હવે અમે બરાબર સમજ્યા કે આપણાં સિદ્ધાન્તો ખાલી કહેવા માટેના સિદ્ધાન્તો છે! અમે તો એમ ધારીને દુખી થઈ રહ્યા હતા કે સાચા સિદ્ધાન્તો કબૂલી લઈશું તો પાળવાની જવાબદારી પણ ગળે પડશે!’’ તો એક વાત સમજો શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત મહાપ્રભુજીએ ખાલી કહેવા માટે નથી કીધા અમલમાં લાવવા માટે કીધા છે. આનાથી વધારે તો બીજી

વિટંબણા જીવનમાં શું હોઈ શકે કે જે કામ લઈને કોઈ આવે એ કામની આજ્ઞા કામની આજ્ઞાઆપનારો ના પાડી દે કે એ કામ તમારે નથી કરવું. ચાલો બંધ કરો બધું અને અહીંયાં આવી જાઓ. એ આજ્ઞાને પણ ઝીલવાનો માદ્દો શ્રીમહાપ્રભુજીએ કરીને દેખાડ્યો છે. જ્યારે આજે આપણે એમ કહી રહ્યા છીએ કે વડીલોના સમયથી ચાલી આવતી જાહેર ધંધાકીય હવેલીઓની પરંપરા આપણે કેમ છોડી શકીએ? આનો અર્થ એવો કે ચાહે તો ઠાકોરજી ઉપરથી આપણો હક જતો કરવો પડતો હોય તો તેમાં કાંઈ વાંધો નહીં. આતો જાણે એવી વાત થઈ ગઈ કોઈક સ્ત્રી એમ કહે કે જે ઘરમાં મને મારા માતાપિતાએ કન્યાદાન કરીને રહેતી કરી તે ઘર કેમ છોડું! પતિ છૂટતો હોય તો છૂટી જાય! પણ મહાપ્રભુજી આથી વિપરીત આદર્શ પ્રકટ કરી રહ્યા છે **“પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાદ્ ન પ્રેષ્યતે વરે તથા દેહે ન કર્તવ્યં”** આ દેહ મને પ્રભુએ આપ્યો છે. જે કામ માટે આપ્યો, જેટલા વખત એમને કામ લેવાનું હતું કામ લીધું. હવે જ્યારે ના પાડી રહ્યા છે કે નથી જોઈતું આ કામકાજ. તે કામને બંધ કરવાની પણ મારે તૈયારી રાખવી જોઈએ.

મહાપ્રભુજીએ એના માટે કેટલી બધી સ્ટ્રગલ્ કરી છે. ઘરમાં ઠાકુર બિરાજતો હોય તો સંન્યાસ લેવાનો હોય? ગુસાંઇજીના પ્રસંગમાં આનો બહુ જ સુંદર મીઠો મધુરો પ્રસંગ આવે છે. ઠાકોરજીની સામગ્રીમાં કાંઈક ગડબડ થઈ ગઈ હતી તેથી ગુસાંઇજીને એટલી બધી ગ્લાનિ થઈ ગઈ કે તેઓશ્રીને ઘરમાં વૈરાગ્ય જાગી ગયો. પોતે સંન્યાસ લેવા તૈયાર થઈ ગયા . એવા ગાર્હસ્થ્યને નભાવવાથી ફાયદો શું છે જેમાં પ્રભુનું સુખ ન સચવાતું હોય! ગિરધરજીને આજ્ઞા આપી કે તમે મારા ભગવા રંગના કપડા રંગી દો અને હું સંન્યાસ લઈને જાઉં છું. ત્યારે નવનીતપ્રિયાજીએ કહ્યું, “લો મારો તનિયો પણ ભગવા રંગમાં રંગી દેજો”. કેમકે તમારા ભરોસે તો હું ઘરમાં આવીને રહ્યો ને તમે છોડીને જાવ તો મારે ક્યાં જાવું? એટલે ગિરધરજીએ ગુસાંઇજીનું વસ્ત્ર અને શ્રીનવનીતપ્રિયાજીનો તનિયો બન્ને ભગવા રંગમાં રંગીને સૂકાવ્યા હતા. ત્યારે એ જોઈને ગુસાંઈજીએ કહ્યું કે ના આવો ત્યાગ મારાથી ન થઈ શકે. વિઠ્ઠલે કર્યો વિચાર કે ના હવે ત્યાગ નથી કરવો. કેમકે નવનીતપ્રિયાજીને મારા માટે સંન્યાસ લેવો પડે!

પરમેશ્વર સંન્યાસ નથી લેતો એટલે બધું આ ધમધોકાર ચાલી રહ્યું છે. ભૂલેચૂકે એ જો સંન્યાસ લઈ લે તો ‘‘અચ્યુતં કેશવં શ્રીરામનારાયણં કૃષ્ણદામોદરમ્’’ થઈ જાય હોં બધું! એટલે તાકીદે શ્રીગુસાંઇજીને નિર્ણય બદલવો પડયો. મહાપ્રભુજીના ચરિત્રમાં આખી એક ડિફ્રેન્ટ્ સિચ્યુએશન્ ઊભી થઈ છે કે ઘરમાં ઠાકોરજી બિરાજી રહ્યા છે, એક નહિ પાંચ-પાંચ ઠાકોરજી બિરાજી રહ્યા છે, અને સંન્યાસનો તો કોઈ પ્રસંગ નથી હમણાં. તોય ઓચિંતી લોકત્યાગની આજ્ઞા થઈ ગઈ. ગૃહસ્થને દેહત્યાગની આજ્ઞા નથી અને ગૃહસ્થ દેહત્યાગ કરે તો ‘આત્મઘાત’ કહેવાય. દેહત્યાગ વિના લોકત્યાગ પણ કેમ સમ્ભવે? પણ સંન્યાસીને દેહત્યાગની છૂટ શાસ્ત્રે આપી છે. સંન્યાસી દેહત્યાગ કરી શકે છે. તેથી મહાપ્રભુજીએ સૌથી પહેલાં સંન્યાસ લીધો. સંન્યાસ લઈને આપે અન્ન-જલનો ત્યાગ કર્યો. અન્ન-જલનો ત્યાગ કરતાં પણ લોકગોચર દેહ ના છૂટ્યો તો ગંગાપ્રવાહમાં જઈને આપે જલસમાધિ લઈ લીધી. દેખાડીને બતાવ્યું કે કઈ જાતના નિયમોને આપ અનુસરે છે. ઉદાહરણથી સિદ્ધ્ કરવાની આપની નિષ્ઠા એનો એક વખતે વિચાર કરશોને તો તમારામાં પણ હિંમત આવશે કે આપણો આઈડિયલ્ આચાર્ય કેવો છે. આપણા આદર્શ આચાર્યચરણ કેવા છે તે આ નિયમને સમજાવી રહચા છે.

આટલી કડક આજ્ઞા પ્રભુ આપણને કાંઈ આપવાના જ નથી

હોં! ગભરાતા નહિ! એ તો મહાપ્રભુજીને એવી આજ્ઞા આપી. આપણી ગરજ ક્યાં છે પ્રભુને આટલી કે આવી આજ્ઞા આપણને આપે. આપે તો તો નિહાલ થઈ જવાય ખરેખર! કોઈ દિવસે પ્રભુ આપણને કહેકે આ દેહ છોડીને મારી પાસે આવ. આપણે જઈએ કે ન જઈએ, તે આપણી વિટંબણા હોય કે "હે પ્રભો! અમે અમારૂં સર્વસ્વ નિવેદન આપને કરી રાખ્યું છે—"સર્વસ્વં કૃષ્ણસાત્ કૃતં"—છતાંય એવી આજ્ઞા હમણાં નહિ આપો તો સારૂં! કેમકે આ ઘરમાં છોકરા-છૈયાઓની કાળજી પછી કોણ લેશે? આપને તો પરિશ્રમ અપાય નહી!" આપણે પાછા એવા ચતુર હોં એટલે પ્રભુએ સમજે છે એ વાતને. એટલે એવી આજ્ઞા આપણને આપવાનું રિસ્ક્ પણ પ્રભુ ના જ લે. એટલે **"ચિન્તા કાપિ ન કાર્યા!"**

આપણને એવી આજ્ઞા આપવાના નથી પ્રભુ. શાંતિથી રહો આ તો મહાપ્રભુજીએ નિયમને સિદ્ધ કરવા માટે તે હદ સુધીની આજ્ઞા અનુસરી અને તમારી સામે આદર્શ સ્થાપિત કરી દીધો છે. **"પશ્ચાત્તાપઃ કથં તત્ર"** (અન્તઃકરણપ્રબોધ : ૬) એટલે જે મહાપ્રભુજીનાં અન્તઃકરણને સમજશે તેને આપ કહે છે **"ચિત્તં પ્રતિ યદ્ આકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્"** (અન્તઃકરણપ્રબોધ : ૧૦) અન્તઃકરણપ્રબોધ ગ્રન્થમાં પણ અન્તતઃ ચિંતાનું જ કાંઈક પ્રકરણ ચાલી રહ્યું છે. વિવેકધૈર્યાશ્રયમાં પણ નિરંતર આ ચિંતાનું જ પ્રકરણ ચાલી રહ્યું છે. જે વાત મેં તમને કાલે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે જે ટિપિકલ્ ટીન્-એજ્‌ની પ્રોબ્લેમ્ કે ડાયલેમા હોય છે કે શું કરવું અને શું ન કરવું. મારે શું થવું, શું ન થવું. કેમકે ટીન્-એજ્‌માં એ ડાયલેમા દરેકને ફેસ્ કરવો જ પડતો હોય છે. આપણને નિશ્ચય નથી થતો કે મારે શું બનવું છે. મારે શું કરવું છે. આ ત્રણે ગ્રંથો તેથી કિશોરબોધરૂપ ગ્રન્થો છે. એ કેવી રીતે ગુંથાઈને આવ્યા છે! એક સિસ્ટમરૂપે નવરત્ન સૂત્ર છે. અન્તઃકરણપ્રબોધ એનું ઉદાહરણ છે. નવરત્નમાં જે કાંઈ સૂત્રાત્મક આજ્ઞાઓ આપવામાં આવી છે તેનું મહાપ્રભુજીએ વિસ્તૃત ભાષ્ય વિવેકધૈર્યાશ્રયમાં કર્યું

છે. એ કિશોરબોધના ત્રણે ગ્રન્થોની આન્તરિક સંગતિ આપણે સૌથી પહેલાં સમજી રાખવી જોઈએ.

બાળકના સ્વસ્થ માનસિક વિકાસનું સોપાન ^{૧}વિશ્વાસ પછી ^{૨}આત્મનિર્ભરતા અને તેના પછી ^{૩}આરંભ :

તે પછી કાલે બાળકના સ્વસ્થ માનસિક વિકાસમાં કઈ રીતે ઉત્તરોત્તર વિકાસ થાય છે, તેના માટે એરિક્સને વર્ણવેલા ગુણધર્મો બતાવેલા એમાં એક મહત્ત્વપૂર્ણ મુદ્દો હું કહેતાં ભૂલી ગયો. હવે સાચી વાત કહું છું કે હું પુરુષોત્તમ નથી એટલે મને થયું કે પાછો આજે ક્યાંક ભૂલી ના જઉં! એટલે આજે બધું લખીને લાવ્યો છું. તો જે કાંઈ પુરુષોત્તમ ન હોવાને કારણે કાલે અપૂર્ણતા રહી ગઈ. તેથી એક વખતે થોડુંક સંક્ષેપમાં ફરીથી એ જોઈ જશું. જોકે સમય લાગશે થોડોક પણ લાચાર છું. કેમકે કાલે છૂટી ગયું હતું. એરિક્સને જે વાત બતાવી હતી એમાંથી કાલે એક બહુ મુખ્ય ગુણ હું કહેતા ભૂલી ગયો સમયની ધાંધલમાં. સૌથી પહેલો હતો ^{૧}વિશ્વાસ કાં અવિશ્વાસ. તેની બાબતમાં મેં કાલે તમને સરખી રીતે સમજાવ્યું હતું કે યમુનાષ્ટકમાં પોતાની બા સાથે ઓળખાણ કરાવીને મહાપ્રભુજીએ આપણને જગતમાં જીવવા માટે જે કાંઈ અવિશ્વાસના ફેક્ટર્ છે તે બધા દૂર કરી દીધા છે **"યમોઽપિ ભગિની સુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ પ્રિયો ભવતિ સેવનાત્** તવ હરેઃ યથા **ગોપિકાઃ... તવ અષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે સદા સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ"** (યમુનાષ્ટકમ્ : ૬-૯) આ વચનો વિશ્વાસના ઉદ્‌બોધન દ્વારા અવિશ્વાસની આપણી કમજોરીને દૂર કરવામાટે છે. બાલબોધમાં પણ પછી આપણી પોતાની જાતને ઓળખી શકીએ. ઓબ્જેક્ટિવલી તેના માટે કોઈક એવું સ્વરૂપ દેખાડ્યું. નાનું બાળક કેમ ઓબ્ઝર્વ્ કરી શકે તે રીતે. એના પછી એરિક્સને એક બહુ સુંદર વાત કહી છે કે જ્યારે બાળકમાં વિશ્વાસ કેળવાઈ જતો હોય છે ત્યારે ^{૧}વિશ્વાસ

પછી આત્મનિર્ભરતા કેળવવા આગળ વધતો હોય છે. આત્મનિર્ભરતાનો અર્થ તમે સમજો. જેમ દરેક ઘરમાં, દરેક પરિવારે આ વાત ઓબ્ઝર્વ્ કરી હશે કે જન્મ્યા પછી બાળક સૌથી પહેલી વસ્તુ તરીકે પોતાની બાને ઓળખવાનો પ્રયાસ કરે છે. અને તેવા વિશ્વાસ પછી જે બીજું સ્ટેપ્ આત્મનિર્ભરતાનું કહ્યું હતું એટલે બાળક પોતાની ગરદન ઉંચી કરીને જોવાનો પ્રયાસ કરશે. ઉલટો થઈને પલટવાનો અભ્યાસ કરશે, જ્યારે પલટવાનું એને આવડી જશે ત્યારે પછી ચાલવાનો કે ઘસડવાનો અભ્યાસ કરશે, દરેક વાતમાં એ પોતાની આત્મનિર્ભરતાના પ્રયાસ અને ઉપાય કરશે. ચાલવામાં પણ એ તરત ચાલી નથી શકતો પણ ઘૂંટણિએ ચાલીને અંતે કોઈ વસ્તુનો સહારો લઈને ઉભા થવાની કોશિશ કરતો હોય છે. જે વાત એક બાળક પોતાના પ્રયાસપૂર્વક નિરંતર ડેવલપ્ કરે છે તે એની આત્મનિર્ભરતા. બોલવાની પણ પ્રક્રિયા બાળક આત્મનિર્ભરતાના રૂપે જ પ્રકટ કરે છે. તમે જેવું બોલો છો એવું એ બોલી નથી શકતો પણ આત્મનિર્ભરતાના પ્રયાસમાં તોતડું પણ બોલીને અગડં-બગડં શબ્દો પણ બોલીને બાળક નિરંતર પોતાની આત્મનિર્ભરતાનો પ્રયાસ કરે છે .

આત્મનિર્ભરતાનો પ્રયાસ સફળ ન થતાં લજ્જા અને અનિશ્ચય :

જોકે કાલે આપણે એટલું તો જોઈ લીધું હતું જે એરિક્સને કહ્યું કે જ્યારે કોઈ બાળક વિશ્વાસ ન કેળવી શકે ત્યારે આત્મનિર્ભર પણ થઈ શકતો નથી. મેં કાલે તમને કહ્યું હતું કે જે બાળકમાં આત્મનિર્ભરતા નથી કેળવાતી તે બાળક ક્યાંકને ક્યાંક લજ્જા અથવા અનિશ્ચય ની સ્થિતિમાં જીવતો થઈ જાય છે. કેમ? દા.ત. એક વાત સમજો કોઈ બાળક ફિઝીકલી એટલો કમજોર છે કે શારીરિક દષ્ટિથી એ ડોકું નથી ઉપાડી શકતો અથવા પગે નથી ચાલી શકતો ઘૂંટણિયે નથી ચાલી શકતો અથવા બોલી નથી શકતો. ત્યારે એનામાં આત્મનિર્ભરતા પ્રકટ થતી નથી. કોઈક રીતની શારીરિક કે માનસિક ખામીને કારણે કોઈ બાળક આત્મનિર્ભરતા કેળવી નથી શકતો. ત્યારે

એ કોઈક જાતની લજ્જા અને કોઈક જાતનો અનિશ્ચય અનુભવતો થઈ જાય છે. બધા આવું કરી રહ્યા છે પણ હું કેમ નથી કરી શકતો! સ્વાભાવિક રીતે બાળકને લજ્જા આવી જાય. અને સ્વાભાવિક રીતે જગતને જોવાની એની દષ્ટિમાં પણ અનિશ્ચય થઈ જતો હોય છે. જે બાળક આત્મનિર્ભરતા નથી ખિલવી શકતો એ બાળક કોઈપણ શારીરિક માનસિક ખોડ કે ખોટી ઢબના ઉછેરને કારણે આવી તકલીફ પામતો હોય છે. તેથી લજ્જા અને અનિશ્ચય એ આત્મનિર્ભરતાની અપોઝિટ્ છે.

મારી મોટી દીકરી ચિ. દિવાના બીજા બાબાને બોલવામાં કાંઈક તકલીફ છે. અમારે ત્યાં આવ્યો. બેલ વાગે અને અમે પૂછીએ 'કોણ?' તો એને બોલવાના પોતાના આત્મનિર્ભરતાના પ્રયાસરૂપે બોલવામાં કાંઈક તકલીફ હતી તો પણ જ્યારે પણ બેલ વાગે ત્યારે જોરથી બોલે "તુમ તોન?" મેં બે-ત્રણ વખતે સાંભળ્યું કે "તુમ તોન? તુમ તોન?" કરે છે એટલે મેં પણ એને ચીડવવા માટે પૂછ્યું "તુમ તોન?" તો એણે મને સામે પૂછી લીધું કે "તુમ તોઈ બત્તે હો?" હવે મને લજ્જા આવી ગઈ. મે કહ્યું આ તો લફરું થઈ ગયું. એ બોલી નથી શકતો એનું એને બરાબર ભાન છે હોં! પણ એને આત્મનિશ્ચય છે કે મારે બોલવાનું છે અને એને આવી રીતે નથી બોલવાનું. કોઈક આવી એના ચાળા કરે તો પાછો પૂછી લેવાની હિંમત ધરાવે છે કે "તુમ ક્યા બચ્ચે હો?" એટલે એને એટલી ખબર છે કે હું બાળક છું તેથી બોલી નથી શકતો વાંધો નહીં. ક્યારેક બોલી લઈશ પણ તમે મોટા થઈને આવી રીતે કેમ બોલી રહ્યા છો? સમજમાં આવીને કે બાળકમાં આત્મવિશ્વાસની ક્વોલિટી કેવી હોય છે. એ આત્મવિશ્વાસની ક્વોલિટી હશે તો એને લજ્જા નહીં આવે. હું તો એને લજ્જિત જ કરવા માગતો હતો પણ મારા દોહિત્રાએ મને જ લજ્જિત કરી દીધો! ધેટ્ મિન્સ્ આ ગેરંટી કે એનામાં આત્મવિશ્વાસ પૂરતો

છે. એને શબ્દનું સાચું ઉચ્ચારણ ‘‘તુમ કોન?’’ એનો બરાબર નિશ્ચય છે. નિશ્ચય પાકો છે કે જ્યારે પણ બેલ વાગે ત્યારે તુમ કોન? પૂછવું જોઈએ. એ પોતે ‘‘તુમ કોન’’ બોલી ન શકતો, બાળક હોવાને કારણે, પણ તેને એનું સરખુ ભાન છે. તેથી એ પોતાના નાનાને કહી દેવાની હિંમત દાખવી શકે છે ‘‘તુમ કોઈ બચ્ચે હો?’’ મેં કહ્યું હવે સમજી ગયો.

પુષ્ટિમાર્ગીઓના લજ્જા અને અનિશ્ચય શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તમુક્તાવલીમાં દૂર કર્યા :

આ બીજી ક્વોલિટી છે અને એ ક્વોલિટી મહાપ્રભુજીએ આપણને સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં આપી કે ‘‘**તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા**’’ તમારું તન, તમારું વિત્ત તમારું મન પણ જેમ-જેમ સરખી રીતે વાપરી શકાય તેમ-તેમ—હોય કે તોતડું વાપરી શકાતું હોય—જેવું હોય તેવું વાપરતા થાઓ. ‘‘તુમ તોન?’’ કરવા માંડો અને કામ ચાલું થઈ જશે. કોઈ તમને એમ આવીને લજ્જિત કરવા માંગતો હોય કે તમે અપરસ નથી પાળતા તો તમારી સેવા પુષ્ટિપ્રભુ કેવી રીતે અંગીકાર કરશે! તમારી પાસે એટલા પૈસા ક્યાં છે કે તમે તમારા ઠાકોરજીને મઠડી ધરી શકો; અને કેસરના હિંડોળા કરી શકો; અને અમારી માફક છપ્પનભોગ કરી શકો? તો પછી તમારેય એમ પૂછી લેવું કે ‘‘તુમ તોઈ બત્તે હો?’’ પછી બધી વાત સુધરી જશે હોં! એને પોતાને સમજ આવી જશે કે આ સમજી ગયો કે હું ગો.બા. છું. બાળકને બાળક કે બાલિશ હોવાની હકીકત રિયલાઈઝ્ કરાવી દેવી કે ‘‘તુમ તોઈ બત્તે હો? તેથી આવું બોલી રહ્યા છો’’. પછી તમારો લજ્જાનો ભાવ, અનિશ્ચયનો ભાવ દૂર થઈ જશે. તે સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં મહાપ્રભુજીએ કેવી રીતે દૂર કર્યો છે : ‘‘**તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા...તતઃ સંસાર દુઃખસ્ય નિવૃત્તિઃ બ્રહ્મબોધનમ્**’’. મહાપ્રભુજી એમ નથી કહેતા કે તમે તમારા ઘરમાં જેની સેવા કરો છો તે પરબ્રહ્મ પુરુષોત્તમ નથી. એ તો અમારે

જ ઘરે બિરાજી શકે કે મારા વંશજો ફક્ત ગોસ્વામી બાળકોની મોનોપોલી છે. મહાપ્રભુજી જે ‘‘પરં બ્રહ્મતુ કૃષ્ણો હિ’’ કહે છે તે દરેક સેવા કરનાર માટે કહી રહ્યા છે.

પુષ્ટિમાર્ગીના સ્વસ્થ વિકાસ (આત્મસ્વરૂપબોધ)માટે જરૂરી [૪]ઉદ્યોગ, [૫]આત્મનિર્ધાર, [૬]ઘનિષ્ઠતા, [૭]સૃજનશીલતા નો ષોડશગ્રંથોમાં વિચાર :

(૪)ઉદ્યોગ :

તેના પછીથી જે વાત આવી હતી તે ઉદ્યોગ કે ઉદ્યમની હતી. ઉદ્યમ એટલે પ્રયાસ કરવો. જે વાતનો આપણે આરંભ નથી કરતા તે માટે અપરાધબોધથી ગ્રસ્ત થઈ જવાય છે. આજે ધ્યાનથી સમજો પુષ્ટિમાર્ગની કોઈ સમસ્યા છે, અથવા પુષ્ટિમાર્ગીઓની આપણી જે કાંઈ સમસ્યા છે તે એ જ છે કે આરંભ કરવાની. જેમ ગાડીને ચલાવવામાં માટે ફર્સ્ટ્ ગીયર્માં નાખવામાં આવે ને, તે ફર્સ્ટ્ ગીયર્ને ભાંગી નાખવામાં આવે છે. એના દાંતાઓને કચડી નાખવામાં આવે છે કે ગાડી આરંભ જ ન કરી શકે. ફર્સ્ટ્ ગીયર્માં જાય તો આગળ ટોપ્ ગીયર્ માં ભાગેને.

કોઈક એક વૈષ્ણવ હશે પાખંડી. હું ના નથી પાડતો. કેમકે કોઈપણ માણસ પાખંડી હોઈ શકે. હું પણ પાખંડી હોઈ શકું. પાખંડી હોવું એ કોઈ મોટી ઉપલબ્ધિની વાત નથી. એ તો સહજ વાત છે, શ્વાસ લઈએ છીએ તે રીતે માણસ પાખંડી હોઈ શકે. તો એક વૈષ્ણવને એવી ટેવ હતી કે પ્રસંગ-અપ્રસંગ, આવશ્યક-અનાવશ્યક, નિરંતર ભગવચ્ચર્ચા કરતો રહે. તો કોઈ ગો. બાળક એને ઘરે પધાર્યા. એમણે ભગવચ્ચર્ચા છેડી. ગો.બા.એ તરત માની લીધું કે આ માણસ મહાન પાખંડી છે. વ્યર્થમાં ભગવચ્ચર્ચા કરે છે. હવે પાખંડીના પાખંડને નિવૃત્ત કેમ કરવો તો કોઈક એક ગેમ એમની સામે પાથરી દીધી. એમને ભગવચ્ચર્ચા છોડાવીને પોતાની સાથે રમતા કરી દીધા! હવે એક વાત સમજો કે ભગવચ્ચર્ચાનો આરંભ

કરવાનો જે માદ્દો હતો એ કદાચ પાખંડથી હશે પણ તોડી તો દીધો કે નહીં. આજે અમે ગોસ્વામી બાળકો એ બાબતનો ગૌરવ લેતા હોઈએ છીએ કે ફલાણા ભાઈને ભગવચ્ચર્ચા કરવાથી વાળીને ગેમ રમતા અમે કરી દીધા. આપણે એમાં ગર્વ લઈ રહ્યા છીએ અને મહાપ્રભુજી કે સૂરદાસજીની વાર્તાને વાંચો તો તમને ખ્યાલ આવશે કે જે આવી ચર્ચા કરી રહ્યા હતા, તેમને મહાપ્રભુજીએ ભગવચ્ચર્ચા કરતા કર્યા છે કે નહીં? જે ચોપડની ગેમ રમી રહ્યા હતા એને, સૂરદાસજીએ, ભગવત્સેવા કરતા કર્યા કે નહીં? કર્યા એટલે કે એક જુદી જાતનો આરંભ હતો. આપણે વૈષ્ણવો પાસેથી જુદી જાતનો અભિગમ રાખીએ છીએ. કાંઈક કરવા માગે તો એને તોડી જ નાખો. પ્રવચન કરતો હોયતો એને કહો કે પાખંડી છે, ભગવદીય થવા માગે છે, પ.ભ. થવા માગે છે. સેવા કરતો હોય ઘરમાં તો એને એમ કહી દો કે તું શું પોતાની જાતને દામોદરદાસજી સંભલવાલા સમજે છે? દામોદરદાસજી હરસાનીએ સેવા ન કરી તો અલ્યા તું કેમ સેવા કરવા મંડી ગયો? પતી ગઈને વાત કે કોઈને આરંભ જ કરવા ન દેવો. આરંભ કરે તો અંત સુધી પહોંચે ને! આરંભમાંજ તોડી દો. કૂવાના જલ વિના સેવા થાય જ નહીં, કૂવાના જલ વિના સેવા કરો તો એવા ઠાકોરજીને પુરુષોત્તમ જ ન કહેવાય. તો હવે આરંભ કરશો કેવી રીતે? તમે આરંભ નહીં કરો એટલે સરવાળે તમને અપરાધબોધથી ગ્રસ્ત રહેવું પડશે **“ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ ન અન્યથા ભવેત્”** આ સૃષ્ટિ તો ભગવદ્રૂપસેવા માટે છે અને હું તો સેવા કરી જ નથી શકતો. કેમકે કૂવા ખોદાવી જ નથી શકતો. કૂવા ખોદાવું તો એમાં ગટર ફૂટે છે. અરે ગટર તો કાંઈ વૈષ્ણવોના ઘરમાં જ ફૂટે છે, અમારા ધંધાકીય મંદિરોમાં શું ફૂટતી નથી? અમારા મંદિરોમાંય ગટર ફૂટે છે. ગટર તો બધે ઠેકાણે ફૂટે છે. ક્યાં નથી ફૂટતી અને તે ગટરના પાણીથી ઝારી ભરીને પણ અમે સેવા કરવા છતાંય અમે તે ઝારીના જળ પીવાના પાણી તરીકે વાપરતાં નથી. નળમાં તો ઓછામાં ઓછી ગટર તો નથી ફૂટતી. પણ આરંભ જ નથી કરવા દેવો, ફર્સ્ટ ગીયર્માં ગાડી જાય જ નહીં. ત્યાં જ કોઈ લોચો નાખી દો. તમારા ઘરમાં બિરાજતા ઠાકોરજી પુરૂષોત્તમ નથી એટલે તમે સેવા કરશો તોય પુરૂષોત્તમની સેવા નહીં થાય. ફર્સ્ટ ગીયર્માં જ લફરું થઇ ગયુંને! હવે કરશો કઈ રીતે એ મહાપ્રભુજી તમને આશ્વાસન આપે છે.

“તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે।
વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ॥”
(નવરત્ન : ૫)

અમે લોકો આડકતરી રીતે એમ કહેવા માગીએ છીએ કે પુરુષોત્તમ તમારે ત્યાં હોય તો ચિંતા ત્યાજ્યા! તમારે ત્યાં પુરુષોત્તમ જ નથી. તો પછી તમારે એટલે વૈષ્ણવોને ત્યાં કોણ છે? પુતળું છે પત્થરનું કે ધાતુનું? એક વખતે બોલીને તો બતાવો આ વાત. હવે એમ બોલી પણ નથી શકાતું ત્યારે શું કહે છે કે “ના ના, વૈષ્ણવોના ઘરમાં પુરુષોત્તમ નથી બિરાજતા ગુરુસ્વરૂપે ઠાકોરજી બિરાજે છે”. આ તો બહુ આનંદની વાત થઈ ગઈ. કેમકે બધા વૈષ્ણવોને એમ સમજાવવામાં આવે છે કે ગુરુને સાક્ષાત્ પુરુષોત્તમ માનવા! તો “એ=બી, બી=સી, તો એ=સી” થઈ ગયું પાછું. એટલે “એ=તમારે ઘરે બિરાજતા સ્વરૂપ”, “બી=પુરુષોત્તમરૂપ ગુરુ” અને “સી=સાક્ષાત્ પુરુષોત્તમ” તો વાત ખ્યાલમાં આવી કે નહીં? વૈષ્ણવોને કહી દેવામાં આવે કે તમારે ત્યાં પુરુષોત્તમ નથી. પૂતળું પાછું કહી શકાતું નથી. કેમકે આવી વાત કહેવામાટે હિંમત જોઈએ હોં! જેમ કબીરમાં હિંમત હતી તેથી તે કહી દે છે—

“પાથર પૂજે હરિ મિલે તો હોં પૂજોં પહાર।
તાતે તો ચાકી ભલી જો પીસ ખાયે સંસાર॥”

એટલે પત્થર પૂજવાથી જો હરિ મળતા હોય તો હું પહાડને જઈને પૂજું. પણ હું એમ સમજુ છું કે યુટિલીટિવાઈઝ્ એટલે ઉપયોગીતાના સિદ્ધાન્ત ઉપર પત્થર કરતાં પેલી દળવાની જે ચાકી છે એ વધારે સારી. કોઈ કામતો આવે છે! આ પત્થરની મૂર્તિ કશું કામ નથી આવતી. આ સિદ્ધાન્ત હોય તો કહો પછી સમજમાં આવી જાય કે પુરુષોત્તમ ઘરમાં નથી. એમ કહી શકાતું નથી કેમકે પોતાના ઠાકોરજી ઉપર લાગુ થશે. એટલે એક મધ્યમાર્ગ શોધી કાઢવામાં આવે છે કે વૈષ્ણવોના ઘરમાં પુરુષોત્તમ નથી બિરાજતા ગુરુભાવથી ઠાકોરજી બિરાજે છે. હું તો કહું છું, ‘‘વૈષ્ણવો!, એ વાતને બરાબર પકડી લો કે હાં સાચી વાત કહી. પણ ગુરુ પુરુષોત્તમ હોય છે કે નહીં!’’ એટલે એક વાત સમજો કે ગ્રન્થો વાંચશો તો તમને દરેક વાત સમજમાં આવી જશે. નહીં તો તમને ઊંઠા જ ભણાવવામાં આવશે. અને તમે એને ગોખી કાઢશો. ગ્રન્થો વાંચો. શ્રીમહાપ્રભુજીએ શું આજ્ઞા કરી છે એ વાંચો. દરેક વસ્તુ હસ્તામલકવત્ સ્પષ્ટ છે. અમે જો ગુરુભાવ સ્વીકાર્યો તો સપડાઈ ગયા. કેમકે અમો ગો.બા.ઓમાં અમે પુરુષોત્તમ નથી એ કબૂલ કરવાની પણ હિંમત હોતી નથી. પોતાને તો પાછા પુરુષોત્તમ તરીકે જ ખપાવવા છે. પછી ચિંતાની વાત જ ક્યાં રહી?

બાળકોને પોતાના ઘરે પધરામણીની લાલચ આપીને બોલાવો. પછી પૂછો કે આપ અમારે ત્યાં દૂધઘર તો આરોગશો કે નહીં? આરોગાવવા પછી હળવેથી તે બાળકને પૂછો કે આપ ફક્ત દૂધઘર જ આરોગો છો તો આપને પુરુષોત્તમ માનવા કે નહિ? જો નહિ તો, એમ કેમ કહી શકે કે સખડી આરોગે તે જ પુરુષોત્તમ અને દૂધઘર આરોગે તે પુરુષોત્તમ નહીં. તો એમને વિનંતી કરોને, કૃપાનાથ! આપ સખડી આરોગો, આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ છો ‘‘કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સમર્થ’’ છો. અરે આપને ક્યાં વાંધો આવી ગયો અમારા ઘરમાં સખડી આરોગતા. પછી તો બધી વાત લાઈન

ઉપર આવી જશે. કેમકે પોતે સખડી આરોગે તો પોતાની હવેલીઓમાં બિરાજતા ઠાકોરજીને સખડી આરોગાવવા વૈષ્ણવોને છૂટ આપવી પડશે. એટલે ભીતર ઘુસવા જ ન દે ફક્ત ઝાંખી કરાવીને તમને લલચાવતા રહે તેનો પડદો ખુલી જશે.

સાચા ટ્રેક્ ઉપર તમને યાત્રા આરંભ નથી કરવા દેતા એટલે લોચો થાય છે. આરંભ પછી ઉદ્યમનું જે પાસું છે એ તમારામાં ભરાયેલી દરેક જાતની લઘુતાગ્રંથિઓને દૂર કરી દેશે.

(૫)આત્મનિર્ધાર :

તમારામાં આત્મનિર્ધાર થવો એટલે કે તમે કોણ છો? જે જાતનો તમે ઉદ્યમ કરતા હશો તે રૂપે તમે તમારી જાતને ઓળખતા થશો. ગામમાં તમે કેવી રીતે ઓળખાવ છો ગરજ એની નથી. શ્રીમહાપ્રભુજીએ ‘પુષ્ટિપ્રવાહમર્યાદા’ ગ્રન્થમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે ‘‘**લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા વૈષ્ણવત્વંહિ સહજમ્ તતો અન્યત્ર વિપર્યય:**’’ (પુષ્ટિપ્રવાહમર્યાદા : ૨૦).

એટલે ગામમાં તમે કદાચ વૈષ્ણવ તરીકે ન ઓળખાવ તો એમાં કોઈ વાંધો નથી. કોઈ જરૂરત નથી કે આપણે ગામમાં આપણી જાતને વૈષ્ણવ તરીકે જ ઓળખાવવી. લૌકિક-વૈદિક છીએ એમ પણ તમે તમારી જાતને ઓળખાવી શકો છો. પણ તમે તમારી જાતને વૈષ્ણવ તરીકે ઓળખી રહ્યા છો કે નથી ઓળખી રહ્યા એ મુખ્ય મુદ્દો છે. ‘‘**વૈષ્ણવત્વં હિ સહજં**’’. તમે જે શ્વાસ લઈ રહ્યા છો એ વિષ્ણુનો શ્વાસ લઈ રહ્યા છો કે નહીં? વિષ્ણુની વ્યાપકતાનો શ્વાસ લઈ રહ્યા છો કે નહીં ‘‘**કો હ્યેવ અન્યાત્ કઃ પ્રાણ્યાત્ યદેષ આકાશ આનન્દો ન સ્યાત્**’’ એવા વિષ્ણુની વ્યાપકતામાં તમે શ્વાસ લઈ રહ્યા છો કે નહીં? લઈ રહ્યા છો તો તમે સહજ વૈષ્ણવ છો છો અને છો, એવો તમને આત્મનિર્ધાર થશે.

એ આત્મનિર્ધાર મહાપ્રભુજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં આપણને ઉપદેશ્યો છે. કાલે મેં જે તમને બતાવ્યું હતું કે જ્યારે તમને આત્મનિર્ધાર થશે ત્યારે તમને તમારા આત્મીય કોણ છે એમને ઓળખવામાં વાર નહીં લાગે. મેં કાલે એક રમૂજી શ્લોક કહ્યો હતો તમને યાદ હોય તો "**મૃગાઃ મૃગૈઃ સંગમ્ અનુવ્રજન્તિ ગાવોશ્ચ ગોભિઃ**" એમ તમે તમારી જાતને ઓળખતા હશો તો તમારા આત્મીય કોણ છે એમને ઓળખવામાં તમને જરા પણ તકલીફ નહીં થાય. પણ તમારી જાતને જો તમે નહીં ઓળખી શક્યા તો તમારા આત્મીય કોણ છે એની તમે કેવી રીતે ઓળખાણ પામી શકો! પછી "**નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈઃ જનૈઃ**" કોણ તાદૃશી ભગવદીય છે, એ તમને જ્યારે તમે તમારી જાતને જ નથી ઓળખતા તો કેવી રીતે ઓળખી શકશો?

(૬)ઘનિષ્ઠતા :

પુષ્ટિપ્રભુ સાથે તમારી ઘનિષ્ઠતા કેળવવા માટે 'સિદ્ધાન્તરહસ્ય', 'કૃષ્ણાશ્રય' અને 'ચતુશ્લોકી' જેવા ગ્રન્થો જેમ છે તેમ જ પુષ્ટિભક્તો સાથે ઘનિષ્ટતા કેળવવા 'ભક્તિવર્ધિની' અને 'સંન્યાસનિર્ણય' ગ્રન્થો છે તેથી તે ગ્રન્થોમાં એ ઘનિષ્ઠતા દાખવામાં આવી છે તે જોઈએ "**બાધસમ્ભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઈષ્યતે હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ**" (ભક્તિવર્ધિની). તમે ઘનિષ્ઠતા કેળવો 'સંન્યાસનિર્ણય'નો ઉપદેશ એજ વાત ઉપર કેન્દ્રિત થયેલો છે. જ્યાં સુધી ભક્તિની હન્ડ્રેડ્ એન્ડ્ ટેન્ પર્સેન્ટ્ તમને ગેરન્ટી ન થઈ જાય ત્યાં સુધી વ્યક્તિએ વ્યસન દશાએ પહોંચવાના પહેલાં વ્યર્થમાં એકાન્તસેવનની, સંન્યાસની, ત્યાગની કે વૈરાગ્યની ખોટી ધાંધલ કરવી નહીં. હેસ્ટ્ ઈસ્ વેસ્ટ્! એ વાત ધ્યાનથી સમજી લ્યો. "ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર" એ વાતનો સેન્ટ્રલ્ આઈડિયા મહાપ્રભુજીએ સમજાવ્યો છે, 'ભક્તિવર્ધિની' અને 'સંન્યાસનિર્ણય્' માં. ઘનિષ્ઠતા અને તેથી વિપરીત એકલતા. માણસ એકલવાયો થઈ જાય, મારે કોઈની સાથે

શું લેવા દેવા છે?

હમણાં જે ભાઈએ મને પત્ર લખ્યો છે તેમાં એમણે મને એ જ લખ્યું. કેવા ચતુર ભાઈઓ છે આપણા પુષ્ટિમાર્ગમાં. પત્ર આવ્યો છે દિલ્લીથી, ફ્રોમ છે મુંબઈના મારા પાડોશીનો. મને ખરેખર કોઈક વખતે વિશ્વાસ ઉડી જતો હોય છે કે શું હું બેવકૂફ છું કે એ? હું શું આટલુંય ન સમજી શકું કે દિલ્લીથી આવેલો પત્ર મારા પડોશીનો કેવી રીતે હોઈ શકે? પડોશીના નામથી દિલ્લીથી પત્ર મોકલાવી દીધો "તમે કોણ છો સિદ્ધાન્ત કહેનારા? તમને શું અધિકાર છે સિદ્ધાન્ત કહેવાનો? તમે તમારી રીતે એકાંતમાં સેવા કરો. બીજાને સિદ્ધાન્ત કહેવાની ખોટી ધાંધલ નહીં કરો. તમે માનો છો કે નહીં કે આ સૃષ્ટિ ભગવાને બનાવેલી છે? તો જેને તમે ઠગ અને વંચક કહી રહ્યા છો એ પણ ભગવાન્ના બનાવેલા છે. અને એવા ભગવાને બનાવેલા ઠગ અને વંચક ને જ્યારે તમે ગાળો આપી રહ્યા છો, ત્યારે તમે ભગવાન્ની સૃષ્ટિની નિંદા કરી રહ્યા છો, તમે જ્યારે ભગવાન્ની સૃષ્ટિની નિંદા કરી રહ્યા છો ત્યારે તમે ભગવાન્ની નિંદા કરી રહ્યા છો" વાહ ભાઈ વાહ! પણ એમણે ફ્રોમ મારા પડોશીનું આપી દીધું દિલ્લીથી. જ્યાંથી પત્ર આવ્યો છે તેનું ફ્રોમ આપ્યું હોત હું લખત કે "હું પણ, યાર!, ભગવાન્ની સૃષ્ટિમાં છું કે નહીં, મારી નિંદા તમે કેમ કરી રહ્યા છો? તો તમે પણ ભગવાન્ની સૃષ્ટિની નિંદા કરી રહ્યા છો કે નહિ? તમે જો ભગવાન્ની સૃષ્ટિની નિંદા કરી રહ્યા હોવ તો મને કેમ ના પાડી શકો? મહેરબાની કરીને તમે તો પહેલા બંધ કરો પછી હું બંધ કરી દઈશ. તમે બંધ કરતા નથી ને મને કહો છો!". કેમકે આપણને આજે પુષ્ટિમાર્ગમાં જે કાંઈ આડે આવી રહ્યું છે તે એક જ વાત. લખી લેજો હોં, તમારા ઘરમાં જઈને જેમ સૂક્તી ટાંગે એમ એક સૂક્તી ટાંગી લો કે પુષ્ટિમાર્ગીઓને સિદ્ધાન્ત સિવાય બીજી કોઈ વસ્તુ હવે આડે નથી આવતી. જે કાંઈ આડે આવી રહ્યું છે તે આ મહાપ્રભુજીના સિદ્ધાન્ત. ડગલે-પગલે પુષ્ટિમાર્ગમાં કોઈક ને કોઈક મહાપ્રભુજીનો સિદ્ધાન્ત આડે આવી જાય છે સ્પીડ્બ્રેકર્ની જેમ. પરિસ્થિતિ આપણી

એવી થઈ ગઈ છે. શા માટે? કેમકે આપણે દરેક એકલતાના પોકેટસ્ તૈયાર કરવા માગીએ છીએ. ઘનિષ્ઠતાનો માદ્દો આપણી ભીતર ખતમ થઈ ગયો છે.

(૭)સૃજનશીલતા :

તે પછીથી આવે છે સૃજનશીલતાની વાત, સૃજનશીલતાનું અપોઝિટ્ એરીક્સને કુંઠા=ફ્રસ્ટ્રેશન્ આપ્યું છે. જે માણસ સૃજન નથી કરી શક્તો તે ફ્રસ્ટ્રેટ થઈ જાય છે. એક વાત ધ્યાનથી સમજો, લગભગ હું ભૂલતો ન હોઉં તો વીસ કે બાવીસ વર્ષે મને આંખમાં કાંઈક સમસ્યા થઈ એટલે 'અશોક શ્રોફ' કરીને આંખનો મોટો ડોક્ટર તેમને હું આંખ દેખાડવા ગયો. એમણે મારી આ ડાબી આંખ જોઈને એમ કહ્યું કે તમે આંખ વાપરીજ નથી, એટલે આંખ જોતી નથી બાકી આંખમાં કોઈ સમસ્યા નથી. હવે આજ સુધી આ સૂત્રનું ભાષ્ય હું નથી કરી શકતો કે શા માટે મેં ન વાપરી? પણ હકીકત એ છે કે પ્રભુએ મને એક જ આંખ આપી છે, શુદ્ધાદ્વૈત જોવા માટે, બે આંખ નથી આપી. એટલે આ આંખથી મને દેખાતું નથી એટલે એ વાત સાચી છે. ડોક્ટરે એનું કારણ એજ બતાવ્યું કે તમે વાપરી જ નથી. એટલે પેલી આંખ ફ્રસ્ટ્રેટેડ્ થઈ ગઈ છે. જ્યારે દૃશ્યનું સૃજન નથી કરી શકતી. આંખ ત્યારે ફ્રસ્ટ્રેટેડ્ થઈને આંખે જોવાનું બંધ કરી દીધું. ત્યારે જે કાંઈ સામે આવે તો આવવા દો ને "ચોર બનો કે મોર યહાં સબ ચલતા હે" તો જ્યારે આપણે સૃજન નથી કરી શક્તા ત્યારે આપણામાં ફ્રસ્ટ્રેશન્ આવવું સ્વાભાવિક છે. એક સાધારણ વાત સમજો, દુકાનમાં બેસેલો માણસ જ્યારે પોતાના માલને વેંચી નથી શકતો ફ્રસ્ટ્રેટેડ્ થઈ જાય છે. એક આર્ટિસ્ટ્ જ્યારે ચિત્ર બનાવી નથી શકતો કોઈ પણ કારણથી ત્યારે એની ભીતર ફ્રસ્ટ્રેશન્ આવશે. તમે તો બધાએ સાંભળ્યું જ હશે. આજકાલ છેલ્લા પાંચ-દસ વર્ષમાં એ ફિનોમિના ઉપર ડોક્ટરો બહુ મોટી ચર્ચા કરી રહ્યા છે કે જ્યારે સ્ત્રીઓનો માસિક ધર્મ બંધ થાય ત્યારે મેનોપોઝ આવે છે. બેઝિકલી શું છે એ? બાયોલોજિકલ્ ફ્રસ્ટ્રેશન્ છે. એ મેનોપોઝનું મૂળ આંતરિક રહસ્ય છે. એ બાયોલોજિકલ ફિનોમિના કોઈક વખતે મન સુધી પહોંચી જાય તો ચિન્તાનું વિકૃત રૂપ લઈ લે છે, બીમાર થઈ જાય છે સ્ત્રીઓ. જેમને મન સુધી નથી પહોંચતું તેમને કાંઈક ફરક નથી પડતો. જ્યારે પણ આપણે સૃજન નથી કરી શક્તા ત્યારે ફ્રસ્ટ્રેશન્ આવવું અત્યંત સ્વભાવિક વાત છે. જે ગાડી ચાલવા માટે છે તે ચાલી નથી શકતી એટલે ક્યાંક ને ક્યાંક ફ્રસ્ટ્રેટ્ થઈ જશે, ધુમાડાઓ છોડશે ગરમ થઈ જશે, પચાસ લફડા ઉભા થશે ફ્રસ્ટ્રેશન્ના. આ પ્રિન્સિપલ્ મેકેનિકલી પણ એટલો જ સાચો છે, બાયોલોજિકલી પણ સાચો છે અને સાયકોલોજિકલી પણ સાચો છે.

તેમજ આપણા ભક્તિમાર્ગમાં પણ એટલોજ સાચો છે. જ્યારે આપણે પુષ્ટિપ્રભુને કે આપણી વિષયાસક્તિને આપણી ભગવદાસક્તિમાં સૃજન કરવા સક્ષમ નથી હોતા, કોઈ પણ કારણને લીધે, ત્યારે આપણે પેલા સર્વોદ્ધારક પરમાત્માને આપણો નિજ-ઉદ્ધારક બનાવી નથી શક્તા. તો ઉદ્ધારક તરીકે એમનું સૃજન પણ નથી કરી શકતા. એટલે આપણું મન ફ્રસ્ટ્રેટ્ થઈ જાય છે કે હવે આપણે શું કરી શકીએ? ક્યાં પુષ્ટિપ્રભુ અને ક્યાં અમે? આમ ફ્રસ્ટ્રેશન્માં આપણો ભક્તિમાર્ગ પ્રત્યેનો જે અભિગમ છે એ કચડાઈ જતો હોય છે. જેમ હાથીના પગ નીચે કોઈ સસલું આવી જાય. એવી જાતની દુર્ગતિ અથવા તો બસની નીચે કોઈ માણસનું માથું આવી જાય એવી જાતની આજે આપણી સ્થિતિ થઈ ગઈ. કેમકે આપણે એક સર્વવ્યાપી પરમાત્મા જે સર્વત્ર ઉપલબ્ધ છે તેનેય આપણે આપણો બનાવી નથી શકતાં.

ચિંતાની અપ્રાસંગિકતા ભજનીય કે આશ્રયણીય શ્રીકૃષ્ણનાં સ્વરૂપવિચારે :

કૃષ્ણ એટલે શું? કૃષ્ણ એટલે 'નિરવધિ-સચ્ચિદાનંદ' તો

‘નિરવધિ-સચ્ચિદાનંદ’નો અર્થ તો બહુ સારો પણ એનું સ્વરૂપ સમજો? ‘નિરવધિ’ એટલે જેની કોઈ અવધિ ન હોય. કોઈ અવધિ નથી એટલે મંદિરમાં પૂરાઇને નથી રહેતો, તીર્થમાં પૂરાઇને નથી રહેતો, કોઇ પ.ભ. ના ઘરમાં પૂરાઇને નથી રહેતો; ન તે કોઇ પૂ.પા.મહારાજશ્રીઓની હવેલીમાં પણ પૂરાઇને રહી શકતો. જેની સત્તા દરેક ઠેકાણે એવેલેબલ્ હોય તે નિરવધિ-સત્. તો ‘નિરવધિ-ચિત્’ એટલે શું? તે એ જે તમારી વાતને સાંભળવા, તમારા ભાવોને જાણવા માટે કોઈ એક ઠેકાણે પૂરાયેલો નથી રહેતો. એ દરેક ખૂણામાં તમારી વાતને સાંભળી શકે છે, જ્યાં તમે એને કહેવા માગો ત્યાં તમને એ સાંભળી શકે છે. જે તમો વિચારો, જે કોઈ એનું ચિંતન ધ્યાન કીર્તન કે મનન કરે ત્યાં ભગવાન્ પ્રકટ કે અપ્રકટ બિરાજે જ છે : “**મદ્ભક્તાઃ યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ**” ભગવાન્ કહે છે કે તમે મારું ગાન શરૂ કરો ને હું તમારી બાજુમાં ઉભો છું. કેમકે એનું જે ચિત્ કે ચૈતન્ય છે તે નિરવધિ છે. તેથી નિરવધિ-આનંદ પણ કોઇક ઠેકાણે કેસરના હિંડોળામાં બંધાયેલો નથી કે નથી છપ્પનભોગના કૂંડાઓમાં ભરાયેલો, ભાઇસાબ! તમારા ઘરમાં છોલામાં પણ એનો આનંદ પ્રકટ થઈ શકે છે. તમારા ઘરના ખૂણામાં પણ એનો એટલોજ નિરવધિ-આનંદ પ્રગટ થઈ શકે છે. જો એ આમ પ્રગટ ન થઈ શકતો હોય તો પછી શ્રીકૃષ્ણ નિરવધિ-સચ્ચિદાનંદ નથી અને જો શ્રીકૃષ્ણ નિરવધિ-સચ્ચિદાનંદ નથી તો “કૃષ્ણસેવા કદાપિ ન કાર્યા” એમ મહાપ્રભુજી કહેત. “**કૃષ્ણસેવા સદા કાર્યા**” જે મહાપ્રભુજી કહી રહ્યા છે એની પાછળનો મુખ્ય હેતુ મહાપ્રભુજીનો એ જ છે કે શ્રીકૃષ્ણ નિરવધિ-સચ્ચિદાનંદ છે. દરેક ઠેકાણે છે, દરેક સાથે ઈન્ટિમેટ્ કમ્યુનિકેશન્‌માં ઇન્વોલ્વ્ થયેલો છે. અને દરેકને પોતાની પુષ્ટિનો આનંદ પ્રદાન કરીને દરેકથી ભક્તિનો આનંદ લેવા તે સમર્થ સ્વરૂપ છે. એ અર્થમાં નિરવધિ સચ્ચિદાનંદ હોવાને કારણે શ્રીકૃષ્ણનું સૃજન કરવું છે. એ નિરવધિ છે તેથી આપણા ઘરની અવધિને એ સ્વીકારી શકે છે.

આપણી ભક્તિ એ અવધિ કે મર્યાદા થી ઉદ્‌ભવેલ નહિ બલ્કે અવધિ પોતે પુષ્ટિભક્તિથી ઘડાયેલી અવધિ છે. તે અવધિ તે જ બનાવી શકે કે જે સર્વશક્તિ કે નિરવધિ હોય છે. ધ્યાનથી સમજજો આપણી વિષયાસક્તિ નિરવધિ છે. જેમ પરમાત્મા નિરવધિ છે. એક એવો દોહો છે “મન મરે કાયા મરે સબ કછુ મરિ-મરી જાયે, આશા તૃષ્ણા ના મરે” તો આ આપણી વિષયાસક્તિ નિરવધિ છે. કોઈ એક વિષયથી સંતોષ પામી જાય એવી નથી. નિત્ય નવા વિષય જોઇએ. ફિલ્મી ગીતની માફક ત્રણ મહિનાથી વધારે કોઈ વિષય ચાલે નહીં, ચોથે મહિને નવું ગીત જોઇએ જ. કશું આપણને પરમેનેન્ટ ચાલે નહીં, રોજ નવી-નવી મોડેલ જોઇએ મારુતીની, રોજ નવા-નવા ટીવીના મોડેલ જોઇએ, રોજ નવી-નવી વાનગી જોઇએ, રોજ નવી-નવી જગ્યાએ ફરવા જવું ગમે. નિરવધિ આપણી આસક્તિ છે વિષયોમાં. તે નિરવધિ આસક્તિને પ્રભુ પુષ્ટિથી સાવધિ બનાવે છે. એના સ્વરૂપથી સાવધિ નથી બનાવતા પુષ્ટિથી સાવધિ બનાવે છે. એમ નિરવધિ સચ્ચિદાનંદ જે તમારે ત્યાં એવેલેબલ્ છે તેને તમે તમારી પુષ્ટિભક્તિથી સાવધિ બનાવી શકો છો. તેથી બીજા કોઇકના માટે તમે કાંઇ બંધનકારી નથી થઈ જતા. એક સામાન્ય રીતે દાખલાથી વાત સમજો કે જે હવા ચોમેર નિરવધિ પ્રસરેલી છે આ ભૂતલ ઉપર, જે વખતે તમે એક ઉંડો શ્વાસ લો છો, ત્યારે તમારા ફેફસામાં જતાં એ સાવધિ બની જતી હોય છે. તમે શ્વાસ લેશો તે નિરવધિ બહાર ફેલાયેલો વાયુ તમારા ફેફસામાં સાવધિ થઇને આવશે. એ તમને એટલા માટે અવેલેબલ્ છે કેમકે તે નિરવધિ છે. હવે તમે જો એમ કહો કે મારા ફેફસામાં આવી તેથી હવે બધાએ મારા ફેફસામાં ભરાયેલ હવાના આધારે જીવવું કે શ્વાસ લેવો. અરે તુમ તોઇ બત્તે હો? બસ એક જ સવાલ! તમારા ફેફસામાં આવીને સાવધિ થઈ ગઇ તેથી તમે એમ કહો કે તમારા ફેફસામાંથી અમારે શ્વાસ લેવો પછીતો તમે કોઈ ગો.બા. જ છો. શુદ્ધ બાળક ‘બાળક સબ બ્રહ્મ જાનીયે’, વાંચો

નહીં આવે, પણ કોઈ પણ મહાપ્રભુજીના ગંભીર સિદ્ધાન્તને જાણકારનો એવો ઉપદેશ હોઈ શકતો નથી.

અન્તે તો અમો ગો.બાળકોને શ્રીકૃષ્ણ શામાટે અવેલેબલ્ હોય છે અમારા પોતાના ઘરોમાં? નિરવધિ સચ્ચિદાનંદ હોવાને કારણે જ તો. હવે ગો. બાળકોનાં ઘરોમાં નિરવધિ સચ્ચિદાનંદ હોવાને કારણે હોય તો તમારા ઘરમાં પણ પુરુષોત્તમ હોવોજ જોઈએ ને! ન હોય તો કાંઈકને કાંઈક નિરવધિ સચ્ચિદાનંદમાં લફરું છે. આ વાત જો તમે જાણી જાઓ તો તમને ફ્રસ્ટ્રેશન્ નહીં થાય. તમારી સૃજનશીલતામાં કે પુષ્ટિમાર્ગીય પ્રભુને ઘડવામાં તમને કોઈ જાતનું ફ્રસ્ટ્રેશન્ નહીં થાય. તમે તમારા ઘરે તમારું તન, તમારું ધન, તમારા પરિજનની સાથે એક નાનકડું વ્રજ તમારા જ ઘરમાં એવું ઘડી શકશો કે જે વ્રજને કારણે તમે પણ એમ કહી શકો **“વ્રજ વ્હાલું રે, વૈકુણ્ઠ નહીં આવું ત્યાં નંદનો કુંવર ક્યાંથી લાવું?”** એટલે તમારામાં સૃજનશીલતા પ્રકટ થવી જોઈએ. જે સૃજનશીલતા શ્રીમહાપ્રભુજીએ ‘વિવેકધૈર્યાશ્રય’ માં પ્રકટ કરી છે. વિવેકધૈર્યાશ્રય આખો ગ્રન્થ આ પુષ્ટિમાર્ગીય ભક્તિને, પુષ્ટિમાર્ગીય નિષ્ઠાને, પુષ્ટિપ્રભુને, પુષ્ટિભક્તને, પુષ્ટિભક્તોચિત વાતાવરણને, પુષ્ટિભક્તોચિત ઘનિષ્ઠતાને, કેવી રીતે પ્રોડ્યૂસ્ કરવી તેનો જ ગ્રન્થ છે.

“ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે।
અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ॥
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્।”
(વિવેકધૈર્યાશ્રય : ૧૧-૧૩).

આ શ્લોકો ઉપર ધ્યાન આપો કે સૃજનશીલતાનો આખો એક જબરદસ્ત મસાલો તમારી ભીતર વિવેકધૈર્યાશ્રય ગ્રન્થ દ્વારા ભરવામાં આવ્યો છે. આજે આપણે એ વિવેકને ભુલાવીને, એ ધૈર્યને ભુલાવીને,

એ આશ્રયને પણ ભુલાવીને, પાછા એવાં બની ગયા છીએ કે **“જિસ જગહસે લે ચલા થા રાહબર, હમ વહીં આયે હૈં ફિર ઘૂમકે.”** અમે જ્યાંથી યાત્રા પુષ્ટિમાર્ગની સ્ટાર્ટ્ કરી હતી પાછા અમે ત્યાં આવી ગયા અને પૂછવા માગો છો કે બોલો હવે અમારે ક્યાં જવું?

એક બહુ મજેદાર વાત બતાવું તમને કે હમણાં મારા બે-ત્રણ પ્રવચનો થયા એટલે એક બહેને મને કહ્યું કે “ઓહો..હો કેટલું સુંદર આપ સમજાવો છો”. એટલે હું તો ફૂલી ગયો. એમણે મને કહ્યું કે આપ અમને કેમ સમજાવવા નથી આવતા. હું તેમને સમજાવવા એક દિવસે ગયો. એમણે પણ સમજ્યા પછી ટકોર કરી કે “ઓહો..હો! તમે કાંદીવલી અને પાર્લા માં જ પુષ્ટિજીવો છે એમ માનતા લાગો છો. પણ હવે તો આપને વિશ્વાસ આવ્યો ને કે અમે પણ પુષ્ટિજીવો છીએ.” મે કહ્યું “મને તો એના પહેલાંએ વિશ્વાસ હતો. હું કાંદીવલી કે પાર્લા થી કાંઈ બંધાયેલો નથી. જે લોકો આયોજન કરે છે ત્યાં પહોંચી જાઉં છું. એટલી ચોક્કસ કાળજી રાખું છું કે દરેક ઠેકાણે નથી જતો. જ્યાં મને સમજ આવે ત્યાં જાઉં છું.” તેઓ બોલ્યા, “ભલે તો આપ અમને પણ આપના ગણ્યા કરો”. મે કહ્યું “ચોક્કસ હવે ગણીશ” પછી દશ-પંદર દિવસે મને ફોન આવ્યો કે કોઈક ધંધાકીય મનોરથ થઈ રહ્યો હતો મોટો, એમાં મારી આજ્ઞા લઈને તેઓ જવા માગતા હતા. મે કહ્યું “હું એમ સમજતો હતો કે તમે સમજી ગયા”. તેઓ બોલ્યા, “આપ આજ્ઞા નહીં આપો તો કેવી રીતે જાઉં? મેં તો આપને જ મારા ગુરુ માન્યા છે!” “ડૂબે વંશ કબીરકા ઉપજે પૂત કમાલ!” એક તો હું સમજાવવા જાઉં ને પાછી મારી જ આજ્ઞા, ગુનો તમે કરો ને પાછો સાક્ષી મને કરો **“સાક્ષિણો ભવત અખિલાઃ”** હું ગભરાઈ ગયો. મેં મારા મનમાં કીધું આ આપણે પુરુષોત્તમ નથી તેનો આ લોચો છે! તે વખતે ખરેખર બહુ ઈચ્છા

થઈ કાશ હું પુરુષોત્તમ હોત અને એના મનમાં ક્યો શૈતાન બેઠેલો છે એ સમજી ગયો હોત તો આવા લોચામાં હું તો ન ફસાત! પણ ફસાઈ જવાય કોઈ આપણને કહે કે આપ વિના કોણ સમજાવે? તો મારુંય મન ચાલી જાય કે ચાલો ત્યારે સમજાવવા! પણ પેલો સમજવા જ ન માંગતો હોય એનો શો ઉપાય કરવો?

એટલે આવી બધી કનડગતો તો રહેવાની જ છે, જીવનમાં પણ અને પુષ્ટિમાર્ગમાં પણ. છતાંય એક વાત સાચી કે આપણે બધાય પુષ્ટિમાર્ગીય છીએ. સાજા હોઈએ તોય પુષ્ટિમાર્ગીય છીએ અને માંદા હોઈએ તોય પુષ્ટિમાર્ગી છીએ. એક-બીજાને, એક-બીજાના માનીને, ગણીને આપણે ચાલીશું તો કાંઈક સૃજન થઈ શકે. આવી બધી તકલીફો તો જેમ એનામાં છે એમ મારામાં પણ હશે જ ને! હું પણ કોઈ એવો દાવો તો નહીં કરી શકું કે હું કાંઈ બધી રીતે પૂરેપૂરો પુષ્ટિમાર્ગ જીવી જ રહ્યો છું. આવી તકલીફો તો સૃજનશીલતામાં, કોઈપણ સૃજનની પ્રક્રિયામાં આપણે ઈન્વોલ્વ્ થઈએ તે વખતે વારે ઘડીએ આવતી જ હોય છે. જો આપણે કાબુ મેળવી શકીએ તો આપણને ફ્રસ્ટ્રેશન્ થતું નથી. તે વખતે મને ફ્રસ્ટ્રેશન્ થયું કે આપણે ક્યાં ફસાઈ ગયા, પણ એક વાત સમજો કે એ ફ્રસ્ટ્રેશન્ ઉપર કાબુ મેળવવો જોઈએ અને ફરીથી આપણે સૃજનશીલતામાં લાગી જવું જોઈએ. જે આપણે સૃજન કરી શકીએ છીએ તેનું સૃજન કરતા રહેવું જોઈએ. ભક્તિનું કમળ ખીલવવા માટે 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડ'ની બાંહેધરી, જો આપશ્રીની વાણીમાં નિષ્ઠા હોય તો જેમ બચ્ચને કહ્યું છે—

"મૈં રખતા હું હર પાંવ સુદૃઢ વિશ્વાસ લિયે.
ઊબડ-ખાબડ તમકી ઠોકર ખાતે ખાતે.
ઈનમેં કોઈ રક્તાભ કિરણ ફૂટેગી હી."

એટલે હું દરેક ડગલું બહુ સુદૃઢ વિશ્વાસ લઈને મૂકું છું. જમીન

ઉપર પડેલા પથ્થરોથી અથડાતો નથી એવું નથી, પગ મારો પણ ભટકાઈ જાય છે. ઊબડ-ખાબડ તમની ઠોકર ખાતાં-ખાતાં પણ મારી નિષ્ઠા છે કે કોઈ રક્તાભ એટલે અજવાળી રાતી કિરણ મારા માર્ગમાં પથરાશે એને સરીખે રીતે જોઈ શકું એવો બનાવી દેશે જ.

"ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ"
(સર્વોત્તમસ્તોત્ર : ૯)

ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડની કોઈક કિરણ, કોઈક વાણી, એવી આપણા હૃદયને ક્યારેક સ્પર્શશે કે આપણે સિદ્ધાન્ત કહેતા થઈ જઈશું, સિદ્ધાન્ત વિચારતા થઈ જઈશું, આ સિદ્ધાન્તને વિચારવાનો ઉત્સવ માણતાં રહીશું તો સંભવે કે ક્યારેક **"તમ કહેતા હે મુઝ મહાનિશાકી દિશા નહીં તુમ પાઓગે જ્યાદા સંભવ હે ભૂલ ભટક કર ઉસી જગહ આ જાઓગે. થે ચલે જહાંસે મનમેં તૂફાની જોશ લિયે"** અંધકાર એમ મને બિવડાવે છે કે તમે જ્યાં જવા માગો છો ત્યાં પહોંચી નહીં શકો. ભટકીને પાછા ત્યાંજ પહોંચી જશો જ્યાંથી તમે યાત્રાની શરુઆત કરી હતી. **"પર ફિર ભી મૈં રખતા હું હર પાંવ સુદૃઢ વિશ્વાસ લિયે તમકી ઠોકર ખાતે-ખાતે ઈનમેં કોઈ રક્તાભ કિરણ ફૂટેગી હી"** કેટલાં પ્રેરક વચન કવિએ કહ્યાં છે!

"ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ" ની વાણીની કિરણ ફૂટશે એ આપણને વિશ્વાસ છે કે નહીં, હૃદયને ટટોળો અને પુષ્ટિમાર્ગ ઉપર ચાલવાનું શરૂ કરો. ચોક્કસ તમે આ પુષ્ટિમાર્ગમાં વ્યાપેલા અંધકાર ઉપર વિજય પામી શકશો. કેમકે 'સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ:' તે વખતે પણ સ્ત્રીશૂદ્રનો ઉદ્ધાર કરવા માટે મહાપ્રભુજી એક આચાર્ય તરીકે આપણી સામે આવ્યા તો આજે આપણે શું છીએ? બસ એ જ તો છીએ. તે જમાનામાં સ્ત્રીશૂદ્રોની જે સ્થિતિ હતી તેવી આજે પુરુષોની,

બ્રાહ્મણોની, બાળકોની, મહારાજોની, ક્ષત્રિયોની, બધાની સ્ત્રીશૂદ્રો જેવી સ્થિતિ થઈ ગઈ છે. ''સબહી ભએ ઈકસાર અહો હરિ હોરી હે, ખરન ભયે અસવાર અહો હરિ હોરી હે'' હોળીનો આ તો તહેવાર ચાલી રહ્યો છે! જે ચાલતો હોય તેમાં કાંઈ વાંધો નથી પણ મહાપ્રભુજીની વાણીમાં નિષ્ઠા રાખશો તો ચોક્કસ તમારા હૃદયમાં ભક્તિનું કમળ ખીલશે, ખીલશે, ને ખીલશે જ.

''અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ।
તસ્માત્ સર્વાત્મના નિત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'॥
વદદ્ભિરેવ સતતં સ્થેયમ્............॥
(વિવેકધૈર્યાશ્રય : ૧૩, નવરત્ન : ૯)

મહાપ્રભુજીએ આપણને આવી બાંહેધરી આપી છે. એ ક્યારે પણ ભૂલવાની નહીં અને તે ભૂલશો નહીં તો જ તમને આત્માદ્વૈતનો આત્મતાદાત્મ્યનો બોધ થશે. એ આત્મતાદાત્મ્યનો બોધ મહાપ્રભુજીએ ષોડશગ્રન્થો પૈકી ઘણા બધા ગ્રન્થોમાં આપ્યો છે. દા.ત. ભક્તિવર્ધિનીમાં, જલભેદમાં, પંચપદ્યાનિમાં, સેવાફલમાં, સંન્યાસનિર્ણયમાં. આ બધા જે આઠ અંગ એરિક્સને કહ્યા, એક માણસને માણસ તરીકે વિકસિત થવા માટે જેવી માનસિક્તા જોઈએ, તેવી માનસિક્તાના બધા જ પાસાઓને મહાપ્રભુજીએ કેટલી કાળજીથી ષોડશગ્રન્થોમાં વણી લીધા છે. એ તો આપણે ગ્રન્થોનું અધ્યયન કરીએ તો જ આપણને ખ્યાલ આવે, નહીં તો ખ્યાલ આવી શકે એવું નથી.

પ્રમેયબળની અનુપલબ્ધિમાં શ્રીમહાપ્રભુજીની વાણીનું પ્રમાણબળ જ માર્ગપર ચાલનાર માટે પ્રજ્વલિત મશાલ :

પ્રમેયબળ પ્રભુ વાપરે તો 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સર્વ સમર્થ' છે પણ જો તમારામાં પ્રમેયબળ ન વાપરતા હોય તો એટલીસ્ટ્ તમારે' પ્રમાણબળ તો વાપરવું જોઈએને! એક સામાન્ય વાત તમને

કહું કે પ્રમેયબળથી તો પરમાત્મા વિશ્વમ્ભર છે. ''ચોંચ દી હૈ તો ચૂગા દેગા'' એટલે ચાંચ આપી છે ભગવાને તો ચણ પણ આપશે જ. છતાંય ચકલી પણ એટલી સમજદાર હોય છે, કબૂતર પણ એટલું સમજદાર હોય જ છે કે ઉડાઉડ તો કરતા જ રહે છે. એમ જ નથી બેસી જતા કે હં... ચાંચ આપી છે તો ચણ આકાશમાંથી પડશે. આપણે એવા કેવા પ્રમેયવાદી થઈ ગયા કે આપણું ચણ શું છે એ આપણે શોધવા માટે જતા નથી, એ શોધવાનો પ્રયાસ કરતા નથી. મહાપ્રભુજીની વાણી એ આપણું ચણ છે હોં! જે મહાપ્રભુએ પ્રમેયબળની ચાંચ આપી છે પણ એના ચણને શોધવા માટે થોડીક તો યાર ઉડાઉડ પ્રમાણબળથી કરો. થોડો તો પ્રયાસ કરો! ગાયને કે ગધેડાને કે કૂતરાને પણ ગલીમાં જુઓ કે જ્યાં-ત્યાં રખડતા હોય છે ખોરાકને શોધવા માટે. અને આપણે એનાથી ય ગયા-ગુજર્યા કે મહાપ્રભુજીની વાણીરૂપી ખોરાકને પણ ન શોધીએ! શોધો ચણ, ચણ શોધશો તો તમને આપેલી અને પ્રમેયબળથી મળેલી ચાંચ સફળ થશે. તમે ધંધામાં એવો વિશ્વાસ નથી રાખતા કે ભગવાનને જે આપવું હશે તે આકાશમાંથી ટપકાવી દેશે. ધંધામાં તો રોજ બોરીવલીથી કાલબાદેવી અને કાલબાદેવીથી કોણ જાણે ક્યાં-ક્યાં પૂના-સૂરત-નાશિક સુધી તમે જતા હશો. ક્યાં-ક્યાં નહીં જતા હોવ! એમાં તમે પ્રમેયબળ નથી વાપરતા, છોકરી શોધવી હોય, છોકરો શોધવો હોય તો કોઈ પ્રમેયબળ નથી વાપરતો. બધા પ્રમાણબળ વાપરતા હોઈએ છીએ. જમવું હોય ત્યારે પણ કોઈ પ્રમેયબળ નથી વાપરતો કે ભાણાની સામે બેસીને કે હા, પ્રભુનું પ્રમેયબળ હશે તો રોટલીનો ટૂકડો મુખમાં આવી જશે. બૂંદી, મોહનથાળના સ્વાદ લેવા હોય તો કોઈ પ્રમેયબળ નથી વાપરતા તરત મંદિરમાં જઈને પૈસો જમા કરાવી દો છો. અમારા વતી આજે મોહનથાળની એક ભેટ સામગ્રી આરોગાવી દો એટલે આવી જાય મોહનથાળ ઘરે બેઠા સમાધાનમાં! તેમાં પ્રમેયબળ નથી વાપરતા. દરેકમાં પ્રમાણબળ વાપરી રહ્યા છો. એક ભક્તિમાં,

એક સિદ્ધાન્ત સમજવામાં, એક સિદ્ધાન્તશુદ્ધ જીવન જીવવાના અભિગમમાં ફક્ત પ્રમેયબળ... કે સિદ્ધાન્તની ચર્ચા નહીં કરો! આપણો પુષ્ટિમાર્ગ પ્રમેયબળનો માર્ગ. અરે! ક્યા પ્રમેયબળનો માર્ગ! ક્યો પ્રમેય? તમને તે પ્રમેય એવેલેબલ્ છે? નથી. તમને એવેલેબલ્ હોય તો તમારી આવી દુર્ગતિ થાત જ નહીં. નથી એવેલેબલ્ એટલે તમે પ્રમાણબળ વાપરો અને પ્રમાણ શું છે? મહાપ્રભુજીનો ઉપદેશ આપણામાટે પ્રમાણ છે. એ ઉપદેશ મુજબ જ્યારે તમે તમારા જીવનમાં ભક્તિને સ્વીકારશો, પુષ્ટિપ્રભુને સ્વીકારશો, પુષ્ટિપ્રભુની શરણાગતિને સ્વીકારશો પછી પ્રમેયબળ તમારામાં પ્રકટ થશે. તમે ઉલટું કરો છો. ઘોડાની પાછળ ગાડી બાંધવી જોઈએ એના ઠેકાણે તમે ઘોડાની આગળ ગાડી બાંધી રહ્યા છો. અને કહો છો કે પ્રમેયબળ પ્રકટ થાઓ. અરે, પ્રમાણને તો પહેલાં પ્રકટ થવા દો!

“અન્ધસ્ય સૂર્યઈવ તદ્વિમુખસ્ય નાત્ર અર્થિતા”

પ્રમેયબળ સૂર્યમાં છે કે દરેક વસ્તુને પ્રકાશિત કરી દે છે. પણ એ પ્રકાશિત કરેલું પ્રમેયબળ ક્યારે કામ આવે કે જ્યારે તમે આંખના ડોળા વસ્તુ તરફ ફાડો! પણ તમારા આંખના ડોળા જ મારા જેવા હોય કે દેખાતું જ ન હોય તો ફ્રસ્ટ્રેશન્‌ને કારણે સૂર્ય ઉગશે તોય શું ને આથમશે તોય શું? બધું સરખું જ રહી જશે હોં! ખોટા પ્રમેયબળની ભ્રમણામાં જીવો નહીં. થોડુંક પ્રમાણબળ વાપરો. મહાપ્રભુજીનાં ગ્રન્થો આપણામાટે પ્રમાણબળ છે. પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા માટે એક પ્રજ્જવલિત મશાલ છે કે જે માર્ગમાં આવતા દરેક અંધકારને, દરેક ખૂણાખાંચરામાં આવતા જે ખાડાઓ છે, એમાંથી બચાવીને તમને લઈ જવા માટે એક સમર્થ પ્રમાણબળ છે. કોઈ પણ જંગલી જાનવર, આ મશાલ તમારા હાથમાં હશે તો તમારા તરફ આવવાનું સાહસ નહીં કરે. એટલું સમર્થ પ્રમાણબળ છે. પરંતુ એને હાથમાં તો તમારે ઝાલવું પડશે, બુદ્ધિમાં તમારે એને સાચવવું પડશે પછી ચાલવા મંડો તો પુષ્ટિમાર્ગ તમારો છે, તમે પુષ્ટિમાર્ગના છો. પણ જ્યારે તમારામાં આ બળ નથી ત્યારે ક્યાંકને ક્યાંક લોચો થયો છે.

ઉદ્વેગના પિંજાણથી થતી ચિંતાની મનાઈ :

હવે આપણે આવીએ એ મુદ્દા ઉપર કે જે શ્રીપુરુષોત્તમજીએ ત્રણ પ્રકારની ચિન્તાનું વર્ણન આમાં કર્યું : ૧.ઉદ્વેગજનિત ૨.ઉદ્વેગરૂપા અને ૩.ઉદ્વેગજનિકા જે ચિન્તાઓ તેમાં ઉદ્વેગ શું? જેમ હમણાં થોડીક વાર અગાઉ મેં તમને કહ્યુ કે ચિન્તાને આપણે સમસ્યારૂપે લઈએ છીએ, ઉદ્વેગ સમસ્યા નથી. ખરેખર ઉદ્વેગ તો જીવનની એક હકીકત છે. કાલે પણ મેં તમને એક વાત કહી હતી કે **“દિલ હી તો હૈ ના સંગોખિસ્ત, દર્દસે ભર ના આયે ક્યું રોયેંગે હમ હજાર બાર કોઈ હમેં રુલાયે ક્યું?”** જો હૃદય છે તો ક્યારેક તો એમાં કાંઈકને કાંઈક દુ:ખ તો આવશે જ. જે દુ:ખ આવશે તે દુ:ખને અનુભવવું જ પડશે. એને આપણે છોડી નથી શકતા પણ જે વસ્તુને આપણે છોડી શકીએ છીએ તે આ કે દુ:ખ આવી ગયું તેનું પિંજાણ નહીં કરો, બસ મુખ્ય મુદ્દો એ છે દુ:ખ આવે તેને અનુભવો. થોડુંક રડવું હોય તો રડી લો અથવા એનો પ્રતીકાર કરવો હોય તો પ્રતીકાર કરી લ્યો. વિવેકધૈર્યાશ્રયમાં એવી બધી મેથડ્ સમજાવવામાં આવી છે. જેનો પ્રતીકાર કરી શકતા હોવ તો પ્રતીકાર કરો. પ્રતીકાર ન કરી શકતા હોવ તો સહન કરી લો. સહન ન થતું હોય ન પ્રતીકાર કરી શકતા હોવ તો અષ્ટાક્ષરનો જપ કરો, વગેરે-વગેરે ઘણા બધા ઓલ્ટરનેટિવ્ એવા છે જે શ્રીમહાપ્રભુજીએ સજેસ્ટ્ કર્યા છે. જેનાથી તમારી ઈગોની જે આઈડેન્ટિટી છે એ ભાંગી ન જાય. કોઈકે મને પ્રશ્ન પૂછ્યો હતો કે ઈગોના સ્પ્લિટ થવાનો મતલબ શું? એટલે આપણો જે અહમ્‌નો બોધ છે કે હું કોણ? એમાં કોઈક જાતનું ભંગાણ પડી જવું. જેમ ભીંત આપણે બનાવીએ અને એમાં કોઈ દરાર પડી

જાય, ભંગાણ પડી જાય, મકાનનો પાયો ચણીએ એમાં કોઈ દરાર આવી જાય. ક્રેક્ આવી જાય. એમ આપણી પોતાની જાતનો બોધ છે તેમાં કોઈક જાતની ક્રેક્ હોવી તેનું નામ આત્મદ્વૈત. પોતાનામાં કોઈક જાતનું દ્વૈત વિચારવું કે એકંદરે સિદ્ધાન્ત સાચા છે પણ મહદ્અંશે અમલમાં લાવી શકાય તેવા નથી! આ દ્વૈત. ખ્યાલમાં આવ્યુંને! સિદ્ધાન્ત સિદ્ધાન્ત તરીકે સાચા છે પણ જાહેર ચર્ચા કરવા માટે સાચા નથી, આ દ્વૈત. આવા બધા જે દ્વૈતો આવી જતા હોય છે એ દ્વૈતોને આપણે ઓવરકમ્ કરવા પડશે કેમકે આ દ્વૈતો કોઈ દિવસે આપણને માર્ગ ઉપર ચાલવામાં સક્ષમ બનાવતા નથી. ઉદ્વેગ આપણા હૃદયને કારણે આવતો જ હોય છે. હૃદય ન હોય તો ઓપરેશન કરાવી લઈએ કે હૃદય વગર જીવી શકતા હોઈએ આપણે, તો પછી કોઈ ઉદ્વેગ ન આવે. આપણી ભીતર સાઈન્ટિસ્ટો પ્રમાણે એવી ગ્લેન્ડસ્ છે બ્રેઈન્માં કે જે ગ્લેન્ડસ્નું ઓપરેશન કરી દેવામાં આવે અથવા બ્રેઈન્ના કોઈ પાર્ટને ઈલેક્ટ્રિક્ શોક આપીને સુવડાવી દેવામાં આવે જેમકે ઉંદરડાના બ્રેઈન્માં એવા પાર્ટને ઈલેક્ટ્રિક્ શોક આપીને ઈન્-ઑપરેટિવ્ બનાવી દીધા પછી બિલાડી આવી તોય ઉંદરડો ભાગ્યો નહીં. બેઠો જ રહ્યો. આવું કાંઈક આપણી ભીતર થાય તો એ થઈ શકે છે. જે નથી થઈ શકતું તે આ કે ભયજનક ગ્રન્થિઓને લાગેલો વીજળીનો આંચકો જે આપણને ઈન્-ઑપરેટિવ્ કરી રહ્યો છે તેનાથી બહાર આવો. તો ભય પણ નિવૃત્ત થઈ શકે છે, ઉદ્વેગ પણ નિવૃત્ત થઈ શકે છે. પણ નોર્મલી આપણા શરીરનું, આપણા માનસનું, આપણા વિચારનું, આપણા વ્યવહારનું જે રીતે ઘડતર છે. તેમાં ભય થાય જ છે, તેમાં ઉદ્વેગ થાય જ છે, કામ ઉત્પન્ન થાય જ છે, ક્રોધેય ઉત્પન્ન થાય છે. કામ ઉત્પન્ન થવો એ ઘડતરનો વિષય છે પણ કામને તાણી તાણીને પિંજાણ કરી કરીને આપણને જે વસ્તુની કામના છે એનો લોભ રાખવો એ સ્વાભાવિક વસ્તુ નથી. એ તો પિંજાણ કરીને ઉદ્ભવેલી વસ્તુ છે. ક્રોધ ઉત્પન્ન થાય

એ સ્વાભાવિક વસ્તુ છે. કામ કે ક્રોધ પછી જે લોભ કે મોહ તમારામાં ઉત્પન્ન થાય છે એ તમારામાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન નથી થતાં. ક્રોધનું તમે બહુ પિંજાણ કર્યું એટલે તમે એનું એજ ચિંતન કરે રાખો કે, ‘‘હું આમ કરી દઈશ કે તેમ કરી દઈશ’’ તે અસ્વાભાવિક હોવાથી કોઈ દિવસે મોહમાં પરિણમે. પણ તમે જો ક્રોધનું પિંજાણ ના કરો તો એ ક્રોધ તમારો મોહમાં ન પરિણમે. એવીજ રીતે કામના પિંજાણને કારણે લોભ પરિણમે. તે મોહને પાછો તમે જ્યારે સંગ્રહીને રાખો ત્યારે તમને એમાંથી માત્સર્ય પ્રકટ થઈ જશે. તેમજ લોભનું પિંજાણ કરી-કરીને મદ ડેવલપ્ આપણે કરી લેતા હોઈએ છીએ. આ તો મારી પાસે છે બીજા કોઈ પાસે નથી. હું પુષ્ટિપ્રભુની મોનોપોલી રાખું છું. પણ એ પિંજાણ ન કરો. અન્-નેસેસરી શામાટે પુષ્ટિપ્રભુને ઠેકાણે એમના ઉપર મોનોપોલીની ગડમથલ કરો છો!

કામ-ક્રોધનું પિંજાણ કરવાથી પાપાચાર :

દાન, ભોગ અને નાશ ધનની ત્રાણ ગતિઓ છે. જે ભોગવીએ નથી શકતો અને આપીએ નથી શકતો, તેનામાટે શાસ્ત્ર કહે છે કે તેની ત્રીજી ગતિ થાય છે નાશની. એમ પિંજાણ કરી કરીને લોભથી તમે જે સંગ્રહો છો, તેને કારણે તમને મદ ઉત્પન્ન થાય છે. જો લોભનું તમે પિંજાણ ન કરો તો મદ કોઈ દિવસે ઉત્પન્ન થાય નહીં. આ બાબત ધનની બાબતમાં જેટલી સાચી છે તેટલી અધિકારની બાબતમાં પણ સાચી છે. જ્ઞાનની બાબતમાં એટલી સાચી છે, પરિવારની બાબતમાં એટલી જ સાચી છે, દરેક બાબતમાં એટલી જ પ્રેક્ટિકલી સાચી છે. કોઈના ઉપર તમને ક્રોધ આવે એ તો સ્વાભાવિક વસ્તુ છે આવે જ. ક્રોધ આવવો બહુ સ્વાભાવિક છે. પણ ક્રોધનું જ્યારે પિંજાણ કરી કરીને આપણે મોહ વિકસાવી લઈએ કે એ ક્રોધને કારણે બાકી બધી વાતોનું ભાન ભૂલી જઈએ

ફક્ત એકજ ખ્યાલ બન્યો રહે, તો તમે ક્રોધનું પિંજણ કર્યું કહેવાય. એમ ક્રોધનું પિંજણ કરી કરીને તમારું કાંઈ ચાલતું તો હોતું નથી એટલે "જોઈ લઈશ, જોઈ લઈશ" થાય. હવે જોઈ લઈશ શામાટે જોઈ લેને યાર? જોવું હોય તો હમણા જ જોઈ લે, ન જોવું હોય તો ભૂલી જા. પણ આપણે બહુ ચતુર છીએ, શું કહો છો તમે, જોઈ લઈશ તમને. અરે પણ ક્યારે જોશે, હમણા જ જોને એનું નામ માત્સર્ય. માત્સર્ય કેમકે આપણે મોહનું પિંજણ કર્યું. જેના સામે આપણે ક્રોધ પ્રકટ નથી કરી શક્તા, જો ક્રોધ પ્રકટ કરી શક્તા હોત તો જોવાની જરૂરત જ ક્યાં રહે? જોઈ નાખો ને ત્યારે હમણાં જ! આપણને ક્રોધ પ્રકટ કરવામાં બીક ઔર લાગતી હોય છે કે આપણા એક લાફાના જવાબમાં કોઈ બે લાફા વધારે મારશે તો આપણે કેવી રીતે એને સામે ચાર મારવા? આપણે એને કાંઈક કહીએ અને એ સામે વળતો જવાબ આપે તો શું કરવું?

મને એક ભાઈએ થોડાક દિવસ અગાઉ બહુ મજેદાર ચીઠી લખી. આજકાલ ઘણા બધા લોકોને મને ચીઠી લખવાનો બહુ ઉદ્દીપનવિભાવ થતો હોય છે. હું જીવીશ ત્યાં સુધી એને સંગ્રહીને રાખીશ. એણે મને ચીઠીમાં લખ્યું કે "તમે જન્મ્યા ત્યારે તમારા પિતાશ્રી દીક્ષિતજી મહારાજે નંદમહોત્સવ કર્યો હતો કે નહીં? એ સમજદાર હતા કે બેવકૂફ હતા? તો એ જો સમજદાર હતા તો તમે પુરુષોત્તમ સિદ્ધ થયા કે નહીં?" સાચે આ આર્ગ્યુમેન્ટ્ની ડીટેલ્માં હું નથી જવા માંગતો. સામે ચોક્કસ પૂછવા માગું છું કે નંદમહોત્સવ તો ટીવીમાં પણ ઘણી વખતે કૃષ્ણલીલામાંય થતો હોય છે. નંદમહોત્સવ ટીવીમાં જેનો થયો તે પુરુષોત્તમ હતો કે નહીં? કૃષ્ણલીલા હમણાં આવી હતી ને! તો હું યે પુરુષોત્તમ છું અને એ પણ પુરુષોત્તમ (પેલો ટીવીની કૃષ્ણલીલાનો એક્ટર) ધારો કે નંદમહોત્સવ થયો તો તેથી શું? છતાંય તમે મારી સામે આ આર્ગ્યુમેન્ટ્ મૂકી રહ્યા છો? થેંક્સ્ અ લોટ્! નીચે શું લખે છે. કે "આવી તો ઘણી બધી યુક્તિ અને દલીલો મારી પાસે છે કે જેનો હું તમારી સામે ઉપયોગ કરવા માગું છું પણ તમારી બીક લાગે છે એટલે હું મારું નામ નથી લખતો!". એSSSSS જોSSઈ લઈશ! એ જ વાત છે ને. અરે યાર! ક્રોધ આવે છે તો માર શીંગડા મને. બળદ(ગોસ્વામી)ને ક્રોધ આવે ને તો તે શિંગડા મારે! પણ એને લાગે કે સામેવાળો શ્યામમનોહરજી છે તો ભાગી જાય. કેમકે એ વધારે શીંગડા મારશે, વધારે કરડવા આવશે પણ એવું ન કરે કે, "જોઈ લઈશ—જોઈ લઈશ!" અને ગુમનામ પત્ર લખે. આ બધું શું છે? આપણા ક્રોધને આપણે મોહમાં વિકસાવી લીધો છે. એ મોહનું આપણે પિંજણ કરી કરીને પાછો માત્સર્યમાં વિકસાવી લીધો છે : "આજે તો ખેર વાંધો નથી, કહી લે તને જે કહેવું હોય પણ એક દિવસે જોઈ લઈશ". નામ ન લખે પણ પત્ર લખે તેને હવે કેવી રીતે આપણે જવાબ આપવો? તો એવા જોનારાઓનો આપણી પાસે કોઈ ઈલાજ નથી હોતો. ધમકી આપી જાય આપણને કે જોઈ લઈશ પણ પાછો જુએ જ નહીં. અરે જોતો કેમ નથી? આવી ઘણી બધી આપણી જે અસ્વાભાવિક વૃત્તિઓ હોય છે એમાંથી આપણે પિંજણ કરીને ઘણું બધું ખોટું વિકસાવી લેતાં હોઈએ છીએ. તે પૈકી ઉદ્વેગ એટલે ભય. ભયને આપણે પિંજણ કરી કરીને આપણી ચિન્તાના રૂપે વિકસાવતા હોઈએ છીએ તે ચિન્તાની મનાઈ છે.

કામ-ક્રોધનું પિંજણ કરવાથી નાશ :

ભગવાનને પણ અર્જુને એ જ સવાલ પૂછ્યો હતો,

> "અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પૂરુષઃ।
> અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ॥"

શામાટે આ માણસ પાપ એવી રીતે કરતો હોય છે કે જાણે

કોઈ એને એની ઈચ્છાની વિરુદ્ધ પરાણે પાપ કરાવતો હોય? અર્જુન પૂછે છે "**અથ: કેન પ્રયુક્તો અયં પાપં ચરતિ અનિચ્છન્નપિ**" જ્યારે સરખી રીતે સમજે છે કે આ પાપ મારે કરવું ન જોઈએ છતાંય શા માટે કરે છે? પ્રભુ તમે મને સમજાવો અને ભગવાને કેટલો સુંદર ત્યાં જવાબ આપ્યો "**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવો મહાશનો મહાપાપ્મા વિધ્યેનમિહ વૈરિણં**" તમારી ભીતર બેઠેલો કામ અને ક્રોધ તમારા ઘરમાં પેસેલો શત્રુ છે. તે તમને પાપ કરાવી રહ્યો છે. પાપ ક્યારે થાય છે? જ્યારે ક્રોધને તમે મોહમાં વિક્સાવો છો, પિંજણ કરી કરીને મોહને માત્સર્યમાં વિક્સાવો છો, કામને જ્યારે તમે લોભમાં વિક્સાવો છો, અને લોભને જ્યારે તમે મદમાં વિક્સાવી લ્યો છો. ત્યારે તમને પાપ કરવા માટે ખુલ્લો દોર મળી જતો હોય છે. મોકળું મેદાન મળી જતું હોય છે.

પિંજણ રહિતનો કામ-ક્રોધ જો ધર્માવિરુદ્ધ હોય તો આપણી ભીતર શક્તિ પેદા કરે છે :

ભગવાન્ તેથી જ ગીતામાં સ્પષ્ટ આજ્ઞા કરે છે :

"**ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામો અસ્મિ.**"

એ કામને જ્યારે તમે ધર્મથી અવિરુદ્ધ વાપરી શકવાની સિફત કેળવી લો છો ત્યારે એ તમારો દુશ્મન નથી રહી જતો તમારા ભીતર એક બહુ મોટી શક્તિ બની જતી હોય છે. એ ક્રોધને જ્યારે તમે ધર્માવિરુદ્ધ પદ્ધતિથી વાપરવાની સિફત કેળવી લો છો ત્યારે ભગવાન્ પોતે અર્જુનને કહી રહ્યા છે કે "તારા શત્રુઓને મારી નાખ!" વિના ક્રોધે આમ કોઈ મારી ન શકે. થોડોક તો ક્રોધ વાપરવો પડશે જ. પણ એ ક્રોધ ધર્માવિરુદ્ધ ક્રોધ હોવો જોઈએ. એવો ક્રોધ ન હોવો જોઈએ કે તમારી ભીતર જે ક્રોધ છે તે મોહમાં પરિણમેલ ક્રોધ, તમારી ભીતર માત્સર્યમાં પરિણમેલ

ક્રોધ નહીં.

"**કિં કર્મ કિમ્ અકર્મેતિ કવયોપિ અત્ર મોહિતાઃ**"

તેવો ક્રોધ ન હોવો જોઈએ પણ "**તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમ્ ઇહ અર્હસિ**" એમ કામ અને ક્રોધ ને ધર્મથી અવિરુદ્ધ બનાવીને જે વખતે તમે વાપરી શકો છો એ કામ અને ક્રોધ તમારી ભીતર એક શત્રુના રૂપે નહિ પણ બહુ મોટા એક દોસ્તના રૂપે તમારી ભીતર એક ટ્રિમેન્ડસ્ એનર્જીના રૂપે કામ કરતાં તેમને બનાવી શકો છો. એક વાત કે જો ક્રોધ ખરાબ જ વાત હોય તો '**માયાવાદાખ્યતૂલાગ્નિઃ**' મહાપ્રભુજીને કેવી રીતે કહેવાય? '**માયાવાદાખ્યતૂલાગ્નિઃ**' મહાપ્રભુજીને કહો છો. એટલે માયાવાદ ઉપર ક્રોધ તો આવતો જ હશે કે નહિ? મહાપ્રભુજીને કોઈ દિવસે કોકે એવી સલાહ નહિ આપી હોય કે તમે પોતાના અડેલના ઘરમાં બિરાજીને સેવા કરતાં રહોને શા માટે માયાવાદના ખંડનની ભાંજગડમાં પડો છો? આજના ભગતો એવું કહી દે હોં મહાપ્રભુજીને પણ! ભરોસો નહિ! પણ મહાપ્રભુજી એની દરકાર કરતાં નથી કેમકે જે વસ્તુ ખોટી લાગે છે તેને કહેવું જોઈએ '**માયાવાદાખ્યતૂલાગ્નિઃ**'ને બ્રહ્મવાદ સાચો લાગી રહ્યો છે તેથી તેઓ '**બ્રહ્મવાદનિરૂપકઃ**' છે. જે વાત સાચી છે તેને સાચી રીતે કહેવી જોઈએ. જે વાત ખોટી છે તેની બાબતમાં ક્રોધ વાપરવો. પણ '**માયાવાદિનાં તૂલાગ્નિઃ**' નથી કહેવામાં આવ્યું. જ્યારે માયાવાદીઓ દેખાય ત્યારે એમને છૂરા મારી દો કે એમની ગરદન કાપી દો અથવા તો માયાવાદીઓનાં મઠોને *ડાઇનામાઇટ* લગાવીને ઉડાવી દો એવું મહાપ્રભુજીએ ક્યાંય નહોતું કહ્યું. માયાવાદીઓ પાસે જઈને માગ્યું'તું તમે મારી સાથે વિચાર કરો. હું તૈયાર છું "**ડિણ્ડિસ્તુ વાદિતો દ્વારિ વિશ્વેશસ્ય મયા અત્રહિ વિદ્વદ્ભિઃ સર્વથા શ્રાવ્યં તે હિ સન્માર્ગરક્ષકાઃ**" માયાવાદીઓને 'વિદ્વાન્' કહીને બોલાવ્યા છે કે તમે

વિદ્વાન્ છો તેથી તમને વાત સંભળાવવી છે, એક વાત સમજો ક્રોધ વાપરી રહ્યા છે, મહાપ્રભુજી પણ, એ ક્રોધ વાપરવા છતાં ધર્મવિરુદ્ધ રીતે નથી વાપરી રહ્યા, ધર્મથી અવિરુદ્ધ રીતે વાપરી રહ્યા છે.

"ન ભયં તેન કર્તવ્યં બ્રાહ્મણાનામ્ ઈયં ગતિ:"

ભય કરવાની વાત શું છે? તમે વાત ખોટી કરી રહ્યા છો એ મને લાગી રહ્યું છે. જો હું વાત ખોટી કહી રહ્યો છું એવું તમને લાગતું હોય તો આવો આપણે બેસીને સાથે વિચાર કરીએ. હવે બંધ બારણે ચર્ચા કરવી જોઈએ. કેમકે સિદ્ધાન્તો સાચા છે પણ જાહેરમાં ચર્ચા ન થાય. એવી મહાપ્રભુજીએ પોલિસી નથી વાપરી. **"ડિણ્ડિસ્તુ વાદિતો દ્વારિ વિશ્વેશસ્ય મયા અત્ર હિ"** વિશ્વનાથજીનાં દરવાજાપર જઈને નગારાં વગાડી દીધાં કે આવો, ચર્ચા કરો મારી સાથે. એટલે ક્રોધ તો મહાપ્રભુજીએ પણ વાપર્યો છે પણ માયાવાદીઓ પ્રત્યે નહીં, માયાવાદ પ્રત્યે. એ ધર્માવિરુદ્ધતા છે ક્રોધની. તો ધર્માવિરુદ્ધ કામ, ધર્માવિરુદ્ધ ક્રોધ, તમારી ભીતર બહુ મોટી એક શક્તિ પેદા કરી શકે છે. અને ધર્મવિરુદ્ધ કામ અને ધર્મવિરુદ્ધ ક્રોધ તમારા નાશક પણ થઈ શકે છે. જેનું નિરૂપણ ભગવાન્ ગીતામાં કરે છે **"વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણં"** કહીને. અર્જુને સવાલ કર્યો કે **"અથ કેન પ્રયુક્તો અયં પાપં ચરતિ પુરુષ:"** તો ભગવાને કહ્યું **"કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવો મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણમ્"** .

ઉદ્વેગનાં બે મુખ્ય કારણો : ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ :

તેથી જે ઉદ્વેગ ઉત્પન્ન થાય છે, એના સઘન અભ્યાસ કે સઘન સ્વાધ્યાય નો આ કાર્યક્રમ છે. આ પ્રવચનનો કાર્યક્રમ નથી. તેથી આ બધી ડીટેલ્માં હું જઈ રહ્યો છું. તેથી ઉદ્વેગનો મૂળ મતલબ આપણે સમજવો પડશે.

બધા ઉદ્વેગનું મૂળ બે વાતમાં રહેલું છે : ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ. જે તમને ગમે છે તેનાથી તમને છૂટો પાડવામાં આવે તો તેનાથી તમને ઉદ્વેગ થશે થશેને થશે જ. એમ સમજો, તમારા ફેફસાંને શ્વાસ લેવો ગમે છે, નાક દબાવીને જુઓ હમણાં જ ઉદ્વેગ થઈ જશે. એક બે ચાર મિનિટ તમને આંખ મીંચવાનું કહું તો તમે મીંચી શકશો પણ એમ કહું કે અડધો કલાક અહીંયાં આંખ મીંચીને બેસો! ઉદ્વેગ થઈ જશે બધાને.

અમદાવાદવાળા રણછોડલાલજી મહારાજને વૈષ્ણવોએ પ્રવચન કરવા બોલાવ્યા કે ગામમાં મહારાજ પ્રવચનની ફેશન્ ચાલી રહી છે. આપ પ્રવચન કેમ નથી કરતાં? મહારાજશ્રીએ કહ્યું કે "ચાલો આવીશ પ્રવચન કરવા. પણ મારી શરત એ છે કે જે પ્રવચન કરૂં તે તમે પાલન કરશો". વૈષ્ણવો બોલ્યા "હા કૃપાનાથ! આપ પ્રવચન કરો શામાટે અમે પાલન ન કરીએ?" એમણે જઈને એટલું જ કહ્યું કે દરેક જણ એક-એક ગાય પાળવાનું શરૂ કરો, હવે તો શ્રોતાઓ પૈકી કોઈક અહીંયાં ભાગ્યો તો કોઈક ત્યાં ભાગ્યો, બધા ભાગી ગયા! ગાયનું પાલન કોણ કરે આજની તારીખમાં! એક વાત સમજો ગાય પાળવાની આટલી હળવી વાત પણ ઉદ્વેગ પેદા કરનારી થઈ જતી હોય છે હોં! મહારાજે ગજબનો વિવેક વાપર્યો એમણે કહ્યું કે હું પ્રવચન તો કરૂં પણ તમે બાંહેંધરી આપો કે તમે તે મુજબ કરશો. તો વૈષ્ણવો બોલ્યા "હાં કરીશું". એમને લાગ્યું કે એમ કહેશે કે "મનોરથ કરાવો કે છપ્પનભોગ કરાવો" એવું કાંઈક કહેશે મહારાજ. બીજું શું કહેવાના હતાં! હિંડોળાનો મનોરથ કરાવો, ફૂલમંડળીનો મનોરથ કરાવો. એમણે એવું નહિ કહીને ભળતું જ કહ્યું કે "જે જે વૈષ્ણવો છે એ આપણાં ગોપાલનાં વૈષ્ણવો છે. ગોપાલને ગાય બહુ વ્હાલી છે. એટલે દરેક

વૈષ્ણવે એક-એક ગાય પાળવી''. પછી તો દરેક વૈષ્ણવો ભાગી ગયા! બોલ્યા ''અમે ઉત્તમ કોટીનાં વૈષ્ણવ હોઈએ તો ને મહારાજ! અમે તો પ્રવાહી જીવો!'' ભાગવા દો '' **'ચર્ષણી'શબ્દવાચ્યાઃ તે સ્થિતિઃ તેષાં ન કુત્રચિત્''** .ભૂલ થઈ મહારાજ! તમને પ્રવચનમાટે નોતર્યાં! એટલે કોઈક કાંઈક કરવાનું કહે તો ઉદ્દ્વેગ થઈ જ જાય. હું તમને કહી રહ્યો છું પણ મને પણ કોઈ કહે કે ગોપાલન કરો તો મારા ફ્લેટમાં કેવી રીતે ગાય પાળવી? ઉદ્દ્વેગ મને પણ થઈ જાય. એમાં કોઈ બહુ ગભરાવા જેવી વાત નથી, સ્વાભાવિક છે કેમકે જે ઈષ્ટ છે તેનો સંયોગ ગમે અને જે અનિષ્ટ હોય તેનો વિયોગ ગમે.

જો ઈષ્ટથી આપણો વિયોગ થયો એટલે ઉદ્દ્વેગ થવાનો જ છે. અનિષ્ટ જે મને નથી ગમતો એની સાથે મારો સંયોગ થયો તો ઉદ્દ્વેગ થવાનો જ છે. ઉદ્દ્વેગ થાય એને આપણે સ્વાભાવિક ગણી શકીએ, કેમકે માણસનું ઘડતર એવું છે કે કાંઈક ઈષ્ટ તો કાંઈક અનિષ્ટ હોય જ. દુનિયા પાછી એવી છે કે જે ઈષ્ટ હોય તેની સાથે આપણો વિયોગ કરાવી દે. જે અનિષ્ટ હોય તેની સાથે આપણો સંયોગ કરાવી દે. એટલે ઉદ્દ્વેગ સ્વાભાવિક ઘટના છે. દુનિયાની જેટલી સ્વાભાવિક ઘટના આપણે જોઈ રહ્યા છીએ, જાણી રહ્યા છીએ, વાત કરી રહ્યા છીએ, જીવી રહ્યા છીએ, હાલી રહ્યા છીએ, ચાલી રહ્યા છીએ, તેટલી સ્વાભાવિક ઘટના ઉદ્દ્વેગ છે. પણ ઉદ્દ્વેગનું પિંજણ કરીને એને ચિંતાના રૂપે એક સમસ્યા બનાવવી તે સ્વાભાવિક ઘટના નથી. તે તો કમજોરીને કારણે થઈ જતી હોય છે. તો તેના ઉપર ચિંતનથી કાબુ મેળવી શકાય છે. તે નવરત્નનો મુખ્ય મુદ્દો છે કે આવા ઉદ્દ્વેગનું પિંજણ કરી કરીને અથવા ચિંતાનું પિંજણ કરી કરીને તમે ખોટો ઉદ્દ્વેગ વધારી રહ્યા છો. જે ઉદ્દ્વેગ જરૂરી નથી તો એ ઉદ્દ્વેગ ઉપર કાબુ મેળવી શકાય છે. તેથી ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ એ ઉદ્દ્વેગનાં જનક

મુખ્ય કારણો છે.

ઈષ્ટાનિષ્ટના વિયોગ-સંયોગની પ્રાથમિક અવસ્થા સમજવાથી ચિંતાનો ફિનોમિના સમજાશે :

આ ઈષ્ટસંયોગ અને ઈષ્ટવિયોગ ની પ્રાથમિક જે અવસ્થા છે તે કેવી રીતે થાય છે, એ આપણે સમજી લઈશું તો ચિંતાનો ફિનોમિના પણ સમજાઈ જશે. આપણે સૌ સરખી રીતે જાણીએ છીએ પગના હાડકાં, બ્રેઈન્માં, હાર્ટ્માં કે ફેફસામાં ડોક્ટરોને જે કાંઈ કાપવું હોય તે કાપી શકે છે. આપણને દુઃખ કેમ નથી થતું કેમકે આપણને એનેસ્થેસિયા લગાડવામાં આવતું હોય છે. આ બધા અંગો આપણને ઈષ્ટ હોવા છતાં પણ જ્યારે કપાઈ રહ્યા હોય ત્યારે ખબર નથી પડતી. કપાઈ જાય એમાં કશો વાંધો નથી આવતો. પણ જ્યારે ખબર પડે કે ઈષ્ટ કાંઈ કપાઈ રહ્યું છે. હું મારા જ અનુભવની એક વાત કહું મને ટોન્સીલ્ની બહુ તકલીફ હતી એટલે દમની પ્રોબ્લેમ્ અવાર-નવાર થઈ જતી. એને કારણે તો હું ટોન્સીલ્ કપાવા ગયો. અમારો ડોક્ટર બહુ મહાપુરુષ હોં, ઓપરેશન કરતાં પહેલાં મને પૂછ્યું ''ડરતા તો નથી ને?'' મેં કહ્યું ''નહીં ડરતા હૈ,'' તો બોલ્યો કે ''ચાલો તમને એક ઈન્જેક્શન્ લગાડી દઉં.'' વાત એટલી સ્વાભાવિક હતી કે ઈન્જેક્શન્ લાગ્યા વિના તો ઓપરેશન્ થતું નથી અને લોકલ્ એનેસ્થેસિયા હતો એટલે મારે કાંઈ બેહોશ થવા જેવું પણ હતું જ નહિ. પેલો બોલતો જતો કાંઈક કાંઈક અમસ્તુ, પછી મને ગભરાટ થવા મંડ્યો કે ટોન્સિલ્ કપાઈ ગયો કે નહિ? શું થયું? કેવી રીતે થયું? ખબર કાંઈ પડતી નહોતી, કંઈક ગરમ-ગરમ લાગતું હતું એટલુંજ. એક વાત સમજો કે *ટોન્સિલ્* કપાવવાનું દર્દ નહોતું. કપાઈ રહ્યું છે, કપાઈ રહ્યું છે, કપાઈ રહ્યું છે. એવા ઉદ્દ્વેગનું પિંજણ કરીને હું પોતે એટલો બધો ગભરાઈ ગયો કે ડોક્ટર પછી મને વઢ્યો કે પહેલાં કહેતો હતો કે બીક નથી લાગતી. હવે કેમ આટલો

ગભરાઈ રહ્યો છે? મેં કહ્યું શું કરૂં? ખબર નથી પડતી, આટલી વખતથી મારા મોઢામાં હાથ નાખીને તમે શું કરી રહચા છો? મને એની ગભરામણ થઈ રહી છે.

ઉદ્‌વેગની પહેલી શરત : સભાનતા. નિદ્રાધીન કે બેહોશ વ્યક્તિને ક્યારે પણ ઉદ્‌વેગ નથી થતો :

સૌથી પહેલાં ઉદ્‌વેગની પહેલી શરત છે સભાનતા જે માણસ સુષુપ્ત હોય કે જે બેહોશ હોય એને ક્યારેય ઉદ્‌વેગ થતો નથી. બલ્કિ ધ્યાનથી એક વાત સમજી લ્યો કે પ્રભુએ કેટલી સુંદર આ સૃષ્ટિની રચના કરી છે કે દિવસભરના તમામ ઉદ્‌વેગોને લઇને જ્યારે આપણને રાત્રે ઊંઘ સરખી આવી જાય તો બીજે દિવસે નવા ઉદ્‌વેગોને માટે પાછા આપણે પહેલવાન થઈ જઈએ કે આવી જાઓ હવે શું છે? એટલે જે કાંઈ ઉદ્‌વેગ આવ્યો હોય એને ભરપાઈ કરવાની વ્યવસ્થા નિદ્રાના રૂપે પ્રભુએ સાઈક્લિકલી ગોઠવી રાખી છે. જે કાંઈ ઉદ્‌વેગ આવ્યો હોય એ ચિંતામાં ન પરિણમે. દિવસભરનો ઉદ્‌વેગ સાંખી લો અથવા પ્રતિકાર કરી લો અને સાંજે આરામથી સૂઈ જાવ તો સવારે પાછા તમે ઉદ્‌વેગની સાથે બાથ ભીડવા તૈયાર મળશો. કેમકે નિદ્રાનું એવું *મેકેનિઝમ્ પ્રોવાઈડ્* કરવામાં આવ્યું છે આપણા શરીરની ભીતર કે દરેક ઉદ્‌વેગનો બધો જમા-ખર્ચનો હિસાબ બરાબર કરી દે છે. પણ જો આપણને નિદ્રા સરખી રીતે નથી આવતી તો પછી ઉદ્‌વેગ સ્વપ્નમાં પણ થવા માંડે.

રાજકોટના એક લાભશંકર વૈદ્ય છે. તેમનો ભાટિયા મહાજન વાડીમાં દંતયજ્ઞ થયો. મેં એના પહેલાં કોઈ દિવસે દંતયજ્ઞ જોયો નહિ. ત્યાં જઇને મેં જોયું કે કોઇકનો આ દાંત તો કોઇકનો તે દાંત વૃક્ષની ડાળ ઉપરના ફૂલ તોડે તેમ તેઓ દાંત કાઢી નાખતાં હતાં. તે જોતાં મને મારા દાંતો ઉપર વિશ્વાસ ઉઠી ગયો કે આપણે દાંતને આટલા મજબૂત સમજીને સોપારી ખાતા હોઇએ તે દાંતો ફૂલની માફક આમ તોડાતાં હોય તો દાંત છે કે શું? તમે માનશો નહિ કેવો ઉદ્‌વેગ થઈ ગયો. જોકે મને ત્યાં એ દંતયજ્ઞના અધ્યક્ષ તરીકે બોલાવવામાં આવ્યો હતો. પણ અધ્યક્ષના હાંજા ગગડી ગયા એ કામકાજ જોઇને. એટલે રાતના મને સ્વપ્નું આવ્યું કે મારો દાંત હલી રહ્યો છે એટલે તેને કાઢીને બહાર મૂક્યો. પછી તો બીજો દાંત પણ હલી રહચો હતો તેનેય કાઢીને બહાર મૂક્યો. ચાર-પાંચ-છ દાંત કાઢ્યા તો ઉદ્‌વેગ એટલો બધો વધી ગયો કે મારી નીંદ જ ખૂલી ગઈ બીકના લીધે. શું થઈ ગયું ઓચિંતું કે જે દાંત પકડું તે હાલે! થઈ શું ગયું? *એક્ચ્યુઅલી* લાભશંકરભાઈનો લાભ મને મળી ગયો! મને આજ સુધી એ સ્વપ્ન યાદ છે કે દરેક દાંતને હલાવી જોઉં, હલાવું એટલે હાથમાં જ આવી જાય. મેં કહ્યું હવે આ દૃશ્ય વધારે જોઇ શકવાની સામર્થ્ય મારામાં નથી. શું થઈ રહ્યું છે કેમ ઓચિંતો ફરક પડી ગયો? જાગીને બેસી ગયો થોડાંક શ્વાસના ધબકારા વધી ગયા હતા. અન્તે *નોર્મલ્* થઈ ગયા. એટલે એક વાત સમજો કે ઉદ્‌વેગ હોય છે. ઉદ્‌વેગ આપણને ક્યારેક સ્વપ્નમાંય તકલીફ આપતા હોય છે. બાકી *નોર્મલી* સરખી ઊંઘ આવતી હોય તો ઉદ્‌વેગ તકલીફ નથી આપતો. એટલે ઉદ્‌વેગની પહેલી શરત છે જાગૃતિ કે સભાનતા.

વ્યવસાયાત્મક જ્ઞાન એ મૂળ છે જ્યાં ઉદ્‌વેગ ઉત્પન્ન થાય છે. :

જાગૃતિમાં આપણે આત્મવ્યવસાય કરતાં હોઇએ છીએ કે 'હું'. સૌથી પહેલાં કોણ જાગે આપણા જાગવામાં? આપણો હું જાગે. સૂઈ જાય એટલે કોણ સૂઈ જાય? તમારો 'હું' સૂઈ જાય! હું જાગ્યા પછી તરત વિષયો સાથે સંપર્ક આપણી જ્ઞાનેન્દ્રિયોનો થતો હોય છે અને એ વિષયો સાથે આપણી ચેતનાના તે સમ્પર્કને શાસ્ત્રમાં 'વ્યવસાય' કહેવામાં આવે છે. બુદ્ધિના વ્યવસાયમાં આપણો કાંઇક ઇષ્ટ સાથે સંયોગ થાય છે. કાંઇક અનિષ્ટ સાથે સંયોગ થાય છે. કાંઇક ઇષ્ટનો વિયોગાત્મક આપણને વ્યવસાય થાય છે. અનિષ્ટનો

સંયોગાત્મક વ્યવસાય થાય છે. તે મૂળ *સ્કોપ્* છે. જ્યાં ઉદ્‌વેગ ઉત્પન્ન થઈ રહ્યો છે.

ચિંતાને સમજવા માટે 'ક્લિફર્ડ્ મોર્ગન્'ની વ્યવસાયાત્મક જ્ઞાનની વિવેચના :

સાથોસાથ એક બીજો માનસશાસ્ત્ર ના વિદ્વાન્ થયો છે ક્લિફર્ડ્ મોર્ગન્ કરીને. એણે પણ બહુ સુંદર આ વ્યવસાયાત્મક જ્ઞાનની વિવેચના કરી છે. ચિંતાને સમજવામાં *ઈન્સિડેન્ટ્લી* આપણને સહાયક થાય એવી વિવેચના છે. અને તે આપણે સમજીશું. એ ક્લિફર્ડ્ મોર્ગન્ કહે છે કે વ્યવસાયાત્મક જ્ઞાન સૌથી પહેલાં બે રીતે થાય : વિષયના આકર્ષણરૂપે અથવા વિષયથી અપકર્ષણના રૂપે. જેમકે *ફિઝિક્સ્*નો *લો ઓફ્ ગ્રેવિટી*નો નિયમ છે કે એક દ્રવ્યપિંડ બીજા દ્રવ્યપિંડને પોતાની તરફ ખેંચે છે તે આકર્ષણ, અને જો ધ્રુવ સમાન હોય તો અપકર્ષણ થાય છે. *એક્ઝેટ્* એ જ *પ્રિન્સિપલ્* આપણી અનુભૂતિઓમાં પણ કામ કરી રહ્યો છે. કોઈક વિષય તરફ આપણી ઈન્દ્રિયોનું આકર્ષણ થાય છે. કોઈક વિષય તરફ આપણી ઈન્દ્રિયોનું અપકર્ષણ થાય છે. દા.ત. એક પ્રમાણમાં પ્રકાશ તમારી સામે આવશે તો જે વસ્તુ ઉપર પ્રકાશ પડતો હશે તે વસ્તુ ઉપર તમારી આંખો આકૃષ્ટ થશે. પણ એક પ્રમાણથી વધારે પ્રમાણમાં જો પ્રકાશ પણ પડવા મંડે તે વસ્તુ ઉપર તો તે તરફથી આપણી આંખોનું અપકર્ષણ થઈ જતું હોય છે. જેમ ઓચિંતો સૂર્ય તમારી આંખ સામે આવી જાય અથવા કેમેરાની *ફ્લેશ્ લાઈટ્* ઓચિંન્તિ આંખ ઉપર આવી જાય તો આંખો પોતાની મેળે મીચાઈ જતી હોય છે. અપકર્ષણના સિદ્‌ધાન્તને કારણે. ઓડિબલ રેન્જની ભીતર કોઈ પણ ધ્વનિ ઉત્પન્ન થાય તો કાનને આકર્ષણ થતું હોય છે અને એ રેન્જની બહાર જો કોઈ ધ્વનિ થવા મંડે તો કાનને સ્વાભાવિક રીતે અપકર્ષણ થઈ જતું હોય છે. એટલે કાન તેમાંથી વિરક્ત થઈ જતો હોય છે. આ વાત આંખમાં, કાનમાં, નાકમાં, જીભમાં કે સ્પર્શમાં બધે જ લાગુ પડે છે. જેમ કોઈ સુકોમલ

વસ્તુ હોય, સમશીતોષ્ણ હોય તો સ્પર્શ થતાં આપણને સ્પર્શનું આકર્ષણ થાય છે. અને તીખી હોય, આગ જેવી હોય, બરફ જેવી હોય, સોય જેવી હોય તો સ્પર્શ થતાં જ આપણી ઈન્દ્રિયનું અપકર્ષણ થતું હોય છે.

વ્યવસાયાત્મક જ્ઞાનથી ત્રણ પ્રકારની અનુભૂતિ ક્લિફર્ડ્ મોર્ગન્‌ની દૃષ્ટિથી :

(ક)^{૧}ઉદ્દીપનથી ^{૨}સ્નેહ, સ્નેહથી ^{૩}આશા.

અથવા

(ખ)^{૧}ઉદાસીનતાથી ^{૨}ભય, ભયથી ^{૩}નિરાશા.

બેઝિકલી આ ઈન્દ્રિયોમાં થતું વિષયો પ્રત્યેનું આકર્ષણ અને અપકર્ષણ ક્લિફર્ડ્ મોર્ગન્ કહે છે કે તમારા ભીતર ત્રણ જાતની અનુભૂતિઓ ઉત્પન્ન કરી શકે છે. તે અનુભૂતિઓમાં સૌથી પહેલી તો ઉદ્દીપન, જેનું તમને આકર્ષણ થઈ રહ્યું છે તેની તરફ આંખમાં ઉદ્દીપન થશે. એટલે કોઈક વસ્તુ સુંદર દેખાય તો જોઈને આપણે તરત આંખ ફેરવી નથી લેતાં એને જોતાં રહેવા માગીએ છીએ. કોઈક સંગીત આપણાં કાનમાં સુંદર લાગે તો એને એક વખતે સાંભળીને આપણે કાનોને બંધ નથી કરી દેતાં. એને સાંભળતા રહેવા માગીએ છીએ. એ ઉદ્દીપન થયું કહેવાય છે. એ ઉદ્દીપનનો *અપોઝિટ્* છે ઉદાસીનતા. જ્યારે અપકર્ષણ થતું હોય પછી એ વિષય ત્યાંજ હશે તો પણ તમારી ઈન્દ્રિયને ઉદાસીનતા આવશે. એટલે કોઈ વધારે લાઈટ જોડતો હોય તો પછી આપણી આંખ એ તરફ ઉદાસીન થઈ જાય કે આપણે એ તરફ નહિ જોઈને બીજી તરફ જોશું કેમકે વધારે લાઈટ આવી રહી છે. આંખ એ તરફથી ઉદાસીન થઈ જતી હોય છે.

હવે એક વાત ધ્યાનથી સમજો જે વિષયના તરફ તમને જ્ઞાનેન્દ્રિયોને ઉદ્દીપનનો ભાવ જાગે છે તેમાં તમને સ્નેહ બંધાય છે. જે વિષય

તરફ તમારી જ્ઞાનેન્દ્રિયને ઉદાસીનતા જાગે છે તેમાં તમને કાંઈકને કાંઈક ભય બંધાય છે, કેમકે ઉદાસીનતા પછી તમે ત્યાં થોભી નથી જતાં તમારી ઉદાસીનતાનું તમે પિંજાણ કરી કરીને એને ભયના રૂપે લેવા મંડો છો. જેમ બોમ્બનો ધડાકો થાય, આપણું કશુએ બગડતું ન હોય તોય આપણાં *હાર્ટ બીટ્સ્* વધી જતાં હોય છે. શા માટે વધી જતાં હોય છે? કેમકે એ તરફ ઉદાસીનતા છે કે જે ધ્વનિ સાંભળવા જ નથી માગતા તે સંભળાય શામાટે! જેમ મહાપ્રભુજીના સિદ્ધાન્તો આપણે સાંભળવા જ ન માગતાં હોઈએ તો આપણને ઉદાસીનતા આવી જશે કે મહાપ્રભુજીનો સિદ્ધાન્ત કોઈ કહી દે તો તરત કર્ણેન્દ્રિયને અપકર્ષણ થઈ જાશે. ઉદાસીન થઈ જવાય. આ બધી પ્રમાણની વાત તમે કેમ પીંજે રાખો છો? કંઈક પ્રમેયની ચર્ચા કરો ને કે ‘‘ઠાકોરજીએ કેવી વાંસળી વગાડી અને કેમ ગોપીઓને વૃંદાવનમાં બોલાવી...’’ આડહાડડહાડ આનંદ-આનંદ આવી ગયો! આજે આવું બધું ગમે છે, સિદ્ધાન્તચર્ચા કરતાં આનંદ ન આવે. કેમકે પાછું કંઈ ગળે પડી જાય તો? આ વાંસળી વાગવામાં કાંઈ ગળે પડતું નથી કેમકે તે તો કથામાં આવે છે કે ગોપીના પતિઓ અને ભાઈઓ કોઈ રોકી જ ન શક્યા. જોકે આજે તો રોકી લે છે હોં! આજે કાંઈ એમ જવા નહિ દે પોલીસમાં *કમ્પ્લેઇન્* કરશે! *કિડ્નેપિંગ્*નો ચાર્જ મૂકશે ને પકડાવી દેશે એ જુદી કથા છે પાછી, પણ એ કથાને ભૂલી જાઓ! સિદ્ધાન્તની કથામાં આપણને આવી જ ઉદાસીનતા આવી ગઈ છે, અને એ ઉદાસીનતાને કારણે પાછો ભય થવા માંડે કે કોઈ સિદ્ધાન્ત ન ક્યાંક બોલી જાય! કેટલાક વૈષ્ણવો એમ પણ કહેતાં હોય છે ‘‘અમે સત્સંગ કરવા તૈયાર છીએ પણ મહેરબાની કરીને સિદ્ધાન્ત નહિ કહેતાં’’ તો સત્સંગ શેનો કરવો?‘‘**એક દિલ કે ટૂકડે હજાર હુએ, એક યહાં ગિરા એક વહાં ગિરા**’’નો સત્સંગ કરવો? *સ્પ્લિટ્ પર્સનાલીટિ* પણ આવી જ હોય છે હોં! તો જ્યારે સ્નેહ કે અપ્રીતિ ને કારણે ઉદ્દીપન અને ઉદાસીનતા થાય છે તેના પછીની ત્રીજી સ્ટેપ્ ક્લિફર્ડ્ મોર્ગન્ બહુ સુંદર જણાવે છે કે આપણને આશા કે નિરાશા આવી જતી હોય છે. જેનામાં આપણને સ્નેહ થયો એને એક વખતે સ્નેહ કરીને આપણે નિરાશ નથી થઈ જતાં. કેમકે ‘‘**આશા બલવતી રાજન્ શલ્યો જેષ્યતિ પાણ્ડવાન્**’’.

જે કાંઈ ગમે તેની આશા પાકે પાયે પૈદા થઈ જતી હોય છે. જેનાથી આપણને ભય થયો તેની આપણને નિરાશા થઈ જાય છે કે ભગવાન્ ન કરે કે તમને કોઈ દિવસે સિદ્ધાન્ત સાંભળવાની તકલીફ થાય! આવી આપણે શુભકામના પ્રેષિત કરવા મંડિયે એવી નિરાશા આપણને આવી જતી હોય છે. અને સરવાળે ક્લિફર્ડ્ મોર્ગન્ કહે છે કે આ બધો જે *મેકેનિઝમ્* છે તે જાગૃતિમાં થતાં વ્યવસાયનો *મેકેનિઝમ્* છે. તેને કારણે સરવાળે માણસ કાંતો સુખ અનુભવે છે કાં ક્લેશ અનુભવે છે. સુખ અનુભવે છે તે ઉદ્વેગ નથી. સમજી જાઓ જે ક્લેશ અનુભવે છે તેને મહાપ્રભુજી ઉદ્વેગ કહી રહ્યા છે. એ ક્લેશ સ્વાભાવિક છે, કેમકે વિષયો સાથેની આપણી જ્ઞાનેન્દ્રિયની જે આપલે છે તેમાંથી ઉદ્ભવેલું સ્વાભાવિક પરિણામ છે.

વ્યવસાયાત્મક જ્ઞાન અને અનુવ્યવસાયાત્મક જ્ઞાન :

મહાપ્રભુજી એને ના નથી પાડતાં, મહાપ્રભુજી એમ નથી કહેતાં કે તમે પુષ્ટિમાર્ગી થઈ ગયા તો તમને કોઈ છરી મારે તોય તમે એમ માનો કે આતો ફૂલનો સ્પર્શ થઈ રહ્યો છે. એવી વાહીયાત વાત કંઈ મહાપ્રભુજી નથી કહી રહ્યા. વાર્તા વાંચો તો ખબર પડશે તમને કે એક વૈષ્ણવ હાકીમેં બીજા વૈષ્ણવને કોરડા લગાવડાવ્યા હતાં. તો ગુસાંઈજીએ પૂછ્યું કે એક વૈષ્ણવ થઈને આટલા બધા કોરડા કેમ લગાવડાવ્યા? હાકીમેં કહ્યું કે તે વૈષ્ણવ હતો એ મને ખબર નહોતી. તો ગુસાંઈજીએ તે વખતે કહ્યું કે વૈષ્ણવ હતો એ તમને કદાચ ખબર નહોતી પણ માણસ છે એટલી તો ખબર

હતી કે નહીં! એટલે એક વાત સમજો. સુખદુ:ખ સહન જ કરવાં કે સુખદુ:ખના અનુભવને ભ્રાન્તિ જ માનવી એવી અસ્વાભાવિક વાત મહાપ્રભુજી નથી કહી રહ્યા. તેઓશ્રી ફક્ત એટલું જ કહેવા માગે છે કે તમારા સુખદુ:ખની લાગણીનું પિંજણ એટલું બધું નહીં કરો કે તમારામાં લોભ, મોહ, મદ, માત્સર્ય જેવા દુર્ગુણોનો વિકાસ થઈ જાય. જેને કારણે અંતે તમારે ચિંતાની *પ્રોસેસ્*માં સંડોવાવવું પડે, તે ચિંતાની મનાઈ કરી રહ્યા છે. ક્લિફર્ડ્ મોર્ગને આ ચિંતા ક્યાંથી ઉદ્ભવ થાય છે, તેના સ્રોતનું જે વિશ્લેષણ કર્યું તે પણ ધ્યાનમાં લેવા જેવી વાત છે. આ બાબતમાં ચિંતાના સ્વરૂપના વિવેચનની આપણી જે પદ્ધતિ છે તેમાં આપણે ત્યાં એમ પણ કહેવાય છે કે જે વ્યવસાયાત્મક જ્ઞાન થાય છે તેના ઘણા બધા પ્રકારો અન્તે એક અનુવ્યવસાય જ્ઞાન પ્રકટ કરતાં હોય છે. અનુવ્યવસાય જ્ઞાન એટલે આપણને આ પડદો દેખાઈ રહ્યો છે તે વ્યવસાય, અને જ્યારે તમે મનમાં એમ વિચારો કે મને પડદો દેખાય છે તે અનુવ્યવસાય. પડદો દેખાય છે તે વ્યવસાય, અને જ્યારે તમે મનમાં પોતાના એ વિચાર લાવશો કે મને પડદો દેખાઈ રહ્યો છે તે અનુવ્યવસાય.

ચિંતાના કારણ અનુવ્યવસાયાત્મક જ્ઞાન સાથે નવરત્નગ્રંથની સંગતિ :

અનુવ્યવસાય રૂપી જ્ઞાનના સ્તર ઉપર એક વાત ધ્યાનથી સમજો કે જ્યારે આપણને અનુવ્યવસાય જ્ઞાન થાય તેમાંથી આપણને ચિંતા કે ચિંતન બન્ને જ ઉદ્ભવતાં હોય છે. જ્ઞાન અનુભવાય છે એ કામાત્મક કે ક્રોધાત્મક હશે. પણ એ કામ અને ક્રોધનો જ્યારે તમે અનુવ્યવસાય કરશો... દા.ત. તમને લાલ પડદો જોઈ રહ્યા છો તે વ્યવસાય છે પણ જ્યારે તમે એ *લેવલ્* ઉપર જાઓ કે મને લાલ પડદો દેખાય છે તો તે અનુવ્યવસાય. પછી તમે એમ પણ કહેશો કે મને લાલ પડદો જોવો છે, પછી તમે એમ પણ કહેશો કે મને લાલ પડદો જ જોતાં રહેવું છે. અને વાત

વધી તો તમે એમ પણ કહેશો કે લાલ પડદો નહીં દેખાય તો મને તકલીફ થશે. પછી તમે એમ પણ કહેશો કે અરે! વૈષ્ણવો પોતાને ઘરે લાલ પડદો લગાવી શકતાં નથી કેમકે પુરુષોત્તમ તો અમો ગો.બા.ઓને ઘેરજ બિરાજે છે. આવું લફરું થઈ જાય એટલે આ જે અનુવ્યવસાયના *લેવલ્* ઉપર જઈને બધા કૌભાંડો થતાં હોય છે ચિંતાના. વ્યવસાયના *લેવલ્* ઉપર બહુ કૌભાંડો ચિંતાના નથી થતાં. અનુવ્યવસાયાત્મક જ્ઞાનને તમે ચિંતામાં જેવી રીતે વિકૃત કરી શકો છો એવી રીતે ધારો તો ચિંતનમાં પણ એને *સબ્લિમેટ્* એટલે ઉદાત્તીકરણ કરી શકો છો. આખા નવરત્ન ગ્રન્થનો ઉપદેશ એ અનુવ્યવસાયના સ્તર ઉપર ઉત્પન્ન થતી ચિંતાના *એન્ટીડોઝ્* તરીકે તમને ચિંતનનો એવો ઉપદેશ આપવા માટે છે કે જેવા ચિંતનને કારણે તમે ચિંતા ઉપર કાબુ પામી શકો.

શારીરિકમાનસશાસ્ત્ર પ્રમાણે ચિંતા અને ચિંતનની સમજ :

આ ચિંતા અને ચિંતન ની *મેકેનિઝમ્*ની સાથોસાથ એક વાત હજી ઓર સમજો. શારીરિકમાનસશાસ્ત્રના હિસાબે આજનું જે આધુનિક શારીરિકમાનસશાસ્ત્ર છે એમાં ત્રણ *સિસ્ટમ્* કહેવામાં આવી છે. ત્રણ એટલે પેહલી *સિસ્ટમ્*ને શારીરિકમાનસશાસ્ત્ર *ઓટૉનોમસ્ સિસ્ટમ્* કહે છે. બીજી *સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને શારીરિકમાનસશાસ્ત્ર કહે છે. અને ત્રીજી સિસ્ટમ્ જેને શારીરિકમાનસશાસ્ત્ર શરીરમાં રહેલી *પેરાસિમ્પથેટિક્ સિસ્ટમ્* કહે છે.

(૧)ઓટૉનોમસ્ સિસ્ટમ્ :

કોઈ પણ વિષયનું તમને વિના પ્રયાસે જે જ્ઞાન થઈ રહ્યું છે એ બધું *ઓટૉનોમસ્ સિસ્ટમ્*થી થતું જ રહે છે. પ્રકાશ તમારી આંખની સામે આવ્યો. આંખ *ઓટૉનોમસ્ સિસ્ટમ્*થી પ્રકાશ તરફ વળી જશે. પ્રકાશ જો વધુ પડતો હશે તો *ઓટૉનોમસ્ નર્વસ સિસ્ટમ્*થી આંખ પ્રકાશથી બીજી તરફ વળી જશે. આવું બધું

*ઓટૉનોમસ્ નર્વસ્ સિસ્ટમ્*ના *લેવલ્* ઉપર શરીરમાં થતું જ રહેતું હોય છે. કોઈ સુમધુર ધ્વનિ સંભળાશે કાન પોતાની મેળે તે તરફ આકૃષ્ટ થઈ જશે. કોઈ કઠોર ધ્વનિ સંભળાશે તો કાન પોતાની મેળે અપકૃષ્ટ થઈ જશે. આ બધી *ઓટૉનોમસ્ સિસ્ટમ્* છે.

(૨)સિમ્પથૅટિક્ સિસ્ટમ્ :

શરીરમાં રહેલી જ્ઞાનેન્દ્રિયોની, કર્મેન્દ્રિયોની તેવી *સિસ્ટમ્*ને કારણે આપણા શરીરમાં એક *સિમ્પથૅટિક્ સિસ્ટમ્* છે. *સિમ્પથૅટિક્ સિસ્ટમ્* જેમ ધૂમધડાકો થયો હવે એ બોમ્બનો થયો કે સિનેમાનો થયો કે શેનો થયો? *સિમ્પથૅટિક્ સિસ્ટમ્* તમને સિગ્નલ્ આપી દે છે કે ભાગો. આ હિન્દુ મુસલ્માનના દંગા થયાં હતાં ને તે વખતે મે એમ સાંભળ્યું કે કાલબાદેવીમાં લોકોમાં ભાગંભાગ મચી ગઈ હતી. કોઈકને ખબર પડે નહિ કે શા માટે ભાગી રહ્યા છે? કોઈકે કોઈને પૂછ્યું શું થયું ભાઈ કેમ ભાગી રહચા છો? તેઓ બોલ્યા ગાય ભાગી તેની હડફેટમાં ન આવી જઈએ એટલે! એક જણાએ ભાગવાનું શરૂ કર્યું તો બીજાએ ભાગવાનું શરુ કર્યું એટલે રસ્તા ઉપર ચાલતાં બધા લોકોએ ભાગવાનું શરૂ કર્યું અને દુકાનો બધી બંધ થઈ ગઈ, દંગો થઈ ગયો! હવે કોણ પૂછે પેલી ગાય કેમ ભાગી? જે ભાગવાની પ્રક્રિયા શરૂ થઈ *સિમ્પથૅટિક્ સિસ્ટમ્*થી કે લોકો ભાગી રહ્યા છે તો પછી આપણને એમ જ લાગે કે લોકો બધા કંઈ બેવકૂફ છે કે ભાગી રહ્યા છે? એટલે આપણે બધા ભાગવા માંડ્યા સિદ્ધાન્તથી, કે બધા જ મોટા મોટા બાળકો સિદ્ધાન્તથી ભાગી રહ્યા છે તો આપણે કાંઈ બેવકૂફ છીએ કે આપણે ત્યાં ઉભા રહેવું? ભાગો, ભાગો, ભાગો મચી ગઈ. પાછળથી ખબર પડીકે હિન્દુ-મુસલમાન દંગો નહોતો થયો, ગાય ભાગી હતી ખાલી. ગાય ભાગે એટલે માણસે રસ્તો આપવા માટે ભાગવું તો પડેજ ને! આંપણને સિગ્નલ મળે તો તે મુજબ કામ આપણે વિચાર-વિવેક વિના જ કરવા પડે. એનું નામ *સિમ્પથૅટિક્ સિસ્ટમ્.*

એ *સિમ્પથૅટિક્ સિસ્ટમ્* જ્યારે *ઓવર્ એક્ટ્* થાય છે તે વખતે ચિંતાના બધા જ કારણો ઉભા થઈ જતાં હોય છે.

(૩)પેરાસિમ્પથૅટિક્ સિસ્ટમ્ :

એ *સિમ્પથૅટિક્ સિસ્ટમ્* ઉપર કાબુ મેળવવો હોય તો કોઈકને કોઈક *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્* જોઈએ જે તમને થોડોક થોભાવે ફરીથી, અરે ભઈ થોભો જરા વિચાર તો કરો કે શું થયું છે? શા માટે લોકો ભાગી રહ્યા છે? હું બનારસ ભણવા ગયોને ત્યાં મારે અવાર-નવાર આ કનડગતનો મુકાબલો કરવો પડતો હતો. બનારસની ગલીઓ બહુ સાંકડી અને ત્યાં બરાત આવે એટલે વરરાજા બિચારો ઘોડા ઉપર બેઠો હોય, આગળ બેંડવાળા ધત્તર-ધત્તર બેંડ વગાડીને ચાલતાં હોય, પાછળ વરરાજા ઘોડા ઉપર બેઠો હોય. એમાં કોઈ ભેંસ આવી જાય સામે! પેલા બેન્ડવાળા ભાગીને દુકાનપર ચઢી જાય પણ વરરાજા ઘોડાપર જ હોય. તે ઉતરે તો વરરાજાની શાન જાય, અને ભેંસ તો પાછી સમજે જ નહીં ને કે આ વરરાજા છે. એ ભેંસનો વરરાજા હોય તો ભેંસ ઓળખે. પણ માણસના વરરાજાને ભેંસ કેવી રીતે ઓળખે! એટલે ગલીઓમાં દોડાદોડ થઈ જતી, એ દોડાદોડમાં હું યે ઘણી વખતે ભાગ્યો છું કે ભેંસ આવી ગઈ! કોઈ દુકાનમાં ચડી જાય, કોઈ મકાનમાં ઘૂસી જાય, કેમકે ભેંસ પેલા બેંડવાજાથી ભડકે, ભેંસને ખબર ન પડે કે આ શું વાગી રહ્યું છે. મારા અવાજમાં શું કાંઈ ઉણપ હતી કે તમે આ બેંડ વગાડી રહ્યા છો? એને એમ કદાચ ચિંતા થતી હશે. એટલે એને અકળામણ થાય એટલે એ ભાગે. બારાતીઓ દુકાનમાં ચડે, બેન્ડવાળા ચડી જાય પછી આપણને ખબર ન પડે કે શેની ભગદોડ છે એટલે મેં પણ પચ્ચીસો વખત ભાગંભાગ કરી છે. પણ એક વખતે શાંતિથી વિચારીએ કે ભેંસ બિચારી શિંગડા મારવા નથી ભાગી એતો પોતે બીને ભાગી રહી હોય છે. ત્યારે આપણે થોભી જઈશું. એ જગ્યાએ કે શામાટે આપણે ભાગવાનું? ભેંસ

કાંઈ શિંગડા મારે એવી ભેંસ હોતી જ નથી. ભેંસ બહુ સ્થિતપ્રજ્ઞ પ્રાણી હોય છે. એટલે થોડીક *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* આપણે *ઈન્વોક્* કરીએ ચિંતનની પ્રણાલીથી તો પાછું આપણને *સિમ્પથેટિક્ સિસ્ટમ્* ઉપર કાબુ મેળવી શકાય, જેમ કોઈક તમને એક તમાચો મારે, તો તમારો પણ હાથ ઉઠી જાય કે નહિ, એ *સિમ્પથેટિક્ સિસ્ટમ્* છે. કોઈકે તમાચો શા માટે માર્યો, થોડી *પેરા સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને તમે *ઈન્વોક્* કરશો તો કાબુ આવશે અને સમજાશે. ત્યારે તમે તમારી જાતને તમાચો મારતાં રોકી શકશો. અથવા તો બીજા ઘણા બધા ઉપાયો કરી શકશો. આવી કોઈક જાતની સિસ્ટમ્ *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* હોય છે. નિદ્રા એ પણ કોઈ જાતની *બિલ્ટ્ ઈન્ પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* છે. યોગશાસ્ત્રમાં જે સમાધિ વર્ણવામાં આવી છે તે પણ આપણા શરીરમાં રહેલી *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને મજબૂત બનાવવાની સાધના છે. જે રૂક્ષ અને મૃદુ વિષયોના ઈન્દ્રિયો સાથે થતાં જે સંઘર્ષ છે એમાં એક કોઈક જાતની એવી *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* આપણે કેળવી લઈએ છીએ કે જેનાથી “**શીતોષ્ણસુખદુઃખેષુ તથા માનાપમાનયોઃ**” બધાને આપણે સાંખી શકવા સમર્થ બનીએ છીએ. એ *સિમ્પથેટિક્ સિસ્ટમ્*ના લેવલપર સાંખી નથી શકાતું. *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને આપણે *ડેવલપ્* કરીશું તો સાંખી શકાશે.

પેરાસિમ્પથેટિક્ સિસ્ટમ્ને જગાડવાથી ચિંતાપર કાબુ મેળવી શકાય :

મહાપ્રભુજી નવરત્નમાં *સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને *ઈન્વોક્* નથી કરી રહ્યા. તમારા ભીતર રહેલી *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* જે છે એને *ઈન્વોક્* કરી રહ્યા છે :

> **ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ।**
> **ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્॥**

આ વાત તમે *સિમ્પથેટિક્ સિસ્ટમ્*થી સમજવા જશો તો બહુ અઘરી છે પણ *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્*થી સમજશો તો ધીમે ધીમે *સિમ્પથેટિક્ સિસ્ટમ્*માં પણ એ વાત આવી શકશે. અહીંયાં મહાપ્રભુજી શું ઉપદેશ આપવા માગી રહ્યા છે કે “**ચિન્તા ન કાર્યા : વિનિયોગેઽપિ ત્યાજ્યા, નિવેદને ત્યાજ્યા, ચિત્તોદ્વેગં વિધાયાપિ યદ્ યદ્ કરિષ્યતિ તથૈવ તસ્ય લીલેતિ મત્વા ત્યાજ્યા**” આ ત્યાજ્યા, ત્યાજ્યા, ત્યાજ્યા જે બધુ કહ્યું છે એ તમારી *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને *ઈન્વોક્* કરવા માટે. “ત્યાજ્યા-ત્યાજ્યા” કહી રહ્યા છે કે કોઈક રીતે *સિમ્પથેટિક્ સિસ્ટમ્*થી જે જાતનો ઉપદ્રવ કરી રહ્યા છો, દોડ-ભાગ કરી રહ્યા છો. ભેંસ આવી ગઈ તો ભાગો, ભાગો, ભાગો! પણ શિંગડા મારવા આવી કે પોતે બી ને ભાગી રહી છે? મોટા ભાગે શહેરમાં રહેનારાઓનું એક લફરું હોય છે કે આપણને સાપ દેખાય એટલે *સિમ્પથેટિક્ સિસ્ટમ્* એટલી બધી *એક્સાઈટેડ્* થઈ જતી હોય છે કે ઝેરી હોય કે ન હોય, “મારો! મારો! મારો!” એવી માર-માર મચી જાય કે બિચારો ઝેરી સાપ ન હોય તોય મારી નાખીએ એને. એ શું છે? આ *સિમ્પથેટિક્ સિસ્ટમ્*નાં લફરાં હોય છે. કેમકે *સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને દર વખતે *એલર્ટ્* રહેવું પડતું હોય છે. જરાક પણ *એલર્ટ્* રહેવામાં *સિમ્પથેટિક્ સિસ્ટમ્* ચૂકે તો શું થાય? તમે રોડ ક્રૉસ્ કરતા હોવ અને ધારોકે ગાડી આવી રહી છે, તમને ભાગવામાં કે પાછા વળવામાં કોણ હેલ્પ્ કરે છે? *પેરા-સિમ્પથેટિક્* નહીં અને *ઓટોનોમસ્* નહીં *સિમ્પથેટિક્ સિસ્ટમ્* તરત તમારા પગમાં કાંઈક એવી ગતિ લાવશે કે તમે આ પાર કે તે પાર થઈ જશો. એક વાત સમજો મેં ઘણી વખતે કૂતરાઓને રોડ ક્રોસ કરતી વખતે આ તરફનો ટ્રાફિક અને બીજા તરફના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને રોડ ક્રૉસ્ કરતાં જોયા છે. તમે પણ *ઓબ્ઝર્વ્* કરશો તો તમને પણ મજા પડશે. કૂતરાઓને પણ એટલી ખબર તો પડતી હોય છે કે રોડ ઓચિંતો ક્રોસ ન કરવો. જે તરફથી ગાડી આવતી હોય તે તરફ જોઈને પછી કૂતરાઓ પણ ક્રોસ કરતાં હોય છે. અને વચ્ચે એમને લાગેને

કાંઈક ગરબડ છે એટલે પાછા પણ ફરી જતાં હોય છે. એ પણ મેં જોયું છે. એટલે એમાં ત્રણેય *સિસ્ટમ્* કામ કરી રહી છે. *સિમ્પથૅટિક્ સિસ્ટમ્, ઑટોનોમસ્ સિસ્ટમ્, પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્* એ ત્રણે સિસ્ટમ્ એકી સાથે શરીરમાં કામ કરે છે. પ્રભુએ એવી *સિસ્ટમો* આ શરીરની ભીતર ઉભી કરી એટલે ઉદ્વેગ તો થશે જ, સુખ /પણ થશે જ. એ પણ આ *ઑટોનોમસ્ સિસ્ટમ્*થી થશે, એ ઉદ્વેગના કારણે કાંઈક આપણે આવી દોડધામ શરૂ કરી દઈશું. તે *સિમ્પથૅટિક્ સિસ્ટમ્*થી પણ થશે અને *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્*થી પણ થશે. પણ મહાપ્રભુજી *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્* ઉપર જઈને તમને કહે છે.

"વિવેકસ્તુ હરિ: સર્વં નિજેચ્છાત: કરિષ્યતિ।
ત્રિદુ:ખ સહનં ધૈર્યમ્ આમૃતે: સર્વત: સદા।।
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિ:।"
(વિવેકધૈર્યાશ્રય : ૧,૯ અને ૧૧)

આ બધા જે ઉપદેશો છે એ તમોરી *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્*ની સ્વીચને ઑન કરવાના ઉપદેશો છે.

ચિંતન કે ચિંતા/નિર્વિષય અથવા સવિષય :

ચિંતા અથવા તો ચિંતન, બન્ને બે જાતના હોઈ શકે એક નિર્વિષય ચિંતા પણ હોઈ શકે. એમજ સવિષય ચિંતા પણ હોઈ શકે. તેમજ નિર્વિષય ચિંતન પણ હોઈ શકે અને એક સવિષય ચિંતન પણ હોઈ શકે.

નિર્વિષય ચિંતન :

નિર્વિષય ચિંતનનો એક બહુ સરળ ઉદાહરણ આપું તમને તરત સમજમાં આવી જશે. જોકે હું એને આપવાનો આજની તારીખમાં

અધિકારી નથી. પણ દાખલો છે એટલે આપી રહ્યો છું. એમ નહીં સમજતા કે હું એનો કહેવા માટે અધિકારી છું તેથી આપી રહ્યો છું. હું મારો અપરાધ *કન્ફેસ્* કરીને આ વાત કહી રહ્યો છું. ધારો કે તમને ઊંઘ ન આવતી હોય તો પુસ્તક વાચવાનું શરૂ કરો ઊંઘ આવી જશે. તોય ઊંઘ ન આવતી હોય તો માળા ફેરવવાનું શરૂ કરો"શ્રીકૃષ્ણ: શરણં મમ શ્રીકૃષ્ણ: શરણં મમ" ક્યારે શરણં મમ થયું ક્યારે શ્રીકૃષ્ણ ગયો ખબર જ નહીં પડે! આવી જ જશે ઊંઘ!

આ શું છે ચિંતનની પ્રક્રિયાથી નિદ્રામાં જવાની એક મેથડ્ છે. ઘણી બધી પ્રક્રિયાઓ યોગનિદ્રાની જે બતાવવામાં આવે છે ને તેની *એક્ઝેટ્* એ જ પ્રક્રિયા બતાવવામાં આવે છે કે તમને ઊંઘ ન આવતી હોય તો શું કરવું? પહેલાં પગના અંગૂઠાનું ધ્યાન ધરો, પછી એડીનું ધ્યાન ધરો, પછી ઘૂંટણનું ધ્યાન ધરો, પેટનું ધ્યાન ધરો, છાતીનું ધ્યાન ધરો, માથાનું ધ્યાન ધરો, માથાના અંદરનું ધ્યાન ધરો, પાછા અંદર જાવો, પાછા બહાર આઓ. ચાર-પાંચ વખત તમે આવું અંદર-બહાર કરો તો ઊંઘ આવી જ જાય. કેમકે ચિંતન કરવાની શક્તિ છે નહિ એટલે નિદ્રા આવી જાય, ચિંતનની પ્રક્રિયાથી. ભગવાનનું નામ લો, નામ લેતાં લેતાં ઊંઘ આવી જાય. કોઈક વધારે *ડિસ્ટર્બ્* થઈ ગયા હોવ તો ગોળીથી પણ આવે એ એક જુદી કથા છે. તો આ એક પ્રક્રિયા છે *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્*ની. સમાધિ લગાડવી જેને "શુદ્ધ સાત્ત્વિકી નિદ્રા" કહી શકીએ એ નિર્વિષય ચિંતન છે. ચિંતનને નિર્વિષય કેવી રીતે બનાવી શકાય? કોઈક એક વિષયને પકડી લો. જ્યારે પણ તમે દસ વિષયનું ધ્યાન કરો છો ને ત્યારે તમને જાગૃત થવું પડશે. પણ એક વિષયનું ધ્યાન કરો બસ. ઠાકોરજીના ચરણારવિંદનું ધ્યાન કરો. ચરણારવિંદનીય જરૂર નથી તમારા છોકરાનું ધ્યાન કરો, થોડીક જ વારમાં ઝોકા આવવા માંડશે! કેમકે મનનો સ્વભાવ એવો નથી કે એક વિષયનું

ધ્યાન ધરી શકે. એક વિષયનું ધ્યાન ધરવા આપણે મંડિયે એટલે મનને સિગ્નલ એવા મળે કે હવે કાંઈ *હોપ્* નથી રહી. કેસ *હોપલેસ્* છે એટલે મન ઊંઘી જાય. એટલે આપણે ઊંઘી જઈએ, કેમકે મનનું ઘડતર એવું ચંચલ છે કે આ જોઉં કે તે જોઉં, આ કરું કે તે કરું, એ બધી એને *ફેસેલીટિ* આપો પછી ઊંઘ આવવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. જ્યારે એક વિષયમાં તમે મનને કેન્દ્રિત કરશો એટલે મન કહેશે કે આ બધી *હોપલેસ્ સિચ્યુએશન્ ક્રિયેટ્* થઈ ગઈ છે. એકનું એક વારે ઘડીએ આવે છે, તરત ચિંતન તમને સમાધિ ભણી ઘસડી જશે. પ્રભુએ આ સામર્થ્ય દરેકને આપ્યું છે. પ્રવાહમાર્ગમાં પણ આ સામર્થ્ય છે. એટલે પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા આ ત્રણેયમાં આ સામર્થ્ય સમાનરૂપે ઉપલબ્ધ છે. પણ મર્યાદામાં યોગસમાધિની પ્રક્રિયા છે જાગૃત રહીને નિદ્રા. એટલે *ઈન્વોલેન્ટરી સ્લીપ્*થી નોખી એક *વોલેન્ટરી સ્લીપ્. વોલેન્ટરી* એટલે ઈચ્છાપૂર્વક લાવવામાં આવતી ઊંઘ અને અનિચ્છયા આવતી ઊંઘ તે સામાન્ય ઊંઘ. પણ યોગે એની એવી એવી પ્રક્રિયાઓ શોધી કાઢી છે કે જે પ્રક્રિયાને કારણે તમે ઈચ્છાથી ઊંઘ લાવી શકો તે ઈચ્છાથી લાવવામાં આવતી ઊંઘને યોગ ‘‘નિર્વિકલ્પક સમાધિ’’ કહે છે. તમે જાગૃત રહીને ઊંઘને લાવી શકો છો ઈચ્છાથી. એ મર્યાદામાર્ગી *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* છે ચિંતનમાંથી એકદમ નિશ્ચિંતન થવાની.

સવિષય ચિંતન :

તે સિવાય સવિષય ચિંતનની પણ એક પ્રક્રિયા છે. એ પણ ધ્યાનમાં લેવા જેવી છે. કોઈક એવો વિષય કે હવે જેમાં કોઈને કાંઈક આદેશ કે ઉપદેશ નથી. દરેકની પોત-પોતાની રુચિ એમાં કામ કરતી હોય, દા.ત. તમે ગાવા મંડો, નાચવા મંડો, પેઈન્ટિંગ્ કરવા મંડો ક્રિકેટ રમવા મંડો તો એક જાતની સમાધિ લાગી જતી હોય છે. જે વિષયમાં આપણો અતિશય રુચિવાળો અભિગમ હોય.

જે વિષયથી આપણી *સિમ્પથેટિક્ સિસ્ટમ્* અને *ઓટોનોમસ્ સિસ્ટમ્*ને કોઈ લાભ મળતો નથી. આપણે *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* ઉપર જઈ એવું *ડિસાઈડ્* કરી લઈએ કે હવે મારે ક્રિકેટ રમવી છે તો પછી એક જાતની સમાધિ લાગી જતી હોય છે. ભલેને ધૂમધડાકા થતાં હોય બંદૂકો ફૂટતી હોય પણ માણસ રમતો હોય તો રમતો રહી શકે છે. કોઈ પેઈન્ટિંગ્માં મસ્ત હોય તો પેઈન્ટિંગ્માં મસ્ત રહી શકતો હોય છે.

‘પિકાસો’ નામ તમે સાંભળ્યું હશે, જ્યારે ફ્રાન્સના પાટનગર પેરિસ ઉપર *બોમ્બાર્ડમેન્ટ્* થઈ રહ્યું હતું એ દરમિયાન પિકાસો ચિત્ર બનાવી રહ્યો હતો, એકદમ મસ્તીમાં અને જ્યારે *બોમ્બાર્ડમેન્ટ્* પૂરું થયું અને પેરિસ જર્મનોને આધીન થઈ ગયું. ત્યારે જર્મન સૈનિકો ત્યાં *હાઉસ્ ટુ હાઉસ્ સર્ચ્* કરતા આવ્યા. પિકાસોના ઘરે પણ આવ્યા અને પૂછ્યું કે કોણ છો તમે? એણે કહ્યું ‘‘હું ચિત્રકાર છું’’. સૈનિકોએ પૂછ્યું ‘‘આ ચિત્ર કોણે બનાવ્યું?’’ પિકાસોએ કહ્યું ‘‘તમે બનાવ્યુ!’’ ખરેખર એ ચિત્રને તમે જુઓ તો જ તમને ખ્યાલ આવી શકે. મારા કહેવાથી તમને ખ્યાલ નહીં આવે કે *બોમ્બાર્ટમેન્ટ*ની જે ક્રૂરતા પિકાસોએ અનુભવી તેની સમાધિના રૂપે એ આખું ચિત્ર રજુ થયું છે. ‘‘ગુઆર્નિકા’’ નામના ચિત્રને જોશો તો એટલું જ ક્રૂર લાગશે જેમ આખા શહેરમાં *બોમ્બાર્ડમેન્ટ્* થઈ રહ્યું હોય! ચિત્રનિર્માણ પણ એક જાતની સમાધિ સિદ્ધ કરાવી શકે છે. પિકાસોએ ના પાડી દીધી કે ‘‘મેં નથી બનાવ્યું, તમે બનાવ્યું!’’ કેમકે શહેર ઉપર અત્યાચાર પિકાસો નહિ જર્મન સેના *બોમ્બાર્ડમેન્ટ્*થી કરી રહી હતી. જેમ દર્પણ આપણી સામે હોય અને પ્રકાશ આવતો હોય તો તે *રિફ્લેક્શન્* પ્રકટ કરી દેતો હોય છે. એમ જર્મનસેના *બોમ્બાર્ડમેન્ટ્* કરી રહી હતી. ત્યારે ચિત્રકાર પિકાસો ફકત એક દર્પણનું કામ કરી રહ્યો હતો. જે ગુઆર્નિકા પેઈન્ટિંગ્માં *રિફ્લેક્ટ્* થયું.

એમાં સહજ સમાધિ જેવી સિદ્ધ થઈ જતી હોય છે. એમજ ક્રીડામાં, કલામાં, સામાન્ય રીતે દરેકને સમાધિ ખીલતી હોય છે. કેટલાક રમનારાઓ આ વાતને સરખી રીતે સમજી શકતાં હશે કે હાડકું ટૂટી જાય, વાગી જાય પણ જે રમનારો હોય કે જે યુદ્ધ કરનારાઓ હોય તે રમત કે યુદ્ધ ચાલુ જ રાખે. સોળ-સોળ, પચાસ-પચાસ સાઠ-સાઠ ઘા શરીરપર લાગેલા હોય તો પણ લડવાનું શૂરાતન આવી ગયું તો તો શૂરવીર લડતો જ રહે! તો એ પણ એક જાતની સમાધિ છે. પણ આ સવિષય સમાધિ છે. સક્રિય સવિષય સમાધિ છે. આવી સમાધિ પાછી પ્રવાહ, મર્યાદા કે પુષ્ટિ ત્રણેયમાં હોઈ શકે. આ વાતને ભૂલવાની નહીં.

તે સિવાય આવી જાતની સમાધિ શાસ્ત્રમાં જે સાધનાઓ દેખાડવામાં આવી છે : જપ, તપ, ઉપાસના, જ્ઞાન, યોગ, વૈરાગ્ય, સંન્યાસ વિગેરેમાં પણ, એવી ક્રીડાત્મિકા સમાધિમાં કોઈક માણસ તન્મય થઈ શકે.

જેમ મહાવીરની જીવનીમાં તમે વાંચ્યું કે સાંભળ્યું હશે કે મહાવીર સમાધિ લગાવીને બેઠા હતાં અને ગોવાળિયો આવ્યો એણે કહ્યું કે મારી ગાયો સંભાળજો. મહાવીરે તો સાંભળ્યું નહીં અને ગોવાળિયો ચાલ્યો ગયો. પછી ગાયો પણ ક્યાંક ચાલી ગઈ, પછી ગોવાળીયો પાછો આવ્યો, એણે જોયું કે અરે ગાય ક્યાં ગઈ મારી? મહાવીર તો એય નહોતા સાંભળી રહ્યા, સમાધિને કારણે! એટલે એને થયું કે આ મહાન પાંખડી માણસ છે, ગાય ચોરી ગયો. એટલે મહાવીરના કાનમાં કાંટા ભરાવી દીધા! પણ મહાવીર સ્વામી એમ જ બેઠા રહ્યા! કેમકે એક તપની સમાધિ એમને લાગી ગઈ હતી. એ બેખબર નહોતા, બેહોશ નહોતા પણ પોતાની તપની સમાધિમાં એટલા બધા હોશમાં હતા કે બીજો કોઈ હોશ એમને હતો નહીં! જેમ રમનાર માણસ, એક યુદ્ધ કરનાર માણસ યુદ્ધમાં

કે ક્રીડામાં એટલો બધો હોશ કેળવી લે, જેમ પિકાસોએ એટલો બધો હોશ પોતાની *પેઇન્ટિંગ્‌ના* *ક્રિએશન્‌માં* કેળવી લીધો કે એને ખબર જ ન પડી કે આ આખું પેરિસ ક્યારે ધ્વસ્ત થઈ ગયું! પેરિસ સરેન્ડર્ થઈ ગયું અને અંદર પેલો રૂમમાં બેઠો-બેઠો *પેઇન્ટિંગ્* કરી રહ્યો હતો. એને ભાગવાની ઈચ્છા ન થઈ. કોઈ અકળામણ ન થઈ, એને *બોમ્બાર્ડમેન્ટ્‌નો* અવાજ સંભળાતો હતો અને *પેઇન્ટિંગ્* ચાલી રહી હતી. બહુ મહાન્ *પેઇન્ટિંગ્* છે. તેવી ક્યારેક શાસ્ત્રીય કર્મની પણ સમાધિ લાગી શકે. જેને આપણે ‘કર્મસમાધિ’ કહીએ, ‘જ્ઞાનસમાધિ’ કહીએ, ‘તપઃસમાધિ’ કહીયે, ‘વૈરાગ્યસમાધિ’ કહીએ. આ બધી સવિષય સમાધિ હોય છે.

પુષ્ટિમાર્ગીય સવિષય સમાધિથી ચિંતાનું ઉદાત્તીકરણ નવરત્નના ઉપદેશ દ્વારા :

તેના જ *પેરેલલ્* આપણા પુષ્ટિમાર્ગીય સમાધિનું સ્વરૂપ સમજો. આપણે ત્યાં સેવા, કથા, યાત્રા, શરણાગતિની પ્રક્રિયામાં એવી સમાધિ આપણે કેળવી શકીએ કે આપણને ખ્યાલ જ ન હોય કે બહાર શું ચાલી રહ્યું છે. કોણ આવી રહ્યું છે? કોણ જઈ રહ્યું છે? તેનો આપણને ખ્યાલ ન આવે તો એ આપણી કથા,સેવા,યાત્રા, શરણાગતિમાં કેળવેલી એકાગ્રતા પણ એક સવિષય સમાધિ બની જાય છે. તે સવિષય સમાધિ જેની કેળવાય છે, તે ચિંતાને તરત ઓળંગી જાય છે. કેમકે આ બધી વસ્તુઓ *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્‌ના* *લેવલ્* ઉપર થતી હોય છે. *સિમ્પથેટિક્ સિસ્ટમ્‌માં* એ નીચે ઉતરી શકે છે. *સિમ્પથેટિક્ સિસ્ટમ્‌થી* સ્ટાર્ટ નથી થઈ શકતી. પ્રભુ ધારે તો કરાવી શકે પણ જીવના સામર્થ્યમાં આ વાત નથી. તેથી ચિંતારૂપ વ્યવસાયજ્ઞાનને આપણે સમજવું હોય તો—

‘‘સંશયોઽથ વિપર્યાસો નિશ્ચયઃ સ્મૃતિરેવ ચ।
સ્વાપ ઈત્યુચ્યતે બુદ્ધેર્લક્ષણં વૃત્તિતઃ પૃથગ્।।’’

તેથી સંશયાત્મક ચિંતા, નિશ્ચયાત્મક ચિંતા, સ્મૃતિરૂપ ચિંતા, ભ્રમણાત્મિકા ચિંતા, સ્વાપ્નિક ચિંતા, એમ ઘણી બધી ચિંતાઓના સ્વરૂપ આપણે ત્યાં થઈ શકે છે. તે કઈ-કઈ ચિંતાઓ છે. તે આપણે પુષ્ટિમાર્ગીય સંદર્ભમાં જ્યારે ચિંતાઓના આ રીતે વર્ગીકરણ અને વિશ્લેષણ કરીએ તો આપણને ખબર પડે કે કઈ કઈ ચિંતાઓનો ઈલાજ કેવા કેવા ચિંતનથી થઈ શકે છે. આ જે ચાર્ટ મેં તૈયાર કર્યો છે તમને બધાને આપ્યો છે, મને લાગે છે આજે તો હવે *ચાન્સ* નહીં મળે પણ કાલે આપણે ચોક્કસ એ વિષયપર આવી રહ્યા છીએ. સ્મૃતિથી પ્રકટ થયેલી ચિંતા અથવા સ્મૃતિથી પ્રકટ થયેલું એનું ચિંતન, સંશયથી પ્રકટ થયેલી ચિંતા અથવા તમને એક એવો *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* ઉપર સંશય ઉભો કરી દેવો કે **“ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ તથૈવ તસ્ય લીલા ઈતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્”**(નવરત્ન-૮).

પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્ ઉપર મહાપ્રભુજી તમારી ભીતર એક સંશય ઉત્પન્ન કરી રહ્યા છે કે તમે કોઈ નિર્ણય લઈ કેમ લ્યો છો! હરેક વખતે એક સંશય રાખો કે ભગવાન્ શું કરવા માગે છે? આપણને શું ખબર પડે એટલે તમે ચિંતા ઉપર કાબુ પામી શકશો. એટલે ક્યારેક સ્મૃતિથી ઉત્પન્ન થતી ચિંતા, ક્યારેક નિશ્ચયથી ઉત્પન્ન થતી ચિંતા, ક્યારેક ભ્રમથી ઉત્પન્ન થતી ચિંતા, ક્યારેક સ્વપ્નથી ઉત્પન્ન થતી ચિંતા, આનો ક્યારેક સ્વપ્નથી ઈલાજ છે, ક્યારેક સંશયથી ઈલાજ છે. **“નિવેદનન્તુ સ્મર્તવ્યમ્”** માં સ્મૃતિના ઉપાયથી ચિંતાનો ઈલાજ છે. ચિંતનમાં *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્ લેવલ્* ઉપર લઈ જવાનો આખો અભિગમ મહાપ્રભુજીએ સ્વીકાર્યો છે. એટલે એક ખાલી માનસશાસ્ત્રની દૃષ્ટિએ મહાપ્રભુજીના ઉપદેશની પ્રણાલીનું તમે વિશ્લેષણ કરો તો દંગ રહી જશો કે કેવો આપણો આચાર્ય છે! એમણે માણસના માનસની કેટલી કાળજી લીધી છે! દરેકે દરેક *માઈન્યૂટ્ ડીટેલ્* સાથે. આપણને આની ખબર પડે ક્યારે

કે જ્યારે આપણે આ ચાર્ટ જોઈશું. એટલે ચિંતાનું આ પ્રકરણ આખું ઉભું શા માટે થયું? એટલા માટે કે આપણે સમર્પણ કર્યુ છે. સમર્પણ કર્યુ છે શા માટે? તો ભોગના ઉપર આપણે કાબુ મેળવવો છે. ભોગના ઉપર કાબુ મેળવવાની પ્રક્રિયામાં ચિંતન ન પ્રકટ થતા ચિંતા પ્રકટ થઈ શકે છે. ચિંતા પ્રકટ થઈ શકે છે તેને કારણે આપણે ભાંગી ન જઈએ, તેને કારણે આપણે ખતમ ન થઈ જઈએ. મહાપ્રભુજીએ ચિંતાનું ચિંતનમાં ઉદાત્તીકરણ કરવા માટેનો ઉપદેશ નવરત્નમાં આપે છે.

સમર્પણ પછીથી ભગવત્સેવા કરતાં પ્રકટ થતી પ્રતિક્રિયા ચિંતા કે ચિંતન બન્નેની હોઈ શકે છે. સમર્પણ જો આપણે ન કર્યુ હોય તો જે આપણી ભક્તિ છે તો પુષ્ટિભક્તિ ફલિત થતી નથી. ભગવત્સેવામાં પુષ્ટિમાર્ગીયતા લાવવા પ્રભુની સેવા સમર્પણપૂર્વિકા હોવી જરૂરી છે. જેમ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં સમજાવવામાં આવ્યું છે— **“નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ”** તો એ સમર્પણપૂર્વિકા સેવા જો આપણે સરખી રીતે નભાવી નથી શકતા તો મહાપ્રભુજી, **“સેવાયાં વા કથાયાં વા”** એમ એક અનુકલ્પ તરીકે કથાને પાછી લાવે છે. જે સમર્પણપૂર્વિકા સેવા નથી કરતો તેની ભક્તિને પુષ્ટિભક્તિ તરીકે ખીલવવી તે થોડોક અઘરો કોર્સ બની જતો હોય છે. તેથી જ મહાપ્રભુજીએ **‘ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ’** એના ઉપર ભાર વધારે આપ્યો છે. કેમકે તમે સમર્પણપૂર્વક સેવા કરશો તો પુષ્ટિભક્તિને ખીલવવાનો, તમારી ભીતર રહેલી સૃજનાત્મકશક્તિનો તમને પૂરેપૂરો લાભ મળશે. નહીં તો કદાચ તમારી ભીતર કોઈ જાતનું *ફ્રસ્ટ્રેશન્* છે. કેમકે તમારી સૃજનશક્તિ સેવાની પ્રક્રિયાના વિના કુંઠિત થઈ તો કથાની પ્રક્રિયામાં સૃજનશક્તિને ફરીથી પ્રકટ કરવી બહુ અઘરું કાર્ય છે. એ અઘરું હોવાને કારણે મહાપ્રભુજી સેવાને આટલું પ્રાધાન્ય આપે છે. એટલે સમર્પણપૂર્વિકા સેવા જે નથી કરતો તેને પુષ્ટિભક્તિને ખીલવવામાં કોઈ જાતની

કનડગત હોય છે. થોડોક *કોર્સ ડિફિકલ્ટ* થઈ જાય છે.

સમર્પણપૂર્વક સેવા કરનાર ભક્તે નિશ્ચિંત હોવું જરૂરી :

જે નિશ્ચિંત થઈને ભક્તિ નથી કરતો તેને ભક્તિ સિદ્ધ થતી જ નથી. ભક્તિની પહેલી શરત છે નિશ્ચિંતતા. સમર્પણથી પણ કોઈક અર્થમાં નૈશ્ચિંત્ય બહુ વધારે મહત્ત્વપૂર્ણ કદમ છે પુષ્ટિભક્તિમાં. જો તમે નિશ્ચિંત નથી તો પછી તમે ભક્ત થઈ શકતા જ નથી. કેમકે ચિંતા *અલ્ટિમેટલી* તમારી કઈ વસ્તુને હાનિ પહોંચાડે છે? સેવાને હાનિ નથી પહોંચાડતી, ચિંતામાં પરાયણ રહીને તમે સેવા કરી શકો છો. પણ જો તમારું ચિત્ત ચિંતામાં પરાયણ છે તો એ ભક્તિમય ચિત્ત નહીં જ હોય. ચિંતામાં તલ્લીન ચિત્ત ભક્તિમય નહીં હોય, સેવા તો શરીરથી છે, કરી શકે છે પણ બળદગાડામાં આપણે બળદને જોડી દઈએ તો એ ચાલી શકે છે એમ તમેય બળદની માફક ચાલી શકો છો સેવામાં. પણ જો સેવાને ભક્તિના સ્તર ઉપર ખીલવવી હોય તો પહેલી શરત છે નિશ્ચિંતતા.

"ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્॥"

એટલે નિશ્ચિંત થવું તમારી સેવાને, તમારી કથાને, તમારી શરણાગતિને, તમારી યાત્રાને પુષ્ટિભક્તિના રૂપે ખીલવવા માટેની પહેલી અને છેલ્લી શરત છે, નિશ્ચિંત થયા તો આ બધું થઈ શકે. અને ચિંતાસહિત આમાંનું કાંઈ પણ કર્યું તો કાંઈકને કાંઈક કનડગત ઉભી રહેવાની છે, રહેવાની છે, રહેવાની છે. આ સંસારને આપણે 'ભવસાગર' કહીએ છીએ. હમણાં જ વરસાદ પડ્યો હતો તો તમે વાંચ્યું હશે કે મરીનડ્રાઈવની પાળઉપર એક છોકરી જઈ રહી હતી અને દરિયામાંથી એવી લહેર આવી કે એને ઉપાડીને દરિયામાં લઈ ગઈ. કાંઠેથી એક દોઢ કિલોમીટર દૂર એને હેલીકોપ્ટરે

પાછી ઉપાડવી પડી. આમ આપણે આ સંસારસાગરમાં વચ્ચે પણ હોઈશું તો પણ નિશ્ચિંત જો હોઈશું તો કોઈક લહેર આપણને પુષ્ટિભક્તિના કિનારે પહોંચાડી શકે છે. જેમ હેલીકોપ્ટરે એને ફરીથી પહોંચાડી દીધી અને પુષ્ટિભક્તિના કાંઠે પણ ચિંતા કરતાં બેઠાં હોઈશું તો પેલી પાળ ઉપરથી છોકરીને જેવી રીતે દરિયાની લહેર તાણી ગઈ એવી રીતે આપણને ફરીથી ભવસાગરમાં ડૂબાડવા લઈ જઈ શકે છે. તેથી સિદ્ધાન્તરહસ્ય પછી નવરત્ન ગ્રન્થની તાકીદે અને તાતી જરૂરિયાત છે. ભક્તિ કરતાં-કરતાં પણ કોઈક લહેર એવી આવી શકે કે ભવસાગરમાંથી; એટલે તમારી કામની મનોવૃત્તિમાંથી, તમારા ક્રોધમાંથી, તમારા ઉદ્વેગમાંથી, કોઈક એવી લહેર આવી શકે.

વાર્તાસાહિત્ય આવી વાતોથી ભરેલું છે. નંદદાસજીને કોઈક સુન્દરીમાટેના કામભાવની જે લહરકી જાગી તે તેમને ગુસાંઈજી સુધી ઘસડીને લઈ ગઈ. તેથી ભવસાગરમાં ઉભરાતી લહેરો પણ ક્યારેક જીવાત્માને, પુષ્ટિબીજભાવ હોય તો, પુષ્ટિભક્તિના કાંઠે ફગાવી દેતી હોય છે. શરત એટલી જ છે કે તમે નિશ્ચિંત રહો :

"ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્॥"

સુખદુઃખાદિના આવર્તનથી જીવનની જીવંતતા:

આપણે સૌ જાણીએ છીએ કે પૃથ્વી સૂર્યને ચોમેર ભ્રમણ કરે છે. તેને કારણે ગરમી અને વરસાદ ના ઋતુચક્રના આવર્તનો થતાં રહે. દિવસ અને રાત ના, નિદ્રા અને જાગરણ ના આવર્તનો ચાલતાં રહે છે, જ્યારે આપણે જાગીએ ત્યારે વિષયો સાથે આપણી ઇન્દ્રિયોને આકર્ષણ અને અપકર્ષણ થાય છે. એટલે કોઈક વિષયો પ્રત્યે ઇન્દ્રિય આકૃષ્ટ થાય છે, કોઈક વિષયોથી ઇન્દ્રિય અપકૃષ્ટ થાય

છે. અને તે વિષયો પ્રત્યે આપણી ઇન્દ્રિયોના રહેલ આકર્ષણ કે અપકર્ષણ ને કારણે આપણી ઇન્દ્રિયોમાં ક્યારેક ઉત્તેજના અથવા ઉદાસીનતા ના ચક્રો ચાલતાં રહે છે. તે ઉત્તેજના અને ઉદાસીનતા ને કારણે જે વિષય આપણને ઉત્તેજિત કરતો હોય તેમાં આપણો કોઈક જાતનો સ્નેહ બંધાઈ જતો હોય છે. જે વિષયથી આપણે ઉદાસીન થઈ જતાં હોઈએ સરવાળે તે વિષયમાંથી આપણને કોઈક જાતની ભીતિ થવા માંડતી હોય છે. તેને કારણે આશા-નિરાશાના ચક્ર થાય છે. એ વિષયોના સમ્પર્કને કારણે આપણને અંતે કાંઈકને કાંઈક સુખ કે ક્લેશ થતો રહે છે. જે ક્લેશ થાય એને આપણે 'દુઃખ', 'ઉદ્વેગ' એવાં ઘણા નામ આપીએ, તેનાજ અનુસંધાનમાં કાલે મેં એ વાત પણ સમજાવી હતી કે કામ અને ક્રોધ એ આપણા વિષયોને જોવાના મૂળ છે. દા.ત. કોઈ નાની વસ્તુ જોવી હોય તો આપણે *આઈગ્લાસ્* વાપરીએ દૂરની વસ્તુ જોવી હોય તો આપણે દૂરબીન વાપરીએ તેવી રીતે કોઈ પણ વિષયોને જોવાની આપણી જે દૃષ્ટિ છે એમાં જ કામ, ક્રોધ રહેલા હોય છે. આ જે મેં વ્યવસ્થા તમને સમજાવી આકર્ષણ, અપકર્ષણ, ઉત્તેજના, ઉદાસીનતા, સ્નેહ, ભીતિ, આશા-નિરાશા, એ બધાને કારણે આપણને ક્યારેક સુખ-દુઃખ થાય અને તે રીતે એ આવર્તન ચાલતું રહે. એક વાત સમજો, *મેથેમેટિકલી* અને *કોમ્બિનેશન્* અને *પર્મ્યુટેશન્* કરવા હોય, તો કેટલા ઉદાહરણો બને તે આપણે જોઈ શકીએ. સરવાળો અને ગુણાકાર કરીને એ જે સાઈકલ છે, એ જે આવર્તન છે, એ ઘણું *કોમ્પ્લિકેટેડ્* રૂપ બની જતું હોય છે. તે છતાંય તે આવર્તન એવું નથી કે એના બધા જ પાસાઓને આપણે ગણી ન શકીએ. સરવાળો અને ગુણાકાર કરીને જેટલી *પોસિબલ્ વેરાયટિઝ્* થતી હશે તે બધાને આપણે ગણી શકીએ. તે રીતે જો ચક્ર ચાલતું રહે તો આખું જગત અંતે આ નિદ્રા અને જાગરણ ના ચાલતાં આવર્તનો, સુખદુઃખનાં આવર્તનોનો કોઈકને કોઈક યન્ત્રની પ્રક્રિયા બની જશે. *મેકેનિકલ્ પ્રોસેસ્* બની જશે. અને જો *મેકેનિકલ્ પ્રોસેસ્*

બની જાય, યંત્રવત્ આ બધા આવર્તન ચાલતાં રહે તો આપણે સરખી રીતે સમજી શકીએ છીએ કે એવા ચાલતાં આવર્તનમાં જીવન ક્યાં છે? એ શોધવું ઘણું અઘરું થઈ જાય.

એક સામાન્ય દાખલો તમને આપું. કોઈ અમેરિકા જતો હોય *ગ્રીન્ કાર્ડ્* લઈને ત્યાં *સેટલ્* થવા માટે, અથવા કોઈ મરી જતો હોય, ત્યારે આપણને ખબર નથી પડતી કે હવે પાછી મુલાકાત ક્યારે થશે. એટલે આપણને રડવું આવી જતું હોય છે. દિલની લાગણી છલકાઈ જતી હોય છે. ગળામાં ડૂમો ભરાઈ જાય, એવી બધી તકલીફ થાય. નાના બાળકને સ્કૂલમાં મોકલવો હોય, સૌથી પહેલા આપણે એને સ્કૂલમાં લઈ જઈએ તે પછી *કિંડરગાર્ડન્* હોય કે *નર્સરી* હોય બાળક રડારડ કરી મૂકે. શા માટે? કેમકે એને ખબર નથી પડતી કે જે વાતાવરણમાં હું રહી રહ્યો છું તેમાંથી વિખૂટો કેમ પાડવામાં આવી રહ્યો છે? પણ મહિના, વીસ દિવસ, અઠવાડિયું એનું ચક્ર બરાબર ચાલવા મંડે પછી બાળકને એક આશ્વાસન મળી જતું હોય છે કે સ્કૂલે જવાનું છે, સાંજે ઘરે આવવાનું એમાં હવે રડવા જેવું કશું રહ્યું નહીં.

આપણને ઊંઘ આવે ત્યારે કોઈ આપણને વિદાય આપે છે કે ''અમને ભૂલી નહીં જતાં તમે સૂવા જઈ રહ્યા છો. અમારી યાદ ભૂલાવી નહિ દેતાં'' એમ કોઈ રડે! *'ગુડ્-નાઈટ્'* કહેતી વખતે કેમ ન રડે? કેમકે જાગરણ અને નિદ્રા નું આવર્તન ચાલી રહ્યું છે. એ ક્યાંક અટકે તો રડવા જેવું થાય, યન્ત્રની માફક ચાલતું રહે તો દરેકને પાછો એમાં વિશ્વાસ થઈ જતો હોય છે કે હમણા સૂઈ રહ્યો છે, સવારે ઉઠી જશે. સવારે ઉઠ્યો છે રાત્રે સૂઈ જશે. તો જ્યારે પણ યંત્રવત્ કોઈ ક્રિયા ચાલવા મંડે પછી એમાં જીવન જેવું આપણને જણાતું નથી. જેમ આ પંખો ચાલી રહ્યો છે તેથી કોઈ પંખાને 'ચેતન' કહેશે? શા માટે 'ચેતન' નહીં કહે? કેમકે ચાલી જ રહ્યો છે યંત્રની માફક, એમાં કાંઈ ચેતન

હોવાની આપણને ગરજ જણાતી નથી કે ચેતન ક્યાંથી આવ્યું? ત્યારે જીવન ક્યાંથી આવે? આ ચક્રના એક એક પાસાઓ છે એ એક એક પાસાઓમાં જ્યારે કંઈક *ફ્લક્ચ્યૂએશન્* થતું હોય અને *ફ્લક્ચ્યુએટ્* થઈને પણ પાછું બીજું પાસુ આવતું જ હોય. *શોર્ટર્* કે *લૉંગર્ કર્સિમાં*, એ *કોર્સ* જ્યારે *અન્-પ્રેડિક્ટેબ્લી સાઈક્લિકલી* ચાલે ત્યારે આપણને જણાય કે હવે જીવન છે. આ વસ્તુ જીવંત છે, બાકી *પ્રેડિક્ટેબલ્ ટાઈમ્સમાં* એક પાસું આવેને બીજુ પાસું જાય, બીજુ પાસું જાયને પહેલું પાસું પાછું આવે એમ. જો આવર્તન ચાલતું રહે તો આપણને યંત્રની માફક બોધ થઈ જાય. જીવંતતાનો બોધ ન થાય. થોડીક એમાં *અન્-પ્રેડિક્ટેબલીટિ* આવે કે આપણે જાણી કે ભાગી ન શકીએ કે શું થવા જઈ રહ્યું છે? ત્યારે આપણને લાગે કે કશું જીવીત જેવું લાગી રહ્યું છે. કેમકે એ શું કરવા જશે એ આપણે કહી નથી શક્તાં. જેમ ઘડિયાળમાં આપણે *પ્રેડિક્શન્* કરી શકીએ કે ભલે એકકલાકનો કાંટો આપણને ચાલતો દેખાતો ન હોય પણ ઘડિયાળ ચાલી રહી છે. *સેકન્ડ*ના કાંટા કે મિનિટના કાંટાને જોઈને આપણે એનો નિર્ધાર કરી લઈએ કે ઘડિયાળ ચાલી રહી છે તો કલાકનો કાંટો ચાલતો દેખાય કે ન દેખાય, પણ એ ચાલશે. એક કલાકમાં એક નંબરથી બીજા નંબર ઉપર પહોંચી જશે. એવું ભવિષ્ય આપણે ભાખી શકીએ છીએ. એ ભવિષ્ય ભાખવાની આપણી શક્તિ ઓછી થઈ જાય તો ઘડિયાળના ડાયલને જોઈને પણ આપણને લાગે કે આ ઘડિયાળમાં કોઈ ભૂત ભરાયું હશે. હવે ભૂત કઈ જાતનું છે એ ઘડિયાળ જાણે ને ઘડિયાળનો રિપેર કરનાર જાણે. પણ આપણને પછી યંત્રની યાંત્રિક્તાનો વિશ્વાસ ન રહી જાય. યંત્રની યાંત્રિકતા ત્યારેં જળવાય છે કે જ્યારે એ કોર્સ એનો *પ્રેડિક્ટેબલ્* હોય તો જ. જો કોર્સ *પ્રેડિક્ટેબલ્* નથી રહી જતો તો પછી યંત્રની યાંત્રિક્તા જળવાતી નથી.

એક સામાન્ય વાત તમને બતાવું આ આધુનિક ખગોળશાસ્ત્ર પ્રમાણે કેટલાક ગ્રહો-પિંડો, જીવીત પિંડો છે અને કેટલાક મૃતપિંડો છે. એની મૂળ ગણનાનો આધાર જીવીત છે કે મૃત છે, એ આ જ બાબત ઉપર રહેલો હોય છે. જે પિંડોમાં આવા કાંઈ *ફ્લક્ચ્યુએશન્* કે વાતાવરણ જણાતાં હોય ત્યાં જીવંતપણું છે. અને જે *મેકેનિકલી* એક બીજાના ચક્કર મારી રહ્યા હોય તે બધા મૃતપિંડો છે. જ્યોતિર્વિદો આવા ઘણા બધા મૃતપિંડો અને જીવીતપિંડોનું તારતમ્ય આપણને ખગોળશાસ્ત્રમાં સમજાવે છે. આપણે સરખી રીતે જાણીએ છીએ કે ઋતુના ચક્રોનું આવર્તન આપણે ત્યાં ચાલતું જ રહે છે. પણ એક વાત ધ્યાનથી સમજો કે ઋતુચક્રના આવર્તનો ચાલતાં રહે, ગરમી પડી આપણને ખબર જ છે કે વરસાદ પડવાનો જ છે. તો તો *મેકેનિકલ્* થઈ ગયું. મોટે ભાગે જેટલી ભવિષ્યવાણીઓ આવતી હોય છે ને, એનાથી વિપરીત જ ક્યારેક વરસાદ પડતો હોય છે. તે પ્રમાણ છે કે પૃથ્વી જીવીત છે. કોઈક વખતે લંબાઈ જાય વરસાદ, ગરમી વધારે પડે. હાય હાય થાય આપણને, વરસાદ પડે છે તો કેટલો આનંદ આનંદ ચોમેર થઈ જાય. પણ જો બે મહિના, ત્રણ મહિનાથી, વધુ પડવા મંડે તો પછી એ જ વરસાદથી આપણને ત્રાસ થવા મંડે, એટલે ત્યારે ઉદ્વેગ થાય, ત્રાસ થાય તો આવા ચાલતાં આવર્તનોમાં કાંઈક *ફ્લક્ચ્યુએશન્* આવે છે ત્યારે કાંઈ યંત્રવત્ નથી ચાલી રહ્યું પણ કાંઈક જીવંતવત્ ચાલી રહ્યું છે. એનું આપણને ભાન થાય. પુષ્કળ વરસાદ થયો, પૂર આવી જાય આપણને લાગેકે ચોમેર વિનાશ વ્યાપી ગયો, પણ એ વિનાશના કારણે ભૂમિની ઉર્વરા શક્તિ પાછી વધી જાય અને આપણે જેને વિનાશ સમજતાં હોઈએ એમાંથી પાછા સૃજનના અંકુરો ફૂટવા મંડે એટલે આપણને લાગે કે પૃથ્વી એક જીવીતપિંડ છે, મૃતપિંડ નથી. ઘડિયાળના કાંટાની માફક નથી ચાલી રહી એ, પોતાની કોઈ તાસીરથી ચાલે છે. ક્યારેક વિનાશને વોરે છે, ક્યારેક એમાંથી સૃજન કરે છે.

જે સૃજનની પ્રક્રિયાઓ છે એમાં કોઈક વિનાશની પ્રક્રિયાઓ છુપાયેલી મળે, વિનાશની પ્રક્રિયામાં પણ કોઈ સૃજનની પ્રક્રિયા છોપાયેલી મળે, એની સાઈકલ ચાલે પણ વચ્ચેના આવા જે *ફ્લક્ચ્યુએશન્* છે તે *ફ્લક્ચ્યુએશન્* પૃથ્વીના જીવીતપિંડ હોવાનું પ્રમાણ બની જતું હોય છે. મશીનની માફક જે ચાલતું રહે તેને આપણે નિર્જીવ મશીન જ કહીશું, 'જીવીત-પિંડ' નહીં. જીવનમાં પણ આવા બધા ચક્રો છે, જાગરણ-નિદ્રાના, સુખ-દુઃખના, રાગ-દ્વેષના, એ બધા જો *મેકેનેકલી* ચાલતાં હોત તો આપણે પણ એક હરતાં-ફરતાં કોમ્પ્યુટર હોત. કેમકે આપણો *રિસ્પોન્સ્* ગોઠવાયેલો હોત કે આમ થશે તો આમ થશે, કોઈ ગાળો ભાંડશે તો કોઈ લાફો મારશે. એ *મેકેનિકલી* ગોઠવાયેલું છે. પણ કોઈ ગાળો ભાંડે અને કોઈ લાફો ન મારે અને *અન્-પ્રેડિક્ટેબલી* કોઈ લાફો મારે કોઈ સામે ગાળો ભાંડે, કોઈ ગાળો ભાંડે તો માથું નીચું કરીને ચાલ્યો જાય. કેટલા બધા *પોસિબલ્ ફ્લક્ચ્યુએશન્* છે *રિસ્પોન્સ્*ના એમાં! તેથી સિદ્ધ થાય કે વ્યક્તિ જીવી રહ્યો છે. હમણાં તમે એક રમકડું જોયું હશે, એક પોપટ બેટરીનો એની સામે જે કાંઈ બોલીએને તે *રીપીટ્* કરે *મેકેનિકલી*. હવે એ *રીપીટ્* કરી શકે છે. પણ જે તમે બોલો તે પોતાના મનથી *રીપીટ્* ન કરી શકે. એમાં કોઈ જાતનું *ફ્લક્ચ્યુએશન્* ન આવે. બશર્ત એ એમાં બેટરી *ડિસ્ચાર્જ્* ન થઈ ગઈ હોય તો, હજી સુધી મેં એ નથી જોયુ કે બેટરી *ડિસ્ચાર્જ્* થયા પછી એ કેવી રીતે *રિસ્પોન્સ્* આપે છે પણ એક અખતરો કરવા જેવો છે. થોડોક કાંઈક *ફ્લક્ચ્યુએશન્* આવશે પણ વધારે *ફ્લક્ચ્યુએશન્* નહીં આવે. *અન્-પ્રેડિક્ટેબલ્* થઈ જાય એવું કે આપણે બેટરીવાલા પોપટની સામે 'પોપટ' બોલીએ અને એ અચાનક કહે 'ભેંસ' તો આપણને લાગે કે આમાં કોઈક પ્રેતાત્મા ઘુસી ગયો લાગે છે. હવે આ બેટરીથી કામ નથી કરી રહ્યો પણ આપણે 'પોપટ' બોલીએ અને પેલો 'પોપટ' બોલે, આપણે *"હાવ આર યુ?"* બોલીએ તો પેલો સામે *"હાવ આર યુ?" મેકેનિકલી રીપિટ્* કરે તો આપણને લાગે છે કે આમાં કોઈ જીવંતપણુ નથી. જો કોઈ પણ એક ક્રિયાની પ્રતિક્રિયા પ્રકટ કરી રહ્યો છે પણ થોડોય *ફ્લક્ચ્યુએશન્* થવા મંડે એટલે પછી આપણને જીવંતતાના પ્રમાણ મળી જતાં હોય છે.

જીવનના લચીલા સ્વભાવ (અન્-પ્રેડિક્ટેબલ્ ફ્લક્ચ્યુએશન)થી ઉદ્વેગનો ઉદ્ભવ :

કોઈ વસ્તુ જીવંત છે તેનું પ્રમાણ સર્વથા એમાં કોઈ નિયમોનાં આવર્તન નથી એવું નહિ સમજી લેતા. પણ નિયમોના જે આવર્તન છે તેનો મતલબ એવુંય નથી કે નિયમોના આવર્તનના વચ્ચે કોઈક જાતના *ફ્લક્ચ્યુએશન્* નહીં હોય. *ફ્લક્ચ્યુએશન્* તો હશે જ. એ બન્નેનો જ્યારે સમાહાર થાય ત્યારે જીવંતપણાનો આપણને પ્રમાણ મળતો હોય છે. તો સુખ-દુઃખના, રાગ-દ્વેષના, નિદ્રા-જાગરણના કે ચિંતા-ચિંતનના જે આવર્તનો છે એ આપણી ભીતર *મેકેનિકલી* નથી ચાલતાં જીવંત રીતે ચાલતાં હોય છે. જીવંત રીતે ચાલે છે એટલે એમાં કોઈપણ એક કોર્સનો બીજો જે ઉપાય છે તે *ફિક્સ્* નથી હોઈ શકતો. કાંઈકને કાંઈક *અન્-પ્રેડિક્ટેબલ્ ફ્લક્ચ્યુઆલીટિ* એમાં હોય છે. પણ *ફ્લક્ચ્યુએશન્* એટલું બધું નથી હોતું કે આપણે ટોટલી *અન્-પ્રેડિક્ટેબલ્ થઈ જઈએ* અને એટલું બધું *મેકેનિકલ્ રિસ્પોન્સ્* પણ પાછું નથી હોતું કે *હન્ડ્રેડ્ પર્સન્ટ્* આપણે *પ્રેડિક્શન્* કરી શકીએ. જીવનનો સ્વભાવ આવો લચીલો છે, *ફ્લેક્સિબલ્* છે એ વાત તમારે સમજવી પડશે. સહુથી પહેલાં, લચીલો સ્વભાવ જીવનનો ન હોય તો કદી માણસને ઉદ્વેગ થાત નહીં, કદી માણસને ચિંતા થાત નહીં, કેમકે દરેક ઉદ્વેગના પાછળ એને ખબર પડતી હોય છે કે **"ચક્રવત્ પરિવર્તન્તે દુઃખાન્યપિ સુખાનિ ચ."** આ દુઃખ અને સુખ નું ચક્ર જો *મેકેનિકલી* ચાલતું હોય તો કોણ દુઃખ કરે! કેમકે આપણને ખબર છે કે દુઃખ પછી સુખ આવશે અને સુખ આવશે પછી દુઃખ આવશે. જો *મેકેનિકલી* આવતું હોય તો એમાં

દુઃખ કરવા જેવું કશું રહી જતું નથી, જેમ *મેકેનિકલી* નિદ્રા અને જાગરણ આવે છે તેમાં રડવાનું કાંઈ હોતું નથી. કોઈ શોકસભા કરતું નથી કે હવે સર્વાનુમતિથી પ્રસ્તાવ પાસ કરવામાં આવે છે કે ફલાણા ભાઈ હવે ઊંઘવા જઈ રહ્યા છે! કેમકે *મેકેનિકલી* જાગી અને સૂઈ રહ્યો છે. પણ ક્યારેક *ફ્લક્ચ્યુએશન્* આવી ગયું કે સૂવા ગયા અને સવારે ઉઠાડો તો ઉઠતા જ નથી, પછી તો શોકપ્રસ્તાવ પાસ કરવો જ પડે સર્વાનુમતિથી. સગાવ્હાલાને રડવું પણ આવે કે રાતના ઊંઘવા ગયા હતાંને શું થયું ખબર જ ન પડી. એટલે જીવનમાં આવું *ફ્લક્ચ્યુએશન્* હોવું જીવંતતાની નિશાની છે. જન્મ-મરણનાં ચક્ર તો આપણે અનુભવી નથી શકતાં એટલે આપણે વધારે ઉદ્વિગ્ન થઈ જતાં હોઈએ છીએ. પણ ઋષિ-આચાર્ય જેવા જે મહાપુરુષો હોય એ જીવન અને મરણ ને પણ જાગરણ અને નિદ્રાના ચક્રની માફક જોઈ શકે. એમની દૃષ્ટિની વિશાળતાને કારણે એમને ઉદ્વેગ નથી થતો જેમ કબીર કહે છે કે **"જસ કી તસ રખ દીનિ ચદરિયા"** એટલે રમૈયાએ જીવન જીવવા શરીરરૂપી જે ચાદર મને આપી મેં તેવી ને તેવી જ અન્તે પાછી રાખી દીધી. મને એમાં કોઈ ઉદ્વેગ થતો નથી.

ભક્તિ ચિંતાને સાંખી શકતી નથી :

શ્રીઆચાર્યચરણ પણ એમ જ કહે છે **"તથા દેહે ન કર્તવ્યં વરઃ તુષ્યતિ નાન્યથા"** આ કહેવું સરળ છે. કરવા જતાં બહુ અઘરું લાગે આપણને. આવી વાત આપણે આચાર્યચરણની બાબતમાં વિચારીએ કે તરત આપણું માથું નમી જાય કે આચાર્યચરણે ભગવદાજ્ઞાને અનુસરવા માટે કેટલી તત્પરતા દેખાડી! આચાર્યચરણને જો આ ભૂતલ ઉપર બિરાજવાનું અથવા નિત્યલીલામાં પધારી જવાનું જો ચક્રવત્ લાગતું હોત, પોઢવા કે જાગવા ની ક્રિયાની જેમ, તો કોઈ શોક થાત જ નહીં. ઉદ્વેગ થાત જ નહીં. જેમ બાળકને પણ પહેલી વખતે સ્કૂલમાં જતાં ઘણો બધો ઉદ્વેગ થઈ જતો હોય છે. જ્યારે બચ્ચાને

સમજ પડે કે અંતે આ ચક્રવત્ ચાલી રહ્યું છે કે દરરોજ સવારે સ્કૂલે જવું પડે છે, સાંજે કે બપોરે આવવું પડે છે પછી રડવાનું બહુ રહી જતું નથી. એમ કોઈ પણ ઉદ્વેગ આપણને થાય છે એના કાંઈક ચક્રો ચાલી રહ્યા છે, અને એ ચાલતા ચક્રોમાં જે *ફ્લક્ચ્યુએશન્* છે તે આપણને રડાવે છે.

કોઈક વિષયના પ્રત્યે આકર્ષણમાં કે કોઈક વિષયથી અપકર્ષણમાં આપણું મન થોભી ગયું હોય, અટવાઈ ગયું તો પછી ઉદ્વેગ... હવે આનંદાત્મક ઉદ્વેગ કે કલેશાત્મક ઉદ્વેગ, ઉદ્વેગનો એક મતલબ જે આપણને ઉચ્ચલિત કરે, જે સ્થિતિમાં હોઈએ તેમાં ન રહેવા દે તે ઉદ્વેગ, એ પછી શારીરિક દૃષ્ટિથી, માનસિક દૃષ્ટિથી, પારિવારિક, સામાજિક કે આર્થિક કોઈ પણ દૃષ્ટિથી જે આપણી ચાલુ સ્થિતિ છે તેમાં આપણને સ્થિત ન થવા દે. એ ચલાયમાનતાને કારણે જે આપણને ઉદ્વેગ થાય છે તેને કારણે આપણને ચિંતા પ્રકટ થઈ જતી હોય છે.

ચિંતા સાથે આપણને દ્વેષ શાનો છે? શામાટે મહાપ્રભુજી કહે છે કે "ચિંતા નહીં કરો—ચિંતા નહીં કરો!". પ્રમુખ મુદ્દો મેં કાલે તમને સમજાવી દીધો કે સમર્પણ અને સેવા ન કરીએ તો પણ પુષ્ટિમાર્ગમાં આગળ વધવામાટે કથાભક્તિની કાંઈક સંભાવનાઓ રહેલી છે. જે વાત ભક્તિ સાંખી નથી શકતી તે આ કે જો આપણમાં નૈશ્ચિંત્ય નથી તો આપણો ભકિતનો મૂળભાવ વિખરાઈ જતો હોય છે. એટલે સમર્પણપૂર્વિકા સેવા નહીં હોય તો પુષ્ટિભક્તિ સિદ્ધ થવી અઘરી હશે પણ અશક્ય નહિ. પણ નૈશ્ચિંત્ય આપણામાં નહીં હોય તો પુષ્ટિભકિત કેન્સલ જ થઈ જતી હોય છે.

વન્સ્ એન્ડ ફૉર ઑલ્ ચિંતાનું એટલું બધું મહત્ત્વ છે એ આપણે કદી ભૂલવું ન જોઈએ. તે ચિંતાને અનુલક્ષીને મહાપ્રભુજી

આ ઉપદેશ આપી રહ્યા છે. મારા એક ઓળખીતા ભાઈ હતા. તેમને આવું કોઈક *ફ્લક્ચ્યુએશન્* આવી ગયું. *મેરેજ્* નહોતા થતા એટલે પછી એને કોઈકની સાથે અફેર થઈ ગયો. એ પરનાતની છોકરી હતી. હવે કાંઈ વાંધો નહીં આજકાલ તો નાતજાત નો એટલો કોઈ ભેદ છે નહીં. પણ થયું શું? વારે ઘડીએ મને પણ કહેતા કે આગળ વધું કે નહીં વધું? મેં કહ્યું કે ભઈ! હું કોણ કહેનારો તમને? તમારે આગળ વધવું હોય તો આગળ વધો, પાછળ ખસી જવું હોય તો પાછળ ખસી જાઓ એમાં હું કાંઈ ન કહી શકું. પણ એમને દરેક વાતમાં મારાથી *એડ્વાઈઝ્* લેવાની ટેવ, કંઈક વિશ્વાસ હતો મારામાં. એક વખતે શું થયું કે થોડાક દિવસ એ મને દેખાયા જ નહીં, મેં પૂછ્યું, ‘‘કેમ તમે દેખાયા નહીં?’’ તો બોલ્યા ‘‘મને તાવ આવી ગયો!’’ કેમ તાવ આવી ગયો? એમણે મને કહ્યું કે ‘‘પેલી જે છોકરી છે ને એના ભાઈએ આવીને મારા શર્ટનો કોલર પકડીને કહ્યું કે તને ખબર છે કે મારી બહેન વિધવા થાય એમાં મને જરાય વાંધો નથી’’ એટલે તેમને તાવ આવી ગયો! પેલી છોકરી મળવા આવી તો એ મારા ઓળખીતા ભાઈએ એ છોકરીને ભગાડી દીધી. ‘‘ભાગ અહીંયાંથી મારી પાસે આવતી નહીં હવે’’. તે છોકરીએ કહ્યું ‘‘હું મારા ભાઈથી નથી બીતી તું કેમ બીએ છે?’’ તો બોલ્યા ‘‘હવે મારે કાંઈ પણ સાંભળવું નથી તું ભાગ!’’ જો મલેરિયાનો તાવ આવ્યો હોત તોય ઉદ્‌વેગ થયો હોત, જો ટાઈફોઈડનો તાવ આવ્યો હોત તોય ઉદ્‌વેગ થયો હોત, એ ઉદ્‌વેગ તો ઉદ્‌વેગ જ રહેત. છોકરીના ભાઈએ ફકત કૉલર પકડ્યો તેમાં ઉદ્‌વેગમાંથી ચિંતા જાગી ગઈ! અને તે ઉદ્‌વેગની પાછી ચિંતા એટલી વધી ગઈ કે મનગમતી છોકરીને પરણી જાઉં તે તો ઠીક પણ પછી તેવા પરણવાને કારણે કોકની બહેન વિધવા થાય તેનું શું? એની ચિંતા બહુ સતાવવા મંડી! આવી ચિંતા સતાવે પછી *સોલ્યુસન્* હોય નહીં. પેલી છોકરી ન બીતી હોય પોતાના વૈધવ્ય માટે અને આ ભાઈ બીતા હોય તો પછી પરણાય કેવી રીતે?

તેથી ચિંતા સ્નેહમાં બાધક થઈ જાય છે, ઉદ્‌વેગ બાધક નથી થતો ધારોકે ટાઈફોઈડનો તાવ આવ્યો હોત, ઈન્ફ્લ્યુએંઝાનો તાવ આવ્યો હોત, કે મલેરિયાનો તાવ આવ્યો હોત અને પેલી છોકરી મળવા આવી હોત તો કેટલી હાશ થાત, તું આવી તો તાવ ઉતરી ગયો, એવુંયે લાગે માણસને :

‘‘તુમ તસલ્લી ન દો સિર્ફ બૈઠે રહો।
વખ્ત મરનેકા મેરે યે ટલ જાયેગા॥
હૈ યે મુમકિન મસીહાકે રહેનેસે હી।
મૌતકા ભી ઈરાદા બદલ જાયેગા॥’’

એવી ભ્રમણા પણ સેવી લે. પણ અહીંયાં ચિંતા થવા માંડી કે પરણી જાઉં અને પેલી વિધવા થઈ જાય તો? આ ‘તો’ નો *આન્સર્* જડે જ નહીં કે તો પછી શું?

એટલે ઉદ્‌વેગ એ આપણે સાંખી શકીએ તેવી વસ્તુ છે પણ ચિંતા એ સાંખી શકાય તેવી વસ્તુ નથી. એ સ્નેહમાં કેવી રીતે બાધક થઈ જાય છે કે બિચારી છોકરી મળવા આવી તોય એને ભગાડી દીધી! એમ આપણને જો ચિંતા થતી હોય અને ભગવાન્ પણ સાક્ષાત્ પ્રકટ થાય તો આપણે પણ કહી દઈએ ‘‘ભગવાન્ થોડી ફૂરસદથી આવોને, હમણા અમારે બહુ ચિંતા સતાવી રહી છે. આ કામમાં અટવાયેલા છીએ’’. ઉદ્‌વેગ હોય તો આપણે કદાચ ભગવાન્‌ના પગે પડી જશું કે ભગવાન્ આપ આવ્યા ચાલો બહુ કૃપા છે આપની, પણ જો ચિંતા થતી હોય તે વખતે સ્નેહનું સ્મરણ ન થાય એક ધ્રુવ સત્ય છે. એટલે ચિંતા સ્નેહનો સીધો *એન્ટિડોઝ્* છે. કોઈક સ્નેહ કરતો હોય કોઈકને તમારે બીજું કશું

કરવાની જરૂર નથી. કાંઈક ચિંતાની *કંડિશન્સ્* એની સામે ઉભી કરી દો. થોડાક દિવસમાં સ્નેહ પોતાની મેળે ઠંડો પડી જશે. ઉદ્વેગનું *સિચ્યુએશન્* ઉભું કરશો તો એ સ્નેહ ઠંડો નહિ પડે. ચિંતા સ્નેહના ભાવને એકદમ સામોસામ કાપનારો ભાવ છે. તેમ ઉદ્વેગ સ્નેહના ભાવને તરત કાપતો નથી.

ચિંતાને દૂર કરવા ચિંતનનો ઉપદેશ :

> ''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ।
> તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ'' ॥
> (સિદ્ધાંતરહસ્ય)

એમ સમર્પણપૂર્વિકા સેવાનો ઉપદેશ આપીને સેવા શરૂ કરતાં જે ઉદ્વેગો આવશે તે બાબતની સાવધાની મહાપ્રભુજી લેવા માગે છે. ચક્રની માફક કોઈક ઉદ્વેગ આવશે, કોઈક ઉદ્વેગ જશે. કાંઈક સુખ થશે, કાંઈક દુઃખ આવશે. એવા ચક્રો જીવનમાં ભગવત્સેવાની સાથે ચાલતા રહેશે. એમાં કોઈક જાતના *ફ્લક્ચ્યુએશન્* પણ આવશે. *ફ્લક્ચ્યુએશન્* એટલે? ''એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ'' આ *ફ્લક્ચ્યુએશન્*નથી. ''એક, બે, ત્રણ-ચાર-પાંચ, એક-બે-ચાર, પાંચ, છ, સાત, નવ-અગ્યાર'' એટલામાં બેટરી *ડિસ્ચાર્જ્* થઈ જાય આનું નામ *ફ્લક્ચ્યુએશન્*! તો આવા *ફ્લક્ચ્યુએશન્* તો આવશે જીવનમાં. તમે એને ચાહો કે ન ચાહો એને *એવોઈડ્* નથી કરી શકતા. કોઈક સુખ વધારે ટાઈમ સચવાઈ જશે *લિંગર્ ઓન્* થઈને એ બાબતની ટેવ બની જશે. કોઈક દુઃખ તમને વધારે ટાઈમ જેટલું તમે સાંખવા કે ઝીલવા તમે તૈયાર નથી, એ લિમિટ્થી વધારે પણ દુઃખનું ચેપ્ટર્ વધતું લાગશે. અને એ જ્યારે *ફ્લક્ચ્યુએશન્* તમને દેખાયું કે સુખ-દુઃખ બરાબર સાઈકલમાં નથી ચાલતાં પણ કાંઈક *ફ્લક્ચ્યુએશન્*માં ચાલે છે. એટલે પછી તમને એમ થશે કે ''હું જ શા માટે દુઃખી છું, દુનિયા આખી સુખી છે તોય?'' અરે બધાજ દુઃખી છે પણ એ જ વિચાર આવે કે ''હું જ કેમ આવો દુઃખી?''

બુદ્ધજાતકમાં એક બહુ સુંદર વાર્તા છે : એક ઘરડા માજી બુદ્ધ પાસે ગયા કે મારો દીકરો મરી ગયો છે, અને એ દુઃખના ઉપર હું કાબુ નથી પામી શકતી. બુદ્ધ ભગવાને બહુ સુંદર વાત સમજાવી કે ''મા! એવું છે હું પણ આજે બહું ભૂખ્યો છું. મને કાંઈક ખાવાનું કે દૂધ તું આ વાટકામાં લાવીને આપી દે—પણ કોઈ એવા ઘરમાંથી માંગી લાવીને આપજે કે જે ઘરમાં કોઈ મર્યો ન હોય''. તે બિચારી ઘરડી ડોશી બધા ઘરોમાં ફરી કે મારે બુદ્ધ ભગવાન્‌ને દૂધ સમર્પણ કરવું છે, પણ કોઈ ઘર એવું નહિ મળ્યું કે જ્યાં કોઈક ને કોઈક મર્યો ન હોય. એટલે આવીને કહ્યું કે ''એવું તો કોઈ ઘર છે જ નહિ''. તો બુદ્ધે કહ્યું કે ''તો પછી તું શામાટે આટલી દુઃખી થાય છે. દરેક ઘરમાં જ્યારે કોઈકને કોઈક મર્યો છે, તે ઘરમાં કોઈકને કોઈક જન્મવાનો જ છે. જે ઘરમાં કોઈક જન્મ્યો છે તે ઘરમાં કોઈકને કોઈ મરવાનો પણ છે જ. હવે તને તારો દીકરો વહાલો હશે. એમ બીજાઓને પણ પોતાના દીકરા વહાલા હશે''. આવી દૃષ્ટિ કેળવવા માટે બુદ્ધત્વ પ્રાપ્ત કરવું પડે. કેમકે જીવન અને મરણ નું જે ચક્ર ચાલી રહ્યું છે તે આપણને દેખાતું નથી. આપણને એમ લાગે છે કે મર્યા એટલે પત્યું બધું. એમ ભલે આપણે આત્મામાં માનતા હોઈએ પુનર્જન્મમાં માનતા હોઈએ, કર્મ-ફળમાં માનતા હોઈએ. એમ માનતા હોઈએ પણ ઓમ પાછું કાંઈક લફરું થઈ જાય છે. આમ તો માનીએ છીએ પણ કોઈક પ્રિયજન પરલોક જાય. તો રડવું તો આવી જ જાય. માનવનાં હૃદયની લાગણીની લાચારીઓ છે. તો તેને કારણે આવા *ફ્લક્ચ્યુએશન્*માં 'દુઃખ', 'શોક', 'ઉદ્વેગ', કાંઈ પણ એને નામ આપો, ચિંતાનું રૂપ ધારણ કરી લેતાં હોય છે. જ્યારે ચિંતાનું રૂપ ધારણ કરી લે ત્યારે મહાપ્રભુજી કાંઈક ચિંતનનો

ઉપદેશ આપવા માંગે છે.

અંતે એક વાત મેં કાલે તમને સમજાવી હતી કે જ્ઞાનની સહુથી પહેલી શરત છે જાગરણ, બીજી શરત છે વિષય સાથે વ્યવસાય, એટલે આપણી જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયો જ્યારે રૂપ,' રસ, ગંધ, સ્પર્શ વગેરે વિષયો સાથેના કોઈપણ જાતની આપ-લેમાં *ઈન્વોલ્વ્* થાય પછી આપણને એનો વ્યવસાય થાય કે આ સુખ છે, દુઃખ છે, ઉત્તેજન છે, ઉદાસીનતા આપનારો છે, ભયજનક છે કે સ્નેહજનક છે, આશાસ્પદ છે કે નિરાશાજનક છે. આવા બધા જે ભાવો જાગૃત થતાં હોય તેમાં જે ટાઈમ આપણે ધારતા હોઈએ એનાથી જરાપણ ટાઈમ વધુ લાગે એટલે તરત આપણા ઉદ્વેગનું રૂપ ચિંતા લઈ લે. *ઓટોનોમસ્ સિસ્ટમ્* છે એટલે સ્વયંચાલિત વ્યવસ્થા આપણા શરીરની અંદરની કોઈક વિષયોની સાથે આવા આકર્ષણ-અપકર્ષણ, સ્નેહ-ભય, ઉત્તેજના-ઉદાસીનતા વગેરેની આપ-લેમાં સમ્મિલિત થતી હોય છે. સ્વયંચાલિત વ્યવસ્થાથી આમ થતું રહે છે, એના પછી બીજી *સિમ્પથેટિક્ સિસ્ટમ્* તે શું કરે? એટલે તેને કારણે ક્યાંક બહુ મોટો ધડાકો થયો તો આપણને ભાગવાની ક્રિયા ચાલુ રહે કોઈ સુમધુર ધ્વનિ સંભળાય તો તે દિશામાં આગળ ચાલવાની ક્રિયા સતત થતી રહે. બહુ સુંદર એક શ્લોક ઠાકોરજીના વેણુવાદનમાટે કહેવામાં આવ્યો છે :

> ''સર્વપ્રવાહ સર્વત્ર સ્વાનુકૂલ્યેન કર્ષતિ।
> વેણુગીતપ્રવાહસ્તુ પ્રાતિકુલ્યેન કર્ષતિ॥''

બધા જ પ્રવાહો પોતાની દિશામાં પ્રવાહમાં તણાતી વ્યક્તિ કે વસ્તુ ને ઢસડી જતા હોય છે. વેણુગીતનો, પરન્તુ, પ્રવાહ વિરુદ્ધ દિશામાં લઈ જતો હોય છે. એટલે જે સાંભળનાર પ્રવાહની દિશાથી વિપરીત તેના ઉદ્ગમની દિશામાં સતત ઘસડાઈ જતો હોય છે! એ *સિમ્પથેટિક્ સિસ્ટમ્*ના કારણે ઉત્પન્ન થતી આપણા શરીરની

વ્યવસ્થા છે.

જે કામ શરીરથી સ્વયંસ્ફૂર્ત થઈ જાય તેને *સિમ્પથેટિક્* વ્યવસ્થાના કારણે આપણે ચાલુ રાખવા કે બંધ કરવા માગીએ છીએ. શરીરમાં જે ક્રિયા સ્વયંસ્ફૂર્ત રીતે થઈ હોય તેના અનુસંધાનમાં શરીર પાછું એક ત્રાજવાની માફક માપતોળ કરવા મંડે. તોલીને નક્કી કરે કે જે સ્વયંસ્ફૂર્ત પ્રતિક્રિયા થઈ તેમાંથી કોને ચાલવા દેવી? કોને ન ચાલવા દેવી? જેને ચાલવા દેવું હોય તેને ચાલવા દે અથવા જેને ન ચાલવા દેવું તેના માટે તરત *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* પણ શરીરમાં કામ કરતી થાય છે. આને કારણે આપણને ચાલતી કે બંધ કરાવાતી સ્વયંસ્ફૂર્ત પ્રતિક્રિયાઓના પ્રયોજન કે ઔચિત્ય કે અનૌચિત્ય નું પૃથક્કરણ થવા મંડે.

એટલે *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્*ને કારણે આપણને કાં તો ચિંતન માટે બાધિત થવું પડે છે, કાં તો ચિંતા માટે બાધિત થવું પડે. કાં તો ઉદ્વેગના થાકને કારણે આપણને ઊંઘ આવી જતી હોય છે. જેમ શાહમૃગનું બહુ પ્રસિદ્ધ ઉદાહરણ છે કે શાહમૃગની પાછળ શિકારી દોડે તો શાહમૃગ પણ ઘણું દોડે. જ્યારે એ દોડી ન શકે એટલે રણની રેતીમાં પોતાનું ડોકીયું ઘાલી દે અને એને શિકારી દેખાતો બંધ થાય એટલે એ સમજે કે ચાલો હવે દેખાતું નથી એટલે ''જગત્ સર્વં મિથ્યા'' એટલે મોટા ભાગના શાહમૃગો તેવી જ રીતે પકડાઈ જતાં હોય છે. એ નિર્ણય લે છે અને જ્યારે ભાગી રહ્યો છે ત્યારે એને લાગે છે કે હું ભાગી નથી શકતો તે વખતે *પેરા-સિમ્પથેટિક્ સિસ્ટમ્* એને કોઈક સુઝાવ આપે છે કે લ્યો ત્યારે આમ કરો અને એ જ્યારે તેમ કરવા જાય છે ત્યારે એને કાંઈક સારાં કે નરસાં પરિણામો આવી જતાં હોય છે. ચિંતન કે ચિંતા કે સમાધિ કે કોઈ બીજા *પોઝેટિવ્* કામમાં જોડાઈ જઈએ, કોઈ કલાકૃતિના સૃજનમાં જોડાઈ જઈએ,

કોઈક શાસ્ત્રીય સાધનાઓમાં જોડાઈ જઈએ, કોઈક ક્રિયાઓમાં જોડાઈ જઈએ તો તે ક્રિયામાં જો આપણને ક્રિયાસમાધિ લાગે, જ્ઞાનસમાધિ લાગે, તપઃસમાધિ લાગે, સંન્યાસસમાધિ લાગે, ત્યાગસમાધિ લાગે, કર્મસમાધિ લાગે તો આવી જે સક્રિય સમાધિ છે તેના કારણે ચિંતા ઉપર ઘણી વખતે કાબુ આવી જતો હોય છે. જેમ લોકો રમવા બેસી જાય કે ફરવા નીકળી જાય તે દરમ્યાનમાં બધુંય ભૂલાઈ જાય.

આપણા ભારતની બહુ પ્રસિદ્ધ ઘટના છે વિઠ્ઠલભાઈ પટેલ કોર્ટમાં વકીલાત કરી રહ્યા હતા અને એમના પત્ની ચાલ્યાં ગયા. એમને જે તાર આવ્યો તે તાર ગજવામાં મૂક્યો અને *આર્ગ્યુમેન્ટ્* ચાલુ રાખી. આપણને લાગે કે આવું કેવી રીતે થઈ શકે? આપણને લાગે કે એક જ કારણ હશે કે તેઓ પત્નીને ચાહતા જ નહીં હોય. એવું નહોતું, બિચારા એ ચાહતા હશે પણ એ વકાલતનું જે કામ કરી રહ્યા હતા એમાં કર્મસમાધિ એવી હતી કે તે વખતે એ કશું સાંભળવા, વિચલિત થવા તૈયાર નહોતા. તેથી ઉદ્વેગ ચિંતામાં નહોતો ફેરવાઈ ગયો. એવી કર્મસમાધિઓ આપણને લાગતી હોય છે.

ઘણી વખતે તમે *એરોપ્લન્‌ના એક્સિડેન્ટ્*માં પણ પાયલોટોની બાબતમાં એવું વાચ્યું હશે કે આખું પ્લેન બળી રહ્યું હતું, પાયલોટના પગ, કમર સુધી આગ આવી ગઈ હતી, તે છતાંય પાયલોટે બહુ કાળજીપૂર્વક પ્લેનને જમીન ઉપર ઉતારી દીધું. કેવી રીતે ઉતારી શકે? શું એને આગ ગરમ નહિ લાગતી હોય શું આપણને જ ગરમ લાગે છે? જો એનું અડધું શરીર બળતું હોય તો એને શું તકલીફ નહિ થતી હોય? એને ઉદ્વેગ નથી થતો? એક વાત ધ્યાનથી સમજો એને દુઃખ, ત્રાસ, ઉદ્વેગ થતો જ હશે પણ એ *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્* ઉપર વિચલિત નથી થતો કેમકે એને

પોતાની *ડ્યુટી*ની, જૉબની સમાધિ એવી લાગેલી હશે.

આપણી ભીતર એક ખોટી ભ્રમણા ભરાઈ ગઈ કે આમ મુદ્રા કરીને બેસે, આંખ મીંચે, શ્વાસ રોકે તો જ સમાધિ લાગતી હોય છે. એ પણ સમાધિ છે એવું નથી કે એ સમાધિ નથી, પણ સમાધિનું એ જ રૂપ નથી સમાધિના ઘણા બધા રૂપ હોઈ શકે છે. ક્રીડાસમાધિ હોઈ શકે છે, યુદ્ધસમાધિ હોઈ શકે, પોતાની જોબની સમાધિ હોઈ શકે, ભક્તિની સમાધિ હોઈ શકે, સાધનાની સમાધિ હોઈ શકે. આ જે સમાધિઓ છે એ લગભગ એવો જ પ્રભાવ આપણા શરીરઉપર પાડતી હોય છે જેવો પ્રભાવ નિદ્રા પાડી શકે. એક વખતે *કામ્ એન્ડ્ ક્વાએટ્ સ્લીપ્* તમને આવી જાય, વધારે તકલીફ થતી હોય તો આપણને ઊંઘની ગોળીઓ ખાઈને પણ ઊંઘ લાવી શકીયે અને આવી જાય તો બીજે દિવસે આપણને સ્વસ્થતા લાગે, ઓપરેશન કર્યા પછી ડોક્ટર જો આપણને ગોળીઓ આપી દે, ઊંઘવાના ઇંજેક્શન આપી દે તો એ ઓપરેશન જેવી સર્જરીનું પણ કષ્ટ આપણે બે-ત્રણ ઊંઘમાં વિતાવી શકીએ છીએ. જો જાગૃત રહીએ તો ઉદ્વેગ તો થશે. પણ એ ઉદ્વેગની સાથે સાથે પછી ચિંતા થવા મંડે, જો આપણને સરખી સમજ ન હોય તો. *અલ્ટિમેટલી* આ ઓપરેશન થયા પછી જે આપણો સડેલો ભાગ કાઢવામાં આવ્યો તેના પછી મારું જીવન લંબાઈ રહ્યું છે, પણ એ લંબાય ક્યારે કે જો તમે ચિંતા ન કરો તો. એ *પેઈન્*ની ચિંતા તમે કરવા મંડો તો *પેઈન્* તો થશે જ. ઓપરેશન તમે કરાવ્યું છે તો એવું તમે નહિ સમજશો કે કોઈ ઓપરેશન પીડા વગરનું હોય. લાભશંકરભાઈના દાંતની માફક ઓપરેશન થાય અને આ દાંત તોડ્યો, પેલો દાંત તોડ્યો અને બોખા થઈને બેસી ગયા. કોઈ આધુનિક *એલોપેથીનું આપેરેશન્* એવું સરળ નથી હોતું. એ જે વખતે *એનેસ્થેસિયા* આપીને (*લોકલ્* કે પૂરો) થોડીક વાર તમને બેહોશ કરે છે, પણ જ્યારે હોશ આવે ત્યારે ભયંકર પીડા

થતી જ હોય છે જ્યારે એ પીડાને તમે સાંખવા માટેની કોઈ *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્* ઉભી નથી કરી શકતા.

એ સિસ્ટમ્ ક્યાંથી ઉભી થશે? તમારા વિશ્વાસથી કે ડોક્ટરે જે અંગ મારું કાપ્યું છે એનાથી મારું જીવન લંબાવવાનું છે. મારું મૃત્યુ ટળી ગયું, એવો જો તમારામાં દઢતર વિશ્વાસ હોય તો તમારી કદી પીડા ચિંતામાં નહીં પરિણમે. જ્યારે એ પીડાની સાથે આપણો વિશ્વાસ ખોરવાઈ જતો હોય છે કે હવે હું બચીશ કે મરીશ? આટલું બધુ દુઃખ થઈ રહ્યું છે, આટલી બધી પીડા થઈ રહી છે. તો બસ ચિંતાએ એનું સ્થાન લઈ લીધું. આ ખુલાસાથી તમને ચિંતા અને કષ્ટ અથવા ચિંતા અને ઉદ્‌વેગ અથવા ચિંતા અને દુઃખનું મૂળ તાર્તમ્ય સમજાયું હોવું જોઈએ. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, માત્સર્ય ના ઉદાહરણથી પણ તમને કાલે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મહાપ્રભુજી એમ નથી કહેતા આપણને કે તમે પથ્થર જેવા થઈ જાઓ, જેમ મહાવીરની કાલે તમને કથા સંભળાવી કે એમને કાંટા કાનમાં ભોંકી દીધા તોય એમને ખ્યાલ ન આવ્યો. સમાધિ લાગી જાય તો એ બહુ સારી વસ્તુ છે. મહાપ્રભુજી પણ એનો ઈન્કાર નથી કરતા પણ મહાપ્રભુજી હાલ તબક્કે એવી તમારાથી અપેક્ષા નથી રાખી રહ્યા કે આવી સમાધિ લગાવી લો, મહાપ્રભુજી તમારાથી એ અપેક્ષા ચોક્કસ રાખે છે કે પ્રભુમાં એવો એક વિશ્વાસ કેળવો કે જે વિશ્વાસને કારણે તમારી *પેરા-સિમ્પથૅટિક્ સિસ્ટમ્ વર્કિંગ્ ઓર્ડર્*માં આવે, અને ચિંતાને ઠેકાણે તમને ચિંતન કરતી કરે.

એ ચિંતન તમે કરશો તો તમને જે કાંઈ પીડા થઈ રહી હશે એના ઉપર ઓપરેશન કરેલો દર્દી જેમ કાબુ મેળવી શકે છે તેમ તમે પણ કાબુ મેળવી શકો...કાંઈક ઓપરેશન કર્યા પછી તરત જ દર્દ મટી નથી જતું પાંચ દશ દિવસ, મહિના દિવસ સુધી પણ ચાલી શકે છે, પણ એ પીડા પાંચ-દસ જેટલા દિવસ મારે સાંખવાની છે, તે હું સાંખી લઈશ. અંતે હું સાજો થવાનો છું..

"ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્"

જો તમારો વિશ્વાસ દઢ હોય તો તમને જીવનમાં અનુભવાતી કોઈ પણ ક્લેશની અનુભૂતિ, કોઈપણ ત્રાસની અનુભૂતિ, કોઈપણ પીડાની અનુભૂતિ ચિંતામાં નહિ પલટાઈ જાય.

પરમાત્મામાં જીવન જીવવાનો આત્માનો અભિગમ :-

આવો વિશ્વાસ જો તમારો ખોવાઈ ગયો તો પછી તમે ચિંતન જ એવું કરશો કે જેમાંથી પાછું કષ્ટ ઉદ્‌ભવી શકે છે. ચિંતા એ નથી વિષયાસક્તિ, ચિંતા એ નથી વિષયવિરક્તિ, ચિંતા એ પરમાત્માની અનુભૂતિ પણ નથી, કેમકે પરમાત્માની અનુભૂતિ કરતા હશો અને સાથે ચિંતા કરતા હશો તો પાછો કાંઈક લોચો થવાનો સંભવ છે. ચિંતા એ પરમેશ્વરનું આરાધન પણ નથી પણ ચિંતન એ જીવાત્માનો પરમાત્મામાં જીવવાનો એક અભિગમ છે કે હું પરમાત્મામાં જીવી રહ્યો છું, જેમ એક દર્દી જેનું ઓપરેશન થયું હોય તે "હું ડૉકટરની *ટ્રીટમેન્ટ્*માં જીવી રહ્યો છું. હવે મારો રોગ મટી ગયો છે અને હું સાજો થવાનો છું." એવી *અન્ડર્-ટ્રીટમેન્ટ્*માં જીવવાની જેવી અનુભૂતિ છે. એ જીવનની જીવવાની પ્રણાલી છે. હોસ્પિટલમાં રહીને તે જીવનની પ્રણાલી એની પીડાને ચિંતામાં વિકૃત નથી થવા દેતી. એવી જ રીતે હું જીવાત્મા-પરમાત્માનો અંશ હોવાથી પરમાત્મામાં જીવી રહ્યો છું. બસ એ જીવનનો તમને અભિગમ કેળવાયો, ચિંતા દૂર થઈ જશે. એ અભિગમ તમારાથી ખોવાયો તો તમે ભક્તિ કરતા હશો તોય ચિંતા થશે, શરણાગતિ કરતા હશો તોય ચિંતા થશે અને સેવા કરતાં હશો તોય ચિંતા થશે. એક વાત ધ્યાનથી સમજો કે સેવા કરતાં ચિંતા ન થતી હોત તો અમે ગોસ્વામીઓ આટલા બધા શેઠિયાઓની ચાપલૂસી

શા માટે કરત? શ્રીનાથજી તો અમારા ઘરે બિરાજ્યો છે પછી અમારે આ લક્ષ્મીવાહનોની ચાપલૂસી કરવાની હોય! પણ ચિંતા થાય છે અમને કે શ્રીનાથજી તો બિરાજ્યો છે પણ હવે લક્ષ્મીવાહન જ્યાં સુધી અમને કાંઈ પૈસા ન આપે ત્યાં સુધી સેવાને નભાવીએ કેવી રીતે? એટલે પછી પહોંચાડો સમાધાન, પહોંચાડો બીડું, મોકલાવો સમાધાની, છાપો પેમ્પલેટ્ અને લલચાવો પાછો કે તમે આટલું આપશો તો તમારા નામની ‘‘જય શ્રીકૃષ્ણ’’ આરસની તખ્તીમાં કોતરાવી દઈશું. તમે આટલા નાણા આપો તમારું નામ છાપામાં આવી જશે મુખ્યમનોરથી તરીકે. આ બધા આપણા લક્ષ્મીવાહનોને લલચાવવાના *ટ્રિક્ ઓફ્ ટ્રેડ્* છે. અમો શ્રીનાથજીના ભગતોને પણ ભક્તિની માર્કેટિંગ્માટે *ટ્રિક્ ઓફ્ ટ્રેડ્* વાપરવી પડતી હોય છે. સેવા કરતા-કરતા જ વાપરીએ છીએ તેથી આ વાત પ્રમાણિત થાય છે કે સેવાથી ચિંતાનું નિરાકરણ થઈ શકતું નથી. જો સેવાથી ચિંતાનું નિરાકરણ થઈ શકતું હોત તો અમને આ *ટ્રિક્ ઓફ્ ટ્રેડ* વાપરવાની જરૂર જ ન પડે. અમે તો લક્ષ્મીનાથ, લક્ષ્મી=શ્રીના નાથની સેવા કરીજ રહ્યા હોઈએ ત્યારે લક્ષ્મીના વાહનોની ઉપાસના શામાટે કરવાની હોય! કરવી પડે છે કેમકે ચિંતા થાય છે. સેવાથી ચિંતાનું નિરાકરણ થતું નથી. ભૂલે-ચૂકે આપણા હૃદયમાં એ સેવા કરતી વખતે પ્રભુની ભક્તિ ખીલી જાય તો ચિંતા ટકી શકતી નથી અને ચિંતા ટકે તો ભક્તિ ટકી શકતી નથી. ચિંતા અને ભક્તિ નો એવો *કોન્ટ્રાડિક્ટરી નેચર્* છે. આમ નવરત્નનો બોધપાઠ સમજમાં આવશે.

નવરત્નમાં ઉપદિષ્ટ ચિંતનનાં પ્રકારોને પેટેંટ્ મેડિસિન્ માની લેવી નહિ :

અને સહુથી મુખ્ય મુદ્દાની વાત એ છે કે... કોણ જાણે અતિશયોક્તિ કરી રહ્યો છું કે નહીં એ મને ખ્યાલ નથી પણ મને એવું લાગે છે કે *નાઈન્ટી નાઈન પોઈન્ટ્ નાઈન પર્સન્ટ્* આપણને એક એવી ગેરસમજ ફેલાઈ ગઈ છે કે નવરત્નમાં જે કાંઈ ઉપાયો વર્ણવામાં આવ્યા છે તે ઉપાયો બસ *એબ્સૉલ્યુટ્* ઉપાયો છે. *એબ્સૉલ્યુટ્* ઉપાયો એટલે શું? જેમ *પેટેન્ટ્* ઔષધિ હોયને એટલે માથામાં દુખાવો થયો ક્રોસીન ખાઓ મટી જાય. માથાનો દુખાવો થતાં ક્રોસીન ખાવાથી દુ:ખ મટતું હોય છે. માથાનો દુ:ખાવો મટતો હોય છે પણ કઈ જાતના માથાના દુખાવાને ક્રોસીન મટાડી શકે છે અને કઈ જાતનાને નથી મટાડી શકતી એના પણ પાછા કાંઈક વિવેક છે. ધારોકે માથામાં કેન્સરનું ગુમડું થયું ને તમે એક નહીં સો ક્રોસીન ખાઓ, કશો દહાડો નથી વળવાનો. એતો *પેઈન્* થવાનું જ છે. એક વાત સમજો ક્રોસીન ખાઈને માથામાં કોઈ દંડો મારી જાય તો ક્રોસીન ખાવાથી દંડાની પીડા દૂર થાય? ન થાય, એટલે આવી *પેટેન્ટ્* ઔષધિ ઘણી બધી હોય છે. પણ એ *પેટેન્ટ્* ઔષધિની કોઈક એક મર્યાદા છે જે મર્યાદામાં *પેટેન્ટ્* ઔષધિઓ પીડાને મટાડતી હોય છે. નવરત્નમાં જે-જે ચિંતન ઉપદેશ તરીકે આપવામાં આવ્યા છે તે *પેટેન્ટ્* ઔષધિ નથી. જે ચિંતા તમને થઈ રહી છે તે ચિંતા તમને થતી હોય તો આ ચિંતન એનો ઉપાય છે, ઔષધિ છે. એનો તમે સિદ્ધાન્ત *પેટેન્ટ્* માફક પકડીને ચાલશો તો લાભ નહિ થાય. એક સામાન્ય તમને દાખલો આપું કે **‘‘નિવેદને ચિન્તા ત્યાજ્યા’’** આ મહાપ્રભુજીનો પ્રમુખ સિદ્ધાન્ત હોય તો પતી ગઈને વાત બ્રહ્મસંબંધ લેવું શા માટે? **‘‘વિનિયોગેऽપિ સા ત્યાજ્યા’’** તો પછી સેવાની ભાંજગડમાં પડવું શામાટે? **‘‘સમર્થો હિ હરિ: સ્વત:’’** તો શરણમંત્રની કંઠી પણ શામાટે લેવી? સમર્થ હરિ તો સ્વત: બધું જાણે જ છે એટલે **‘‘સૈંયા ભયે કોતવાલ અબ ડર કાહેકા!’’**

તો આવી જાતનાં નવરત્નમાં કહેલા જે ઉપદેશો છે એ ઉપદેશોને જો આપણે *પેટેન્ટ્* ઔષધિની માફક જો લેવા મંડીશું તો એ રોગ પેદા કરનારી કે વધારનારી થશે, રોગનિવારક નહીં થાય. તેથી અતિશય કાળજી રાખો આ બાબતની કે મહાપ્રભુજી જે ચિંતાને નિવારણ કરવા માટે જે ચિંતન કહી રહ્યા છે નવરત્નમાં, તે તે ચિંતા

માટે જ છે, બીજી *સિચ્યુએશન્*માં એ લાગુ નથી થતું. એટલે તમને જો આ ચિંતા ન થતી હોય તો ખોટી ધાંધલ કરવાની જરૂરીયાત નથી કે વિનિયોગ કરવાની કાંઈ આવશ્યકતા નથી. છોકરા છૈયાઓ જ્યાં જતા હોય, ભાડમાં જવા દો બધાને. આપણે તો નિવેદન કરી દીધું છે ને, અરે! એવું કેવી રીતે ચાલે? ધંધામાં ચલાવશો આવું? ધંધામાં આવું નથી ચલાવતા, તમારો છોકરો ધંધા ઉપર ન બેસે તમારા પેટનું પાણી હાલી જતું હોય છે. તમારો છોકરો જો સ્કૂલમાં ભણવા ન જાય, રખડપટ્ટી કરે તો તમારા પેટનું પાણી હાલી જશે. પણ સેવામાં ન આવે તો એ દૈવી જીવ નહીં હોય, આસુરી જીવ હશે. આપણે શું કરી શકીએ એમાં ન આવે તો? પ્રભુ સર્વસમર્થ છે. પ્રભુને સેવા લેવી હશે તો લેશે નહીં લેવી હોય તો નહીં લે. એમાં જીવ શું કરી શકે? જીવ તો અસમર્થ છે, આ સિદ્ધાન્ત અહીંયાં નહિ વાપરી કાઢવો? અહીંયાં વાપરવા માટેનો આ સિદ્ધાન્ત નથી ભાઈસાબ! તમે ખોટું સમજી ગયા *પેટેન્ટ્ મેડીસિન્*ને તમે સમજ્યા વિના ખાઈ રહ્યા છો. આવી જાતની *મેડીસિન્* નથી. પહેલાં નિદાન બરાબર કરો કે રોગ કયો છે પછી દવા કઈ સારી સમજાશે. પહેલાં સમજો કે કઈ જાતની ચિંતા થઈ રહી છે. તે *પર્ટિક્યુલર* ચિંતાનું નિવારણ કરવા માટે મહાપ્રભુજીએ ક્યા જાતનું ચિંતન સમજાવ્યું છે? તે ચિંતન તે ચિંતાના નિવારણ માટે જ ઉપયોગી છે, સર્વ સ્થિતિઓમાં તે ચિંતન ઉપયોગી થતું નથી. એટલે એ ઉપાયને ન અનુસરવામાં આપણે મહાપ્રભુજીનો કોઈ અપરાધ નથી કરી રહ્યા. કેમકે અહીંયા ટીકાકારે પણ એવા જ પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે કે તો પછી સ્વચ્છંદ વ્યવહાર થઈ જશે. લોકો પછી મન ફાવે તેમ કરશે. કેમકે ચિંતા તો કોઈ કરવાની જ નથી. અરે, પણ એક વાત ધ્યાનથી સમજો કે ચિંતા ક્યાં નથી કરવાની, એ કઈ ચિંતા નથી કરવાની એ ક્યા ચિંતનના સંદર્ભમાં કહેવામાં આવી રહી છે ને ક્યા જાતનો તમને ઉદ્વેગ થઈ રહ્યો છે. ક્યા ઉદ્વેગને કારણે તમને કઈ ચિંતા થઈ રહી છે? તે ચિંતાનો ક્યા ચિંતનથી નિરાકરણ કરવું એ બધાની કાળજી લ્યો. જેમ હોમિઓપેથીમાં *સિમ્ટમ્* મેળવવાથી ઔષધિ લેવાય તેવી રીતે *સિમ્ટમ્* મેળવ્યા વિના ઔષધિ લીધે રાખશો તો નહીં મરતા હોવ તોય મરી જશો પુષ્ટિમાર્ગમાં. એટલે નવરત્ન અતિશય ગજબનો ગ્રન્થ છે પણ એવું નથી કે "**દંડેન ગોગર્દભૌ**" એટલે કે એક દંડો હાથે ચઢી ગયો પછી ગાય કે ગધેડા બધા ઢોરોને હાંકે રાખો!

આમાનાં કોઈપણ ઉપદેશ, દરેકે-દરેક ઠેકાણે લાગુ કરવામાટે નથી. કેમકે એ વાત તો નિદાન ઉપર નિર્ભર થશે. જો તમે એમ કહો કે મહાપ્રભુજીએ ઉપદેશ આપ્યો છે અને દરેક કેસમાં એને લાગુ કરીશું જ તો એની સચ્ચાઈ પછી ક્યારે પરખાય કે તમારો છોકરો ભણતો ન હોય તો "**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્**"એને કોઈ છોકરી ન આપતું હોય તો "**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્**" જુગાર રમવા જતો હોય કોઈ વાંધો નહિ, "**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્**" પોલીસ પકડીને લઈ જાય ઘૂસ આપવામાટે પૈસા ન હોય તો "**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્**"પોલીસે ત્યાં ચોકીમાં ખૂબ પીટાઈ કરી એની તોય "**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્**" એમ કહી-માનીને દેખાડી શકતા હોવ તો વાત સાચી. જો આવું કરીને દેખાડો તો ખરેખર "**ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્**" ઉપદેશના તમે સાચા અધિકારી!

સિદ્ધાન્ત તમને સમજમાં આવી ગયો પણ જો તમે વકીલના ચક્કરમાં રહો, જો તમે એને છોડાવવા જાવ, જો તમે એની જામીન આપવા જાવ તો ભગવાન્ ક્યાં કરી રહ્યો છે યાર! તમે કરી રહ્યા છો. વાતને સરખી રીતે કેમ નથી સમજતા? ગતિનો *કન્ટ્રોલ્* તમે કરી રહ્યા છો. ભગવાન્ ઉપર તમે છોડી ક્યાં રહ્યા છો? તો જેમ આ લૌકિક વિષયમાં તમે ભગવાન્ ઉપર નથી છોડતા

તેમ ભક્તિના વિષયમાં પણ ખોટી રીતે ભગવાન્ ઉપર દરેક જવાબદારી નાખી નહીં દેતા. એ તો જે ચિંતા થતી હોય તે ચિંતાના નિવારણ માટે કોઈક ચિંતન આવું કરવામાટે કહેવામાં આવ્યું છે કે **“ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્”**.

“નિવેદનં તુ સ્મર્તવ્યં” જે કહેવામાં આવ્યું છે તે તો આપણે બીમાર થઈ ગયા હવે આપણે કહીએ કે મહાપ્રભુજીએ કહી દીધું છે કે **“નિવેદનં તુ સ્મર્તવ્યં”** ડોક્ટર પાસે જશો જ નહિ. અને બહુ વધારે જોશ આવી ગયું તો, **“સર્વથા તાદૃશૈર્ જનૈઃ”** ડોક્ટર પાસે નહીં જ જવું, તાદૃશી જન પાસે જઈને નિવેદનના અર્થનો વિચાર કરીશું કે આ દારા, આગાર, પુત્ર, દેહ, બધુ પ્રભુને સમર્પિત કર્યાં છે. અને બીમાર પડી ગયો છે તો પ્રભુની જવાબદારી છે હવે આપણે શું કરી શકીએ. કરો છો આવું? નથી કરતા, ડોક્ટર પાસે જાઓ છો. બધી જાતની સારવાર લેવાનો પ્રયાસ કરો છો. તો જ્યારે આ બાબતમાં તમે ભગવાન્ **“નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્ જનૈઃ”** નથી કરતા ત્યારે તમને આ ચિંતા જો ન થતી હોય તો આ ચિંતન કરવાની જરૂરત જ નથી. એ વાત તમારે સ્પષ્ટ રીતે સમજવી જોઈએ. એટલે જેટલા ચિંતન અહીંયા ઉપાયરૂપે, ચિકિત્સારૂપે વર્ણવવામાં આવેલા છે તે કોઈક જાતના ચિંતાના રોગના ઉપાય રૂપે છે. દવા એક જુદી વસ્તુ છે, સ્વસ્થ ખોરાક એક જુદી વસ્તુ છે. પથ્ય એક જુદી વસ્તુ છે. સ્વસ્થ ખોરાક એટલે શું? કે જે ખોરાક લેતા આપણે માંદા ન પડીએ, જે ખોરાક લેતા આપણને કમજોરી ન આવે, અશક્તિ ન આવે તેનું નામ સ્વસ્થ ખોરાક. પથ્ય એટલે શું? કે કોઈ દવાને જે ખોરાક માફક આવતો હોય જે રોગમાં તેવો જ ખોરાક લેવો બીજા બધા ન લેવા. જેમ ઝાડા થઈ ગયા અને તમે કહો કે ઢોકળા ખાશું, ફાફડા ખાશું, બાસુંદી ખાશું, રબડી ખાશું, કેમકે દવા તો લઈ જ રહ્યા છીએ. અરે પણ દવા લઈ રહ્યા છો એ હેતુ નથી

કે તમે રબડી ખાઓ, ઢોકળા ખાઓ. કેમકે ઝાડા થઈ ગયા છે તો તે વખતે તમારે કાંઈ પથ્ય લેવાનું હોય છે. દહીં-ભાત લો, ખીચડી લો, છાશ લો એવું કાંઈક લો. તો પથ્ય એક જુદા ખોરાકની *કેટેગરી* છે. સ્વસ્થ ખોરાક એક જુદી *કેટેગરી* છે. અને પછી દવાના અનુપાતમાં હવે *વિફ્સ્ ફોર્મુલા ફોર્ટીફોર્સ્ની* આપણે પાંચ છ શીશી રાખીએ, છીંક આવી *વિફ્સ્ ફોર્મ્યુલા ફોર્ટીફોર્*, શરદી થઈ *વિફ્સ્ ફોર્મ્યુલા ફોર્ટીફોર્*, રસ્તા ચાલતા તરસ લાગી *વિફ્સ્ ફોર્મ્યુલા ફોર્ટીફોર્* ગાંડા થઈ જશો મરી જશો. **“લાંબા સાથે ટૂંકો જાય મરે નહીં તો માંદો થાય.”**

આ *વિફ્સ્ ફોર્મ્યુલા ફોર્ટીફોર્* દરેક ઠેકાણે લાગુ પાડવાની ન હોય એ વાત તમે ધ્યાનથી સમજો. *વિફ્સ્ ફોર્મ્યુલા ફોર્ટીફોર્*ને લેવાનો કાંઈક અનુપાત હોય છે, એને કાંઈ આવી રીતે ન લેવાય, ચ્યવનપ્રાશ લઈ આવ્યા બોલે કેટલુ ખાધું, એક બે સેર ચ્યવનપ્રાશ ખાઈ ગયા. મરી જશો. એક બે સેર ચ્યવનપ્રાશ ખાવાનું હોય! દવાને દવાના અનુપાતમાં લેવાની હોય, પથ્યને પથ્ય રીતે લેવાનું હોય, સ્વસ્થ ખોરાકને સ્વસ્થ ખોરાક રીતે લેવાનો હોય તેમાં પછી થોડા ઘણા જે *ફ્લક્ચ્યુએશન્* આવશે તે તમારું જીવન સંભાળી લેશે. સ્વસ્થ ખોરાક લેતા થોડાક કાંઈ *ફ્લક્ચ્યુએશન્* આવ્યા કે આજે આ વાનગી મને વધારે ગમી ગઈ ચાર ખાવી જોઈતી હતી છ ખવાઈ ગઈ કે આઠ ખવાઈ ગઈ આ *ફ્લક્ચ્યુએશન્* છે. પેટ ભારે થઈ જશે, બીજે દિવસે રાતના નહીં ખાઓ પાછું સારું થઈ જશે. આવા બધા *ફ્લક્ચ્યુએશન્*ની કાળજી લેવા માટે આપણા શરીરમાં બધી વ્યવસ્થા ગોઠવાયેલી જ છે. પણ આવી વ્યવસ્થાને રદબાતલ કરનારા ઉપદ્રવો જો તમે કરવા માંડો કે પથ્યને તમે ખોરાકની માફક ખાઓ, ખોરાકને તમે દવાની માફક ખાઓ, દવાને તમે ખોરાકની માફક ખાઓ પછીતો મરવાનું મરવાનું અને મરવાનું જ. એટલે નવરત્ન જે છે એના ઉપદેશો સાવધાનીથી સમજો કે કોઈક

માંદગીના એ ઔષધિના રૂપે વર્ણવવામાં આવેલા ચિંતન છે.

એ દરેક પરિસ્થિતિમાં લાગુ કરવાના ચિંતન નથી. એ ચિંતાની માંદગી જેવી પરિસ્થિતિ, ઉદ્વેગથી પેદા થઈ છે અથવા જે ઉદ્વેગને પેદા કરનારી છે અથવા ઉદ્વેગરૂપા એ ચિંતા છે. તેના ઉપાયરૂપે ક્યા ચિંતનથી મટી શકે છે તે ઉપાયો મહાપ્રભુજી એ નવરત્નમાં વર્ણવ્યા છે. તેને દરેક ઠેકાણે લાગુ કરવાની જરૂરત નથી.

ભગવાન્‌ની બાબતમાં નિશ્ચિંત નથી થવાનું :

જેમ ઠાકોરજીને સરકાર લઈ ગઈ, ભગવાન્ છે **“કર્તું અકર્તું સમર્થો હિ હરિઃ સ્વતઃ નિજેચ્છાતઃ કરિષ્યતિ”**મારે માથે બિરાજવું હોય તો મારે માથે બિરાજે. ટ્રસ્ટીઓના માથે બિરાજવું હોય તો ટ્રસ્ટીઓના માથે બિરાજે, સરકારના માથે બિરાજવું હોય તો સરકારના માથે બિરાજે, મ્યુઝિયમમાં બિરાજવું હોય તો મ્યુઝિયમમાં બિરાજે. ભગવાન્ તો કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તું સમર્થ છે. આવો જો નિશ્ચિંતતાનો ભાવ તમે રાખતા હોવ તો તમે પ્રવાહી જીવ હોવ કે ન હોવ પણ નિશ્ચિત આસુરાવેશી જીવ તો છો જ. ભગવાન્ તમારે ઘેર બિરાજતા હોય એમની બાબતમાં તમે નિશ્ચિંત થયા કેવી રીતે? આમ જે ચિંતાઓને નિવૃત કરવાનાં ચિંતનનાં જે વિવિધ ઉપદેશ અપાયા છે એ કોઈ પરિસ્થિતિને અનુલક્ષીને આપવામાં આવ્યા છે. તેમની યોગ્ય પરિસ્થિતિમાં સોએ સો ટકા અસર સાચી પણ એને જ્યારે બીજી પરિસ્થિતિમાં વિચાર્યા વિના તમે વાપરવા મંડશો તો આડઅસર ઉભી કરી શકે. દવાની બાટલી કોકાકોલાની માફક પીવા માંડીએ, બાટલીની બાટલી ચઢાવે રાખો, પછી સત્યાનાશ જ થશે. એમ નવરત્નના ઉપદેશ સાથે એ પણ એક કાળજી લેવી બહુ જરૂરી છે. જો નવરત્નને સાચા તાત્પર્યમાં સમજવું હોય તો.

પ્રશ્ન : આત્મનિર્ભરતામાં પણ કોઈ વસ્તુનો આરંભ હોય છે.

તો તે આત્મનિર્ભરતા અને આરંભ વચ્ચે *ડિફ્રેંસ્* શું?

જવાબ : આ વાતને સરખી રીતે સમજી લો. ખરી વાત છે, આત્મનિર્ભર થવામાં પણ કોઈકને કોઈક જાતનો આરંભ એટલે *ઈનિશિએટીવ્* આપણે લેતા હોઈએ છીએ. ચાલવામાં આપણે આંખને વાપરતા હોઈએ છીએ કે નથી વાપરતા હોતા? ચાલવામાં આપણે આંખને વાપરાતા હોઈએ છીએ તેથી આંખથી ચાલી રહ્યા છીએ એવું નથી કહેવાતું. ઘણી વસ્તુઓને આપણે જોવી હોય તો ચાલીને જોવી પડે છે. જેમ તમને પ્રવચન સાંભળવું છે તો અહીંયા ચાલીને આવવું પડ્યું કે નહિં? તેથી તમે પગથી સાંભળી રહ્યા છો એવું ન કહેવાય. એમ આત્મનિર્ભર થવામાં પણ કોઈક આરંભ રહેલો છે. પણ તેથી આરંભને આત્મનિર્ભરતા માં અંતર નથી એમ ન કહેવાય. કેમકે આત્મનિર્ભરતા કેળવ્યા પછી લેવાતો *ઈનિશિયેટીવ્* અને આત્મનિર્ભર થવા માટે લેવાતો *ઈનિશિયેટીવ્* બેઉ *ઈનિશિયેટીવ્*ના જુદા-જુદા કેસો છે.

પ્રશ્ન : બ્રહ્મસંબંધ લીધા પછી લગભગ વૈષ્ણવોની એવી સમજ હોય છે કે ઠાકોરજી અમારા પતિ અને અમે એની પત્ની. તો મહારાણીને મા તથા શ્રીજીને બાપ કઈ રીતે સમજવા?

જવાબ : સહુથી પહેલો મુદ્દો એ સમજો કે માણસ જ્યારે પણ કોઈક ભાષા બોલતો હોય ત્યારે તે ભાષામાં વપરાતા શબ્દોના જે સંદર્ભ હોય તે સંદર્ભોને આપણે પકડીને ચાલીએ તો પાછી ભાષા *મેકેનિકલ્* થઈ જશે, જીવંત નહીં રહે. આજે પણ કોમ્પ્યુટરને તમે ગુજરાતીમાંથી હિન્દીમાં કે ઈંગ્લીશમાંથી ગુજરાતીમાં તરજુમો કરવાનું કહો તો કોમ્પ્યુટર કરી શકે છે. પણ જે વાત કોમ્પ્યુટરને સમજમાં નથી આવતી તે, **“મારું માથું ચક્કર ખાઈ રહ્યું છે”** આ ગુજરાતીનું આપણે ઈંગ્લીશ કરીશું તો *“માય્ હેડ્ ઈઝ્ ઈટીંગ્ સર્કલ્”* એવું કમ્પ્યુટર કરી દે. કેમકે તમે એને બધાં *ઈક્વેશન્* બતાવી દીધાં કે મારું માથું એટલે *માય્ હેડ્* ચક્કર એટલે *સર્કલ્* ખાઈ રહ્યું છે

એટલે *ઈટીંગ્* હવે *માય્ હેર્ ઈઝ્ ઈટીંગ્ સર્કલ્*નો અર્થ અંગ્રેજીમાં શું? અને મારું માથું ચક્કર ખાઈ રહ્યું છે તેનો ગુજરાતીમાં અર્થ શું? એક જ છે? ફરક પડી ગયો કે નહીં, આવો ફરક પડી જતો હોય છે ભાષાના પ્રયોગમાં.'ચક્કર ખાવું' એ આપણા ગુજરાતી ભાષાની એક લાક્ષણિક વિશિષ્ટતા છે, અંગ્રેજીના *ઈટીંગ્ સર્કલ્*વાક્યમાં એ વાત નથી અભિવ્યક્ત થતી. તો એથી કોમ્પ્યુટર આપણી ગુજરાતી ભાષાનો અનુવાદ નથી કરી શકતો જો અંગ્રેજીમાંથી ગુજરાતી કરવું હશે તો પણ કોમ્પ્યુટરને એજ *પ્રોબ્લેમ્* આવશે. કેમકે એમના જે કાંઈ પ્રયોગો હશે એ પાછા ગુજરાતીમાં *ટ્રાન્સલેટ્* નહીં થાય.

અમારા એક ભત્રીજા, કોઈક સ્કૂલમાં ભણતા હતા. એ જે સ્કૂલમાં ભણતા હતા તેમાં એક પાદરી હતો. તે દાદાજી પાસે ભણ્યો હતો. એક દિવસે તોફાન કરતા હતા કાંઈક, તો પેલા પાદરીએ એને કહ્યું કે તમે ગોસ્વામી? એમણે કહ્યું "હા ગોસ્વામી". તો "તમે ગોસ્વામી થઈને આવુ તોફાન કેમ કરો છો? હું ગોસ્વામીઓને જાણું છું". મારા દાદાજીનું નામ લીધું, મારું નામ લીધું ત્યારે મારા ભત્રીજાએ પાદરીને કહ્યું કે "હા..હા દીક્ષિતજી મહારાજ મારા *ગ્રેન્ડ્ ફાધર્* છે". *ગ્રેન્ડ્ ફાધર* એટલે અમારે ત્યાં 'તાતજી' કહેવાય તેનો અંગ્રેજી તરજુમો કરી દીધો! એ પાદરીએ મને *લેટર્* લખ્યો કે "*હિઅર્ ઈઝ્ અ બોય્ હુ ક્લેમ્સ ટુ બી યોર્ સન્ એન્ડ્ આઈ કન્સિડર્ ધેટ્ ઈઝ્ મોસ્ટ્ સ્કેન્ડલસ્ રૂમર્ અગેઈન્સ્ટ્ યુ*" મેં કહ્યું અરે! તે જ વરસોની આસપાસ મારા *મેરેજ્* થયા હતા અને આટલો મોટો મારો છોકરો કે કોલેજમાં ભણતો હોય અને તોફાન પણ કરતો હોય તો તો મોટો *સ્કેન્ડલ્* થઈ જ ગયોને! હુંએ ગભરાઈ ગયો! મેં કીધું આટલો મોટો દીકરો મારો થયો કેવી રીતે? હજી તો પરણ્યે મને બે વર્ષ થયાં! કોલેજમાં પાછો તોફાન કરે એટલો! હું પણ *નર્વસ્* થઈ ગયો. મે કીધું *બિગ સ્કેન્ડલ્* કોઈક લાગે છે. *આઈ એમ્ નોટ્ રિસ્પોન્સીબલ્ ફોર્ ધેટ* મેં પણ એને

કહી દીધું. પછી તપાસ કરતા ખબર પડી કે અચ્છા મારો ભત્રીજો છે. મેં એને પૂછ્યુ કે "એમ કેમ કહે છે?" તે બોલ્યો "તાતજી મહારાજ"નું અંગ્રેજીમાં *ટ્રાન્સલેશન્* શું કરવું? તાતજી મહારાજનું જો અંગ્રેજીમાં *ટ્રાન્સલેશન્ ગ્રેન્ડ્ ફાધર* થાય તો હું એનો બાપ થાઉં, અને બે વર્ષ મારે પરણે થયા હોય અને સોળ સત્તર વર્ષનો છોકરો કોલેજમાં ભણતો હોય તો *સ્કેન્ડલ્* થઈ જ ગયું કે નહીં! આવી બધી ભાષાની સમસ્યાઓ છે.

તેવી જ સમસ્યાઓ આપણને અહીંયા નડી રહી છે. કેમકે પતિ કહેતાં આપણે એક *રિજીડ કન્સેપ્ટ* બાંધી લીધો છે. વર્ણાગીમાં ગીત ગવાયને "ઘોડીએ ચઢીને આવ્યા કામણગારા વરરાજા." એમ આપણને લાગે કે ઠાકોરજી પણ એવા કોઈક ઘોડીએ ચડીને આવેલા વરરાજા હશે. એ અર્થમાં ઠાકોરજી પતિ નથી. પતિ એટલે "**પાતિ ઈતિ પતિ**" રક્ષણ કરે તેનું નામ પતિ, અને ભાષામાં જે રક્ષણ નથી કરી શકતો પોતે જ છોડીને ભાગી જાય તે પણ પતિ હોઈ શકે છે પરણેલો પતિ, એવાય હોઈ શકે છે હોં! એટલે એ પતિનો અર્થ અને આ પતિનો અર્થ એક સરખો નથી. આપણે 'ભૂપતિ' કહીએ, 'વાક્પતિ' કહીએ. તો વાક્પતિનો અર્થ પેલો કન્યાદાન લીધેલો પતિ નહીં, 'ધનપતિ' કહીએ તો એ ધનપતિનો અર્થ એવો નહીં કે ધન એમને કન્યાદાનમાં હસ્તમિલાપથી મળ્યું. ધનપતિનો અર્થ ધનનો જે માલિક હોય, ધનનું જે રક્ષણ કરતો હોય, ધનનો જે ઉપભોગ કરતો હોય તે ધનનો પતિ. એવી જ રીતે પરમાત્મા આપણા પતિ છે એ અર્થમાં નહીં કે એ પુરુષ છે અને આપણે સ્ત્રીઓ છીએ. પછી સાડી પહેરીએ અને બંગડી પહેરીએ! બિચારા પરમાત્માની ફજિયત કેમ કરો છો યાર! આ અર્થમાં ઠાકોરજી પતિ નથી. એ અર્થમાં યમુનાજી મા પણ નથી.

'મા'નો પણ કોઈક એક અર્થ થાય છે. જેનો કોમ્પ્યુટર

જેવો અર્થ કરવા જઈશુંને તો બહુ લોચા થશે. પિતાનો પણ એક અર્થ થાય છે, પતિનો પણ એક અર્થ થાય છે. આપણે બધા ગુજરાતી એટલે સરખી રીતે જાણીએ કે પરણેલાઓ પણ પોતાની *વાઈફ*ને ઘણી વખતે 'બેન' કહેતા હોય છે. ત્યાં બહેનનો અર્થ શું? મણીબેન આવ્યા, અરે ભઈ તું 'મણીબેન' કેમ કહે છે? એ પેલી સભ્યતાની એક પદ્ધતિ ચાલી ગઈ છે કે કોઈ પણ સ્ત્રીને 'બહેન' કહેવું *રિસ્પેક્ટ* આપવા માટે તો આપણી પત્નીને શા માટે અપમાનિત કરવી? એટલે પત્નીને પણ પાછા 'મણીબેન' જ કહેતા હોય મણીભાઈ. તો એ મણીભાઈની જે મણીબેન પત્ની છે એને 'બેન' જે કહેવાઈ રહ્યું છે તે બેનના એ અર્થમાં નહીં પણ *રિસ્પેક્ટ*ના અર્થમાં. બહેનને જેટલું *રિસ્પેક્ટ* આપવું એટલુ *વાઈફ*ને શા માટે ન આપવું એટલે મણીબેન. 'પતિ'ના, 'મા'ના અર્થો કાંઈક શારીરિક અર્થો છે, કાંઈક ભાવનાત્મક અર્થો છે, કાંઈક સામાજિક અર્થો છે. કાંઈક આધ્યાત્મિક અર્થો છે. તે પૈકી આધ્યાત્મિક અને આધિદૈવિક અર્થમાં પ્રભુ આપણા પતિ છે. યમુનાજી આપણી મા છે. આ શારીરિક અર્થમાં નથી પ્રભુ આપણા પતિ કે નથી યમુનાજી આપણા મા. એટલો ખુલાસો મને લાગે છે કે પર્યાપ્ત છે. છતાંય કોઈ સંદેહ હોય તો તમે પૂછી શકો છો.

પ્રશ્ન : (પ્રશ્ન રેકૉર્ડ ન થઈ શક્યો).

જવાબ : ઉદ્વેગ પેદા કરનારી કે ઉદ્વેગથી પેદા થતી ચિંતા એમ કહેતાં જ ભેદ આવી ગયો. જ્યારે આપણે આ પ્રકારથી ભેદ કરી રહ્યા છીએ તો ચિંતા અને ઉદ્વેગમાં ભેદ આવી જ ગયો ને! મેં ત્રણ પ્રકારની ચિંતા પુરુષોત્તમજીની ટીકામાંથી બતાવી. એક ચિંતા છોડી દીધી છે તે ઉદ્વેગરૂપા ચિંતા. પુરુષોત્તમજી ત્રણ પ્રકારે ચિંતા બતાવે છે. ઉદ્વેગજનિકા, ઉદ્વેગજનિતા અને ઉદ્વેગરૂપા એમ ત્રિવિધ ચિંતા. અહીંયાં તો ત્રણ ચિંતાની વાત નથી કરી પરન્તુ બે ચિંતાની વાત કરી છે.

નીત્સે કરીને એક બહુ મોટો ચિંતક થયો છે જર્મનીનો. એણે માણસની એક મજેદાર મજાક ઉડાવી છે તે કહે છે "મને એવું લાગે છે કે આ બધા જ જાનવરો માણસની બાબતમાં શું વિચારતાં હશે?" તો એણે એક કલ્પના કરી. એ એમ કહે છે કે "બધા જ જાનવરોને એમ લાગતું હશે કે આપણા જ જેવો જાનવર હસી શા માટે રહ્યો હશે? આપણા જ જેવો જાનવર પગે ચાલતો, હાથે કાંઈક લેતો, કરતો, જમતો, સૂતો, ઉંઘતો, રડતો કેમ હશે?" પછી એ કહે છે કે "આ રડે કે હસે, ખેર એની કાંઈક એવી ભાષા હશે," જાનવરોને એમ લાગતું હશે કે આપણી કંઈક એવી ભાષા છે. જેમ હાથી ચિંગાડે, ઘોડો હણહણે, કૂતરો ભસે તેમ આની કાંઈક *સ્ટાઈલ્* હશે બોલવાની આવી રીતે, રડીને અને હસીને. છેલ્લે એને થાય કે ચિંતા કરીને આવો કેમ બેસતો હશે! નીત્સે ત્યાં કહે છે કે "જો આપણા જેવો જાનવર છે. તેને ચિંતા કેમ થતી હશે? એટલે જાનવરો કહે છે કે કોઈક આપણામાંનો આ જાનવર ગાંડો થઈ ગયો લાગે છે!"

એક વાત ધ્યાનથી સમજો કે જો આપણે ગાંડા ન થઈ ગયા હોઈએ તો આપણે ચિંતા બાબતમાં કાંઈક નિવૃત્તિનો ઉપાય શોધવો જ પડશે. અને તેમાંનો સૌથી પહેલો ઉપદેશ શ્રીમહાપ્રભુજી આપે છે :

ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિ: કદાપીતિ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્॥૧॥

જે લોકો પાસે કાગળ છે એ લોકો વાંચશે તો ખ્યાલ આવી જશે. કેમકે આ પ્રવચન નથી, સઘન સ્વાધ્યાય છે એટલા માટે આ એક અખતરો કરી રહ્યો છું. જે સમજમાં ન આવે ચોકક્સ તમે મને પૂછજો આ પ્રથમ શ્લોકનો અન્વય આપણે એક વખત

સરખી રીતે સમજી લઈએ.

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૧.[આન્તરિકોપાયોપદેશ] : નિવેદિતાત્મભિ:(કર્તૃપ્રજ્ઞાવિવેક) *કાપિ ચિન્તા* કદાપિ ન કાર્યા ઈતિ પુષ્ટિસ્થો ભગવાન્(સંપ્રદાનમતિવિવેક) *અપિ લૌકિકીં ચ ગતિં* ન કરિષ્યતિ.

સરળ ભાવાનુવાદ : એટલે જે નિવેદિતાત્માઓ છે, જેમણે આત્મનિવેદન કરેલું છે, એમને કોઈ પણ ચિંતા ક્યારે પણ કરવી ન જોઈએ. કેમકે પુષ્ટિસ્થ ભગવાન્ પણ ક્યારેય તમારી લૌકિક ગતિ નહીં જ કરે.

હવે આમાં તમે જોશોને ઘણી બધી વસ્તુઓ છે. તમને દેખાશે કે 'નિવેદિતાત્મભિ:'ના જે અક્ષરો છે એ બહુ કન્ડેન્સ્ કે સઘન થઈ ગયા છે. એકબીજાથી અડકેલા શબ્દો છે. "*કાપિ ચિન્તા*" ના અક્ષરો ત્રાંસા અક્ષરો છે તેમજ "*લૌકિકી ગતિમ્*" પણ ત્રાંસા મૂકાયા છે. જોકે આ શ્લોકમાં નથી પણ આના નીચેના શ્લોકમાં તમને દેખાશે કે અમુક વાક્યના નીચે અન્ડરલાઈન્ છે. હવે આ માનસવિશ્લેષણના બધા ઘટકો છે તેમને એક વખત સરખી રીતે સમજી જાઓ.

કન્ડેન્સ્ અક્ષરોથી આર્થિકોપદેશનું નિરૂપણ :

નવરત્નમાં જેમ મેં તમને સમજાવ્યું કે કોઈક ચિંતા કોઈક નિવૃત્તિનો ઉપાય સમજાવવામાં આવ્યો છે. અને તે નિવૃત્તિનો ઉપાય ક્યારેક મહાપ્રભુજીએ શબ્દોથી પ્રકટ કર્યો છે તો ક્યારેક અર્થથી પણ પ્રકટ કર્યો છે. તો જ્યારે નિવૃત્તિનો ઉપાય મહાપ્રભુજી શબ્દથી પ્રકટ નથી કરતા પણ અર્થથી પ્રકટ કરવા માંગે છે તે વખતે અક્ષરોને મે *કન્ડેન્સ્* કરી દીધા છે જેમ અહીંયા 'નિવેદિતાત્મભિ:' તમને દેખાશે. આગળ તમે જોશો તો "સર્વેશ્વર: સર્વાત્મા" દેખાશે તે સિવાય અહીંયા

જો ત્રીજામાં 'પ્રભુ' શબ્દને મેં *કન્ડેન્સ્* કરી દીધો છે. પાછો ચોથામાં 'પ્રભુ'ના અક્ષરોને એકબીજાથી *કન્ડેન્સ્* બનાવી દીધા છે. તો આવી રીતે જ્યાં અક્ષરોને *કન્ડેન્સ્* કર્યા છે તેનો સાવધાનીથી અર્થ સમજો કે મહાપ્રભુજી કાંઈક આર્થિક ઉપદેશ આપી રહ્યા છે. શબ્દમાં કોઈ ઉપદેશનો ટોન નથી, પણ અર્થગર્ભિત શબ્દ વાપરી રહ્યા છે, અર્થગર્ભિત શબ્દ વાપરી રહ્યા હોવાથી એમાંથી કોઈક ધ્વનિ ઉપદેશની નિકળી રહી છે.

વાચનિક અને આર્થિક ઉપદેશનો તફાવત :

ઉપદેશ બે જાતના હોય વાચનિક ઉપદેશ અને આર્થિક ઉપદેશ. એનો તમને એક દાખલો આપું. આપણા ગુજરાતીમાં બહુ પ્રસિદ્ધ છે કે **"કહેવાય દીકરીને અને સંભળાવાય વહુને"** તો દીકરીને જે કહેવામાં આવી હ્યું છે તે વાચનિક ઉપદેશ છે અને દીકરીને કહીને જે વહુને સંભળાવવામાં આવી રહ્યું છે તે વાચનિક નથી એ આર્થિક ઉપદેશ છે કે હું મારી દીકરીને પણ આ વાત કહી રહી છું તો તારે સમજી લેવી પડશે. એનું નામ આર્થિક ઉપદેશ. તો કેટલાક ઉપદેશ આર્થિક હોય, આર્થિક એટલે ટકાધર્મવાળા નહીં, અર્થથી જોડાયેલા ઉપદેશ અને વાચનિક ઉપદેશ એટલે વચનથી જોડાયેલા ઉપદેશ.

નવરત્નમાં વાચનિક અને આર્થિક ઉપદેશ :

નવરત્નમાં જ્યાં જ્યાં પણ મહાપ્રભુજીએ વાચનિક ઉપદેશ કર્યો છે ત્યાં ત્યાં એની નીચે મેં *અન્ડરલાઈન્* કરી છે કે આ વચન ઉપદેશ માટે વપરાયેલા વચનો છે. જોઈ લેશો બધામાં *અન્ડરલાઈન્* છે. જ્યાં *અન્ડરલાઈન્* નથી કરી અને *ટાઈપ્*ને *કન્ડેન્સ્* કરી દીધી છે, સઘન બનાવી દીધી છે. ત્યાં કોઈ ઉપદેશનું વચન નથી. વચન એકદમ તટસ્થ છે, પણ એમાંથી કોઈક અર્થગર્ભિત તાત્પર્ય નિકળી રહ્યો .છે. કાંઈક જણાવવા માગે છે, કાંઈક સંભળાવવા માગે છે મહાપ્રભુજી. જેનું પહેલું ઉદાહરણ આપણને મળ્યું 'નિવેદિતાત્મભિ:'

એક સામાન્ય તમને દાખલો આપું, કોઈ માણસ બહુ ઝગડા કરતો હોય તો "અરે યાર! શું આવા શાણા માણસ થઈને તમે આવું કરો છો?" અહીંયા આપણે કાંઈ ઉપદેશ નથી આપી રહ્યા કે તમે આવું નહીં કરો. એક 'શાણો'શબ્દ લગાડ્યોને તેમાંથી ઉપદેશ નિકળી રહ્યો છે કે "જો તમે શાણા હોવ તો તમારે આવું કામ ન કરવું જોઈએ". જો તમે આવું કામ કરો છો મતલબ તમે શાણા નથી. એમ મહાપ્રભુજી કોઈ એક આર્થિક ઉપદેશ આપી રહ્યા છે 'નિવેદિતાત્મભિઃ' દ્વારા.

ભક્તિમાર્ગમાં પ્રવૃત્તને નવરત્નનો ઉપદેશ :

સૌથી પહેલી વસ્તુ એટલે જ પ્રવચનના પ્રારંભમાં તમને મેં કહી હતી કે "**ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાઢર્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે અન્ધસ્ય સૂર્યઇવ તદ્‌વિમુખસ્ય ન અત્ર અર્થિતા**" (નવરત્ન પ્રકાશ). જે ભકિતમાર્ગ ઉપર ચાલવા માગે છે એની ભક્તિને દઢ કરવા માટે અહીંયા કાંઈ કહેવામાં આવ્યું છે. આંધળાને માટે સૂર્ય ઉગે કે આથમે એનાથી કશો ફરક નથી પડતો. એમ નવરત્નમાનાં કોઈપણ ઉપદેશ જે ભકિતમાર્ગ ઉપર ચાલવા નથી માગતો તેની બાબતમાં લાગુ પડતા માનતા હોવ તો ખોટી ધારણા છે. લાગુ તો પડી જાય, આપણે બંધબેસતી પાઘડી પહેરી લઈએ તો. પણ પાઘડી બંધબેસતી છે એટલે પહેરી લીધી એટલે તમારી થઈ ગઈ એવી ભ્રમણા મનમાં નહીં રાખતા. પાઘડી કોઈ કારણથી તમારા માથા ઉપર બંધબેસતી છે એટલે તમને ફીટ આવી ગઈ છે. તેથી એ તમારી પાઘડી છે એવું નહીં માની લેતા. આમાનાં કોઈપણ ઉપદેશ જે તમને ભકિતમાર્ગ ઉપર ચાલવામાં કનડગત રૂપે ચિંતા નથી થઈ રહી તેવી ચિંતાને નિવૃત્ત કરવામાટે નથી.

અહીંયાના ઉપદેશ નિવેદિતાત્માઓને માટે છે. એટલે સૌથી પહેલો શબ્દ છે 'નિવેદિતાત્મા'. બસ એક વાતમાં દરેક વાત સાફ

થઈ ગઈ કે જે વસ્તુ અહીંયા કહેવામાં આવી રહી છે તે નિવેદિતાત્માને કહેવામાં આવી રહી છે. પુષ્ટિમાર્ગમાં પણ સૈદ્ધાન્તિક દષ્ટિએ દરેકે નિવેદિતાત્મા હોવું જરૂરી હતું. આજે "**પૂરી એક અન્ધેરીને જે કોઈ રાજા, ટકે શેર ભાજીને ટકે શેર ખાજા**" આપણે પુષ્ટિમાર્ગને બનાવી દીધું છે. જે આવે તેને આપો બ્રહ્મસંબંધ. એક વાત ધ્યાનથી સમજો કે મહાપ્રભુજીને પોતાને હિમ્મત નહોતી પડતી "**તોસોં સેવા નાહિ નિભેગી તાતે તોકોં બ્રહ્મસંબંધ નાહિ દેત હોં**" આપણે મહાપ્રભુજીના પણ પ્રભુ થઈ ગયા એટલે બધાને બ્રહ્મસંબંધ આપી રહ્યા છીએ. એટલે "**ટકે શેર ભાજી ટકે શેર ખાજા**"

તો પુષ્ટિમાર્ગમાં દરેક વ્યકિત નિવેદિતાત્મા નથી હોઈ શકતી તો ગામ આખું નિવેદિતાત્મા કેવી રીતે હોઈ શકે! ગામની ચિંતાના નિવારણ માટે અહીંયા કશું જ કહેવામાં નથી આવ્યું. અહીંયા જે કહેવામાં આવી રહ્યું છે તે નિવેદિતાત્મા જે છે તેને થતી ચિંતાનું વારણ કરવામાટે કહેવામાં આવ્યું છે. પહેલી શરત છે : નિવિદિતાત્મા હોવું, 'નિવેદિતાત્મભિઃ'. હવે એક્ઝેટ્ મહાપ્રભુજીનો ટોન તમે ઓળખો : "શું શાણા થઈને આવી બધી વાતો કરો છો?" એમ પેલા શાણામાં જે ટોન આવવો જોઈએ, બોલતા જે ધ્વનિ પ્રકટ થવો જોઈએ તે ધ્વનિ તમે અહીંયા વિચારો : શું નિવેદિતાત્મા થઈને તમે લૌકિક વિષયની ચિંતા કરો છો?" તો વાત સમજમાં આવી જશે કે મહાપ્રભુજી 'નિવેદિતાત્મા' શબ્દથી ક્યા પ્રકારનો આર્થિક ઉપદેશ આપી રહ્યા છે? "નિવેદિતાત્મભિઃ કાપિ ચિન્તા ન કાર્યા"

ત્રાંસા અક્ષરોવાળા શબ્દોથી રોગનું વાર્ણન :

કાપિ ચિન્તા આ ત્રાંસા થઈ ગયા છે. જ્યારે શબ્દોને મેં ત્રાંસા ર્ક્યા ત્યારે રોગ શું છે? જાણાવવામાટે. ચિકિત્સાશાસ્ત્રીય મીમાંસા ચાર રૂપે થતી હોય છે : ૧.રોગ ૨.રોગનું કારણ ૩.રોગની નિવૃત્તિ અને ૪.નિવૃત્તિનો ઉપાય.

રોગમાં જ એવું નહીં યોગમાં પણ એમજ વર્ણવવામાં આવ્યું છે કે ૧.ચિત્તવૃતિના ભટકવાનું કારણ, ૨.ચિત્તવૃત્તિને નિરુદ્ધ કરવાનું પ્રયોજન, ૩.ચિત્તવૃત્તિના નિરુદ્ધ કરવાના ઉપાયો અને તેને નિરુદ્ધ કરી લેવાથી પ્રકટ થતાં પરિણામો. એમ જ્યારે પણ શાસ્ત્ર આવા ચિકિત્સાત્મક ઉપદેશો આપતા હોય એમાં દર વખતે આવા ચાર પોઈન્ટની કાળજી લેવામાં આવતી હોય છે. ૧.તકલીફનું સ્વરૂપ ૨.તેનાં કારણનું નિદાન ૩.તેની નિવૃત્તિના ઉપાયો અને ૪.નિવૃત્તિનું સ્વરૂપ. તો ચિંતાના જે-જે સ્વરૂપોનું નિદાન અહીંયા મહાપ્રભુજીએ પકડી પાડ્યું છે તેના બધા સ્વરૂપોને મે ત્રાંસા કરી દીધા છે. એટલે આ કાગળિયા ઉપર તમે દૃષ્ટિ ફેરવી લેશો.

જ્યાં-જ્યાં અક્ષરો ત્રાંસા મળે ત્યાં ત્યાં તમારે સમજી જવું કે રોગનું વર્ણન છે. જ્યાં-જ્યાં અક્ષર *કન્ડેન્સ્* મળે ત્યાં-ત્યાં કોઈક પથ્યનું વર્ણન છે. ઔષધિનું વર્ણન નથી કે આ ઔષધિ સાથે પથ્ય ક્યું લેવાનું છે? તમને ૧.સ્વસ્થ ખોરાક ૨.પથ્ય અને ૩.ઔષધિ એમ ત્રણેના ભેદ સમજાવી દીધા. એટલે જ્યાં આર્થિક ઉપદેશ છે ત્યાં કોઈ પથ્યનું વર્ણન કરવામાં આવ્યું છે કે આની સાથે પથ્ય શું હોવું જોઈએ.

અન્ડરલાઈનથી ઔષધિનું વર્ણન :

જ્યાં *અન્ડરલાઈન્* છે ત્યાં ઔષધિનું વર્ણન છે કે આ ચિંતાને મટાડવા માટે કઈ જાતનું ચિંતન કરશો તો તમે તમારી ચિંતા ઉપર તમે કાબુ મેળવી શકશો. આ મુખ્ય આખી આપણી *સિસ્ટમ્* છે. જોતા જશો તો ખ્યાલમાં આવી જશે તત્કાલમાં યાદ કરવી તો અઘરી પડશે. **“નિવેદિતાત્મભિઃ કાપિ ચિન્તા કદાપિ ન કાર્યા ઈતિ પુષ્ટિસ્થો ભગવાન અપિ લૌકિકીં ગતિમ્ ન કરિષ્યતિ”**.

પ્રવાહી જીવને લૌકિકગતિને કારણે ઉદ્વેગ નથી થતો :

આમાં ધ્યાનથી જોશો તો *“કાપિ ચિન્તા”* અને *“લૌકિકીં ગતિ”* એ રોગનું સ્વરૂપ છે. કોઈપણ ચિંતા ન કરો, લૌકિક ગતિ તમારી નથી થવાની. નિવેદિતાત્મા જીવની લૌકિક ગતિ થવી એ ઉદ્વેગનું કારણ છે, ઉદ્વેગ પેદા કરવાનું કારણ છે. તમે એને એમ કહો કે “તમારી લૌકિક ગતિ થઈ રહી છે” તો એને કોઈ ઉદ્વેગ થવો જોઈએ કે નહિં, જો પોતાને નિવેદિતાત્મા ગણતો હોય તો?

અહીંયા તો **“સૈંયા ભયે કોતવાલ અબ ડર કાહેકા”** એવી વાત કહેવામાં આવી રહી છે! અરે, ઉદ્વેગ થવો જોઈએ. એની ચિંતા ન કરવી જોઈએ, મહાપ્રભુજી એમ કહે છે. લૌકિક ગતિનો તમને ઉદ્વેગ પણ નહીં થાય પછીતો બાટલી ચડાવ, જુગાર રમો, મસ્જિદમાં જાઓ. જે મન ફાવે તેમ કરો. ચર્ચમાં જાઓ ક્યાંય પણ જાઓ, કેમ? **‘કાપિ ચિન્તા ન કાર્યા લૌકિકીં ગતિં ભગવાન્ ન કરિષ્યતિ”**! પત્યુંને ત્યારે તો પુષ્ટિમાર્ગની જરૂરત જ શું છે? નવરત્ન કહેવાનીય જરૂર નથી, મસ્ત રહો, ખાઓ, પીઓ મોજ મારો! એવું નથી ઉદ્વેગ તો કરવો જ પડશે તમારે એનો.

લોકમાં પ્રવૃત્તિ નિવેદિતાત્માને ઉદ્વિગ્ન કરશે :

મેં એટલા જ માટે તમને સમજાવ્યું કે જો તમે નિવેદિતાત્મા હશો તો તમારી *ઓટોનોમસ્ નર્વસ્ સિસ્ટમ્* તમને ઉદ્વિગ્ન બનાવશે. જેમ તમે આંખવાળા છો તો કોઈ પણ પ્રકાશ બહુ વધારે આવ્યો તો તમારી આંખો અંજાઈ જશે. જો તમે કાનવાળા છો કોઈ પણ બોંબનો ધડાકો થયો તો કાનમાં સીસોટી વાગવા માંડશે. એ તમારા હાથની વાત નથી, કાન અને શબ્દ નો એકબીજાની સાથે આપ-લેનો એ સ્વભાવ છે. તેવી જ રીતે જો તમે નિવેદિતાત્મા છો અને તમારી લૌકિક ગતિ જે વખતે થવા જઈ રહી છે તે વખતે ઉદ્વેગ થશે, થશે, ને થશે જ. જે નથી કરવાનું તે શું છે? ચિંતા નહીં કરવી એને એ ઉદ્વેગને એટલું બધુ નહીં તાણો. એનું કાંઈ ચિંતન કરો કે જે ચિંતનને કારણે તમને આ લૌકિક ગતિ ન

થવા દેવામાં કોઈક જાતનો *સ્પીડ્ બ્રેકર્* મળી રહે. કોઈ બમ્પર મળે અને તમને માનસિક રીતે પણ કોઈક જાતનું સ્વાસ્થ્ય મળે કે જેથી આ લૌકિક ગતિને તમે કોઈક રીતે *કમ્પનસેટ્* કરી શકો. જેમ માણસને ઝાડા થઈ ગયા હોય તો આપણે શું કરીએ?

જે સ્વાભાવિક ખોરાક છે તેને થોડોક ઘટાડી દઈએ. કોઈક એવો હલકો ખોરાક દહીં-ભાત જેવો કે ખીચડી જેવો ખાઈને આપણે તે દિવસોને પસાર કરીએ કે જેથી કરીને આપણે મરી પણ નહીં જઈએ અને *ડીહાઈડ્રેશન્* પણ ન થાય. ઝાડા વધારે ન થાય તેવી જાતનો કોઈક મધ્યમમાર્ગનો ઉપાય અપનાવવો પડે છે. *એક્ઝેટલી* એ *સિચ્યુએશન્* અહીંયાં કામ કરી રહી છે.

જુગાર રમવા ગયો હતો ત્યાં લાખ રૂપિયા મળી ગયા, પછી તો ક્લબમાં ગયો તો બાટલીઓ બધાએ *પ્રેઝેન્ટ્* આપી. પછી તો છોકરીઓ મારી સાથે જ નાચવા આવી એટલે નાચવા મંડ્યો પછી તો પતી ગયુંને આનંદ-આનંદ થઈ ગયો! પછી ચિંતાની કોઈ વાત ક્યાં રહી? તેથી વધારે પાછું આપણા મહાપ્રભુજીએ કહી જ રાખ્યું છે કે **"નિવેદિતાત્મભિઃ કાપિ ચિન્તા કદાપિ ન કાર્યા ભગવાન્ અપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીઞ્ચ ગતિમ્"** આવા વિકૃત વિચારોના પણ વંટોળ ઉભા થઈ રહ્યા હોય તો ઉદ્વેગ તો કરવો જરૂરી છે પરન્તુ ચિંતા કરવાથી કોઈ લાભ નહિ થાય! ઉદ્વેગ થવો જોઈએ. તમે નિવેદિતાત્મા હશો તો તમે ઉદ્વિગ્ન થઈ જશો. *નોર્મલ્ કૉર્સ્*માં ઉદ્વિગ્ન થઈ જશો. જેમ ધૂમધડાકો થાયને કાન ઉદ્વિગ્ન થઈ જાય. આ ધૂમધડાકો એ કે પુષ્ટિસિદ્ધાન્તોને વિપરીત સ્વયં ગો.બા.ઓના પ્રવચનના શબ્દો કાનમાં જાય તો *હાર્ટબીટ્* વધી જશે. પરસેવો છૂટવા મંડશે. ઉદ્વેગ થશે પણ ત્યારે કરિશું શું? પેલી બનારસની ગલીઓની માફક ભાગીશું? દુકાન ઉપર ચઢી જઈશું? કે સમજીશું કે આ ભેંસ કરી કરીને શું કરશે અંતે?

ઝેન, જે બુદ્ધમતનો જાપાનનો સમ્પ્રદાય છે, તેનાં સાધુનોએક બહુ સુંદર પ્રસંગ આવે છે. એ ઝેન સાધુના ગામમાં કોઈક શત્રુની સેના આવીને મારકાટ મચાવી રહી હતી. બધા ઘરને લૂંટે. એમાં પેલા ઝેન સાધુનો જે મઠ હતો તેમાં પણ લૂંટફાટ કરનારા સૈનિકો આવ્યા. ઝેન સાધુ ઉભો હતો અવિચલિતરૂપે. તો બીજા બધા જે નાગરિકો હતાં તે તો રડતાં હતાં, બીતાં હતાં, પગે પડતાં હતાં, બધી જાતની ચાપલૂસી કરતાં હતાં. જેમ વિજેતા સૈનિક સામે કરવી પડે તેમ. આ ઝેન સાધુ તો એકદમ મસ્તીમાં ઉભો હતો. તો લૂંટફાટ કરનારી સેનાના *કમાંડરે* પૂછ્યું કે "કોણ છે તું આટલા ઘમંડથી ભરેલો? તને ખબર નથી કે એક પળમાં તારી ગરદનને હું ધડથી જુદી કરી શકું છું". ઝેન સાધુએ બહુ ગજબનો જવાબ આપ્યો કે "તમને પોતાને નિશ્ચય છે કે નહીં કે એક પળમાં મારી ગરદન ધડથી જુદી થઈ શકે છે!" આટલી નિશ્ચિંતતા મહાપ્રભુજીએ જીવીને બતાવી **"તથા દેહે ન કર્તવ્યં વરઃ તુષ્યતિ નાન્યથા"**(અન્તઃકરણપ્રબોધ). પેલો કમાન્ડર ભાગી ગયો ત્યાંથી આટલી નિશ્ચિંતતા હશેને તો લૂંટફાટ કરનારો પણ તમને લૂંટી નહીં શકે અને આવી નિશ્ચિંતતા નહીં હોયને તો શાહુકાર પણ તમારી પાકિટમાં ક્યાંય તો હાથ ઘુસાવી જ દેશે. લૂંટશે નહીં પણ તમને બેવકૂફ એવા બનાવી દેશે કે તમને લાગે કે મારા ઉપર બહુ ઉપકાર કર્યો ભાઈસાહેબે.

આ ઉપદેશ નિવેદિતાત્માની જ ચિંતાનિવારણ માટે છે :

એક વાત સમજો કે નિશ્ચિંતતા એ પહેલી શરત છે. અને તે નિશ્ચિંતતાનો ઉપદેશ મહાપ્રભુજી અહીંયાં આપવા માગે છે, પણ એ નિશ્ચિંતતા તમારામાં આવશે ક્યારે? જ્યારે તમને ઉદ્વેગ નહિં હોય ત્યારે. ઉદ્વેગ તમને થશે ક્યારે? લૌકિક ગતિ થવાથી જ્યારે તમે તમારી જાતનો આત્મનિર્ધાર કરશો. આ મેં *એરિક્સન્*નો જે સિદ્ધાંત બતાવ્યો તમને એટલા માટે બતાવ્યો કે વારે ઘડીએ તમને ઉપયોગ પડશે. જ્યારે તમે તમારો આત્મનિર્ધાર તમારા *ઈગો*ની *આઈડેન્ટિટી*

કે આત્મ-તાદાત્મ્યનો બોધ તમે નિવેદિતાત્મા છો, એમ કરીને કરતા હશો તો. એ આત્મનિર્ધાર તમને નથી, તમને વિશ્વાસ નથી પ્રભુ ઉપર, કે તે સૃજનશીલ થવાનો કોઈ *પ્રોગ્રામ્* નથી તમારી *લાઈફ*માં, તે બાબતનાં તમારા કોઈ ઉદ્યમ નથી, આરંભ નથી. કંઈ પણ નથી તો લૌકિક ગતિ તો થશે જ. તમે કહેશો આનંદ આનંદ થઈ ગયો. લીલાલહેર થઈ ગઈ. આજે તો અમે ખાડામાં હાથ નાખીએ તો સોનું આવી રહ્યું છે. આવું તમને લાગશે અને એમને ત્યાં સોનાની મોહરોનો વરસાદ થયો...વાર્તામાં આવે છે કે “આ વિષ્ટા ક્યાંથી આવી ગઈ બુહારીથી કાઢો” એવું લાગ્યું! એમ શામાટે કહ્યું? ફરક ક્યાં પડી ગયો? ફરક ત્યાં પડી ગયો કે એમને નિર્ધાર હતો કે હું નિવેદિતાત્મા છું. આપણો નિર્ધાર ડગી ગયો છે કે હું નિવેદિતાત્મા છું. એટલે તો આ લક્ષ્મીવાહનોની ચાપલૂસી કરવી પડે કે આવ, મનોરથ કરાવ, તમે પલનાના મનોરથી નહીં બનો તો અમારા ઠાકોરજી પારણું ઝૂલશે કેમ? ફટ, બે લાફા મારવા જોઈએ. આવી રીતે બોલાય? નિવેદિતાત્માનાં શબ્દો આવા હોય? એટલે નિવેદિતાત્મા હશો તો તમને ઉદ્વેગ થશે. ઉદ્વેગ થશે તો તેમાંથી થતી ચિંતાનું નિવારણ છે. આ એમને એમ વર્ણવવામાં આવેલો ઉપદેશ નથી.

મને લાગે છે કે હું મારી વાતને સ્પષ્ટ કરી શક્યો છતાંય તમારે પૂછવું હોય તો પૂછજો.

પ્રશ્ન : **“લૌકિકીં ગતિં ન કરિષ્યતિ”** એ લૌકિકી ગતિ કોને થાય?

સમાધાન : એક વાત ધ્યાનથી સમજો. જે ઘોડા ઉપર સવાર હોય તે પડે. **“ન શયાનો પતત્યધઃ”** જમીન ઉપર સૂતેલો માણસ કોઈ દિવસે પડી શકે ખરો? હવે તમે આત્મનિવેદનના ઘોડા ઉપર તો ચડ્યા જ નથી. તો જમીન ઉપર પડ્યા છો ને બીઓ કે

અમે ક્યાંક કોઈ દિવસે પડી તો નહીં જઈએ? પણ પડવાનો *ચાન્સ્* જ તમને ક્યાં છે? જગ્યા ક્યાં છે તમને પડવાની? આત્મનિવેદનના ઘોડા ઉપર તમે ચડ્યા નથી તો પડશો કેવી રીતે? એટલે એક વાત મુદ્દાની સમજો કે **“નિવેદિતાત્મભિઃ લૌકિકગતિવિષયિણી ચિન્તા ન કાર્યા”** એ વાત મહાપ્રભુજી ‘નિવેદિતાત્મા’ વિશેષણથી બધી વાતનો ખુલાસો કરી રહ્યા છે. તું નિવેદિતાત્મા છે કે નહીં? જો હોય તો તને ઉદ્વેગ થશે જ. લૌકિક ગતિ થઈ રહી હશે તે વખતે હું તને યાદ અપાવું છું કે તું લૌકિક ગતિ થવાની ચિંતા કરે છે એના કરતાં આત્મનિવેદનનું ચિંતન કર! તું તારી જાતનો વિચાર કર, તારો માદ્દો પ્રભુએ જે કેળવ્યો છે કે તું આત્મનિવેદન કરીને પ્રભુનો ભગવદીય થયો કે તદીય થયો છે, તો તારે લૌકિક ગતિની ચિંતા શા માટે કરવી જોઈએ? પણ આ બધી વાત ત્યારે સમજમાં આવશે જ્યારે તમને નિવેદિતાત્મા હોવાનો આત્મનિર્ધાર હશે તો, નહીંતો સમજમાં નહીં આવે. એટલે પેલો *કન્ડેન્સ્* છે હોં! એકદમ સઘન માખણના જેવો આ શબ્દ છે. માખણને જેમ વલોવીને છાશમાંથી ઉપર કાઢવામાં આવે તેમ આ ‘નિવેદિતાત્મા’ શબ્દ અહીં નવનીતની જેમ વલોવાઈને ઉપર કાઢવામાં આવેલો શબ્દ છે.

મેં કાલે તમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે આપણી અનુભૂતિના ઘણાં બધાં રૂપો છે.

એક તો આપણે ક્લિફોર્ડ્ મોર્ગન્‌ની રીતે જોયું તે રીતે. બીજો જે પ્રકાર મેં તમને સમજાવ્યો તે રીતે. હવે એક ત્રીજા દૃષ્ટિકોણથી આ જ વાતને સમજવાનો પ્રયાસ કરીએ—

“સંશયોઽથ વિપર્યાસો નિશ્ચય સ્મૃતિરેવ ચ।
સ્વાપ ઈત્યુચ્યતે બુદ્ધેઃ લક્ષણં વૃત્તિતઃ પૃથક્॥”

બુદ્ધિ જ્યારે કોઈ પણ વિષયનું અવગાહનરૂપ વ્યવસાય કરે,

એટલે તેની સાથે આપ-લે કરે, ત્યારે કઈ-કઈ રીતે કરે? જાગૃત બુદ્ધિ કાં તો વિષયમાં સંશય કરે. કાં તો વિષયના આભાસનું બહાનું બનાવીને કોઈ ભ્રમ ઉત્પન્ન કરી લે. કાં તો વિષયની બાબતમાં કોઈ નિશ્ચય ઉત્પન્ન કરે. અથવા એક વિષયના અનુભવ થતા તેના જેવા બીજા કોઈ વિષયની બાબતમાં સ્મૃતિ ઉત્પન્ન કરી લે. અથવા વિષયની બાબતમાં કોઈ સ્વપ્ન જોતી થઈ જાય. આ બધી જાતની આપ-લે બુદ્ધિ વિષય સાથે કરતી હોય છે. વિષય સાથે બુદ્ધિ જ્યારે આવી જાતની આપ-લે કરતી હોય તેમાં કોઈક જંક્ચર ઉપર ચિંતા કે ચિંતન ઉભાં થઈ જતાં હોય છે ઉદ્વેગને કારણે.

કોઈ ઉદ્વેગ આપણને વિષયની બાબતમાં થતા સંશયને કારણે થતાં હોય છે. કોઈક ઉદ્વેગ આપણને વિષયની બાબતમાં થતી ભ્રમણાને કારણે થઈ જાય. વિષય જેવો હોય પણ આપણે એને કોઈ જુદી જ રીતે સમજી જઈએ. તેને કારણે આપણને ઉદ્વેગ થઈ જતો હોય છે. કોઈ વિષય આપણે હમણાં જોઈ રહ્યા છીએ તેમાં કોઈ પ્રોબ્લમ્ નથી પણ ભૂતકાળની યાદ આવી રહી છે. તેના માટે ચિંતા થઈ જતી હોય છે. કોઈ વિષય આપણને ભવિષ્યમાં આ શું રૂપ લઈ લેશે તેને કારણે કંઈક આશા-નિરાશા જગાડતાં હોય. તેને કારણે પાછો ઉદ્વેગ થઈ જતો હોય છે. તે ઉદ્વેગને કારણે ચિંતા થતી હોય છે તો બુદ્ધિ જેટલા વિષય સાથે આપ-લે કરે છે, તેમાં કોઈપણ જંક્ચર ઉપર ઉદ્વેગ થઈ શકે છે અને તેનું આપણે પિંજણ કરીએ તો ચિંતા સુધી પહોંચી જઈએ.

વિષય સાથે આપ-લે કરતી બુદ્ધિના પ્રકારો :

તમે જોશો કે શાસ્ત્રોમાં બુદ્ધિનાં બીજાં પણ અમુક વ્યાપારો બતાવવામાં આવ્યાં છે. તે પણ આપણે સમજવા પડશે. મહાપ્રભુજી કઈ મેથડ્થી આપણને સમજાવી રહ્યા છે તેને સમજવા માટે લખી લેજો આ સૂત્રો :—

“સ્મૃતિઃ વ્યતીતવિષયા બુદ્ધિઃ તાત્કાલિકી મતા।
મતિઃ આગામિની પ્રોક્તા પ્રજ્ઞા ત્રૈકાલિકી મતા॥
પ્રતિભા નવનવોન્મેષશાલિની કથિતા બુધૈઃ।”

કોઈપણ સ્મૃતિ વાપરીને જ્યારે વિષય સાથે આપ-લે કરે તેમાં દરેક વખતે બુદ્ધિ હમણાં છે અને તેનો વિષય ભૂતકાલમાં હોય છે. પરન્તુ વિષય પણ હાજર અને બુદ્ધિ પણ હાજર છે. તો એને કેવલ ‘બુદ્ધિઃ’ કહેવાય. કેમકે “બુદ્ધિઃ તાત્કાલિકી મતા”. હવે ‘મતિ’ કોને કહેવાય? “મતિઃ આગામિની પ્રોક્તા”. શબ્દકોશમાં ‘બુદ્ધિ’ કહો કે ‘મતિ’ કહો એ બધા પર્યાય જેવા શબ્દો છે. પણ અર્થછાયા કોમ્પ્યુટર જેનો અનુવાદ ન કરી શકે તેવી પરિસ્થિતિ અહીંયાં છે. તો આપણે ‘મતિ’ કોને કહીએ કે જેને ગુજરાતીમાં ‘અગમચેતી’ કહેવામાં આવે. કાંઈક થવાનું છે તેના થવાના પહેલાં બોધ થતો હોય અગમચેતી થતી હોય તો તેવી વ્યક્તિને આપણે ‘બુદ્ધિમાન’ ન કહેતાં ‘મતિમાન’ કહીશું. દા.ત. સ્ત્રી એકની એક, પણ કોઈકથી પેદા થઈ છે તે દીકરી, કોઈકને પરણી છે તો પત્ની અને કોઈને જણી રહી છે તો બા. અહીંયાં સ્ત્રી વ્યક્તિ ત્રણ નથી, સ્ત્રી એક જ છે. એમ એક જ બુદ્ધિ જે વિષયથી પેદા થયેલી છે, વિષયની દીકરી જેવી તેને આપણે ‘સ્મૃતિ’ અથવા ‘બુદ્ધિ’ કહીએ છીએ. વિષય ખતમ થયા પછી પણ વિષયજન્ય જે બુદ્ધિ બચી રહી જતી હોય તો તે સ્મૃતિ અને વિષય પણ વર્તમાન હોય અને તેના થકી જનમતી બુદ્ધિ પણ વિદ્યમાન હોય તો ફકત ‘બુદ્ધિ’ કહેવાય. વિષયને જણનારી બુદ્ધિના પાછા બે ભેદો ૧.મતિ અને ૨.પ્રતિભા.

પ્રજ્ઞાનું સ્વરૂપ : “પ્રજ્ઞા ત્રૈકાલિકી મતા” કોઈકને આપણે કહીએ કે આ ‘પ્રજ્ઞાવાન’ છે. તો પ્રજ્ઞા કોઈ દિવસે કોઈ પણ કાલમાં બંધાતી નથી. જે ત્રૈકાલિક વિષયનો અનુભવ કરી શકે તેને ‘પ્રજ્ઞા’ કહેવાય. એટલે હું કોઈક એક વાત કહી રહ્યો છું એ આજે

સત્ય છે પણ કાલે એ સત્ય ન રહી જતી હોય તો આ વાત મને પ્રજ્ઞાથી નથી સમજમાં આવી બુદ્ધિથી સમજમાં આવી છે. એક વાત હું કહી રહ્યો છું, ભૂતકાળમાં સાચી હતી પણ આજે સત્ય નથી, તો એ મારી સ્મૃતિ થઈ ગઈ. આજે કોઈક વાત મને સમજમાં આવી રહી છે પણ હમણા કાંઈ તેવું છે નહીં પરન્તુ સો પચાસ વર્ષ પછી આવું થશે તો એને ન તો 'સ્મૃતિ' કહેવાય કે ન 'બુદ્ધિ' કહેવાય પણ 'મતિ' કહેવાય. પ્રજ્ઞા, પરન્તુ, ત્રૈકાલિકી હોય છે. પ્રજ્ઞાથી આપણને જે અનુભવાય છે તે કોઈક દૈશિક કે કાલિક હકીકત નહીં પણ સર્વકાલિક હકીકતો હોય છે. તેથી પ્રજ્ઞા વિષયને વરેલી વિષયની અર્ધાંગિની હોય છે.

પ્રતિભાનું સ્વરૂપ : પ્રતિભા વિષયને પ્રકટ કરનારી બુદ્ધિની એક વેરાઈટી છે. પ્રતિભા એટલે વિષયથી ઉત્પન્ન થતી બુદ્ધિ નહિ પણ વિષયને ઉત્પન્ન કરનારી જે બુદ્ધિ, તમને જેવું ગમે છે તેવા વિષયની તમે રજુઆત કરી શકો. એટલે મોટે ભાગે કવિઓમાં પ્રજ્ઞા નથી હોતી, કવિઓ ઈતિહાસકાર નથી હોતાં કેમકે ઈતિહાસકારમાં સ્મૃતિ કામ કરતી હોય છે. કવિઓ *ફિક્શન્* જ ખાલી કરતાં હોય એવા પણ નથી હોતાં. કોઈને 'કવિ' ક્યારે કહેવાય કે જ્યારે કોઈ માણસ પોતાની પ્રતિભા વાપરતો થાય પોતાનું કાંઈક અનેરું સૃજન કરી શકે કે જે દુનિયામાં કોઈએ જોયું કે જાણ્યું ન હોય. કવિ કહે તો સમજમાં આવે. એને આપણે 'પ્રતિભા' કહીએ. જેનામાં પ્રતિભા હોય છે તે બ્રહ્માની *કોમ્પિટીશન્*માં કાંઈક નવું સૃજન કરી શકે છે.

કર્તૃપ્રજ્ઞાવિવેક :

બુદ્ધિના ચાર *ડાઈમેન્શન્* ચાર પરિમાણો છે. ચિકિત્સા જ્યારે ચિંતા કે ચિંતન ની કરવી હોય ત્યારે આ ચાર પરિમાણોમાંથી કોઈક એક પરિમાણને પકડીને કરવી પડશે. તે પૈકી 'નિવેદિતાત્મભિ:'માં કર્તાની પ્રજ્ઞાના વિવેકને મહાપ્રભુજી ઢંઢોળી રહ્યા છે કે તું નિવેદિતાત્મા

ફોર્ ઓલ્ ધ્ ટાઈમ્ છે કે નહીં મને જવાબ આપ? તું તારી પ્રજ્ઞા એવી રીતે વાપરી શકે છે કે નહીં? તેં જે દિવસે તુલસી સમર્પી ઠાકોરજીના ચરણોમાં તે દિવસથી નિવેદિતાત્મા બન્યો કે નહિ? જો આજે નિવેદિતાત્મા રહી ના ગયો હોય તો વાત પતી ગઈને! આ તું તારી પ્રજ્ઞા વાપર અને સમજ કે જે નિવેદિતાત્મા છે એ *ફોર્ ઓલ્ ધ્ ટાઈમ્* નિવેદિતાત્મા છે. આ પ્રજ્ઞાથી આ શાશ્વત હકીકતને તું સમજી શકે છે કે નથી સમજી શકતો? બોલ જવાબ આપ, આર્થિક ઉપદેશ છે. એ પ્રજ્ઞાથી થતો જે વિવેક તેનુ 'નિવેદિતાત્મા'થી સૂચન કરવામાં આવ્યું છે. આ વાત તમને ન સમજમાં આવે તો પૂછો પાછી. પણ મને લાગે છે કે મેં અપેક્ષિત સરળતા કરી દીધી છે.

સંપ્રદાનમતિનો વિવેક :

"પુષ્ટિસ્થો ભગવાન્" માં સંપ્રદાનમતિનો વિવેક વાપરવાનો ઉપદેશ છે. ધ્યાનથી સમજો હવે તમને મતિનો અર્થ સમજમાં આવશે કે **"મતિઃ આગામિની પ્રોક્તા પુષ્ટિસ્થો ભગવાન્ ઈતિ"** પુષ્ટિસ્થ છે એ તારી કોઈ દિવસે લૌકિક ગતિ નહિ થવા દે! પોતે જ્યારે પુષ્ટિમાર્ગમાં છે, તું જ્યારે પુષ્ટિમાર્ગમાં આવ્યો છે પછી તારી લૌકિક ગતિ કેવી રીતે થવા દેશે? તો જેને તેં આત્મનિવેદન કર્યું છે તેને 'સંપ્રદાન' કહેવાય. જેને આત્મા અને આત્મીય વસ્તુ સમર્પિત કરી છે તેનો વિવેક, તેનું સ્વરૂપ વિચાર કે તે પુષ્ટિસ્થ છે? તે પુષ્ટિસ્થ છે એવું જો તને બરાબર સમજમાં આવે, મતિમાં આવે કે મતિ વાપરીને એટલું સમજી શકે કે ભગવાન મારું આવું કદી નહીં કરે. બસ તો તને વાત સમજાઈ ગઈ. ચિંતા કરવાનું કોઈ કારણ રહી જતું નથી.

નિવેદિતાત્માએ કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવી :

આ પ્રથમ શ્લોક તમે ધ્યાનથી સમજી જશો તો આગળના

શ્લોકોમાં પણ વપરાતા ઉપાયો સરખી રીતે સમજી શકશો કે આ નવરત્નનો ઉપક્રમનો શ્લોક છે. *એઝ્ સચ્* આમાં કોઈ પણ એક *પર્ટિક્યૂલર્* ચિંતા કહેવામાં નથી આવી. જે કાંઈ ચિંતાઓનો નિષેધ કરવામાં આવશે તે બધી ચિંતાઓની અહીંયાં શરૂઆત કરી છે મહાપ્રભુજીએ. એટલે આમાં કોઈ *સ્પેસેફિક્* ચિંતા વર્ણવવામાં નથી આવી પણ નિવેદિતાત્મા અધિકારી કોણ છે? અને એણે ચિંતા કોઈ પણ ન કરવી એમ એક જનરલ વાત કહીને અહીંયાંથી મહાપ્રભુજીએ ઉપદેશની શરૂઆત કરી છે.

આત્મચિંતન કરનારી બુદ્ધિ મનથી નહીં દોરવાય :

જે બુદ્ધિ આત્મચિંતન કરી રહી છે તે બુદ્ધિ કદી મનની પાછળ ઢસડાસે નહીં. *ઓલ્વેઝ્* એક નિયમ છે, દા.ત. તમને આત્મચિંતન એવું થતું હોય કે હું રોગી છું, ડોક્ટરે મને ચાલવાની મનાઈ કરી છે કે "ચાલશો તો તમારુ સાંધેલું હાડકું પાછું ભાંગી જશે" તો તમને બરાબર આત્મવિવેક છે કે જો હું પલંગમાંથી ઉભો થઈશ તો જે હાડકું સાંધ્યુ છે તે પાછુ ભાંગી જશે. આત્મવિવેક હશે તો તમને મનમાં કેટલી પણ ઈચ્છા થતી હોય ઉભા થવાની કે ચાલવાની એ બધા ઉપર તમે કાબુ મેળવી લેશો. તમે ઉભા થવાનું કદી સાહસ નહીં કરો. તો દર વખતે આત્મચિંતન જે વ્યક્તિ કરતી હોય તેની બુદ્ધિ કદી મનની પાછળ દોડતી નથી. મન તમને લલચાવશે ઈશારા કરશે, પણ મનની પાછળ આત્મચિંતન કરનારી બુદ્ધિ કદી દોડી શકતી નથી. મનની પાછળ રોમીયો કે લૈલા બનીને દોડતી બુદ્ધિ કદી આત્મચિંતન કરી શકતી નથી. કેમકે મનનું જે *મેકેનિઝમ્* છે તે એવું છે કે એક ઠેકાણે ટકી ન શકે. ઘડીકમાં અહીંયાં જાય, ઘડીકમાં ત્યાં જાય તેથી એની સાથે જો બુદ્ધિ પણ રખડતી થાય તો એ ચિંતન કરી શકતી જ નથી, એને તો ચિંતા જ કરવી પડશે. મનની સાથે રખડપટ્ટી કરતી બુદ્ધિનું ચિંતા સિવાય બીજું કાંઈ ભવિતવ્ય હોતું નથી.

પરમાત્માનુગામિની બુદ્ધિ વિષયથી વિચલિત નહીં થાય :

એક મન, બીજો આત્મા અને તેના પછી આવે છે પુષ્ટિસ્થ પરમાત્મા. પરમાત્માની પાછળ ચાલતી તમારી બુદ્ધિ... હું 'બુદ્ધિ' શબ્દ જ વાપરી રહ્યો છું 'પ્રજ્ઞા' નથી વાપરતો, 'મતિ' નથી વાપરતો, 'સ્મૃતિ' નથી વાપરતો. પરમાત્માની પાછળ ચાલતી તમારી બુદ્ધિ કદી આત્મચિંતન કે વિષયચિંતન નહીં કરી શકે. એ આત્માને પણ સમજશે તો પરમાત્માના *પાર્ટ્* રૂપે સમજશે. વિષયને પણ સમજશે તો પરમાત્માના *પાર્ટ્* રૂપે સમજશે. એ કોઈ દિવસે પરમાત્માથી છૂટો કરીને પોતાની જાતનું ચિંતન કરાવી શકતી નથી, તેથી પરમાત્માનુગામિની બુદ્ધિમાં વિષયની ચિંતા સમ્ભવતી નથી. બુદ્ધિ પરમાત્માનુગામિની બને આત્મનિવેદનથી. જે પ્રક્રિયા મહાપ્રભુજી કેળવવા માગે છે તે પ્રક્રિયા એ છે કે તમારી બુદ્ધિ એવી રીતે પરમાત્માનુગામિની થાય કે તમે એવા નિશ્ચિંત થઈ જાઓ કે તમને કોઈ વિષયરૂપી કમાન્ડર આવીને પૂછે કે "તને એક મિનિટમાં હું વિચલિત કરી શકું છું ભક્તિમાર્ગથી"; અને આપણે પણ કહી શકીએ કે "હા હું એક મિનિટમાં વિચલિત થઈ શકું છું છે તેનો તને ખયાલ છે કે નહિ!" તો તે વિષય પોતે ગભરાઈ જશે, ઉદ્વેગ થઈ જશે તે વખતે. કેમકે વિષય તમને ઈશારો કરે અને તમે તેને એમ કહો કે હા હું જીવ તરીકે એટલો લાચાર છું પણ મેં પરમાત્માને આત્મનિવેદન કર્યું છે તે પરમાત્મા કદી પણ મારી લૌકિક ગતિ નહિ થવા દે **"ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્."**

એ પરમાત્મચિંતન દ્વારા તમારામાં ભક્તિ વધારવા માટે અહીંયાં આ નવરત્નનો ઉપદેશ આપવામાં આવી રહ્યો છે : "યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાદ્...ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાર્ઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે" એ વાતને ધ્યાનમાં રાખશો પ્રથમ શ્લોકમાં સૌથી પહેલાં ભક્તિની દઢતાનો *બેઝિક્ પ્રોબ્લેમ્* છે એ *પ્રોબ્લેમ્* અહીંયાં મહાપ્રભુજીએ સમજાવ્યો

છે. એટલે અહીંયાં સંપ્રદાનમતિ અને કર્તૃપ્રજ્ઞા ના *કોમ્બિનેશન્*માં તમે જે લોકોએ *એક્યુપ્રેશર્* અને *એક્યુપંક્ચર્ ટ્રીટમેન્ટ્*ની બાબતમાં સાંભળી રાખ્યું હશે કે જાણ્યું હોય તો તમને ખ્યાલ હશે કે રોગો ક્યાંય પણ હોઈ શકે છે પણ એના પોઈન્ટ નિર્ધારિત હોય છે. ક્યાં એને *પંક્ચર્* કરવું કે ક્યાં એને *પ્રેશર્* આપવું. કયા પોઈન્ટને દબાવવાથી ક્યાંનો રોગ મટે, એમ મહાપ્રભુજી ક્યા પોઈન્ટને *પ્રેશરાઈઝ્* કરી રહ્યા છે? જે પોઈન્ટને *પ્રેશરાઈઝ્* કરવાથી તમારી ચિંતાનું દર્દ મટી શકે. તેમાંનો એક પોઈન્ટ છે તમારો પોતાનો નિવેદિતાત્મા હોવાનો આત્મનિર્ધાર અને બીજો પોઈન્ટ છે જે પરમાત્માને તમે નિવેદન કર્યું છે એ પરમાત્માની બાબતમાં તેનાં પુષ્ટિસ્થ હોવાનો વિશ્વાસ. એ પરમાત્માના પુષ્ટિસ્થ હોવાના પોઈન્ટને થોડુંક *પ્રેશર્* આપો, પછી તમે ચિંતાથી મુક્ત થઈ જશો. આ બે ઠેકાણે પ્રેશર આપશો પછી ચિંતા નહીં થાય અને નહીં તો ચિંતા થવાની જ છે.

એક વાત દઢ કરીને રાખો કે પોતાના આત્મનિવેદી હોવાના પોઈન્ટને તમે *પ્રેશરાઈઝ્* નથી કરતા, પરમાત્માના પુષ્ટિસ્થ હોવાના પોઈન્ટને જ્યારે તમે *પ્રેશરાઈઝ્* નથી કરતાં તે વખતે તમારી બુદ્ધિમાં જ્યારે કોઈ બહુ આકર્ષક વિષયનો કમાંડર આવશે અને કહેશે કે, ‘‘એય! ખબર છે કે નહીં કે તને ભક્તિમાર્ગથી એક ક્ષણમાં વિચલિત કરી શકું છું. કેમકે તારે ઘેરે બિરાજતાં ઠાકોરજી પૂર્ણપુરુષોત્તમ ન હોઈ ગુરુભાવથી જ કેવલ બિરાજે છે. તે પૂર્ણપુરુષોત્તમ તો અમો ગો.બા.ઓના ઘરે જ બિરાજે. તેથી આ ક્ષુલ્લક ઠાકોરજીની ચિંતા છોડીને અમારી હવેલીઓમાં દર્શન-ભેટ-મનોરથ-પ્રસાદમાં પૂર્ણભાવ રાખ.’’ તો તમારામાં મનમાં વિશ્વાસ હોવો જોઈએ કે **‘‘ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્’’** તમે વિચલિત નહિ થઈ જશો. પણ આ પોઈન્ટ્સ્‌ને તમે *પ્રેશરાઈઝ્* કર્યા હશે તો પછી તમે છાતી ઠોકીને કહી શકો છો કે કશું જ નહીં થાય, તું વિષયથી

મને લલચાવીને જોઈ લે પણ **‘‘યાન્ આસ્થાય નરો રાજન્ ન પ્રમાદ્યેત કર્હિચિદ્ ધાવન્ નિમીલ્ય વા નેત્રે ન પતેદ્ ન સ્ખલેદ્ ઈહ.’’** મેં કોને પકડ્યો છે? પુષ્ટિસ્થ પ્રભુને પકડ્યો છે. પુષ્ટિસ્થ પ્રભુને મેં ક્યા સંબંધથી પકડ્યો છે? આત્મનિવેદનના સંબંધથી પકડ્યો છે. હવે મારે લૌકિકગતિની ચિંતા કરવાની રહેતી નથી. ઉદ્વેગ થતો હશે તો સાંખી લઈશું, એ ઉદ્વેગની પણ ચિંતા કરવાની મારે જરૂર નથી. ઉદ્વેગ થઈ રહ્યો છે એ તો *પોઝિટિવ્ સાઈન્* છે.

હોસ્પિટલમાં જ્યારે તમે *એડ્મિટ્* થાઓ ત્યારે ડોક્ટરો પગતળિયામાં કંઈક અણીદાર ઈન્સ્ટ્રુમેન્ટ્ લગાવે, હથોડી મારે એનાથી શું થાય છે? એ હથોડી મારે અને આપણા પગમાં ઝટકો લાગતો હોયતો તમારી ચેતના બરાબર કામ કરી રહી છે. હથોડી મારે ને તમે પડ્યા રહો કે ‘‘મારે રાખ તું’’, તો ડૉક્ટરે સમજી જાય કે મરવાની અણી ઉપર જ છે આ માણસ. એક વખત હથોડી મારે અને તમારા પગમાં ઝટકો નથી આવી રહ્યો એટલે તમે મરવાની અણી ઉપર છો. તમને ઝટકો લાગી રહ્યો છે એટલે તમારામાં જીવનના *ચાન્સિસ્* છે. તમે આત્મનિવેદી છો અને લૌકિક ગતિના હથોડાથી તમને ઝટકો લાગી રહ્યો છે તો તમે આત્મનિવેદી તરીકે જીવિત છો. હવે તમને *પ્રેશર્* પોઈન્ટની *ટેકનિક્*થી સ્વસ્થ કરી શકાય છે **‘‘ભગવાન્ અપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્’’.**

તમને ઝટકો જ નથી લાગી રહ્યો તો ડૉક્ટર સમજી જાય કે હથોડો મારવાની જરૂરત નથી મરેલો જ છે. જેને ચક્કુ આમ પગમાં લગાવીએ તો ચુભન ન થતી હોય, હથોડો મારીએ તો ઘુટણમાં ઝટકો ન આવતો હોય, ‘‘રામનામ સત્ય હૈ સત્ય બોલો ગત્ય હૈ’’ થઈ ગઈ એની. તો પછી વધારે ચિંતા એનીયે પાછી કરવાની ન હોય. જવાદ્યોનિ, બસ એમ થઈ જાય. આ આખો

નવરત્નનો ઉપક્રમ મહાપ્રભુજીએ કર્યો છે.

''નવરત્ન સૂત્ર છે અને વિવેકધૈર્યાશ્રય તેનું ભાષ્ય છે'' વિધાનની ચકાસણી :

મહાપ્રભુજીએ જે ઉપાયો ચિંતાનિવૃત્તિનાં નવરત્નમાં ઉપદેશ્યા છે તેનો જ વિસ્તારપૂર્વક ઉપદેશ આપશ્રીએ વિવેકધૈર્યાશ્રયમાં કર્યો છે. તેથી અહીંયાં વર્ણવેલ ચિંતાનાં વિવિધ પ્રકારોમાં કોઇક ચિંતાનાં નિવારણમાટે આપશ્રી વિવેક તો કોઇકના નિરાકરણમાટે ધૈર્યનો તો કોઇક પ્રકારની ચિંતાનાં નિરાકરણમાટે આશ્રયનો ઉપદેશ આપે છે. તેથીજ વિવેકધૈર્યાશ્રયમાં ઉપદિષ્ટ ચાર પ્રકારના વિવેક તે ચાર પ્રકારના અવિવેકોને દૂર કરવામાટે ઉપદેશ્યા છે. તે અવિવેકો જો દૂર ન થાય તો આપણી ભીતર ચિંતા જગાડી શકે. તેમજ જે ચાર પ્રકાર ધૈર્યોનાં ઉપદેશ્યા તેવા ધૈર્યોના અભાવે ઉદ્ભવતાં અધૈર્યો આપણી ભીતર ચિંતા પ્રકટ કરતાં હોય છે. આમજ આશ્રયસિદ્ધિનાં ચાર ઉપાયો દેખાડ્યા તેવા આશ્રયભાવો વિના શરણાગત કે ભક્ત જીવો ચિંતાના વમળમાં ફસાઈ જવાની પૂરેપૂરી શક્યતાઓવાળા હોય છે.

આત્મનિવેદીનો આત્મનિર્ધાર જ સહજ ઉદ્વેગ પેદા કરતો હોય છે :

આ જે જેટલા ચિંતનો છે એ ચિંતાને નિવૃત્ત કરવાના ઉપાયો છે. બીજા ઠેકાણે એનું *એપ્લીકેશન્* કરશોને તો ખોટા જ અર્થો નીકળશે, અને સાવ તમે રવાડે જ ચડી જવાના છો, પણ જ્યારે આ *પર્ટિક્યુલર્* જાતની ચિંતા થઈ રહી હોય તો એક ચિંતાનું કોઈ એક *પર્ટિક્યુલર્* ઉદ્વેગ કારણ હશે. એ ઉદ્વેગ કારણ એટલા માટે છે કે તમારો કોઈક જાતનો આત્મનિર્ધાર તમે કર્યો છે કે તમે કોણ છો? તેના કારણે તમને ઉદ્વેગ થઈ રહ્યો છે. કોઈક છોકરીને કોઈક છોકરો છેડતો હોય એમાં મને ઉદ્વેગ થાય? પણ મારી બેન કે દીકરી કે બૈરી હોય તો ઉદ્વેગ થાય કે નહીં! શા માટે ઉદ્વેગ થાય? કેમકે તેવો આત્મનિર્ધાર મે કર્યો છે કે હું આનો ભાઈ છું, હું આનો બાપ છું, હું આનો પતિ છું, હું આનો દીકરો છું, હવે આવો આત્મનિર્ધારિ કર્યા પછી એની કોઈ છેડતી કરે તો મને ઉદ્વેગ થાય તો પછી મારે ચિંતન કે ચિંતા જે કાંઈ કરવી હોય તે કરી શકું પણ મને આત્મનિર્ધારિ જ ન હોય કે છેડવામાં આવતી છોકરીનો હું કોણ? એ જ મને ખબર ન હોય તો પછી ચિંતા કરવાની શું જરૂરત છે? છેડનારો છેડે છે, છેડાનારી છેડાય છે એમાં મારું શું જાય છે.

તેથી આત્મનિવેદનનો ભાવ હશે તો આ ચિંતા તમને થશે કે મેં બ્રહ્મસંબંધ લીધું અને પ્રભુ મારાથી સેવા નથી લઈ રહ્યા, બાકી ઘરનાં બધાં *મેમ્બરો* સેવા કરી શકે છે તો ઉદ્વેગ થવો સ્વાભાવિક છે. એ ઉદ્વેગ તો બહુ ઊંચી કક્ષાની વાત છે. ઉદ્વેગ દરેકને નથી થતો આવો. આવો ઉદ્વેગ થવો પોતાનું મહાન્ સૌભાગ્ય ગણવું જોઈએ. તે ઉદ્વેગનું પિંજાણ કરીને તમે જે ચિંતા કરશો તો તેનું નિવારણ મહાપ્રભુજીએ આ શ્લોકમાં કર્યુ છે.

ચિંતાનિવૃત્તિને માટે કાયિક, વાચિક અને આન્તરિક ઉપાય :

કાલે એકંદરે ચાર વાક્યોનું વિશ્લેષણ આપણે સમજવાનો પ્રયત્ન કર્યો. સૌથી પહેલા ત્રણે કાગળિયાઓ ઉપર એક વખત દષ્ટિપાત કરીને તમે જોઈ લેશો તો તમને ખ્યાલ આવશે કે આઠમા વાક્ય સુધી આન્તરિક ઉપાયોપદેશ છે, નવમાં વાક્યમાં કાયિક અને આન્તરિક ઉપાયોપદેશ છે. દશમા વાક્યમાં ફરીથી આન્તરિક ઉપાયોપદેશ છે અને અગિયારમા વાક્યમાં વાચનિક ઉપાયોપદેશ છે. એકથી આઠ સુધી દરેકમાં આન્તરિક ઉપાયોપદેશ છે. તો મૂળમાં એક આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે ચિંતા નિવૃત્ત કરવાના મહાપ્રભુજીએ, કાયિક, વાચિક, માનસિક અથવા આન્તરિક ત્રણે જાતના ઉપાયો બતાવ્યા છે. આન્તરિક કહો કે માનસિક કહો વાત એકની એક છે. આન્તરિક કહેતા ઘણા બધા આન્તરિક ક્રિયાકલાપોને આપણે સંકલિત કરી શકીએ. માનસિક કહેતા કેવલ મન જ કહેવાય. આન્તરિક

કહેવા જઈએ એટલે અંત:કરણ, અંત:કરણ ચાર જાતના હોય મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત. તો આન્તરિક કહીએ તો ચારે ઉપાયો આપણે સંગ્રહિત કર્યા કહેવાય. તો એવા આન્તરિક ઉપાય તે સિવાય કાયિક ઉપાય ચિંતા નિવૃત્ત કરવાના અને વાચનિક ઉપાય એટલે આપણી એક ત્રિપુટી કહેવાય છે. સાધનામાં કાયિક, વાચિક, માનસિક એ ત્રણેય ચિંતા નિવૃત્ત કરવાના ઉપાયોને મહાપ્રભુજી એ અહીંયા કામમાં લીધા.

નવરત્ન-વિવેકધૈર્યાશ્રય ગ્રંથોની સંગતિ :

આ જે નંબરિંગ કરી છે એના ઉપર તમે દષ્ટિ નાખશો તો તમને સ્પષ્ટ રીતે ખ્યાલમાં આવી જશે. હવે જેવી રીતે કહ્યા છે તે આપણે એક પછી એક જોશું. તે સિવાય જે આન્તરિક ઉપાયોને ઉપદેશમાં આઠ વાક્યો મહાપ્રભુજીએ આપ્યા છે તેમાં ખાસ કરીને હું તમને બે ત્રણ દિવસથી કહી રહ્યો છું કે નવરત્ન એ સૂત્રાત્મક ગ્રન્થ છે. અંત:કરણપ્રબોધ તેનું *પ્રેક્ટિકલ્ ડેમોન્સ્ટ્રેશન્* છે. એની અમલ બજામણી છે કે તે સિદ્ધાંતોને મહાપ્રભુજીએ પોતે કેવી રીતે અમલમાં મૂક્યા તેની કથા કહેનારો ગ્રન્થ છે, અને વિવેકધૈર્યાશ્રય જે કાંઈ અંત:કરણમાં કહેવામાં આવ્યું છે તેનું ભાષ્ય છે, વિસ્તાર છે. હવે ભાષ્ય કે વિસ્તાર કેવી રીતે છે? એ બાબત ઉપર આપણને જો ધ્યાન આપવું હોય તો આપણે સૌ જાણીએ છીએ કે વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં એકંદરે ત્રણ વાત કહેવામાં આવી. એક વિવેકની વાત, એક ધૈર્યની વાત, અને એક આશ્રયની વાત.

"વિવેકધૈર્ય સતતં રક્ષણીયે તથાશ્રય:"

મહાપ્રભુજીએ તેવી રીતે શરૂઆત કરી છે, વિવેક, ધૈર્ય, અને આશ્રય એ ત્રણેનું રક્ષણ આપણે કરવું જોઈએ. અને વિવેક એટલે શું? તો

"વિવેકસ્તુ હરિ સર્વં નિજેચ્છાત: કરિષ્યતિ"

એ વાત નવરત્ન અને વિવેકધૈર્યાશ્રય ની સરખી જ વાત છે. એમાં કોઈ જાતનો વિસ્તાર નથી. એ તમે નવરત્નને પાઠ અને વિવેકધૈર્યાશ્રય ના પાઠ થકી સમજી શકો છો. તેવી જ રીતે—

"ત્રિદુ:ખસહનં ધૈર્યમ્ આમૃતે: સર્વત: સદા"

એટલે આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક ત્રણે દુ:ખોને સર્વદા સાંખી લેવી તે ધૈર્યની પરિભાષા કરવામાં આવી અને આશ્રયની પરિભાષા કરતા મહાપ્રભુજીએ એક વાત કહી, "**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિ**" ચાહે કોઈ ઐહિક આપણું પ્રયોજન હોય કે કોઈક પારલૌકિક પ્રયોજન હોય કોઈપણ પ્રયોજનમાં કે કોઈપણ સંદર્ભમાં 'શરણ' એટલે મારા રક્ષક શ્રીહરિ છે. આ વાત કોઈ દિવસે ભૂલવી નહીં. તે વાત આપણા મનમાંથી ડગે નહીં તો આપણો આશ્રય સિદ્ધ થયો કહેવાય.

વિવેક-ધૈર્ય-આશ્રયના શિખરપર પહોંચવા તળેટીથી શરૂઆત કરવી પડશે :

હવે આ વિવેક, ધૈર્ય અને આશ્રયની પરિભાષા આપવામાં આવી. પરિભાષા એટલે જાણે કોઈ હિમાલયના એવરેસ્ટના એક આદર્શાત્મક શિખરની સ્થિતિ શું છે? અને એ હિમાલયના શિખર ઉપર તમારે ચડવું હોય તો જ્યાંથી ચડાઈ શરૂ કરશો ત્યાં કાંઈ સત્યાવીસ હજાર ફૂટની *હાઈટ્* નહીં હોય દસ કે પાંચ હજારની હશે, જુદી-જુદી *હાઈટ્સ્* હોઈ શકે જ્યાંથી તમે ચડાઈ શરૂ કરો છો. તેવી રીતે વિવેક ધૈર્ય અથવા આશ્રય તરફ તરફ જ્યારે તમે અગ્રેસર થાઓ છો, તે વખતે આ જે પરિભાષા આપવામાં આવી છે શિખર જેવી, કેમકે પહાડની જો આપણે ગણના કરવી હોય તો એ એની તળેટીથી નથી થતી, શિખરથી થાય છે. જેમ હિમાલયમાં કેટલા

પહાડ? એમ કોઈ આપણને કહે તો આપણે *નોર્મલી* કેટલી તળેટીઓ એમ નથી કહેતા. આપણે એમ કહીએ છીએ કે કેટલા શિખરો છે. જેટલા શિખર એટલા પહાડ.

જ્યારે આપણે પર્વતારોહણનો કોઈક મનોરથ લઈને અગ્રેસર થઈએ છીએ તે વખતે પણ એ શિખર આપણી બુદ્ધિમાં લક્ષ્યરૂપે હોવું જોઈએ. હવે હેલીકોપ્ટરથી કોઈક તમને ત્યાં મૂકી દે તો એ કથા જૂદી છે. અન્યથા તમે સીધા શિખર ઉપર પહોંચી ના શકો. નાનો હોય કે મોટો, સંભવ હોય કે અસંભવ, શક્ય હોય કે અશક્ય, કોઈપણ શિખર તરફ તમારે જવાનું હોય તો શરૂઆત એની તળેટીથી કરવી પડશે. અને એ તળેટીની ઉંચાઈ તે નહીં હોય જે શિખરની હોય.

એ વાત તમે હૃદયમાં એકદમ કોતરીને રાખો કે કોઈપણ વાતની શરૂઆત આપણે કરવી હોય એટલે જીવવાની પણ શરૂઆત કરવી હોય તો જન્મતાં જ કોઈ યુવાન નથી પેદા થતો. જન્મતાં નાનું બાળક પેદા થાય છે કે જે ચાલી બોલી કે ભાષા સમજી પણ નથી શકતો, ધીમે-ધીમે, જેમ-જેમ આપણે તેને ઉછેરતા જાઈએ તેમ-તેમ એના ગુણો, એની સામર્થ્ય ઉમરની સાથે ખીલતી જાય છે. એક બીજી હકીકત આ પણ હોય કે કોઈપણ પહાડ ઉપર ચડો તમે અને ચોટી સુધી પહોંચી ગયા પછી વધારે ચાલો તો નીચે ઉતરવાનું આવે. એવી જ રીતે જવાની પછી ઘડપણ પણ આવતું હોય છે. અને "**બાળક બુડ્ઢે એક સમાન**" અન્તે થઈ જતા હોય છે. બાળકને દાંત ન હોય તેમ બહુ ઘરડા ડોસાને પણ દાંત ન હોય. એ પણ બોખો હોય, આયે બોખો હોય. એમ બહુ ઘરડા થઈ જઈએ તો બુદ્ધિ પણ આપણી કોઈ એવી ઘરડમાં ફસાઈ જતી હોય છે કે ઘણી વખતે સામાન્ય વાત પણ ન સમજાય.

હમણાં જ મને કોઈ ભાઈ કહેતા હતા કે કોઈકને એમ સમજમાં આવી ગયું કે મેં અહીંયાં એવુ પ્રતિપાદન કર્યું કે નવરત્નના એક-એક શ્લોક બોલી બોલીને યજ્ઞની આહુતિ આપવી. હવે એ કાં તો એ બાળક હશે કાં કોઈ ઘરડો માણસ હશે! જે યુવાનચિત્ત હશે એને તો સમજમાં આવશે કે આવી વાત કમસે કમ મેં નથી કીધી કે "**ચિન્તાકાપિ ન કાર્યા સ્વાહા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ સ્વાહા, ભગવાનપિ પુષ્ટિસ્થઃ સ્વાહા,**" તમે કરો. મેં તો મજાક કરી કે આવું ક્યાંક કરવા ન મંડે. કરવા માટે નહોતી કીધી પણ પેલું જે ઘરડું કે બાળકનું મન હોય એને કાંઈક એવું સમજમાં આવી જાય. શ્યામ મનોહરજીએ લ્યો આટલી વખત "સ્વાહા-સ્વાહા" કરી પછી આપણે ન કરીએ તો કેમ સારૂં કહેવાય? પ્રવચન સાંભળ્યું શું આપણે? ઘડપણમાં એવી *પ્રોબ્લમ્* થઈ જતી હોય છે. મારા પણ ધોળા થઈ ગયા છે પણ એટલો ઘરડો હું નથી જેટલો તમે સમજી ગયા. એટલે એ બાલ્યાવસ્થામાં અને ઘડપણમાં કાંઈક સરખે-સરખી બધી *સિસ્ટમ્* ઉભી થઈ જતી હોય છે.

તળેટીની ઉંચાઈ અને શિખરની ઉંચાઈ નો ભેદ સમજવો પડશે :

શીખરની જે ઉંચાઈ છે તે ઉંચાઈ તળેટીમાં તમને નહીં જ મળે. તેથી જ મહાપ્રભુજી વિવેક, ધૈર્ય અને આશ્રય અને તેમની તળેટીઓ પણ આપણને સમજાવે છે અને તેના શીખરો કેવા છે તે પણ સમજાવે છે. સૌથી પહેલા વિવેકની તળેટી ક્યાંથી શરૂ થાય છે? તો મહાપ્રભુજી પહેલી તળેટી એ બતાવે છે કે તમે ભગવાનની સામે પ્રાર્થના કરવાનું બંધ કરો. ભગવાન્ની આગળ પ્રાર્થના કરવાનું બંધ કર્યું તો તમે પુષ્ટિમાર્ગીય વિવેકની તળેટીમાં પહોંચી ગયા. પ્રાર્થના એટલે કીર્તન નહીં હોં આપણા, પ્રાર્થના એટલે ઠાકોરજીને આપણે ભોગ ધરીએ તે વખતે કાની આપીએ તેવી પણ પ્રાર્થના નહીં. 'પ્રાર્થના' શબ્દનો સરખી રીતે અર્થ સમજો. 'પ્રાર્થના' એટલે કે પ્રભુ! મને છોકરો નથી થતો તમે છોકરો

આપો, મારો ધંધો નથી ચાલતો તમે મારો ધંધો ચલાવી દો, અરે! ભગવાન કાંઈ *કેપિટલ્ લૉન્* આપવાની બેંક ખોલીને નથી બેઠા કે તમને લાખ રૂપિયાની *કેપિટલ્* આપે કે જેથી તમે ધંધો કરવા મંડો. પાછું તમે એમાંથી ખાલી પચાસ હજારનો મનોરથ કરો ઠાકોરજીનો, તે પણ પાછુ મોટું મંદિર હોય તો તમે લાખ રૂપિયા કરોને એનાથી નાનું મંદિર હોય તો પચાસ હજાર કરો. એના કરતા ચાલુ કોઈ બાળક તમને છપ્પનભોગમાટે આવે તો દસ-પંદર હજારમાં ટિલ્લિલીલી કરી દો. અને દર્શન કરવા પણ પાછા ન જાઓ. તો ભગવાન્ કંઈ એવો ગાંડો છે કે તમારો એવો ધંધો ચલાવવા બેસે! મોટા મંદિરમાં છપ્પનભોગ કરાવવાથી તમારું નામ છાપામાં ચડતું હોય તો તમે લાખ રૂપિયા આપો. જરાક છાપામાં છપાતી જાહેરાતની કમી લાગે તો તમે પચાસમાં પટાવી દો મહારાજને કે હવે ફૂલ નહીં પણ ફૂલની પાંખડી. કોઈક નાનો સરખો મહારાજ આવે જેમાં કાંઈ *પબ્લિસિટી* વેલ્યુ તમને ન જણાતી હોય તો પંદર હજારમાં જ તમે કહો કે લ્યોને હવે જાઓ. દર્શન કરવાય પાછા તમે ન જાઓ. પંદર હજાર તમે છપ્પનભોગના આપ્યા હોય ને એ કહે કે દર્શન કરવા તો આવજો તો તમે પાછા એમ કહો કે ‘‘પ્રસાદ ઘેરે મોકલાવી દેજોને’’ તો આવી જાતની મનોવૃત્તિઓ આપણી હોય છે.

૧.‘‘પ્રભુને પ્રાર્થના ન કરવી’’ તે પ્રથમ વિવેક :

ભગવાન્ કંઈ એટલા ગાંડા નથી કે તમારો ધંધો ચલાવવા તમને કોઈક જાતની *કેપિટલ્* આપે. તેથી આવી *કેપિટલ્*ની આપણે ભગવાન્ આગળ પ્રાર્થના કરીએ તો તેવી પ્રાર્થનાની મહાપ્રભુજી ના પાડે છે—

> ‘‘પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્’’

પ્રભુ તમને શું આપવા માગે છે તેની સમજ જો તમને સરખી

રીતે ન હોય અને તમે માગં-માગ કરીને કોઈ ક્ષુદ્ર વસ્તુ માગી લેશો તો તમારૂં અહિત થશે. કદાચ પ્રભુ તમને એના કરતાં વધારે આપવા માગતા હશે? પ્રભુ તમારા સ્વામી છે. માગીને તમે એક સાથે પ્રભુ ઉપર બે આરોપ લગાવો છો. એક આરોપ તો એ કે તું સમજતો નથી કે મારી જરૂરિયાત શું છે? અને તું નિર્દય છે કે હું કહું ત્યારે આપે છે, એના પહેલાં જાતે આપી નથી દેતો. એવા બે-બે આરોપ લગાવી દો પ્રભુ ઉપર પછી તમે કહો કે મારો ધંધો ચલાવ ને મારી તકલીફ દૂર કરો. એ પ્રાર્થનાની વૃત્તિ ઉપર તમે કાબુ મેળવ્યો તો વિવેકનું પહેલું પગથિયું તમે ચડ્યા, વિવેકની તળેટીમાં પહોંચી ગયા.

૨.‘‘અભિમાન ન કરવું’’ તે બીજો વિવેક :

એ પછીથી વિવેકનું બીજું પગથિયું મહાપ્રભુજી કહે છે કે તમે પ્રાર્થના નથી કરતા એ બહુ સારી વસ્તુ છે પણ જો તમને અભિમાન કેળવાઈ જાય કે પ્રભુ આગળ જ્યારે પ્રાર્થના જ નથી કરવી પછી હું જ બધા કામ કરૂં છું. પછી પ્રભુની મારે ગરજ શી? જેને કાંઈ પ્રાર્થના ન કરવાની હોય કે જેની આગળ કરગરવાનું ન હોય એ ભગવાન્ હશે તો પોતાના ધામનો. મારે શું લેવા દેવા જો મારે કામ ન આવતો હોય તો. ‘‘**હમ ઉસીકો ખુદા સમઝતે હૈં જો મુસીબતમેં કામ આ જાયે**’’ તો જ્યારે મારી મુસીબતમાં કામ ન આવતો હોય તો હશે કોઈ આસમાનનો ખુદા એમાં મારે શું લેવા-દેવા? આવું જો અભિમાન તમે કેળવો તો એ પ્રાર્થના ન કરવાની વૃત્તિની તળેટી ઉપરથી નીચી કોઈ ખંદકમાં તમે ગબડી ગયા. એટલે બીજો વિવેક મહાપ્રભુજી કહે છે કે પ્રાર્થના ન કરવાની *સાઈડ્ ઈફેક્ટ્* તમારામાં એવી થવી ના જોઈએ કે તમારી ભીતર અભિમાન કેળવાઈ જાય. પ્રાર્થના જ નથી કરવી તો ભગવાન્ કોણ હોય છે? પ્રાર્થના કરવી હોય તો તો હું ભગવાન્‌ને ભગવાન્ માનું. તેથી પ્રાર્થના ન કરવી તે પહેલો વિવેક, અભિમાન ન કરવું એ

બીજો વિવેક.

૩.'હઠાગ્રહત્યાગ' એ ત્રીજો વિવેક :

અભિમાન ન કરવું એ વસ્તુ સાચી પણ માણસ બે રીતે જીવી શકે કાં તો દીન થઈને કાં અહંકારી થઈને. કોઈક દીન થવાની આપણે ના પાડી દઈએ કે અહંકારી થઈ જાય. અને અહંકારી થવાની ના પાડીએ કે તો દીન થઈ જાય. આ જે બે જાતના *એક્સ્ટ્રીમ્* છે તે મહાપ્રભુજીને નથી ગમતાં. એનું કારણ સમજો કેમકે કાલે પણ મેં તમને સમજાવ્યું કે એ સર્વેશ્વર પણ છે અને સર્વાત્મા પણ છે. તો પરમાત્મા આપણો આત્મા પણ છે એ કારણથી એની સામે દીન થવાની શી જરૂરત છે? અને એ સર્વેશ્વર પણ છે તો એની આગળ અહંકાર કરવાની શું જરૂરત છે—

"સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ"

એ બન્ને પદો ઉપર તમે ધ્યાન આપશો તો તમને ખ્યાલ આવશે કે પરમાત્મા સાથેના આપણા સંબંધમાં, નથી કાંઈ આપણને અહંકાર કરવા જેવો કોઈ પ્રશ્ન કે નથી આપણને કોઈ ખોટી દીનતાની આવશ્યકતા. મહાપ્રભુજીને મળ્યા તે પહેલાં સૂરદાસજી એમ સમજતા હતા કે "હોં પતીતનકો ટીકો" આવી ખોટી દીનતા મહાપ્રભુજીએ તોડી દીધી "સૂર હ્વેકે કાહે ઘિઘિયાત હૈ!" તેથી ખોટો અહંકાર પણ રાખવાનો નથી. એવો કોઈ એક સંતુલિત અભિગમ આપણે રાખવાનો છે પરમાત્મા સાથેના આપણા સંબંધને નભાવવામાં. તે સંતુલિત અભિગમ આપણને ક્યારે રહે કે જ્યારે હઠની વૃત્તિ આપણે છોડી દઈએ. કોઈ પણ જાતનો હઠાગ્રહ આપણે પરમાત્મા સાથેના સંબંધમાં ન રાખીએ. હઠની વૃત્તિ છોડીએ તો આ વાત જળવાશે અને જ્યારે હઠ રાખીશું તો એમ જ આવશે કે જો દીનતા નથી રાખવી તો અમે અહંકાર કરીશું. જો અહંકાર નથી કરવો તો દીનતા કરીશું.

એક વખતે હું 'ઈબ્રાહિમ રહેમતુલ્લા રોડ્' ઉપરથી બસમાં સવારીમાટે ચડ્યો. ત્યાં અધવચ્ચે રસ્તામાંથી એક બહુ તગડાભાઈ પણ ચડ્યા. કંડકટરે એમને રોકી દીધા. ઉતરી જાવ સ્ટોપ વગર કેમ ચડ્યા? પછી બન્ને એક બીજા સાથે ખૂબ ઝઘડ્યા. હવે તો ઝઘડામાં સ્વાભાવિક જેમ "તું શું કરી લેશે—તું શું કરી લેશે?" થાય તેમ તેમાં કન્ડકટરે ઓચિંતા એને એમ કહી દીધું કે "મોટુ તારા ચશ્મા ઉતારી લઈશ!" કદાચ નંબર વધારે હશે! એટલે પોતે તરત ઉતરી ગયો બીકનો માર્યો. માણસને બે જ ભાષા આવડે કાં તો દીનતાની કાં તો અહંકારની. કંડકટરે ધમકી આપી કે ચશ્મા ઉતારી લઈશ તો પેલો માણસ કંડક્ટર કરતા વધારે મોટો હતો. જો બે લાફા કંડક્ટરને માર્યા હોત તો કંડક્ટર ગબડી પડત. પણ ચશ્મા એવી કમજોરી કે કોઈ ઉતારી લે તો પછી લાફા મારવા ક્યાં? હવામાં મારવા લાફા! એટલે માણસની એ લાચારી છે કે કાં એ દીન થઈ શકે કાં અહંકારી થઈ શકે. પેલા માણસે જો ખોટી હઠ ન પકડી હોત કે સ્ટોપ વગર પણ બસમાં ચઢી ગયો તો પણ ઉતરીશ નહિ તો ન એને અહંકાર દેખાડવાનો અવસર આવ્યો હોત કે ન કંડક્ટર કરતા આટલો તગડો હોવા છતાંય દીનતાનો અવસર આવત. તેને વિલે મોઢે નીચે ઉતરવું પડ્યું. મને શરમ આવવા માંડી કે આવો તગડો માણસ કેમ ઉતરી ગયો? હવે ચડી જ ગયો છે તો થોડો વધારે ઝઘડો કરે. જોકે એવી ઈચ્છા રાખવી સારી વાત નથી તો પણ એના શરીરને જોઈને મને થોડો ઉત્સાહ થયો કે આટલો તગડો માણસ થોડોક ઝઘડ્યો હોત તો એક સીન તો *ક્રિયેટ્* થાત બસમાં. પણ ચશ્મા વગર જોઈ ના શકવાની લાચારી એવી હોય જ છે. એટલે દીનતા અને અહંકાર બન્નેમાંથી બચવું હોય તો પહેલી શરત એ છે કે માણસે હઠાગ્રહ જીવનમાંથી છોડી દેવો જોઈએ. જે હઠાગ્રહ છોડે

છે તે આ બે *એક્સ્ટ્રીમ્*માં ટ્રેઈપ્ થવાથી બચી શકે. જેની વૃત્તિ હઠીલી છે તે આ બે માંથી કોઈક એકમાં ફસાઈ જ જશે. એટલે ત્રીજો વિવેક મહાપ્રભુજીએ બતાવ્યો કે હઠાગ્રહ નહીં કરવો.

૪.'કર્તવ્યાકર્તવ્ય' ની બાબતમાં સજાગતા તે ચોથો વિવેક :

ચોથો વિવેક પોતાના કર્તવ્યાકર્તવ્ય બાબતની સતત સજાગતા. તે ક્યારે જળવાય કે જ્યારે પહેલાં કહેલાં ત્રણ વિવેકો કોઈથી જળવાતા હોય. જે માણસની ભીતર પોતાના કર્તવ્યાકર્તવ્યની સજાગતા સરખી જળવાતી હોય તેનામાટે ઉદ્‌વિગ્ન થવાની શક્યતાઓ ઘટી જતી હોય છે. આ નિયમો જેમ સામાન્ય વાતોમાં લાગુ પડતાં હોય છે તેમ ભગવત્સેવા ભગવદ્દભક્તિ કે ભગવદાશ્રય ની બાબતમાં પણ જાણી લેવાં જોઈએ.

આમ ચારેય પ્રકારના વિવેકોને જાળવનારી વ્યક્તિ જ ધૈર્ય ધારણ કરવા સક્ષમ બની શકતી હોવાથી વિવેક પછી ધૈર્યનાં ચાર પ્રકારો મહાપ્રભુજીએ ઉપદેશ્યા છે.

ધૈર્યના ચાર પ્રકાર સહજ પ્રતીકાર કે અનાગ્રહ, સહન, ત્યાગ અને અસામર્થ્યભાવના :

આ ચાર વિવેકની સાથે સાથે મહાપ્રભુજીએ ધૈર્યના પણ ચાર પ્રકાર બતાવ્યા : અનાગ્રહ, સહન, ત્યાગ, અને અસામર્થ્યભાવના.

બૌદ્‌ધિક અનાગ્રહ :

હઠાગ્રહ ન કરવો તે બૌદ્‌ધિક વિવેકનો એક પાર્ટ છે. તેથી જ કહેવાયું છે "બુદ્ધેઃ ફલમ્ અનાગ્રહઃ" . એક બૌદ્‌ધિક આગ્રહ હોય અને એક લાગણીવાળો આગ્રહ. જ્યારે બૌદ્‌ધિક હઠાગ્રહ આપણે રાખીએ કે અમને બસ આમ સમજમાં આવી ગયું તો હકીકત આમ જ છે. બીજી રીતે હવે હકીકત હોઈ શકતી જ નથી. તેમાં આપણે કહીએ "સાંભળો તો ખરા!" તો કહે કે "નથી

સાંભળવું" એનું નામ બૌદ્‌ધિક હઠાગ્રહ.

લાગણીનો અનાગ્રહ :

તેવી જ રીતે કોઈક વાતનો આગ્રહ કરવો કે ન કરવો તે બાબતમાં હૃદયની લાગણીવાળી મનોવૃત્તિ પણ કોઈક હોઈ શકે છે. આપણી જે રીતે લાગણીઓ બંધાઈ ગઈ એમાં હઠાગ્રહી થઈ જવું. એટલે મોટે ભાગે નાના બાળકોને આપણ એમ કહી દઈએ કે "તારી મમ્મી મારી છે", એમ બોલનારો બિચારો મામો જ હોય તો પણ બાળકને ગુસ્સો આવી જાય. કેમકે એની લાગણી ઘવાઈ જાય કે મારી મમ્મીને પોતાની કહેનાર તું કોણ? પોતાની બા પ્રત્યે જે એની લાગણીનો આગ્રહ છે તે ઘવાઈ જતો હોવાથી એ રડવા મંડશે, ઝઘડા કરશે કે ના તારી નથી મારી છે બા. મોટે ભાગે આવી બાલિશતા ભરેલો લાગણીનો હઠાગ્રહ હોય છે.

વ્યાવહારિક અનાગ્રહ :

બુદ્‌ધિ અને લાગણી ની માફક વ્યવહારમાં પણ આગ્રહ પ્રકટતો હોય છે. જેના માટે મંકોડાઓ બહુ પ્રસિદ્‌ધ છે. મંકોડાને તમે દશ વખત ખસેડી દો એના ટ્રેક ઉપરથી તે પાછો ત્યાંજ આવી જશે. કોણ જાણે શું શારીરિક વ્યવસ્થા પરમાત્માએ તેની ભીતર ગોઠવી છે કે દસ વખત એને ખસેડો પાછો ત્યાં ને ત્યાં આવી જ જશે. તો મંકોડાને બૌદ્‌ધિક કે લાગણી નો હઠાગ્રહ નથી હોતો કે મારૂં અપમાન કેમ કરી દીધું તમે, કેમ તમે મને ખસેડી દીધો, હવે હું પાછો આવીશ. મને નથી લાગતું કે એટલું ગંભીર ચિંતન કે આવી ગંભીર લાગણી મંકોડાની હશે. પણ એના શરીરનું કાંઈક ઘડતર જ એવું છે કે દસ વખત એને ખસેડો ને પાછો ત્યાંને ત્યાં આવી જાય.

બૌદ્‌ધિક, લાગણીવાળો કે વ્યાવહારિક હઠાગ્રહ ન રાખવો :

વ્યવહારમાં પણ એવી આગ્રહિલતા હોય છે, ભાવનાઓમાં પણ

એવી આગ્રહિલતા હોય છે, તેમજ વૈચારિક આગ્રહિલતા પણ હોય છે. એ ત્રણેય જાતની આગ્રહિલતાઓને નહીં રાખવી એ પણ એક ધૈર્યધારણનો અસરકારક ઉપાય છે.

ધૈર્યની પરિભાષા :

'ધૈર્ય' એટલે સહન કરવું. તેની પરિભાષા મહાપ્રભુજી એમ કરે છે:

"ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા"

આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક ત્રણેય દુઃખોને સાંખી લેવું તેનું નામ ધૈર્ય છે. અને તે બે ચાર મિનિટ માટે નહીં પરંતુ આજીવન. જે દુઃખ-સુખની સાયકલ ચાલતી રહે તેમાં બે-ચાર મિનિટ સાંખવાનું હોય તો કોઈ પણ સાંખે. એમાં કોઈ ધૈર્યની વાત નથી. તે તો *રૂટિન્*ની વાત છે. પણ **"આમૃતેઃ સર્વતઃ સદા"** આજીવન કે આમરણ દુઃખોને સહન કરવા તેનું નામ ધૈર્ય. હવે આ પરિભાષાના શીખર ઉપર જઈને ધૈર્યને જોવા જશો તો હમણાં ધીરજ ખૂટી જાશે હોં. આવું ધૈર્ય કોણ રાખી શકે? કોઈ ન રાખી શકે. હું કિશનગઢમાં વિવેકધૈર્યાશ્રય ઉપર પ્રવચન કરતો હતો. મારી કુટેવના કારણે સાત દિવસસુધી વિવેક જ ઉપર પ્રવચન ચાલ્યું. આઠમે દિવસે એક ભાઈએ ઉભા થઈને મને પૂછ્યું કે "મહારાજ! આટલા દિવસથી તમે વિવેક ઉપર બોલે રાખો છો, તો ધૈર્ય ક્યારે આવશે?" મેં કહ્યું "તમારૂં ધૈર્ય ખૂટ્યું તો હમણા જ પ્રવચન પુરૂં કરૂં!" અને પ્રવચનનું સમાપન થઈ ગયું! ધૈર્ય નભાવવું બહુ અઘરી વાત છે તેના આદર્શરૂપમાં. પણ વ્યવહારમાં થોડુંક ધૈર્ય થોડાક સમયમાટે આપણે નભાવી શકીએ. એમાં કાંઈ તકલીફ નથી આવતી. આ જે પારિભાષિક ધૈર્ય છે **"આમૃતેઃ સર્વતઃ સદા"** ત્રણેય દુઃખોને ઝીલવા એ આદર્શની ઊંચાઈ છે.

લાગણીના અનાગ્રહથી ધૈર્ય કેળવવાની શરૂઆત :

એ આદર્શને પામવા માટે શરૂઆત કેવી રીતે કરીશું? જેમ કિંગકોંગ્ એક આદર્શ પહેલવાન્ છે પણ તમે આજે ઘી ખાવ તો તરત કાંઈ કિંગકોંગ્ ન થઈ જવાય. ધીમે-ધીમે થોડુંક-થોડુંક ઘી ખાવા મંડો તો કોઈક વખત તમે કિંગકોંગ્ જેવા થઈ જાવ. હવે કિંગકોંગ્નો જેટલો ખોરાક હતો એટલો તમે આજે જ ખાવ તો જાડા થઈ શકતા હોત તો સારી વાત થાત પણ કિંગકોંગ્ થવા જતાં ક્યાંક ઝાડા થાય તો શું કરવું? એટલે ઘી ખાવાથી કંઈ જાડા થઈ જશો એ ગેરંટી નથી, ઝાડાએ થઈ શકે છે. જાડા તમારે થવું હોય તો એનામાટે તમારે *પ્રોગ્રામ્* ઘડવો પડશે. ધીમે-ધીમે તમારી ઘી ખાવા-પચાવીની શક્તિ વધારતા જશો તો તમે આટલા જાડા થશો. કોઈપણ બાબતમાં પ્રમુખતા *કમિટ્મેન્ટ્*ની હોય છે. તેવી જ રીતે ધૈર્યમાં પણ મહાપ્રભુજી કહે છે, ભાવનાના અનાગ્રહથી ધૈર્યની શુરૂઆત થાય છે.

લાગણીના હઠાગ્રહથી ધૈર્ય ખંડિત થશે :

લાગણીના હઠાગ્રહો બહુ નહિ રાખો, લાગણી રાખો. લાગણી નહિ રાખો એમ મહાપ્રભુજી નથી કહી રહ્યા શરૂઆતનાં તબક્કામાં. જેના પ્રત્યે તમને જેવી લાગણી હોય... આપણે એરિક્સનની આઠ *સિસ્ટમ્* જોઈ એમાંથી જે કાંઈ લાગણી હોય; અથવા તો ક્લિફોર્ડ્ મોર્ગન્ના જ્ઞાનના પ્રકારો જોયા તેમાંથી જે કોઈપણ લાગણી, જે વિષય પ્રત્યે કે જે વ્યક્તિ પ્રત્યે કે જે સન્દર્ભ પ્રત્યે જેવી હોય તેવી લાગણી રાખો એમાં કંઈ વાંધો નથી. કોઈપણ એક લાગણીનો તમે જ્યારે હઠાગ્રહ બાંધી લો છો ત્યારે તમારૂં ધૈર્ય ખંડિત થતું હોય છે. લાગણીને કારણે ધૈર્ય ખંડિત નથી થતું, લાગણીના હઠાગ્રહને કારણે ધૈર્ય ખંડિત થતું હોય છે. એટલે ધૈર્ય કેળવવાનું પહેલું પગથિયું છે કે લાગણી રાખવા છતાં પણ લાગણીનો હઠાગ્રહ ન રાખો.

તમે કોઈના માટે દોસ્તીની લાગણી રાખો છો એ બહુ સારી વાત છે. તમે પરંતુ એમ હઠાગ્રહ રાખો કે આ મારો દોસ્ત છે તો દરેક સંદર્ભમાં કે દરેક પરિસ્થિતિમાં એણે દોસ્ત મુજબ જ વરતવું જોઈએ તે નહિ ચાળે. માણસ છે ને, નહિ વરતી શકે ચૂકી જશે. કાંઈક કામ એનાથી જાણે-અજાણે એવા થઈ જશે કે તમારી દોસ્તી એનાથી ઘવાઈ જશે. ફકત દોસ્ત તરીકેની લાગણી રાખીએ અને તે નભાવી શક્યો તો *થેંક્સ્ અ લોટ્!* અને ન નભાવી શક્યો તો *ગુડ્ બાય્!* એવો થોડોક અનાગ્રહ રાખશો તો ધૈર્યનો ગુણ ખીલવવામાં સહાયક થશે. જો આગ્રહિલ થઈ જશો તો તમે ધૈર્યનું ગુણ નહીં ખીલવી શકો. કોઈ તમને દગો આપે છે એને સહન કેવી રીતે કરવું એ અનાગ્રહી બનીને તમે ધૈર્ય કેળવી શકો છો. તમે હઠાગ્રહ રાખશો કે કોઈકને દોસ્ત ગણ્યો હવે તેની હિંમત કેમ પડી કે દગો આપ્યો, તો પછી શું કરવું છે એનું *મર્ડર્* કરવું છે? એને જેલમાં બેસાડવો છે? કરવુ શું છે ખુલાસો કરોને, દગો કર્યો પણ અનાગ્રહ હશે તો તમને બીજું સ્ટેપ્ લેવામાં સુવિધા થશે. એને દગો આપ્યો. તમારું દિલ બહુ દુઃખી છે પણ એ દુઃખને તમે સહન કરી શકશો. એ દુઃખનું તમે એવું પિંજણ નહિ કરો. તમને ચિન્તા નહિ થઈ જાય કે જેને મેં જીવનભર આટલો દોસ્ત માન્યો એ મને દગો કેમ આપી ગયો. હવે કાં તો હું એને મારૂં નહિ તો હું જઈને *સુસાઈડ્* કરૂં. દુનિયામાં કોણ કોનો સગો છે? આ બધો નદી-નાવનો સંયોગ છે. દગો આપ્યો તો દગો આપ્યો, સ્નેહ આપ્યો તો સ્નેહ આપ્યો. જે આપ્યો તેને જોતા રહો તો બસ મજા આવશે. જે આપે તેને *એન્જોય્* કરતા જાવ તો વધુ મજા આવશે. તેનું પિંજણ કરશો તો ક્યાંકને ક્યાંક લફરાં થવાનાં જ છે. જો પહેલું ડગલું અનાગ્રહનું તમારામાં હશે તો પછી તમને સહન કરવાની સિફ્ત આવશે કે જે તમને અભિલષિત હોય કે અભિલષિત ન હોય એને તમે સહન

કરી શકશો.

લાગણીના અનાગ્રહથી ત્યાગની સિફ્ત કેળવાય છે :

જ્યારે તમારામાં સહનશકિત આવશે ત્યારે તમે ત્યાગ કરી શકશો, નહિ તો ત્યાગ કરતા તમને રડવું આવશે. કોઈ વસ્તુને છોડવી બહુ અઘરી વાત છે હોં! પણ કોઈ વસ્તુને આપણે ક્યારે છોડી શકીએ? શાસ્ત્રમાં બહુ સુંદર કહ્યું છે—

> **“આયાતમ્ આયાન્તમ્ અપેક્ષણીયં ગતં ચ ગચ્છતં ચ ઉપેક્ષણીયમ્।**
> **અલં વૃથા ખેદનમોદનાભ્યાં યદ્ અસ્મદીયં નહિ તત્ પરેષામ્॥”**

જે આવી રહ્યું છે તેને આવકાર આપો. જે જઈ રહ્યું છે તેને વિદાય આપો **“આયાતમ્ આયાન્તમ્ અપેક્ષણીયં ગતં ચ ગચ્છન્તમ્”** જે ગયું અથવા જવા માટે કહે છે એને ઉપેક્ષણીય ગણો. **“અલં વૃથા ખેદનમોદનાભ્યામ્”** ખેદન કે મોદન આ બાબતમાં નહિ કરો. જે આવી રહ્યું છે તેને આવકારો જે ગયું અથવા જવા માગે છે તેને વિદાય આપો **“યદ્ અસ્મદીયં નહિ તત્ પરેષામ્”** જે તમારી સાથે રહેવા નિર્મિત છે તે બીજાની પાસે નહિ જાય અને જે તમારી સાથે રહી શકતો નથી તે તમારો કદી થવાનો નથી. એટલે *ટેક્ ઈટ્ ઈઝી!* હળવાશથી લો. એ હળવાશથી લેતાં આપણે શીખીએ તો ત્યાગની સિફ્ત કેળવાઈ જશે.

હું જ્યારે ‘તુલસીવિલા’માં રહેતો હતો ત્યારે એક ભાઈ ભણવા આવતા હતા. બોરીવલીથી મારે ત્યાં લગોલગ ત્રણ દિવસ ભણવા આવ્યાં ને એમને કોઈક પાકીટમાર ઓળખી ગયો કે મુંબઈની બહારના છે. એટલે ત્રણેય દિવસ પાકીટ મારી લીધું. હવે ચોથે દિવસ મુઠીમાં રૂપિયા રાખીને આવ્યા અને મારા ફ્લેટ્માં આવીને મને પૂછ્યું કે આપ આજ્ઞા આપો તો મુઠી ખોલું. મે કીધું શું છે

મુઠીમાં ? બોલે રૂપિયા લાવ્યો છું કોઈક પાકીટમાર ન મારી જાય એટલે. બધી હળવાશ એમની ખતમ થઈ ગઈ. ત્રણ વખત પાકીટ કપાયું એટલે માનવ પછી રૂપિયાને હળવાશથી ન લઈ શકે. ફ્લેટમાં ઘુસ્યા પછી એમણે મને પૂછ્યું કે આપ આજ્ઞા આપો તો હવે મુઠી ખોલું. મુઠીમાં બાંધીને આવ્યા.

એમ દરેક સંબંધોને, લાગણીઓને, ઉપલબ્ધિઓને આપણે મુઠીમાં બાંધીને રાખીશું કે કોઈ પાકીટ મારી ન જાય મારૂં. જે મારા સંબંધો છે, જે મારી લાગણીઓ છે, જે મારી ઉપલબ્ધિઓ કે *એચીવમેન્ટ્* છે એમને દરેકને મુઠીમાં જકડીને રાખવા માગે છે કે કોઈક તફડાવી ન જાય. આપણામાં ત્યાગની સામર્થ્ય નથી. ત્યાગની સામર્થ્ય નથી એટલે આપણે અધીરા થઈ જતા હોઈએ છીએ. મહાપ્રભુજી કહે છે કે ત્યાગ ક્યારે તમે કરી શકશો કે જ્યારે તમને અનાગ્રહ અને સહન નો બોધપાઠ સરખી રીતે કેળવાઈ ગયો હોય. પછી કોઈ જવા માગતો હશે તો એને વિદાય આપવામાં તમને જરાયે તકલીફ નહિ આવે. કોઈ આવતો હશે તો તમને એને આવકારમાં પણ જરાય તકલીફ નહિ આવે. તમે એને ટકોર નહિ કરશો કે કેમ તું તો જવા માગતો હતોને અલ્યા પાછો કેમ આવ્યો ! એમ ટકોર આપવાની તમને ગરજ નહિ રહી જાય કેમકે તમારી વૃત્તિ અનાગ્રહિલ થઈ ગઈ. આવે છે તો આવ, જવું છે તો જાવ, બન્ને બારણાં ખુલ્લાં માનસિક રીતે તમારા હોવા જોઈએ. જે આવતો હોય એને આવકારો, જે જતો હોય એને વિદાય આપો. સાચો ત્યાગ આમ થાય ! આમ ધૈર્યના પણ ચાર પ્રકારો ગણી શકાય.

૧.અનાગ્રહિલતયા પ્રતીકાર શક્ય હોય તો તે ધૈર્યમાં બાધક નહિ પણ સાધક પગલું છે :

તેથી દુઃખોને સહન કરવા કે તેમનો પ્રતીકાર કરવો તે બાબતમાં

અનાગ્રહિલ થવાનું તમને મહાપ્રભુજી જણાવે છે. કેમકે તેમ કરવાથી જ ભક્તિ કે પ્રપત્તિ નાં માર્ગપર તમે નિરુદ્વેગ આગળ વધી શકો છો. મહાપ્રભુજી એમ નથી કહેતાં કે અનાગ્રહી આપણે બન્યા તો શક્ય હોય તો પણ દુઃખોનું પ્રતીકાર કરવો નહિ. એટલે દુઃખોનું સહજ પ્રતીકાર કરી શકાતો હોય તો કરી લેવાથી આપણે ધૈર્યના પથથી વિચલિત થઈ જઈશું એવી ભ્રમણા મનમાં ન રાખવી.

૨.પ્રતીકાર શક્ય ન હોય તો દુઃખોને સહી લેવું તે ધૈર્યનું બીજું ડગલું છે :

તેના પછી જો પ્રતીકાર શક્ય ન હોય દુઃખોને સહન કરી લેવાની આપણી મનોવૃત્તિ રાખવી જોઈએ તો જ ધૈર્ય ધારણ કરી શકાય અન્યથા નહિ.

૩.પોતાની મેળે કોઈ આરંભ ન કરવો તે ધૈર્યનું ત્રીજું ડગલું છે :

અહીંયાં લાગણીનો પ્રશ્ન પ્રમુખ બની રહ્યો છે કે આપણે જાણતાં હોઈએ કે જેમ આપણાથી પ્રતીકાર શક્ય નથી તેમ જ દુઃખોને સહન કરી લેવું પણ જો શક્ય ન હોય તો પછી જડભરતની માફક જાતે કોઈ પણ કાયિક વાચિક કે માનસિક પ્રવૃત્તિના આરંભ કરવાના અભિગમથી વિરત એટલે કે ત્યાગની મનોવૃત્તિ કેળવવી જોઈએ. ગુજરાતીમાં આનામાટે એક બહુ સારી કહેવત છે **“પડશે તેવા તેવા દેવાશે”** દેવાની પ્રવૃત્તિ આરંભ કરવાનો અભિગમ આપણો ન હોવો જોઈએ. આમ જો શક્ય હોય તો ક્યારેય ઉદ્વેગ ચિંતામાં નહિ દુષ્પરિણમે.

૪.અસામર્થ્યની ભાવના એ ચોથું ડગલું છે :

જો આમાંથી કાંઈપણ તમારાથી ન થઈ શકતું હોય કે તમે નથી અનાગ્રહ કેળવી શકતા કે નથી પ્રતીકારની શક્યતા કે નથી સહનશક્તિ કેળવી શકતા તો મહાપ્રભુજી ચોથુ ધૈર્યનું સ્વરૂપ એમ સમજાવે છે કે તમે બધી રીતે અસમર્થ છો તો પછી તમે સમર્થ

નથી તો તમે ચુપ રહો હવે. જો હું ઉડવામાં સમર્થ નથી તો હવે હું કેટલા પણ હાથ આમતેમ કરૂં તેનાથી પક્ષીની માફક કાંઈ આકાશમાં થોડું ઉડી શકું? જે વાતમાં સમર્થ હોઈશ તે વાત કરી શકીશ. પક્ષી જેમ પાંખ ફફડાવે અને થોડીક વારમાં આકાશમાં ઉડતો થઈ જાય, એમ ધારોકે અડધો પોણો કલાક હું હાથ આમતેમ કરૂં તો એક ઈંચ પણ ઊંચો ઉઠી શકું જમીનથી? ન ઉઠી શકું. કેમકે મારા હાથોમાં પક્ષીની પાંખ જેવી સામર્થ્ય જ નથી. હવે સામર્થ્ય નથી તો મારે સમજી જવું જોઈએ કે આકાશમાં ઉડવાની ખોટી ભાવનાથી હાથ આમતેમ ન કરવા જોઈએ મારે. શાંતિથી બેસવું જોઈએ, નથી ઉડાતું તો શું થાય? મને પણ પાણીમાં તરવાની ઘણી ઈચ્છા થાય પણ માછલાની માફક પાણીની ભીતર રહેવાતું ન હોય અને થોડીક વારમાં પાણીમાં ગુંગળામણ થાય તો પાછા ઉપર આવું જ પડતું હોય તો સામર્થ્ય નથી. જેટલા અંશમાં સામર્થ્ય હોય એટલા અંશમાં આપણને વાપરવી જોઈએ. એટલે અસામર્થ્યભાવના એ ચોથો ધૈર્યનો પ્રકાર મહાપ્રભુજીએ બતાવ્યો. આ બધી વાત તમને એટલા માટે સમજાવી રહ્યો છું કે કે નવરત્નમાં આપણને આ સૂત્ર રૂપે મળી રહી છે અને ભાષ્ય સમજી લેશું તો સૂત્ર સમજમાં આવી જશે. સૂત્ર સમજશો તો ભાષ્ય સમજમાં આવી જશે.

આશ્રયની પરિભાષા :

તે પછીથી જે શરણાગતિની "**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં** હરિઃ" ઈહલોક અને પરલોક માં હરિ જ એક શરણ છે. 'શરણ' એટલે રક્ષક છે. હવે આ ફરી પાછી બહુ ઉંચી *હાઈટ્* છે. *એવરેસ્ટ્* કરતા પણ ઉંચી હોં! ધારો કે તમને ઉધરસ આવી તે એક ઐહિક *પ્રૉબ્લૅમ્* છે કે નહિ? હવે "શરણં હરિઃ" તો તમે શું ચરણામૃત લેશો કે દવા લેશો? અથવા તો *વિક્સ્ ફૉર્મ્યુલા ફૉર્ટીફૉર્* લેશો કે શું લેશો? હવે તમે કહો કે ના *વિક્સ્ ફૉર્મ્યુલા ફૉર્ટીફૉર્* લઈએ

તો શરણાગતિ ભાંગી ગઈ. તો આવી પંચાત થતાં કરવું શું! "**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ**".

આ શરણાગતિની શીખરકક્ષાની કે ટોચની વાત છે. આ ટોચ ઉપર પહોંચતા પહેલાં ઘણાં બધાં મુકામોથી આપણને પસાર થવું પડશે અને એ ઘણાં બધાં મુકામોથી આપણે પસાર થઈશું.

૧.આશ્રયનો પ્રથમ મુકામ મન-વાણીથી પ્રભુની શરણાગતિ :

તેમાં પહેલો મુકામ મહાપ્રભુજી શરણાગતિનો આમ સમજાવે છે કે મન અને વાણી થી શરણની ભાવના કરવી. દરેક વાતમાં તમને પ્રભુનું રક્ષકપણું અનુભવાતું હોય કે નહિ પણ તેવી ભાવના તો કરી શકો. તમારાથી શરણની આ દૃઢતા ન નભતી હોય એટલે તમને ઉધરસ આવીને ડોક્ટર પાસે જવું પડતું હોય તો જાવ પણ મનમાં ભાવના એવી રીતે રાખો કે ડોક્ટર મને શું ઠીક કરશે, પ્રભુ મને સાજા કરવા માગતા હશે તો હું ચોક્કસ સાજો થઈ જઈશ. નહિ સાજા કરવા માગતા હશે તો ડોક્ટરની દવાથી પણ હું સાજો થઈ શકતો નથી. આવી ભાવના તો તમે પોતાના મનમાં કરી શકો છો ને? તો મનથી અને વાણીથી જ આવી ભાવનાની તમે શરૂઆત કરો તો તે શરણાગતિ તરફનું પહેલું ડગલું હશે.

આ ભાવના જો તમે ન કરી શકતા હોવ પછી *પ્રૉબ્લૅમ્* છે. પછી એકેય ડગલું તો આગળનું ભરતા નથી અને કહો કે "**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ**" દરેક વાતમાં અમારે તો હરિ જ શરણ છે. તો પછી એ કહેવામાટે વાત સાચી છે પણ જીવનની હકીકત નહિ બનાવી શકો તમે. પાઠ કરવો હોય તો પાઠ કરી શકશો, એ સંભવ છે. પ્રવચન કરવું હોય મારી માફક પ્રવચન પણ કરી શકશો. એમાં કાંઈ વાંધો નહિ આવે પણ પ્રવચન એટલે પ્રવંચન હોં. એ બધું સંભવ છે અને તેમ કરવામાટે આપણે

ઉત્તમ અધિકારી છીએ. જઘન્ય મધ્યમ અધિકારી નહીંજ. આટલીય ભાવના જો તમે મનમાં કેળવી શકો કે ઐહિક કે પારલૌકિક જે કાંઈ લાભ, જે કોઈ *સોર્સથી* થતો હોય તે લેતા રહો પણ ભાવના એવી કરવાની કે ‘‘હરિ જ મને આ રૂપે લાભ પહોંચાડી રહ્યા છે’’ : ‘‘**ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં** હરિ:’’ આમ કરો તો હળવેથી તમને શરણાગતિનો ભાવ દૃઢ થઈ જશે.

૨.આશ્રયનો બીજો મુકામ મન-વાણી-કાયાથી અન્યાશ્રય નહીં કરવો :

બીજો ઉપાય શરણાગતિનો એટલે બીજું ડગલું મહાપ્રભુજીએ બતાવ્યું તે આ કે કાયિક, વાચિક કે માનસિક રૂપથી અન્યાશ્રયનો ત્યાગ કરવો. હવે પહેલું ડગલું ભરી શક્યા કે દરેક વાતમાં પ્રભુ જ શરણ છે આવી ભાવના કરવાનું... ફરી પાછો ઉલટો અર્થ નહિ લઈ લેતા કે ‘‘અચ્છા-અચ્છા હવે અમે સમજ્યા કે ખાલી માનવાની જ વાત છે’’ નહિ તો પાછો આ શ્યામ મનોહરજી મરી ગયો. આવું નહિ સમજતા, એ મુદ્દો નથી મારો. આપણે બધાં બહુ ચતુર છીએ. જરાક વાતમાંથી ચંચુ પ્રવેશે મૂસળીનો પણ પ્રવેશ કરાવી દઈએ. ભાવના કરવાની વાત કરતાં જ તમે કહેવા મંડો ‘‘અરે! તો પહેલાંથી કહેવું જોઈતું હતું ને કે આ તો ખાલી આમસ્તી માનવા-કહેવા પૂરતી વાત છે. કરવું-ધરવું કાંઈ નથી. પહેલાથી કેમ નહિ ખુલાસો કર્યો, નહિ તો અમેય શરણાગત થઈ જાત’’. એ અર્થમાં નહિ હોં!

‘અન્યાશ્રય’ કહેતાં અન્ય કોણ? :

તમારી કાયા વાણી અને અન્તઃકરણ થી તમે કોઈપણ અન્યદેવનો આશ્રય નહિ કરો. અહીંયાં ‘અન્ય’ એટલે જેને આપણે પુષ્ટિમાર્ગમાં આરાધ્ય દેવ તરીકે નથી લેતા તેવા દેવો. નહિ તો અન્યનો અર્થ તો મહાન્ વિસ્તૃત છે. ‘અન્ય’ એટલે યમુનાજી પણ. અને યમુનાજી અન્ય નહિ તો મહાદેવજી શામાટે અન્ય? મહાદેવજી કાંઈ જુદા છે ભગવાન્થી? મહાદેવજી પણ ઠાકોરજીનું જ સ્વરૂપ છે : ‘‘**બ્રહ્મૈવ**

તાદૃશં યસ્માત્ સર્વાત્મકતયા ઉદિતૌ’’ (બાલબોધ : ૧૨) આવી આજ્ઞા પોતે મહાપ્રભુજી આજ્ઞા કરે છે. બ્રહ્મ પોતે જ એટલે આપણો કૃષ્ણ જ, મહાદેવજી રૂપે પણ પ્રકટ થયો છે, યમુનાજી રૂપે પણ પ્રકટ થયો છે. તો યમુનાજી જો અન્ય નહિ તો મહાદેવજી કેવી રીતે અન્ય થઈ ગયા; અને, મહાદેવજી જો અન્ય તો યમુનાજી કેમ નહિ અન્ય?

એક વાત ધ્યાનથી સમજો કે અહીંયાં અન્ય કોણ છે અને કોણ અન્ય નથી એ પ્રશ્ન તત્ત્વસંબંધી પ્રશ્ન નથી. પણ સમ્પ્રદાયની જે ભક્તિરૂપા સાધનાપ્રણાલી છે એમાં કોને આરાધ્ય તરીકે તમને દેખાડવામાં આવ્યા છે અને કોને આરાધ્ય તરીકે નથી દેખાડવામાં આવ્યા એનો જ મુદ્દો છે. જેને આરાધ્ય તરીકે દેખાડવામાં આવ્યા છે તે અન્ય નથી. જેને આરાધ્ય તરીકે નથી દેખાડવામાં આવ્યા તે અન્ય છે. તેવા દેવોનો આશ્રય નહીં કરવો. તેવા દેવોનો આશ્રય કરવા જતાં અન્યાશ્રય થાય છે.

ડોક્ટર કે વકીલ જેવા સાથેનો વ્યવહાર આશ્રય નથી :

લૌકિક વ્યક્તિને આપણે દેવ માનતા જ નથી. જો દેવ જ ન માનતા હોઈએ તેની સહાયતા લેવી તે આશ્રય જ નથી. જેમ ડોક્ટર પાસે તમે જાઓ છો દવા લેવા તો કોઈ ડોક્ટરને દેવ માનીને થોડા જાઓ છો? ડોક્ટરની સાથે તમારો સીધો સોદાનો સંબંધ છે કે તું તારો નિદાન કરવાનો અનુભવ અને ઔષધિ મને આપ અને હું તને પૈસા આપીને છુટ્ટો કરૂં છું. તું તારે ઘેર હું મારે ઘેર એમાં કાંઈ ડોક્ટરનો આપણે આશ્રય નથી લઈ રહ્યા. ઝગડો થયો હોય તો કોર્ટમાં વકીલ પાસે જવું પડે, તે કાંઈ વકીલનો આશ્રય નથી. કેમકે વકીલની અને તમારી સમજ સાફ છે કે તે કોર્ટમાં વકીલાત કરે છે તમારેમાટે કોર્ટનો કોઈક મુદ્દો આવ્યો છે. તે તેની વકીલાત બતાવશે અને તમે તેને પૈસા આપીને છૂટા થાવ

છો. એમાં આપણે એનો આશ્રય નથી લઈ રહ્યા. એટલે એ અન્ય છે કે અન્ય નથી એ પ્રશ્ન અપ્રાસંગિક બની જાય છે. જેમ ધન ફેંકનારા મનોરથીઓ અને અમો મહારાજશ્રીઓ વચ્ચે જેવો વ્યવહાર તે આશ્રય લેવાનો નથી તે તો મનોરથી આવીને મહારાજને પૈસા આપી દે કે કરાવજો તમે મનોરથ પછી તમેય છૂટા અમે પણ. તમે તમારે ઘેર અને અમે અમારે ઘેર. આતો પેલો વકીલ અને ડોક્ટર જેવો સંબંધ જ છે. આશ્રયનો સંબંધ એટલો હળવાશથી લેવાનો નથી. આશ્રય લઈએ એમાં એક ગંભીર ભાવના રહેલી છે.

આશ્રય એટલે કોઈકની દિવ્યતામાં નિષ્ઠા રાખવી કે કોઈક દેવ છે. આ આપણી પુષ્ટિમાર્ગીય નહિ તો નહિ તો કોઈક બીજી મર્યાદામાર્ગીય કે અન્ય કોઈ સાધનાપ્રણાલીનો આરાધ્ય દેવ છે. બ્રહ્મવાદી દષ્ટિકોણથી જોતાં તદ્દુપરાંત આપણા પ્રભુએ જ લીધેલું એક દિવ્યરૂપ છે. એવી પણ ભાવના જ્યારે રાખો ત્યારે એમાં આશ્રયનો પ્રસંગ આવે. નહિ તો આશ્રયનો પ્રસંગ જ ન આવે સોદાનો પ્રસંગ છે. આશ્રયનો પ્રસંગ અને સોદાનો પ્રસંગ નોખા-નોખા હોય છે. વકીલનો આપણે આશ્રય નથી કરતા, વકીલ સાથે સોદો કરીએ છીએ એની વકીલાતનું જ્ઞાન એ વેચી રહ્યો છે ને આપણે ખરીદી રહ્યા છીએ. અમો મહારાજશ્રીઓ મઠડી વેચી રહ્યા છીએ તમે ખરીદી રહ્યા છો. એ સોદાનો સંબંધ છે આશ્રયનો સંબંધ નથી. મનોરથ એ વેચી રહ્યો છે તમે ખરીદી રહ્યા છો. પોતાના ઠાકોરજીને પલનામાં ઝૂલાવવાને તેઓ વેચી રહચા છે અને તમે તેના ગ્રાહક બની ખરીદી રહ્યા છો. તો આ બધા સોદાના સંબંધો છે, આશ્રયના સંબંધ નથી. આશ્રયનો સંબંધ બહુ ગંભીર સંબંધ છે એ આટલો હળવો સંબંધ નથી.

આરાધ્યદેવનો જ આશ્રય :

જ્યાં આશ્રય કરવો હોય ત્યાં કોણ અન્ય છે અને કોણ અન્ય

નથી તેનો પ્રશ્ન આવે. એટલે મહાપ્રભુજી કહે છે કે શરણાગતિનું બીજું ડગલું એ છે કે કોઈપણ અન્ય દેવનો આશ્રય કરવો નહીં. હવે આશ્રય ન કરવો તો શું ગાળો આપવાની? નહિ. એનું અપમાન કરવાનું? નહિ. એના દેવત્વને સ્વીકારવાનું અને સ્વીકારીને એનો આશ્રય નહિ કરવાનો. જો તમે પરણ્યા નથી તો દરેક સ્ત્રી સરખી છે, દરેક પુરુષ સરખો છે. પણ તમે પરણ્યા ત્યારે કોઈ પરસ્ત્રી થાય છે. તમે પરણ્યા ત્યારે કોઈ પરપુરુષ થાય છે. એક વખતે તમે પરણો પછી એનો એક પોઈન્ટ ઉભો થાય છે કે હવે આને તમે પરણ્યા તો આના સિવાયની સ્ત્રી તે પરસ્ત્રી, આના સિવાયનો પુરુષ તે પરપુરુષ. એમ કોઈકને તમે આરાધ્ય દેવ તરીકે આરાધનામાં સ્વીકાર્યા ત્યારે પ્રશ્ન ઉભો થાય છે કે આ આરાધ્યદેવ અને આ અન્યદેવ. કાયિક, વાચિક કે માનસિક અન્યાશ્રયનો ત્યાગ એ મહાપ્રભુજી કહે છે કે આશ્રયનું બીજું ડગલું તમે ભરી શકો. માનસશાસ્ત્રનો કેવો મહાપ્રભુજીએ સૂક્ષ્મ વિચાર કર્યો છે, એ તમે જાણશો તો માણી શકશો.

૩.આશ્રયનો ત્રીજો મુકામ પ્રભુ ઉપર ચાતક જેવો વિશ્વાસ :

આ જ્યારે તમે બીજું ડગલું ભર્યું ત્યારે મહાપ્રભુજી કહે છે કે અચ્છા આ તમારાથી સરખી રીતે સધાઈ ગયું હોય તો પહેલી પરીક્ષામાં પાસ થયા તો બીજીમાં જવાય, બીજીમાં પાસ થયા તો ત્રીજીમાં જવાય, મેટ્રિકમાં પાસ થયા તો કોલેજમાં જવાય, કોલેજમાં પાસ થયા તો યુનિવર્સિટીમાં જવાય. એમ સ્ટેપ્ બાય્ સ્ટેપ્ આગળ વધવાનું છે. તેમ આ પગલું તમે સરખી રીતે લઈ લીધું ત્યારે ત્રીજું પગલું આવે છે “**બ્રહ્માસ્ત્ર-ચાતકૌ ભાવ્યૌ**” એટલે જેવી રીતે ચાતક સ્વાતિના બુંદ ઉપર વિશ્વાસ રાખે તરસ્યો મરી જાય પણ બીજું કોઈ પાણી ન પીએ. એવો વિશ્વાસ તમે તમારો તમે પુષ્ટિપ્રભુમાં કેળવો. શરૂઆતના બે પગલાં જો તમે લીધાં નહિ હોય તો એવો વિશ્વાસ કેળવાશે જ નહિ. સંભવ જ નથી. એ

વિશ્વાસ ત્યારેજ કેળવી શકો જ્યારે શરૂઆતનાં બે પગલાં તમે *ફર્મલી* લઈ લીધાં હોય તો ત્રીજામાં તમને બહુ કનડગત નહિ થાય. પણ જો શરૂઆતના બે સ્ટેપ્સ્ તમે લીધાં જ નહિ હોય, તો આ ત્રીજું સ્ટેપ્ લેવામાં ભાંગી જશો એકદમ. એકદમ *નર્વસ્ બ્રેકડાઉન્* તમને થઈ જશે. આટલો બધો વિશ્વાસ પ્રભુ ઉપર કેમ રાખી શકાય ?

મેં એક ભાઈને ઠાકોરજી પધરાવી આપ્યા. તેના પછી એમના પરિવારમાં કાંઈક ઝગડો થઈ ગયો. તેઓએ મને આવીને કહ્યું કે ‘‘મહારાજ! આ ઠાકોરજી કંઈ એવા વિચિત્ર ચરણથી આવ્યા છે કે જ્યારથી ઘરમાં પધાર્યા છે ત્યારથી ઘરમાં ઝગડો જ ચાલે છે’’. મેં કીધું ‘‘તમારા ઘરમાં કોઈ વહુ આવી હશે. એનાય પગલા હોઈ શકે છે. તમે દુકાન ચલાવો છો તો કોઈ ગ્રાહક આવ્યો હશે તેનાય પગલાને કારણે આવું થતું હશે. દુકાન ચલાવો છો તો કોઈ પૈસો એવો આવી ગયો હશે તેનાય કારણે ઝગડો થઈ શકે. ઠાકુરજી જ એક તમને કેમ જડ્યા ?’’ આ દરમિયાનમાં શું બીજી કોઈ વસ્તુ આવી નહીં હોય ઘરમાં ? ઘણી બધી વસ્તુ આવી જ હશે. એક માણસ જે ગૃહસ્થી જીવન જીવી રહ્યો છે તેના ઘરમાં કેટલી બધી વસ્તુ *એન્ટર્* થતી હોય છે. કોઈ બિલાડીનાય પગલા એવા હોઈ શકે. બિલાડી નહિ ઘુસી હોય તમારા ઘરમાં ? પણ કોઈના ઉપર નહિ ફક્ત ઠાકોરજી ઉપર આરોપ લગાડવો છે કે જ્યારથી ઠાકોરજી પધાર્યા ત્યારથી ઘરમાં ડખો પેસી ગયો છે. અમારા મોટા મંદિરમાં એક વખત બિચારા ગિરિરાજજી એવા પધાર્યા હતા. એ જ્યારથી પધાર્યા ત્યારથી બધાને એમ લાગતું હતું કે ઝગડો થઈ ગયો ભાઈઓમાં. એટલો છેવટે એમને વિદાય કરવામાં આવ્યા જતિપુરામાંટે. હવે પધારો પ્રભુ! બહુ કૃપા થઈ ગઈ, મહારાજ શું સમજી રાખ્યું છે આપે, જીવવા દેવા છે કે નહિ અમને ?

આ જે *થર્ડ્* સ્ટેપ્ છે એ બહુ અઘરું સ્ટેપ્ છે, કે પ્રભુ ઉપર એ વિશ્વાસ કેળવવો કે જે કાંઈ ઝગડા થઈ રહ્યા છે તે ‘‘અપનો દોષ વિચાર સખી રી, ઉનસો કછુ ન કહીએ’’ બહુ અઘરી વાત છે હોં. ગાવું હોય તો બિહાગમાં કહો તો ગાઈ દેખાડું, કહો તો કલ્યાણમાં ગાઈ દઉ, યમનમાં કહો તો તેમાં કે કેદારામાં કહો તો તેમાં પણ ગાઈ દઉં. ગાવું બહુ સરળ છે પણ નભાવવામાં હાંજા ગગડી જાય માણસના. એટલી અઘરી વાત છે આ. આટલો સુદૃઢ વિશ્વાસ ભગવાન્ ઉપર કે મારૂં જે કાંઈ સારૂં કે ખરાબ થઈ રહ્યું છે તેનો દોષ એના ઉપર ન નાખું. તારા ચરણોને દોષ ન આપું કે તુ જ્યારથી પધાર્યો ત્યારથી આ ડખો પેસી ગયો. એવું ન વિચારૂં. એવો ચાતક જેવો વિશ્વાસ પ્રભુમાં કેળવાવો જોઈએ.

પ્રભુ ઉપર શ્રદ્ધા રાખવી ડાબા હાથનો ખેલ છે. માણસ શ્રદ્ધામાટે તો જેમ મીણબત્તી બળતી હોય અને મીણ ટપકતું હોય એમ શ્રદ્ધા માણસમાંથી એવી રીતે ટપકતી જ હોય છે. બત્તી બળી કે મીણ ટપકવા જ લાગે ટપ ટપ ટપ. એમ દરેક માણસ ચાહે આસ્તિક હોય ચાહે નાસ્તિક હોય, ઈશ્વરવાદી હોય કે અનીશ્વરવાદી હોય, સંત હોય કે શેતાન હોય, એવો કોઈ માણસ હોઈ શકતો જ નથી કે જેને શ્રદ્ધા ન હોય. જેને શ્રદ્ધા નથી એ તો *સુસાઈડ્* જ કરી લેતો હોય છે. બલ્કે મને તો લાગે છે કે *સુસાઈડ્* કરનારો પણ બહુ શ્રદ્ધાળુ હોય છે. કેમકે એને શ્રધ્ધા છે કે મરી જઈશ તો બધી તકલીફનું નિવારણ થઈ જશે. ‘‘ગભરાકે કહતે હૈં કે મર જાયેંગે, મર કર ભી ચેન ન પાયા તો કિધર જાયેંગે’’ શ્રદ્ધા ઉગી ગઈ તો *સુસાઈડ્* માંય લફરું થશે. *સુસાઈડ્* પણ તમે નહિ કરી શકો. એટલે તમારે જો *સુસાઈડ્* કરવું હોયને તો જબરજસ્ત શ્રદ્ધા જોઈએ. *સુસાઈડ્* કરવા માટે આકાશ જેવડી વિશાળ શ્રદ્ધા તમારા હૃદયમાં હોય કે બધી તકલીફોનો ખાતમો કરી રહયો છું તો થઈ શકે. એટલે શ્રધ્ધા તો પરમાત્મા ઉપર કે શેતાન ઉપર

મીણબત્તીમાંથી મીણ ટપકે એમ માણસમાંથી શ્રદ્ધા ટપકી જ રહી છે.

એક વલ્ગર્ શ્લોક છે કહેવો ન જોઈએ આજની તારીખમાં પણ એક ઉદાહરણમાટે કહી રહ્યો છું કે ‘‘**રહો નાસ્તિ ક્ષણં નાસ્તિ નાસ્તિ પ્રાર્થયિતા નરઃ તેન નારદ નારીણામ્ સતીત્વમ્ ઉપજાયતે**’’ કોઈ એકાન્ત નથી જડતું, કોઈ આપણને *રિક્વેસ્ટ્* કરનારો નથી મળતો અને ટાઈમ નથી એટલે બધી સ્ત્રીઓ સતી છે એમ કહેવામાં આવે છે. જોકે વાત વાત ખોટી છે. આવું નથી હોતું પણ શ્રદ્ધાની બાબતમાં આ વાત સાચી છે કે કોઈ *રિક્વેસ્ટ્* નથી કરતો એટલે આપણને શ્રદ્ધા નથી. બાકી કોઈ *રિક્વેસ્ટ્* કરે કે આજે અમારી હવેલીમાં છપ્પનભોગ છે, તો ‘‘અચ્છા અચ્છા આવી જઈશું’’ થઈ જાય. ના પાડીએ તો કાંઈક અનર્થ થઈ જાય તો? સમાધાની તમારે ઘેર આવે અને કહે કે આજે રાજભોગ-મંગળાનો મનોરથ નોંધાવો, તમને શ્રદ્ધા છે એટલે પૈસા ન હોય તો પણ તમે પૈસા જમા કરાવી દેશો... આપો ભાઈ! ના પાડીએ તો કોણ જાણે શું લોચા થઈ જાય જીવનમાં. આવી ગયો એટલે આપી જ દો પછી બધા પાછા એના *જસ્ટિફિકેશન્* આપે કે અમે કાંઈ સામે ચાલીને આપવા નહોતા ગયા પણ સમાધાની આવે તો એને કેવી રીતે ના પાડી શકાય. એમ તો ગુંડો આવી ગયો તો તમે આપશો? નહિ આપો. છૂરો લઈને તમને લૂંટવા આવે તો તમે એને આપો ખરા? પોલીસમાં *રિપોર્ટ* તો કરશો કે નહિ? એટલે જ મેં ગીત બનાવ્યું ‘‘**સમાધાની મારે ઘેર આવી આવીને ‘જય શ્રીકૃષ્ણ!’ કહી માગે મનોરથો, ‘જય શ્રીકૃષ્ણ!’ કહી માગે, મારા ઘરના ઠાકોરની શ્રી લઈ જાય. થયા છે ઘણા દેવલકજી**’’ તો એ વાત સમજો કે આપણે આપી દઈએ, શામાટે આપીએ છીએ? કોઈ માગતો નથી એટલે તમને શ્રદ્ધા નથી. તમે બધા જાણતા જ હશો કે કેટલાક ચિઠ્ઠીઓ લખતા હોય છે કે આ કાર્ડ તમને

લખી રહ્યા છીએ, આવા દશ કાર્ડ તમે લખી દેજો. નહિ તો તમારા ઘરમાં વિપત્તિ આવી જશે. હવે જો તમારામાં શ્રદ્ધાની કમી હોય તો જ તમે એ કાર્ડ ન લખો. બાકી શ્રદ્ધા તો મોટાભાગે માણસોમાં એવી જ હોય છે કે કોણ જાણે શું વિપત્તિ આવશે, શું થશે? લખોને કાર્ડ આપણું શું જાય છે? દસ જણાને તમે કાર્ડ લખી દો પાછા. એટલે શ્રદ્ધા તો મીણબત્તીના મીણની માફક ભીતરથી બહાર ટપકી રહી છે. ગીતામાં તેથી જ ભગવાન્ આજ્ઞા કરે છે ‘‘**શ્રદ્ધામયો અયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સએવ સઃ**’’. માણસમાં લોહી જેટલું નહિ ફરતું હોય એટલી શ્રદ્ધા ભીતર ફરી રહી છે.

પરમાત્મામાં વિશ્વાસ એ ‘આશ્રય’નું મહત્ત્વનું અંગ છે :

માણસને જે *પ્રોબ્લેમ્* છે તે વિશ્વાસનો છે. વિશ્વાસના બહુ લોચા છે હોં! વિશ્વાસ પરમાત્મા ઉપર લાવવો બહુ અઘરો છે. શ્રદ્ધા લાવવી તો ડાબા હાથનો ખેલ છે પણ કોઈ કહે કે ‘‘પરમાત્માના અસ્તિત્વમાં તમને વિશ્વાસ છે? *નાઈન્ટી નાઈન્ પોઈન્ટ્ નાઈન્ પર્સન્ટ્* માણસ ભાગી જશે. વિશ્વાસનો પ્રશ્ન બહુ અઘરો છે. એક સામાન્ય દાખલો આપું જો તમને વિશ્વાસ હોય તો તમે જુઠું કેવી રીતે બોલી શકો? જો તમને વિશ્વાસ હોય તો તમે ચોરી કેવી રીતે કરી શકો? કેમકે પરમાત્મા જોઈ રહ્યો છે. પરમાત્મા જાણી રહ્યો છે. પોલીસ જોઈ રહ્યો હોય અને પોલીસ જાણતો હોય તો તમે ચોરી કરો? કદી ન કરો. કેમકે વિશ્વાસ છે તમને પોલીસ જોઈ રહ્યો છે. એક ગીતમાં આવે છે ને ‘‘બડા હી સી.આઈ.ડી. હૈ નીલી છત્રીવાલા’’ પણ આપણને એના ઉપર વિશ્વાસ નથી હોં. એટલે આપણે બધાં જ કાળાં-ધોળાં ધંધાં કરતાં હોઈએ છીએ. શ્રદ્ધા પાછી આપણને બહુ ટપકતી હોય છે કે પરમાત્મા છે. અમેય ઈશ્વરમાં માનીએ છીએ પણ વિશ્વાસની વાત આવે તો ભલભલા ડગી જતા હોય છે. સારા એવા પ્રવચન કરનારા મારા જેવા પણ ડગી જાય જો વિશ્વાસનો મુદ્દો ઉભો કરવામાં

આવે તો. એક વખતે પરમાત્મામાં વિશ્વાસ આવી જાય તો માણસ માણસ નહિ રહી, મને લાગે છે, દેવ બની જશે. એટલે એવા વિશ્વાસને મહાપ્રભુજી તરત નથી કહેતા. ત્રીજા સ્ટેપ્ તરીકે એને *સજેસ્ટ્* કરી રહ્યા છે **"બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ"** ચાતકની જેવો પછી તમને વિશ્વાસ કેળવાશે. એવો અનન્યાશ્રય કેળવો. અનન્યાશ્રયની જીવનપ્રણાલીને તમે જીવવાનો કોઈ પ્રયાસ શરૂ કર્યો તો વિશ્વાસ તમને પરમાત્મામાં કેળવાશે.

૪.આશ્રયનો ચોથો મુકામ "પ્રાપ્તં સેવેત નિર્મમઃ" :

આશ્રયનો ચોથો અને *ફાઈનલ્* સ્ટેપ્ બહુ *ડ્રાસ્ટિક્* સ્ટેપ્ છે. મહાપ્રભુજી કહે છે કે જે કાંઈ તમને મળે છે **"પ્રાપ્તં સેવેત નિર્મમઃ"**.

> **"યત્ પૃથિવ્યાં બલં જ્ઞાનં ગુણાશ્ચ સુયશો ધનમ્।**
> **યતો નૈકસ્ય પર્યાપ્તં સ્વાર્જિતં નિરહં ભજેત્॥"**

આ શ્લોકમાં એમ કહેવાયું છે કે પૃથ્વીમાં જે કાંઈ બળ, જ્ઞાન, સદ્ગુણો, સુયશ કે ધન હોઈ શકે તે બધું કોઈ એક માણસને ક્યારેય મળ્યું નથી કે મળવાનું પણ નથી. કેટલાય ફાંફાં તમે મારી લો **"યતો નૈકસ્ય પર્યાપ્તં સ્વાર્જિતં નિરહં ભજેત્"** તેથી જે તમને મળ્યું હોય એનો તમે અહંકાર કે મમતા રાખ્યા વિના આનન્દ માણો. 'નિર્મમ-આનન્દ' એટલે શું? મમતા રાખ્યા વિના જે મળ્યું છે એની મજા માણવી. એટલે ભાણામાં જે પિરસાયું છે તેનો સ્વાદ માણતા શીખો, કુલ મતલબ એનો આ. આ અનન્યાશ્રયનું છેલ્લું ડગલું છે. આ તમને સિદ્ધ થઈ જાય તો **"પ્રાપ્તં સેવેત નિર્મમઃ"** વાત સરળ બની જશે. તમે જુઓ કે **"ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ"** *ઉેમ્ ઈઝી સ્ટેપ્* થઈ જાય કે નહિ? જો **"પ્રાપ્તં સેવેત નિર્મમઃ"** એટલે મને પ્રાપ્ત થયું છે તેની મારે મજા માણવી છે. જે નથી પ્રાપ્ત થયું તેની મજા માણવા માટે હું મોહતાજ

નથી. એવો જો ભાવ તમને દઢ થાય, આવો દઢાશ્રય સિદ્ધ થાય તો **"ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ"** તમને પરિભાષા નહિ લાગે પરંતુ જીવનની હકીકત લાગશે. તમને કોરૂં આદર્શ નહિ લાગે પરંતુ તમારી જીવનપ્રણાલી લાગશે. બસ અંતર ત્યાં પડી જતો હોય છે. પહેલું સ્ટેપ્ નથી લીધું તે વખતે **"ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ"** એવરેસ્ટની ચોટી જેવી ઉંચાઈ લાગશે. આ ફાઈનલ્ સ્ટેપ્ જ્યારે આપણે લઈ લીધું **"પ્રાપ્તં સેવેત નિર્મમઃ"**નું પછી તો તમે થોડુંક આગળ વધો તો ત્યાં એવરેસ્ટ ઉપર તમે હશો જ, તેનસિંઘ-હિલેરીની માફક. પણ સ્ટેપ્ *બાય્* સ્ટેપ્ આગળ વધવાનું છે. મહાપ્રભુજીએ એની પૂરતી કાળજી લીધી છે કે ક્યા સ્ટેપ્ પછી ક્યું સ્ટેપ્ તમને લેવાનું કે જેથી તમે વચમાં ગભરાઈ ન જાઓ. વચમાં હિંમત હારી ન જાઓ. વચમાં તમે ભાંગી જ ન પડો, ભક્તિની સાધનામાં ભગવાન્‌ને તમે ભજનીય બનાવ્યા છે તેના ભજનીય હોવાનો અને તમારા ભક્ત હોવાનો સંબંધ બરાબર નભતો રહે તે બાબતની આ બધી કાળજીઓ આમાં છે. અને તે વિવેકધૈર્યાશ્રયમાં સમજાવવામાં આવ્યું છે.

નવરત્ન સૂત્ર છે અને વિવેકધૈર્યાશ્રય ભાષ્ય છે :

જ્યારે આપણે આમ કહી રહ્યા છીએ કે આન્તરિક ઉપાય તો હવે આ ચાર વિવેકોમાંથી કોઈકને કોઈક એક વિવેક મહાપ્રભુજી સૂત્રાત્મક રીતે કહી રહ્યા છે. આ વાતને ફરીથી તમારે સમજવી પડશે, આ આઠ વાક્યો, જે મેં તમને નંબર કરીને આપ્યા, એમાં જોઈ લો. ફુરસતથી તમે કમ્પેર્ કરશો તો તમને બહુ આનન્દ આવશે કે કેવું મજાનું સૂત્ર અને કેવું મજાનું એનું ભાષ્ય મહાપ્રભુજીએ નવરત્ન અને વિવેકધૈર્યાશ્રય રૂપે આપણને ઉપદેશ્યું છે. તમને આનન્દ આવશે કે ખરેખર એક ફ્લેવર્ છે, એનો એક ટેસ્ટ્ છે જે તમને મળશે કે કેવી સૂત્રાત્મક વાણી અને કેવી ભાષ્યાત્મક વાણી એક જ વ્યક્તિની! પોતાના જ સૂત્રનું કેવું સુંદર વ્યાખ્યાન કરી શકવા

આપણો વાક્પતિ આચાર્ય સમર્થ છે. તેમનો આનન્દ માણતા તમે થશો. એટલે જ્યારે 'આન્તરિક ઉપાયોપદેશ' હું કહી રહ્યો છું ત્યારે વિવેકધૈર્યાશ્રયમાંના કોઈક ને કોઈક વિવેકની અપેક્ષા મહાપ્રભુજી તમારી પાસે રાખી રહ્યા છે કે આ કે તે વિવેક તમે વાપરો. જોકે વિવેકધૈર્યાશ્રયની માફક નવરત્નગ્રંથમાં મહાપ્રભુજીએ પ્રાર્થનાનો નિષેધ કર્યો નથી.

એટલે હવે મહાપ્રભુજી બીજા શ્લોકમાં કહે છે :

નિવેદનન્તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈઃ જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૨॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૨.[આન્તરિકોપાયોપદેશ] : **સર્વથા તાદશૈઃ જનૈઃ (સાકં) નિવેદનં તુ (સર્વથા) સ્મર્તવ્યં** (કર્તૃસ્મૃતિવિવેક), સર્વેશ્વરઃ સર્વાત્મા (સંપ્રદાનપ્રજ્ઞાવિવેક) ચ **નિજેચ્છાતઃ કરિષ્યતિ.**

સરળ ભાવાનુવાદ : તાદશી જનો સાથે હળીમળીને પોતે કરેલા આત્મનિવેદનનું સ્મરણ તો કરતાં રહેવું જોઈએ. બાકી પ્રભુ પોતે સર્વેશ્વર પણ છે અને સર્વાત્મા પણ છે તેથી પોતાની ઈચ્છામુજબ બધું જ કરશે.

આ બીજા શ્લોકનો અન્વય, માનસ વિશ્લેષણ અને સરળ ભાવાનુવાદ આપણે જોઈ લીધો. આમાં સહુથી પહેલો આ આંતરિક ઉપાયોપદેશ છે તે જુઓ. હકીકતમાં નવરત્ન ગ્રન્થ સૂત્રરૂપ છે અને વિવેકધૈર્યાશ્રય એનું ભાષ્ય છે. એ પ્રમાણે વિવેકધૈર્યાશ્રયમાં મહાપ્રભુજીએ જે ચાર વિવેક સમજાવ્યા તે ચાર વિવેકમાંના કોઈકને કોઈ એક વિવેકને મહાપ્રભુજી અહીંયાં ઉપાય તરીકે બતાવી રહ્યા છે. તેથી જ્યારે હું 'વિવેક' શબ્દ વાપરું ત્યારે તમારે કાળજી લઈને એને

વિવેકધૈર્યાશ્રયથી કમ્પેર્ કરી લેવું. અહીંયાંનો વિવેક તેઓમાંનો કોઈ વિવેક છે. જ્યારે હું 'ધૈર્ય' કહું છું ત્યારે પણ વિવેકધૈર્યાશ્રયમાં જે ચાર પ્રકારના ધૈર્ય કહેવામાં આવ્યા છે તેમાંથી કોઈક એક પ્રકારના ધૈર્યનો ઉપદેશ સમજી લેવો. તેમજ જ્યારે હું 'આશ્રય' કહું ત્યારે પણ વિવેકધૈર્યાશ્રયમાં જઈને ખોળો કે આશ્રયના જે ચાર પ્રકાર કહેવામાં આવ્યા છે, તે પૈકીનો કયો આશ્રય અહીંયાં મહાપ્રભુજી ઉપાય તરીકે બતાવી રહ્યા છે.

સંપ્રદાનપ્રજ્ઞાવિવેક :

આ 'આન્તરિકોપાયોપદેશ' એટલે કોઈકને કોઈ વિવેકનો ઉપાય મહાપ્રભુજી બતાવે છે કે કેવા વિવેક કરવાથી તમને આ ચિંતા નહીં થાય. આ આત્મનિવેદનના કર્તાની બાબતમાં કોઈક જાતની પ્રજ્ઞા કેળવવાનો વિવેક છે જે વિવેકધૈર્યાશ્રયમાં વર્ણવાયો છે. આપણે એના વિસ્તારમાં હમણાં જઈ નથી શકતાં પણ કોઈક વખતે ફુરસતથી એ પણ જોઈશું આપણે.

નિવેદનન્તુ સ્મર્તવ્યં(કર્તૃસ્મૃતિવિવેક) :

બીજો એવો જ વિવેક, "**સર્વથા તાદશૈઃ જનૈઃ નિવેદનં તુ સ્મર્તવ્યં, સર્વેશ્વરઃ સર્વાત્મા ચ નિજેચ્છાતઃ કરિષ્યતિ**" શબ્દોમાં કહેવામાં આવ્યો છે. હવે જુઓ કે જે "કાપિ ચિન્તા"ના અન્તર્ગત કહેવાયેલી લૌકિક ગતિની ચિંતા તમને થઈ રહી છે, તેવી ચિંતાને દૂર કરવામાટે વાચનિક ઉપદેશ મહાપ્રભુજી શું આપે છે? વાચનિક ઉપદેશ મહાપ્રભુજીએ હવે અહીંયાંથી શરૂ કર્યો. તેથી મેં અન્ડર્લાઈન્ કરી છે કે "સર્વથા તાદશૈઃ જનૈઃ (સાકં) નિવેદનં તુ સ્મર્તવ્યમ્." એટલે પોતે કરેલ આત્મનિવેદનને યાદ કરવાથી લૌકિક ગતિ થઈ જવાની બીક કે ચિંતા ઉપર કાબુ મેળવી શકાય.

પહેલાં જે આર્થિક ઉપદેશ આપ્યો હતો તે એક જુદી વાત હતી. એમાં 'શાણા' કહેવા જેવી પદ્ધતિ હતી. આમાં વાચનિક

ઉપદેશ આપીને મહાપ્રભુજી તમને કહી રહ્યા છે કે તમને પોતાને જો આત્મનિર્ધાર ન થતો હોય કે જો આત્મનિર્ભરતા આત્મનિવેદનમાં ન ખીલી હોય અથવા તો તમે પોતે જો આત્મ-તાદાત્મ્યનો બોધ સરખી રીતે ન ખીલવી શકયા હોવ તો જ કોઈ ચિંતા કરવાની વાત છે. “**તાદૃશૈઃ જનૈઃ નિવેદનં સ્મર્તવ્યમ્**” એમની સાથે બેસીને તમે આત્મનિવેદનની ચર્ચા કે ચિંતન કરો. તમે તમારા મન અને પરમાત્મા સાથે આપ-લે કરી રહ્યા હતા હવે તાદૃશી જન સાથે તમે તમારા ભાવો અને વિચારો ની આપ-લે શરૂ કરો. જે આપ-લેને કારણે તમને ફરીથી નિવેદનની સ્મૃતિ સુદૃઢ થઈ જાય.

તમે આત્મનિવેદન કર્યા પછી નિવેદનનું સ્વરૂપ અને પ્રયોજન ભૂલી ગયા. કેટલા બધા વૈષ્ણવો મારી પાસે પણ આવે છે કે પાંચ વર્ષના હતાં ત્યારે બ્રહ્મસંબંધ લઈ લીધું હતું. તેમાં શું તમને આપવામાં આવ્યું હતું? તો બોલે એ તો કેવી રીતે યાદ હોય? અચ્છા કોણે આપ્યું હતું? તો બોલે એ તો અમે ક્યારના ભૂલી ગયા! ક્યાં આપવામાં આવ્યું હતું? તો બોલે એય યાદ નથી. તો હવે એ બધુંજ વિસરાઈ ગયું એવી સ્થિતિમાં શું થઈ શકે? “**નિવેદનં તુ સ્મર્તવ્યમ્**” જેને આત્મનિવેદનનું સ્મરણ છે તેની સાથે જો તમે સંગતિ કરશો, તેની સાથે સત્સંગ કરશો તો તે ચિંતન તમારા નિવેદનના સંસ્કારને ફરીથીએ જાગૃત કરી શકશે. એટલે “**નિવેદનં તુ સ્મર્તવ્યમ્ સર્વથા તાદૃશૈઃ જનૈઃ.**”

એટલે ‘સ્મર્તવ્યમ્’માં કર્તૃસ્મૃતિવિવેક છે. કોણે નિવેદન કર્યુ હતું? તેં પોતે નિવેદન કર્યું હતું કે નહોતું કર્યું? જો કર્યું હતું તેને તું યાદ કર, તું પોતે યાદ નથી કરી શકતો તો કોઈની હેલ્પ્ લઈને યાદ કર, એ કર્તૃસ્મૃતિનો અહીંયાં વિવેક બતાવવામાં આવ્યો છે.

“સર્વેશ્વરઃ ચ સર્વાત્મા”(સંપ્રદાન બાબતની પ્રજ્ઞા કેળવવાનો વિવેક) :

તે પછીથી “સર્વેશ્વરઃ સર્વાત્મા ચ” એ સંપ્રદાનની પ્રજ્ઞા કેળવવાના

વિવેકનો ઉપદેશ છે. કોની સામે આત્મનિવેદન કર્યું હતું? કોઈ લેભાગુને તેં આત્મનિવેદન કર્યું નોહતું! શું કોઈ એવા શયતાનને નિવેદન કર્યું હતું કે જે તારો દુશ્મન હોય કે કોઈ કારણથી તારા સાથે દુશ્મની કેળવી લે? નહીં. તેં નિવેદન તો સર્વેશ્વરને-સર્વાત્માને કર્યું છે. જે ઈશ્વર હોય તે આત્મા હોય એ જરૂરી નથી. તેમજ જે આત્મા હોય તે ઈશ્વર હોય તે પણ જરૂરી નથી. કોઈ પણ પરિવાર સંસ્થા કે રાષ્ટ્ર ના પ્રમુખો પોતે પોતાને આધીન પરિવાર સંસ્થા કે રાષ્ટ્ર ના એકન્દરે ઈશ્વર જ હોય છે. પણ તેમનું આત્મા હોવું જરૂરી નથી હોતું. તેમજ પરિવાર સંસ્થા કે રાષ્ટ્ર ના આત્માસમી કોઈક સંનિષ્ઠ વ્યક્તિ, ઘણી વખતે એક અદના સભ્ય જ હોય છે, ઈશ્વર નહીં. આપણા પુષ્ટિપ્રભુને આપણે ફક્ત ઈશ્વર તરીકે નથી ગણતાં પણ આત્મા તરીકે પણ ગણીએ છીએ. અને ફક્ત આત્મા તરીકે નથી ગણતાં, ઈશ્વર તરીકે પણ ગણીએ છીએ.

પુષ્ટિપ્રભુની સાથે આપણા આમ બેઉ જાતના *રિલેશન્સ્* છે. તે પુષ્ટિપ્રભુ મારો પોતાનો આત્મા છે અને મારો પોતાનો આત્મા હોવા છતાં પણ હું પોતે પુષ્ટિપ્રભુ નથી. ખોટો અર્થ નહીં સમજી જતાં કે મારો આત્મા પુષ્ટિપ્રભુ છે એટલે હું પોતે પૂર્ણ પુરુષોત્તમ સિદ્ધ થઈ ગયો. શ્રીકૃષ્ણ જ મારો આત્મા પણ છે અને મારો પરમેશ્વર પણ છે. એ બન્ને જાતના સંબંધોથી જ્યારે આપણે પુષ્ટિપ્રભુ સાથે બંધાયા છીએ એ પ્રજ્ઞાને જો તમે હમેંશમાટે જાળવી શકો તો તમને ખ્યાલ આવી જશે કે “**સર્વં નિજેચ્છાતો ભવતિ**” ના સિદ્ધાન્તોનો સાચો મર્મ આ “**નિજેચ્છાતઃ કરિષ્યતિ**” છે. અને તે વિવેકધૈર્યાશ્રયમાં ઉપદિષ્ટ વિવેક જ છે. કેમકે ત્યાં કહેવામાં આવ્યું છે “**પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્? સ્વામ્યભિપ્રાયસંશયાત્ સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ**” (વિવેકધૈર્યાશ્રય : ૨) સર્વત્ર તે સર્વરૂપ પણ છે અને તે સર્વસમર્થ પણ છે. સર્વરૂપ હોવાથી સર્વાત્મત્વ અને સર્વસામર્થ્યને કારણે સર્વેશ્વરત્વ. આ વિવેક લાધતાં ચિંતા કરવાનો

હેતુ રહી જતો નથી. ફરી-ફરીને યાદ અપાવું છું કે આ ચિંતા બૈરી છોકરા ધન-ધન્ધા કે પ્રતિષ્ઠા બાબતની થતી ચિંતામાટે નથી કહેવાઈ રહ્યું, આતો આત્મનિવેદનકર્તાને આવી પળોજણમાં પોતે અટવાયેલો હોય તો તેને કારણે થતી લૌકિક ગતિની જે ચિંતા થાય છે તેના જ માટે કહેવામાં આવી રહ્યું છે.

તેના પછી આવે છે ત્રીજો ઉપદેશ. તે મહાપ્રભુજી એમ આપે છે :

સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોઽન્યવિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્ ॥૩॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૩.[આન્તરિકોપાયોપદેશ] : પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ (કર્તૃકર્મબુદ્ધિવિવેક), અતઃ *સર્વેષામ્ અન્યવિનિયોગે અપિ* સ્વસ્ય કા ચિન્તા! ઈતિ સ્થિતિઃ.

સરળ ભાવાનુવાદ : પોતાની સકળ આત્મીય વસ્તુ અને સંબંધીઓ સાથે જીવાત્માનો એકી સાથે સમગ્રતાથી પ્રભુ સાથે સંબંધ આત્મનિવેદનથકી બંધાય છે, એક-એક કરીને નહીં. તેથી બધાઓનો જો અન્યવિનિયોગ થતો હોય તેમાં પોતાને ચિંતા કરવા જેવું કશું હોતું નથી.સર્વો સમર્પણકર્તાનો જ ક્યારેક અન્યવિનિયોગ થતો હોય તો તેમાં પણ ચિંતા કરવા જેવી કોઈ વાત હોતી નથી.

તમારી પાસે કાગળ હોય તો બીજા પાનામાં તમે એક વાત હજી બીજી જુઓ કે બીજા શ્લોકમાં ત્રણ અને ચાર આંતરિક ઉપાયોવાળા અન્વય છે. હવે *ઓડિયન્સ્*માં કદાચ બધાને આ ખ્યાલ નહિ આવે પણ જે લોકોએ *ડિબેટ્*માં ભાગ લીધો તેમને આ તકલીફનો ચોક્કસ ખ્યાલ આવશે. ગ્રન્થોના સ્વાધ્યાયમાં તમને રુચિ

હશે તો તમને આ વાત સરખી રીતે સમજાશે કે ગુસાંઈજીએ આ ઓર્ડરમાં આ વાત નથી કહી. જેને હું ચોથું વાક્ય કહી રહ્યો છું તેને ગુસાંઈજી ત્રીજું વાક્ય કહી રહ્યા છે. જેને હું ત્રીજું વાક્ય કહી રહ્યો છું તેને ગુસાંઈજી ચોથું વાક્ય કહી રહ્યા છે. આ મેં ગડબડ નથી કરી પરંતુ આ પરિવર્તન મેં શા માટે કર્યું? એનો એક હેતુ તમે સ્પષ્ટ રીતે સમજી લો.

પોતાનાઓનો અન્યવિનિયોગ થતો હોય તો ચિંતા ન કરવી :

મારો અન્યવિનિયોગ કે મારા ગૃહ કે પરિવાર નો અન્યવિનિયોગ એમાં ગુસાંઈજીએ મારા ગૃહપરિવારના અન્યવિનિયોગની મારે ચિંતા ન કરવી અને પ્રભુસંબંધ પ્રત્યેક સાથે નથી 'સર્વેષાં' છે એમ કહીને અન્યવિનિયોગની ચિંતાનું નિવારણ કર્યું. એમાં "પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્". વાક્યાંશ સાથે *અન્ડર્લાઈન્* કરી છે. મહાપ્રભુજીએ બતાવેલો આ વિવેકનો ઉપાય છે. એટલે જ ઉપર બ્રેકેટ્માં તે 'કર્તૃ-કર્મ-બુદ્ધિ-વિવેક' એટલે નિવેદન કરનાર અને નિવેદનમાં કઈ-કઈ વસ્તુનું એણે નિવેદન કર્યું છે તેમાં કોઈપણ પ્રત્યેકનો અધિકાર નથી એવા વિવેકનો ઉપદેશ છે.

નિવેદનનું ભાન રાખવું અભિમાન નહિ :

તમે આત્મનિવેદન કર્યું છે. આ આત્મનિવેદનમાં તમે જે તમારા ગૃહ, પરિવાર વગેરેનું બધાનું નિવેદન પ્રભુને કર્યું, તે નિવેદન કર્યા પછી પ્રભુમાં એનો વિનિયોગ નથી થતો અને બીજા કામોમાં વિનિયોગ થાય છે. તેથી નિવેદનકર્તા તરીકે તમારો કોઈક અહમ્ ઘવાય છે કે મેં નિવેદન કર્યું તેમ છતાંય પ્રભુ મારા દીકરાને કેમ સેવા નથી આપતા? એની બુદ્ધિ કેમ નથી સુધારતા? એને એવી ભાવના કેમ નથી આપતા કે એ પ્રભુની સેવામાં પ્રવૃત્ત થઈ જાય. મેં નિવેદન કર્યું છે પણ મારી પત્નીમાં એ ભાવના કેમ નથી જાગતી અથવા મેં નિવેદન કર્યું છે ને મારા પતિમાં એ ભાવ કેમ નથી

જાગતો કે એ મારી સાથે સેવામાં લાગે, દુકાનમાં જ કેમ લાગેલો રહે છે. એવાં બધાં અહંકારો હોય છે આપણા. તે હવે વિવેકધૈર્યાશ્રયને ફરી પાછો સરખાવશો તો તમને ખ્યાલ આવશે કે નિવેદનકર્તા હોવાનું એવું જે આપણું અભિમાન છે તે અભિમાનને મહાપ્રભુજી અહીંયાં નિવૃત્ત કરવા માગે છે. આવું અભિમાન નહિ રાખો. તમે નિવેદન કરો અને નિવેદન તમે કર્યું છે તેનું ભાન રાખો પણ તેનું અભિમાન નહિ રાખો. કાલે પણ મે તમને ઉદાહરણ આપ્યું હતું કે તમે જમનારના ભાણામાં પાંચ-દશ વાનગી પીરસી છે, જમનારને જે ગમશે તે જમશે, નહિ ગમે તે નહિ જમે. તમારૂં કર્તવ્ય એક ગૃહસ્થ તરીકે ક્યારે પૂરૂં થાય છે કે જ્યારે તમે કોઈ એક વાનગી ખવડાવીને ટિલ્લિલીલી નથી કરી દેતા, એ તમારા ઘેર કોઈ જમવા આવ્યો છે તો તમે એના માટે દશ વાનગી તૈયાર કરો છો ઉત્સાહથી અને દસેદસ વાનગી તમે એના ભાણામાં પીરસો છો. એમ નથી કરતા કે બેચાર વાનગી પીરસોને બાકી બધી એ જશે પછી આપણે ઉડાવશું મજા, એવો તમે સ્વાર્થપૂર્ણ વ્યવહાર નથી કરતા તો તમારૂં નિવેદન તમારા અતિથિ પ્રત્યેનું સરખું થઈ ગયું. હવે નિવેદન સરખું થઈ ગયું પછી જ કેટલું જમવું ને કેટલુ ન જમવું એને શું ગમે છે, એને શું નથી ગમતું એ એના ઉપર તમારે છોડવું જોઈએ, જો તમે અભિમાન ન કરતા હોવ તો. ભાન તમને એટલું સહાયક થશે, અભિમાન તમને એટલું બાધક થશે. વાત તમને સમજમાં આવીને પણ આ વાત ચોથા વાક્યમાં ગુસાંઈજીએ કહી છે, ત્રીજામાં નથી કહી.

નિવેદનના સ્વરૂપનો વિચાર જરૂરી :

ત્રીજામાં ગુસાંઈજીએ જે વાત કરી છે તે આ જ કે મેં નિવેદન કર્યું છે અને મને તો પ્રભુ સેવામાં લેતાં નથીને મારા છોકરાં-છૈયાઓ ન્હાય છે. મારે તો કોઈ બીજા જ કામમાં અટવાયીને રહેવું પડે છે. અહીંયાં નિવેદનકર્તા તરીકે પોતાનો અહં ઘવાતો દેખાય છે, ત્યાં પોતાનું મમ ઘવાય છે. અહંતામૂલક જે મમતા છે તે ઘવાઈ રહી છે. અહીંયા આપણી અહંતા ડાયરેક્ટ્ ઘવાઈ રહી છે અને તેનો પણ પાછો એક જ ઉપાય મહાપ્રભુજી બતાવે છે કે—

“સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકં ઈતિ સ્થિતિ,
અતોન્ય વિનિયોગેપિ ચિન્તા કા સ્વસ્ય સોપિચેત્”

એટલે અહીંયાં પણ ઉપાય એનો એ બતાવ્યો કે નિવેદનનો નેચર્ તમે સરખી રીતે સમજી જાઓ. ટીકાકારોએ અહીંયાં બહુ સુંદર વિવેચના કરી છે. કોઈ પણ આત્મનિવેદન કરનાર, આત્મનિવેદન કરતા પહેલાં પોતાની મુખ્યતા જો ન અનુભવે તો આત્મનિવેદન કરી ન શકે. મારે આત્મનિવેદન કરવું છે, આત્મનિવેદનમાં હું પ્રભુને શું કહું છું કે મારો દેહ, મારો પરિવાર, મારૂં ધન, મારા મિત્રો, મારા જે કોઈ સગાવહાલા છે તે બધાનું હું નિવેદન કરૂં છું. જેમ સર્વાનુમતે કોઈ પ્રસ્તાવ પાસ થવા જતો હોયને કોઈ હાથ ઉંચા કરીને વિરોધ નોંધાવે કે મારૂં નિવેદન નહિ કરી દેતા, તો શું કરવાનું? પ્રભુને એમ કહેવાનું કે પ્રભુ હું મારૂં સર્વસ્વ તમને નિવેદન કરૂં છું પણ એકને છોડીને. સરદારજીના માટે જેમ કહેવાય છે કે “ખૂણો છોડીને ભાઈઓ અને બહેનો!”, એમ એકને છોડીને બધાનું નિવેદન કરૂં છું. હવે એક વખતે આપણે આ ચાન્સ આપીએ તો એવા દશ જણા પાછા ફૂટશે. એ કહેશે કે મારૂં પણ નિવેદન નહિ કરતા, ખોટી લમણાંઝિકમાં મને કેમ ફસાવો છો. એવા પાંચ-દસ જણાં ભેગા થાય તો બધા જ કહેવા મંડશે. કોણે કહ્યું તમને મારૂં નિવેદન કરવાનું? તમને તમારૂં કરવું હોય કરો, મરવું હોય તો મરો, જીવવું હોય જીવો. મારૂં કેમ નિવેદન કરી રહ્યા છો? એમ એક-એક જણ વિરોધ નોંધાવતો જાય તો તો લોચા થઈ જાયને! નિવેદનનો સમય જ ન આવે. આપણે પહેલા છાપામાં એક જાહેરાત આપવી પડે કે ફલાણી તારીખે, ફલાણા દિવસે,

ફલાણા મહારાજના ઠાકોરજીને સન્મુખ હું આત્મનિવેદન કરવા જઈ રહ્યો છું. આથી જાહેર કરવામાં આવે છે કે આ આત્મનિવેદનમાં હું મારાં સગાવહાલાં દરેકનો નિવેદન કરવાનો છું. જેને પણ વિરોધ હોય તે અમુક તારીખના પહેલા નોંધાવી દે નહિ તો પછીથી વિરોધ એનો માન્ય રાખવામાં નહિ આવે.

આમ જો બ્રહ્મસંબંધ લેવાનું હોય તો તે પાર પડે? મહારાજ તો કોઈક વખતે ગામમાં આવી ચડે. વ્રતે નથી કરાવતા અને બ્રહ્મસંબંધ આપી દે છે. આજે બ્રહ્મસંબંધ લઈ લો કાલે વ્રત કરી લેજો. આમાં આટલા બધા *ઓફિશિયલ્* પગલાં લેવા જઈએ તો તો“**વો દિન કહાં કે મિયાંકે પેરમેં જૂતિ**” બધા રખડી જાય બ્રહ્મસંબધથી. એટલે આટલા બધા કાંઈ *ઓફિશિયલ્* પગલાં તો આપણે લેવાનાં હોતાં નથી બ્રહ્મસંબંધ લેતી વખતે. આતો ફટાફટ કામ થાય છે. એટલે એક વાત ધ્યાનથી સમજો કે આત્મનિવેદન કરતા પહેલાં આપણે કોઈની દરકાર કરીએ છીએ કે કોઈનો વિરોધ છે કે નહિ? આપણે એવું સમજીએ છીએ કે મારા જે કાંઈ સંબધો છે તેનો સર્વેસર્વા હું. એટલે નિવેદન કરતા પહેલાં આપણી પ્રધાનતા છે અને છે જ!

જૂના જમાનામાં જ્યારે બે દેશોની વચ્ચે ઝગડા કે યુદ્ધ થતાં. તેમાં એક દેશનો રાજા યુદ્ધમાં હારી જાય તો એને *સરેન્ડર્* કરવું પડતું હતું. જ્યાં સુધી એ *સરેન્ડર્* નથી થતો ત્યાંસુધી તે પોતાના દેશનો રાજા, અને જે ક્ષણમાં એણે વિજેતા રાજાની સામે *સરેન્ડર્* કરી દીધું તે પછી તે પોતાના દેશનો રાજા નહિ રહીને પ્રજા થઈ જતો. હવે જેને સામે *સરેન્ડર્* કર્યું તે પોતાના દેશનો રાજા થઈ જતો.

આપણે બધા જાણીએ છીએ હિન્દુસ્તાનમાં કેટલા બધા *સ્ટેટ્સ્* હતા. વલ્લભભાઈએ બધાને *સરેન્ડર્* કરાવી દીધા. હવે એ બધા રાજાઓ શું થઈ ગયા? પ્રજા થઈ ગયા. પછી તો એમનું સાલિયાણું ઝૂંટવી લેવાયું તો પણ સુપ્રીમ કોર્ટે તેમની ફરિયાદ સાંભળી નહિ. કેટલા નીચે દરજ્જાની એ પ્રજા થઈ ગયાં!. આપણું કોઈ નુકસાન થાય તો કોર્ટ્ આપણને સરકાર પાસે *કોમ્પનસેશન્* અપાવે. પરંતુ રાજાઓને કશું *કોમ્પન્સેશન્* નહિ મલ્યું. સુપ્રીમ કોર્ટે ના પાડી દીધી. કેમકે *ગવર્મેન્ટ્*ને અધિકાર છે તમને સાલિયાણું આપવું કે નહીં આપવું. લોકો દલીલ કરવા મંડ્યા કે રાજાઓ કેમ ધંધો નથી કરતા શામાટે સાલિયાણા ઉપર આધારિત રહે છે? એ રાજાઓ બિચારાં કહેતાં હતાં કે અમે આખું રાજ્ય આપ્યું તેનું અમને સાલિયાણું મલે છે ભીખ નહિ. કાંગ્રેસી લોકો કહેતાં હતાં “આપ્યું હશે, શામાટે આપ્યું? નહોતું આપવું જોઈતું”. રાજ્ય આપ્યા પછી તમે એવી માંગણી નથી કરી શકતા. જ્યારે *સરેન્ડર્* કર્યું પછી તમે રાજા નથી રહી જતા. હવે કહેવામાટે કોઈ પોતાને ભૂતપૂર્વ રાજા લખે *એક્સ્ રૂલર્* લખે પણ ‘એક્સ્’નો મતલબ જ ઇંગ્લિશમાં જે નથી કે ખતમ થઈ ગયો તેવો થાય છે. જેમ ‘એક્સ્‌પાર્ટી’ જે માણસ ચાલ્યો ગયો હોય કે હાજર ન હોય તે. *એક્સ્ રૂલર્* લખો તો એનો મતલબ જ કે હમણા તમે કાંઈ રાજા નથી.

નિવેદન કરતાં પહેલાં એનું કાંઈક રાજાપણું છે પણ નિવેદન કર્યા પછી જેમ રાજા *સરેન્ડર્* થઈ જાય ને એનું રાજાપણું રહી જતું નથી તેવું નિવેદકનું પણ પોતાના જે ગૃહ-પરિવારની જે વસ્તુ કે વ્યક્તિ હોય એમનાં ઉપર પોતાનું રાજાપણુ રહેતું નથી. તે ગામના રાજા અને પ્રજા બન્ને સમાનરીતે પ્રજા બની જાય છે. એવી રીતે નિવેદન કર્યા પછી પરમાત્માના પાસે આપણે બધા નિવેદિત જ છીએ. એમાં નથી કોઈ નિવેદક કે નથી કોઈ નિવેદિત. પણ નિવેદન કરતી વખતે એક નિવેદક અને બીજા નિવેદનીય હોઈ શકે. તુલસીદળ હાથમાં લઈને નિવેદનની ક્રિયા કરનાર વ્યક્તિ નિવેદક

હોય છે. અને એ નિવેદનમાં જે ગૃહ-પરિવારને નિવેદિત કરે તેઓ નિવેદનીય વસ્તુ છે. 'નિવેદન' એટલે ઠોસ શબ્દોમાં સમજો કે તુલસીદળ હાથમાં લઈને જે શપથ તમે પ્રભુની સન્મુખ ખાધા એ તુલસીદળ પ્રભુના ચરણમાં સમર્પવામાં આવી એટલે તમારા શપથનો આ કાર્યક્રમ પૂર્ણ થઈ ગયો. પ્રભુએ તુલસીદળ ચરણમાં *એક્સેપ્ટ્* કર્યાં એનો મતલબ કે તમારી નિવેદનની જે પ્રક્રિયા છે એ પૂરી થઈ અને પ્રભુએ તમારૂં નિવેદન સ્વીકારી લીધું. હવે નિવેદન સ્વીકાર્યા પછી તમે નિવેદક નથી રહી ગયા કોઈ નિવેદનીય નથી રહી ગયા. તમે બધા નિવેદિતાત્મા થઈ ગયા. આ કર્તૃ-કર્મ-બુદ્ધિનો વિવેક પોતાનાઓનો અન્યવિનિયોગની બાબતમાં લાગુ પડે છે.

પ્રભુને આત્મનિવેદન કર્યા પછી આપણે આપણા સંબંધના રાજા નથી રહી ગયા, નિવેદન નહોતું કર્યું ત્યાં સુધી આપણે રાજા હતા. મારો મારી પત્ની સાથે શું સંબંધ છે તેનો હું રાજા, પત્ની રાજા નહિ. આ કાંઈ હું પુરુષપ્રધાનતાની વાત નથી કહી રહ્યો, પત્નીનો મારી સાથે શું સંબંધ એની પત્ની રાજા હું રાજા નહિ. મારો મારી સંતતિ સાથે જે સંબંધ તેનો હું રાજા મારી સંતતિ રાજા નહીં. પણ મારી સંતતિનો મારી સાથે જે સંબંધ તેનો રાજા હું નહિ પણ મારી સંતતિ રાજા.

નિવેદન આપણા સંબંધનું હોય છે :

*ડિબેટ્*માં જે આપણે સાંભળ્યું તેથી મને બહુ ખુશી થઈ. આપણા સંબંધનું આપણે સમર્પણ કરીએ છીએ, આપણી વ્યક્તિનું સમર્પણ નથી કરતા. વ્યક્તિનું સમર્પણ કરીએ તો એ *ઓબ્જેક્શન્* લઈ શકે. આપણા સંબંધનું આપણે સમર્પણ કરીએ એમાં કોઈ *ઓબ્જેક્શન્* ન લઈ શકે. હું મારા સંબંધને સમર્પિત કરી રહ્યો છું. કોઈ વ્યક્તિને સમર્પિત કરતો હોઉં તો વિરોધ નોંધાવાનું વાજબી કહેવાય. ઘરને વિરોધ નોંધાવવાનું સામર્થ્ય હોય કે ન હોય, ઘર પણ રાજા નથી

રહી જતો. આ વિરોધ નોંધાવવાનું ઘરનું સામર્થ્ય હું દેહધારી કે મનોધારી અર્થમાં નથી કહેતો કાયદાકીય અર્થમાં કહું છું. દા.ત. હું એક ભાડાના ઘરમાં રહું છું. મકાનમાલિક મારો મારાથી ભાડું લે છે રહેવા માટેનું, હું એને ભાડું આપું છું. જેટલી જગ્યાનું ભાડું આપું છું એટલી જગ્યાનો હું ભાડૂતી માલિક છું. સાચો માલિક નથી. હું જ્યારે આત્મનિવેદન કરૂં ત્યારે મારા આ ભાડૂતી માલિકીના હકનો હું પ્રભુને આત્મનિવેદન વખતે નિવેદન કરી શકું. હવે જો મને એવી ભ્રમણા ભરાઈ જાય કે હવે તો મકાન માલિકની આ જંજાળમાંથી છૂટી ગયા. હવે હું શામાટે ભાડું ભરૂં? મેં તો પ્રભુને નિવેદન કરી દીધું છે, અને પ્રભુ ફ્લેટમાં રહી જ રહ્યા છે. જાઓ ટિલ્લિલીલી! એવું કોઈ દિવસે કોર્ટ્માં જજ માને ખરો? મકાનમાલિક બિચારો કોર્ટમાં જાય કે ભાડું નથી ભરતા. તો તમે કહો ''ના ના અમે સઘળું પ્રભુને આત્મનિવેદનમાં સોંપી દીધું! કેમકે ગદ્યમંત્રમાં 'આગાર' શબ્દ હતો કે નહિ! અમારો ધર્મ અમને એમ જણાવે છે કે બ્રહ્મસંબંધ લીધા પછી મકાનમાલિકને મકાનમાલિક નહિ માનવો, પ્રભુને માલિક માનવો. પત્યું ત્યારે તો બિચારી કોર્ટ શું કરશે? જજને પોતાની કોર્ટમાં અવિશ્વાસ થઈ જશે કે આ કોર્ટ્ કે પાગલખાનું! આવો મુદ્દો મારી પાસે ચર્ચાવા માટે આવ્યો કેમ? એટલે તમારી એવી વાત કોર્ટ્માં નહિ ચાલે. તમે બ્રહ્મસંબંધ લઈને ભગવાન્‌ને ઘર અર્પણ કરી દીધું તેથી મકાનમાલિકનાં માલિકાના હક ખતમ નથી થઈ જતાં. તમારો સંબંધ જ તમે નિવેદિત કરી શકો છો. એટલે ઘરને પણ કોઈ કાયદાકીય *ઓબ્જેક્શન્* હોય તમારા નિવેદનમાં, તો ઘર પણ વિરોધ નોંધાવી શકે છે. પણ એ ઘર શામાટે નથી નોંધાવતો કેમકે એવા દાવા તમે કરતા નથી. એક વખતે એવા દાવા કરો પછી મકાનમાલિક તમને નોટિસ આપશે કે ''બ્રહ્મસંબંધ લેવાનું હોય તો એના ત્રણ મહિના પહેલા અમને જણાવું પડશે. અને ત્રણ મહિના પહેલા અમે ઘર ખાલી કરાવી લઈશું. પછી તમારે બ્રહ્મસંબંધ લેવું હોય તો લઈ લેજો. અહીંયાં

તમને રહેવા માટે ઘર આપવામાં આવી રહ્યું છે, નિવેદન કરવા માટે આપવામાં નથી આવી રહ્યું. ભાડા ચીઠ્ઠીમાં પાછળ જ લખેલું મળે તમને કે મહેરબાની કરીને આ ભાડા ચીઠ્ઠીનો ખોટો ઉપયોગ બ્રહ્મસંબંધ લેવામાં કરતા નહિ''. કેમકે આપણા ઘરને પણ કોઈક કાયદાકીય વાંધો હોય તો ઘર પણ વિરોધ નોંધાવી શકે છે. પણ એ નથી નોંધાવતો એનું મૂળ કારણ એજ કે ઘરના કાયદાકીય જે વિરોધ હોઈ શકે તેનાં *અપોઝિશન્*માં નિવેદન કરી જ નથી રહ્યા. આપણે તો આપણા પોતાના સંબંધનું નિવેદન કરી રહ્યા છીએ. એટલે મકાનમાલિક ઘર ખાલી કરાવે તો આપણે ખાલી પણ કરવું પડે. ત્યારે આપણે માથે બિરાજતા ઠાકોરજીનેય ખાલી કરવું પડે.

આપણે એમ ન કહી શકીએ, ‘‘અલ્યા ડોબા! આ બ્રહ્માંડના નાયક છે એને તું કેવી રીતે નોટીસ આપી શકે?'' એ મકાનમાલિક ગભરાઈ જશે કે આ કેવો ધર્મ પ્રકટ્યો છે? મેં તમને ભાડૂત ગણ્યા હતા, મેં તમને ભાડા ઉપર ઘર આપ્યું અને તમે કહો છો કે બ્રહ્માંડનાયકને કેવી રીતે ખાલી કરાવાય! અરે, બ્રહ્માંડનાયક સાથે મારે શું લેવા દેવા? મારે ત્યાં ભાડા ચીઠ્ઠીમાં બ્રહ્માંડનાયકનું નામ નથી તમારૂં નામ છે. એ તો એમ જ કહેશે કે નહિ? એટલે બ્રહ્માંડનાયકનું બ્રહ્માડનાયકપણું આ બાબતમાં કામ આવતું નથી. બ્રહ્માંડનાયકને તમે પૂછવા જશો ને તો એ પણ એમ જ કહેશે કે ‘‘તમારા ફ્લેટને છોડીને બ્રહ્માંડનો નાયક છું!'' એ એમ નહિ કહે કે તમારા જ ફ્લેટનો નાયક છું. એ વાત તમારે સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ.

આ બધી બારીકીઓને આપણે સમજતા નથી. લીધે રાખીએ, દીધે રાખીએ બ્રહ્મસંબંધ, અને કશી ખબર જ નથી હોતી કે શું થઈ રહ્યું છે ને શું નથી થઈ રહ્યું. અરે! જરા સમજો તો ખરા

કે ક્યાં જઈ રહી છે ગાડી, કઈ ગાડીમાં બેઠાં છો! એટલે જે આપણે નિવેદન કરીએ છીએ તે પોતાના સંબંધનું નિવેદન કરીએ છીએ. વસ્તુ કે વ્યક્તિ નું તો સમર્પણ કરીએ છીએ નિવેદન નથી કરતા. એટલે આપણે વાપરી રહ્યા છીએ જે કાંઈ વસ્તુને કાયદાકીય રીતે વાપરવાના હક્કના ધોરણે તે આપણે આપણા પ્રભુને પણ સમર્પિત કરીશું, વિનિયોગ કરીશું તે રીતે.

ફરીથી એક જુદી જાતના વિવેકનો અહીંયાં ઉપદેશ છે. કોઈક જાતનો આર્થિક ઉપદેશ આપવામાં આવ્યો છે. આર્થિક ઉપદેશ એટલે શું? કે ‘‘**પ્રભવતીતિ પ્રભુઃ**'' જે સમર્થ હોય તેને ‘પ્રભુ' કહેવાય. જે પોતાને બધી રીતે ઢાળવામાં સમર્થ ન હોય તેને ‘પ્રભુ' ન કહેવાય. મોટે ભાગે આપણને શું *પ્રોબ્લેમ્* થઈ જતો હોય છે કે આપણે કોઈક જાતના અભિમાન તો કેળવી લેતા હોઈએ છીએ કે ‘‘હું આત્મનિવેદી છું, હું પુષ્ટિમાર્ગીય છું'' પણ એ અભિમાનને આપણે જાળવી નથી શકતા. કેમકે કોઈકને કોઈક પરિસ્થિતિ એવી આવી જાય કે તે આપણાં અભિમાનને હચમચાવી નાખે. એટલે આપણને આપણા અભિમાન સાથે બાંધછોડ કરવી જ પડે.

હાલમાં જ મેં એક બહુ સુંદર જોક વાંચ્યો. અહીંયાંની વાત નથી અમેરીકાની વાત છે. કોઈક એક સ્ત્રી જે પોતાના રૂપવતી હોવાની બાબતમાં ખૂબ આશ્વસ્ત હતી. આપણે ત્યાંની પરિભાષામાં ‘રૂપગર્વિતા-નાયિકા' હતી. તો એને સાંજના જોબ્ પછી *ડિનર્*માં જવાનું હતું. હવે ઓફિસમાંથી નિકળે તો બધાના હાલ-બેહાલ હોય એટલે ઘરે પહોંચીને મેક્અપ્ કરીને *હેર્ સ્ટાઇલ્* કરીને પાછું *ડિનર્*માં જવાનું હતું. એટલે બહુ તેજ ગાડી દોડાવી રહી હતી. ત્યાં કાંઈક સિગ્નલ તોડવાનો ગુનો થઈ ગયો. તો ત્યાંની પોલીસ એની પાછળ પડી. એટલે એની ગાડીની પાછળ પાછળ પોલીસે લાલ લાઈટના ઝબકારાઓ આપ્યા. પણ એ તો હાંક્યે જ રાખતી હતી પોતાની

કાર. એટલે પોલીસ પણ ગભરાઈ ગયો કે શું બેફામ દોડાવી રહી છે! એણે *ઓવર્-ટેક્* કરીને રોકીને તે બાઈને પૂછ્યું કે ''કાચમાં (પેલા લાલબત્તીના ઝબકારાં) જુઓ છો કે નહીં?'' પેલીએ કહ્યુ કે ''તમે પણ કેવી વાત કરો છો? આટલી વખત ઓફિસમાં કામ કર્યા પછી થોડાક વાળ તો વિખરાયેલા હોઈ શકે મારા, ઘરમાં જઈને સવારી લઈશ. પણ ડ્રાઈવિંગ્ કરતા કાચમાં ક્યાં જોવા બેસું!'' અભિમાન કેળવી રાખ્યું હતું કે હું રૂપવતી છું, મારા વાળ સરખી રીતે સેટ્ હોવા જોઇએ. પેલા ઝબકારાને જોતી પણ નથી કે કહેવા છતાંય સમજતી પણ નથી! એને યાદ અપાવો તો યાદ આવે નહીં પાછું. એમજ સમજે કે હા એ તો ઓફિસમાં એટલી વખત કામ કર્યું હોય તો વાળ તો વિખરી જ જાય ન. હમણાં એમાં કાચ જોવાની શું જરૂર છે? ઘરે જઈને જોઈ લઈશ. ખોટી કેમ ધાંધલ કરો છો? અરે ભઈ! મુદ્દો એ નથી, કાર તું ખોટી રીતે ડ્રાઇવ કરી રહી છે, પાછળ આવતી ટ્રાફિક પોલીસની ગાડીના સિગ્નલ પાછળ જોવાના કાચમાં જોતી નથી! એમ આપણે ઘણા બધા અભિમાન કેળવી લેતા હોઇએ છીએ કે ''હું આત્મનિવેદી છું, હું કાળકર્માતીત પુષ્ટિમાર્ગી છું'' અને એવાં અભિમાન પાછાં જળવાતાં નથી હોતાં. સરકારી ટેક્સેશન્ના કાયદાઓની ચુંગાળથી છટકવા આપણા ખાનગી પુષ્ટિપ્રભુને પણ પોતાના ગણવાને ઠેકાણે જાહેર કે સરકારી મન્દિરોમાં બિરાજતી મૂર્તિ તરીકે સ્વીકારી લેતાં હોઇએ છીએ!

પરમાત્મા એવો નથી એ તો પ્રભુ છે. તમે પરમાત્મા માટે જેવો ભાવ રાખો તેવું પણ તે રૂપ કેળવવા માટે સમર્થ છે. અને એ તમારા પ્રત્યે જેવો ભાવ રાખે તેવું પણ રૂપ ધરવા માટે એ સમર્થ છે. એ અર્થમાં પરમાત્મા પ્રભુ હોવાથી જો તમે એ ભાવ રાખશો મનમાં કે 'પ્રભુસમ્બન્ધઃ' તમે જ કર્યો છે તો તે તેવો થવા સમર્થ છે પછી તમારે ફક્ત તમારા પૂરતો તેના

સેવ્ય હોવાનો ભાવ રાખવો પડશે. તે જળવાતો ન હોય તો મહાપ્રભુજી કહે છે એવો ખોટો અભિમાન રાખતા જ નહિ **''અભિમાનઃ ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્''** (વિવેકધૈર્યાશ્રય : ૩) સ્વામીની સેવામાં તો ઘણાં બધાં જોડાયેલાં હોય તેમાં કોની પાસે કયું કામ કરાવવું તે તેની સ્વતન્ત્ર ઇચ્છા ઉપર નિર્ભર છે.

આપણે કોઇકની સાથે સંબંધ બાંધીએ, ડોક્ટર સાથે સંબંધ બાંધીએ કે બહુ માંદગી થઈ ગઈ છે... મારે એક વખતે એવું થયું. રાતના સોપારી ખાઇને સૂઈ ગયો. સવારે દાંતમાં દુખાવો થવા મંડ્યો. હું ડોક્ટર પાસે ગયો, ડોક્ટરે મને કહ્યું કે તમારા બધા જ દાંત સડી ગયા છે. કાઢવા પડશે, એટલે હું ગભરાઈ ગયો. મેં કહ્યું મર્યા આતો એક સોપારી શું ખાધી, લેવાના દેવા પડી ગયા! પછી રઘુનાથલાલ દાદાભાઇ પાસે ગયો, દાદાભાઇએ કહ્યું કે, કઢાવતા જ નહીં કેમકે એક-એક દાંત કાઢવાના એંસી કે સો રૂપિયા, તો બધાજ દાંત કઢાવી દેવાના કેટલા? એટલે દાદાભાઇએ મને એક મંજન આપ્યું કે આ. મંજન કરો મટી જશે રોગ, ખરેખર મટી ગયો હજી સુધી નથી કઢાવ્યા. તો આપણે કોઇક ડોક્ટરને ડોક્ટર સમજીને જઇએ પણ એ ડોક્ટર કઈ વાતમાં પ્રભુ છે એ આપણને ખબર જ ન પડે ને બધા જ દાંત કાઢી નાંખે, ઇલાજ કરવાના ઠેકાણે. ''રોયેંગે હમ હજાર બાર કોઈ હમે રુલાયે ક્યું?'' કોઇક દિવસે તો પડવાના જ છે દાંત એનો મને વિશ્વાસ છે પાકો, પણ ક્યારેક પડવાના છે તેથી આજે તું કાઢી નાખે એ તો ન પોસાયને!

તો પ્રભુ એવા નથી કે તમે ડોક્ટર પાસે દાંતનો ઇલાજ કરાવવા જાઓને પેલો ઇલાજ કરવાને ઠેકાણે દાંત જ બધા કાઢી નાખે. પ્રભુ છે, તમે જેવો ભાવ રાખીને જશો તેવું એ રૂપ ધારણ કરવા સમર્થ છે, એ તમારા પ્રત્યે જેવો ભાવ રાખે છે

તેવું પણ રૂપ ધારણ કરવા માટે સમર્થ છે. એટલે 'પ્રભુ' શબ્દમાં બહુ મીઠો એક આર્થિક ઉપદેશ મહાપ્રભુજીએ આપી દીધો કે તમે સંબંધ કોની સાથે જોડ્યો છે? પ્રભુ સાથે, જે રૂપ ધારે તે લઈ શકે તેવા સાથે. કોઈ પણ સંબંધને નભાવવામાં તમને જે કનડગત છે તે કનડગત એને નથી. આપણો કૃષ્ણ એ બાબતનું પ્રત્યક્ષ પ્રમાણ છે કે તમારે ભણવું હોય તો એને ગીતા પણ આવડે છે. તમારે ભણાવવું હોય તો સાન્દીપનિના આશ્રમમાં *એડ્મીટ્* થવા એ તૈયાર છે. તમારે મારવું હોય તો યશોદાથી માર ખાવા પણ તૈયાર છે, મરવું હોય તો મારવાએ તૈયાર છે. કંસની માફક બીવું હોય તો બિવડાવી શકે છે અને અને બિવડાવવો હોય તો પોતે રણછોડરાય બની એને ભાગતા પણ આવડે છે. તમે નક્કી કરો કે તમારે શું કરવું છે? જે તમને કરવું છે તે મુજબ રૂપ ધારણ કરવા પ્રભુ તૈયાર છે.

"સર્વેષાં પ્રભુસમ્બન્ધો" દરેક સાથે તમને સંબંધ નભાવવામાં કોઈક કનડગત હોઈ શકે છે. કોઈપણ જાતનાં સંબંધ નભાવવામાં કૃષ્ણને ક્યારે પણ કોઈપણ કનડગત થઈ નથી. એટલે આપણે જાણીએ છીએ કે વાલીએ જે વખતે રામચંદ્રજીને કહ્યું કે **"મૈં બૈરી સુગ્રીવ પિયારા કારણ કવન નાથ મોહિ મારા?"** ભગવાને કહ્યું "લેને તું મારા પગમાં મારી દેજે તીર. એમાં મને ક્યાં વાંધો છે?" કોઈકની છે તાકાત? નહીં, કૃષ્ણ જે સર્વજ્ઞ છે તે સાન્દીપનિને ત્યાં ભણવા જઈ શકે, છે કોઈકની તાકાત? જે કૃષ્ણે કેટલાકને ભગાડ્યા તે પોતે ભાગી જાય, રણછોડરાયકી જય કરી જાય. એટલી તાકાત એનામાં છે. તેથી આપણે એને 'પ્રભુ' કહીએ છીએ. પ્રભુ સાથે સંબંધ બાંધ્યો તમે, તમારે ભાગવું હશે તો ભાગવામાંય સાથ આપશે, લડવું હશે તો લડવામાંય સાથ આપશે. અર્જુન ભાગવું કે લડવું તેની ગડમથલમાં હતો ત્યારે કૃષ્ણે કહ્યું "નહીં! લડ, હમણા નહીં ભાગવા દઉં!" પણ ખરેખર જો તમારી ભાગવાની

જ વૃત્તિ હોય તો ભાગશે તમારી સાથે. એવું કાંઈ નથી કે ભગવાન્ તમારી સાથે ભાગી નથી શકતા.

આપણાં પુષ્ટિમાર્ગનો ઈતિહાસ એ બાબતનું પ્રમાણ છે કે ઔરંગઝેબ સામે લડવા માટે આપણે જ્યારે સમર્થ ન રહ્યા તો આપણે શ્રીનાથજીને લઈને ભાગ્યા. તો શ્રીનાથજી ભાગ્યા કે નહીં આપણી સાથે? તેના પહેલાં પણ "ભાવત તોહે ટોંડકો ઘનો, કાંટા લાગે ગોખરુ લાગે ફાટ્યો જાત તનો" ના પ્રસંગમાં પણ ભાગ્યા કે નહીં ભેંસા ઉપર ચડીને શ્રીનાથજી? તો એ ભાગી પણ શકે છે, ભગાડીએ શકે છે. દરેક જાતના સંબંધ નભાવી શકે છે. તમે નક્કી કરો કે તમારે શું કરવું છે? પ્રભુ તમારા હાથમાં આવ્યા છે, જે સંબંધ તમે બાંધશો એ સંબંધમાં તમારી સાથે બંધાવા તૈયાર છે. કોઈ ભગવાન્‌ને 'પતિ' કહે છે તો કોઈ 'પિતા' કહે છે. તો 'પતિ' કહેવું કે 'પિતા'? અરે, તમે નક્કી કરો ને! તમે એના દીકરા હોવ તો એ તમારો પિતા છે. તમે એની પત્ની હોવ તો એ તમારો પતિ છે, તમે એના દોસ્ત છો તો એ તમારો દોસ્ત છે, તમે એના ગુરુ હોવ તો એ તમારો શિષ્ય છે, તમે એના શિષ્ય હોવ તો એ તમારો ગુરુ છે, તમે એના શરીર હોવ તો તે તમારો આત્મા છે પણ તમે આત્મા હોવ તો એ તમારો પરમાત્મા છે.

ભક્તિના સંબંધથી કૃષ્ણના આત્મા આપણે થઈ શકીએ છીએ :

એક વખતે ભૂલેચૂકે ભક્તિ ખીલવીને જુઓ તો કદાચ પરમાત્મા કૃષ્ણ પણ એમ કહી શકે કે ખરેખર તો મારો આત્મા મારા ભક્તો છે. એટલે તમે કૃષ્ણના પરમાત્મા થઈ શકો છો. એ વાત ભૂલી નહીં જતા ક્યારે પણ. કૃષ્ણના પરમાત્મા તમે બની શકો છો. એક વખતે એવા સંબંધથી બંધાઈને જુઓ કે કૃષ્ણ તમારો આત્મા અને તમે કૃષ્ણના પરમાત્મા, કૃષ્ણ તમારો સર્જનહાર અને

તમે કૃષ્ણના સર્જનહાર બની શકો છો. કેમકે ''સર્વેષાં પ્રભુસમ્બન્ધો'' જેટલી *વેરાઈટી* 'સર્વેષાં'થી કહેવામાં આવી છે એ બધી જ *વેરાઈટીને* પહોંચી વળે એવો *મલ્ટીફેસેટ્, મલ્ટીડાયમેન્શનલ્ ફિનોમિના* કે *પર્સન્* છે.

ક્યા સંબંધને એ નભાવી નથી શકતો! ''સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્'' 'પ્રત્યેક' એટલે તમે એમ કેમ ધારીને બેસી ગયા કે તમે નિવેદન કર્યું એટલે તમારું જ નિવેદન મુખ્ય છે. બીજા કોઈનો એ અંગીકાર નહીં કરે? અરે તમે મુખ્ય હશો તોય તે બીજાને મુખ્ય બનાવી શકે છે. તમે ગૌણ હશો તો તમને એ મુખ્ય બનાવી શકે છે. એ પ્રત્યેક સાથે નહીં બધા સાથે બંધાવા માટે સમર્થ છે :

> **''મલ્લાનામ્ અશનિઃ, નૃણાં નરવરઃ, સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્,**
> **ગોપાનાં સ્વજનો, અસતાં ક્ષિતિભુજાં શાસ્તા, સ્વપિત્રોઃ શિશુઃ,**
> **મૃત્યુઃ ભોજપતેઃ, વિરાડ્ અવિદુષાં, તત્ત્વં પરં યોગિનાં,**
> **વૃષ્ણીનાં પરદેવતા..............................॥''**
> (ભાગ.પુરા.૧૦/૪૩/૧૭).

''સર્વેષાં પ્રભુસમ્બન્ધઃ'' કેવી રીતે તે ખ્યાલમાં આવ્યું કે નહિ?

પ્રભુની પ્રભુતામાં વિરોધાભાસ નથી :

કંસના મલ્લયુદ્ધના અખાડામાં ખરેખર કોણે તોફાન કર્યું એ બાબતમાં ઈન્ક્વાયરી કમીશન્ બેસે અને સાક્ષી તરીકે લોકોને બોલવવામાં આવ્યા હોત તો દરેકની જુબાનીમાં વિરોધાભાસ છલકાઈ જાત! કોઈક કહેશે કે વીજળી જેવો કોઈક કુસ્તીબાજ આવ્યો હતો તો બીજો કહેશે ના-ના કોઈક શ્રેષ્ઠ પુરુષ આવ્યો હતો. સ્ત્રીઓની જુબાની લેતાં જાણવા મળશે કે કોઈ કામણગારો આવ્યો હતો. એની સાથે ત્યાં જે ગોપબાળકો હતાં તેમને પૂછતાં તેઓ જણાવશે કે અમારા સાથીદાર સાથે અમે ગયાં હતા. કંસને પૂછવા જતાં તે કહેશે કે મૃત્યુરૂપી અતિશય ભયંકર પુરુષ આવ્યો હતો. જનસાધારણ કહેશે કે સમજાણું જ નહિ કોણ આવ્યો હતો અથવા તો એમ પણ કહે કે કેટલો સારો બાળક પણ લોહીના ડાઘાવાળાં વસ્ત્રોમાં કેવો ખરાબ લાગી રહ્યો હતો. યોગીજનો કહેશે કે સાક્ષાત્ પરમતત્ત્વ મૂર્તિમાન્ થઈ ત્યાં પ્રકટ થયો હતો. વૃષ્ણિઓ બધા જે ઓળખતા હતા તેઓની જુબાનીમુજબ તો સાક્ષાત્ દેવાધિદેવ જ દર્શન આપી રહ્યા હતા! ખરેખર *રિપોર્ટ અન્-રિલાયેબલ્* થઈ ન જાય! *અન્-બિલીવેબલ્* થઈ જાય કેમકે *રિપોર્ટમાં કોન્ટ્રાડિક્શન્* છે. પણ એ *કોન્ટ્રાડિક્શન્* આપણી આ નાનકડી ખોપડીમાં જણાઈ રહ્યું છે. મહાપ્રભુજી કહે છે કે પ્રભુની પ્રભુતામાં આ *કોન્ટ્રાડિક્શન્* નથી આ તો પ્રભુના સ્વરૂપને શણગારનારૂં પ્રભુનું સામર્થ્ય જ છે! વિરુદ્ધધર્માશ્રય હોવાથી, **''નહિ વિરોધઃ ઉભયં ભગવતિ અપરિગણિતગુણગણે ઈશ્વરે અનવગાહ્યમાહાત્મ્યે...વાદિનાં વિવાદાનવસરે!''** (ભાગ.પુરા.૬/૯/૩૬).

તો એમાં કોઈ જાતનું *કોન્ટ્રાડિક્શન્* છે નહીં. એમાં તો બધાં રૂપ-ગુણ-ધર્મો પરસ્પર વિરુદ્ધ હોવા છતાંય આવી જ રીતે રહેલાં છે.

તે સિવાય એક વાત ઓર આમાં ખાસ સમજવા જેવી છે કે જ્યારે તમારા પરિવારના લોકોનો અન્યવિનિયોગ થઈ રહ્યો છે કોઈ કારણથી, એમાં બે સંભાવના હોઈ શકે : એક સંભાવના એ હોઈ શકે કે એ બિચારા તમારી સાંથે સેવામાં જોડાવા માગતા હોય છતાં એ જોડાઈ નથી શકતા. કોઈક સામાજિક કે પારિવારિક એમના ઉપર જવાબદારી એવી જાતની હોઈ શકે. બીજી સંભાવના એ પણ છે કે એ તમારી સાથે જોડાવા નથી માગતા; કેમકે

એ એમ સમજે છે કે નિવેદન તમે કર્યું છે તો ઠાકોરજીની સેવા કરવી એ કર્તવ્ય તમારૂં છે. કાંઈ મેં તો કર્યું નથી નિવેદન. તો મને શામાટે જબરદસ્તી ગળામાં ઘંટ બાંધો છો? એક એવો પણ અભિગમ એ લોકોનો હોઈ શકે એ બન્ને અભિગમમાં મહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રમાણે જો તમે એમનાથી જબરદસ્તી ઠાકોરજીની સેવા લો તો તે અનુચિત વાત કહેવાય. મહાપ્રભુજીએ નિબંધમાં આ બાબતનો ખુલાસો કર્યો છે.

પાંચ પ્રકારનાં પ્રતિબંધમાં સેવા છોડી દેવી જોઇએ :

> ''વિક્ષેપાદ્ અથવા અશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્।
> અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે... પૂજા ત્યક્તવ્યા॥''
> (ત.દી.નિ.પ્ર.૨૨૪૭)

(૧)વિક્ષેપ એટલે આન્તરિક.
(૨)અશક્તિ એટલે શારીરિક.
(૩)પ્રતિબન્ધ એટલે પારિવારિક.
(૪)અત્યાગ્રહ એટલે આહંકારિક.
(૫)પરપીડા એટલે મામકારિક.

આમ પાંચ વસ્તુઓ મહાપ્રભુજીએ સેવા-પૂજામાં પ્રતિબંધરૂપે ગણાવી છે.

(૧)વિક્ષેપ એટલે માનસિક કોઈ કારણે સેવા-પૂજામાં નિરંતર મનોવિક્ષેપ થવો એટલે પ્રતિબંધ થવો. (૨)અશક્તિ એટલે કોઈ જાતની માંદગી કે અતિવાર્ધક્ય ને કારણે થતો શારીરિક પ્રતિબંધ. (૩)પ્રતિબંધ એટલે પરિવારમાં કોઈક આપણને રોકવા માગે કે સેવાનાં લફરાં ઘરમાં નહિ ઘુસાવ બહુ મોકાણ થઈ જશે. ઘરની બધી શાન્તિ ભંગ થઈ જશે. જો સેવાના ક્રમનો અહીંયાં ઉપાડો કરશો તો તે

અમને માફક નહિ આવે. આને ''પ્રતિબન્ધાદપિ ક્વચિત્'' કહેવાય. (૪)અત્યાગ્રહ એટલે તમારા મનમાં કોઈક જાતનો અહંકાર પેસી ગયો હોય કે ના આટલો નેગ તો ધરવો જ છે. આ પલના તો ઝુલાવવા જ છે, હિંડોળા આવી ગયા એટલે કેસરના હિંડોળા તો કરવા જ છે. હવે નથી થતાં તો કોઈકનું પાકિટ મારીને કરો, કોઈકની ચાપલૂસી કરીને કરો, છાપામાં જાહેરાત આપીને કરો. આવા બધા અત્યાગ્રહો ધંધાકીય હવેલી ચલાવનારાઓમાં ઘર કરી જતા હોય છે. એના સન્દર્ભમાં મહાપ્રભુજી કહે છે કે મનોરથો નહિ કરો સેવા છોડી દો ભાઈસાબ પહેલાં. બંધ કરો આ ચેપ્ટર્ આ ચેપ્ટર્ તમારામાટે ચાલુ રાખવા જેવું નથી. ''અત્યાગ્રહપ્રવેશે ત્યક્તવ્યા''. તમારો કાંઈક અહંકાર તમને પ્રભુની સેવા કરવામાં આડે આવી રહ્યો છે. તમે આવો ખોટો અહંકાર ખીલવી લીધો છે કે ''આ તો કરવું જ છે મારે, આમ તો કરવું જ છે.'' હવે કેવી રીતે? કાં તો ભીખારીવેડા કરીને કાં ધંધાકીય ધોરણે. આવો અહંકાર કેમ છોડી નથી દેતા? છોડી દો કેમકે તમારાથી સહજ રીતે સેવા નભી નથી રહી. આવો અહંકાર તમને સતાવતો હોય અને તમારાથી જો અહંકાર પણ છોડી ન શકાતો હોય તો શ્રીકૃષ્ણના સેવ્યસ્વરૂપને છોડી દો. મહાપ્રભુજી કહે છે તમે સુખી રહેશો. આવા અહંકાર સાથે કૃષ્ણને પકડશો તો કૃષ્ણેય દુ:ખી થશે અને તમે પણ દુ:ખી થશો. (૫)પરપીડા એટલે જેને મેં મારા માની લીધા તે સેવા કેમ ન કરે? એટલે પરાણે કરાવવી. અરે કોઈકને નથી કરવી સેવા તો પરાણે કેમ કરાવો છો? પાછળ પડી જવું, લોહી પીવું ગામનું માંકડ બનીને, કોણે તમને છૂટ આપી? તમે કોઈકને તમારા માનો છો એટલે પરાણે કોઈનાથી સેવા કરાવો, એ તમારી મમતાની કોઈક મોટી મોકાણ જ છે જે સેવામાં આડે આવી રહી છે. એટલે આ મામકારિક સમસ્યા પ્રતિબંધ છે. તમારો મમકાર તમને સેવામાં કનડગત ઉભી કરી રહ્યો છે. તમારી સેવાને કારણે કોઈક તકલીફ પામતો હોય, કોઈ એમાં મજા ન માણી શકતો

હોય, છતાંય તમે સેવા કરાવવાનો દુરાગ્રહ રાખો... તમારા દીકરાને કે તમારી પત્નીને કે તમારા ભાઈને કે તમારા બાપને કે પતિને તમે પાછળ પડી જાવો કે ‘‘મેં સેવા પધરાવી છે તો તું સેવામાં ના પાડનાર કોણ?’’ એવી મનોવૃત્તિમાં તમારી મમતાનો અતિરેક તમારી સેવામાં આડે આવી રહ્યો છે. કેમકે તમારા પરિવારના સભ્યોનો એક જ અપરાધ કે તમે તેઓને પોતાના ગણી રહ્યા છો! જેઓ તમારા સેવાના કાર્યક્રમને પોતાના ભાવને અનુરૂપ નથી ગણી રહ્યા! તેથી તમે એઓને સેવાની આ પીડા આપી રહ્યા છો. નહિ તો શામાટે પીડા આપો? એટલે એ મામકારિક પ્રતિબંધ છે સેવામાં.

આ પાંચે પ્રતિબંધમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે. સેવા છોડીને પહેલાં ઝગડો તો મટાવી દો, પછી બીજી વાત. એક ઘર તો ડાકણ પણ છોડે એમ એક પ્રભુની સેવાને તો ઝગડા વિનાની આનન્દરૂપ રહેવા દો. પરમાનન્દાત્મક પ્રભુ છે. એ પરમાનન્દાત્મક પ્રભુની સેવાને બીજાને પીડા આપવા માટે તમે શામાટે વાપરો છો?

તમે માની લીધું કે મેં નિવેદન કર્યું છે બધાનું અને મેં જેઓનું નિવેદન કર્યું તેઓ સેવા ન કરે અને અન્યમાં એમનો વિનિયોગ થાય એ હું કેવી રીતે સાંખી લઉં? એટલે તમે સમજો છો શું પોતાને? એમ પૂછવાની ઈચ્છા થાયને એટલે મહાપ્રભુજી કહે છે **‘‘અભિમાનઃ ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વ-ભાવનાત્’’** તું સ્વામી પોતાને ગણી રહ્યો છે કે ઠાકોરજીને સ્વામી ગણી રહ્યો છે? ખુલાસો તો કર વન્સ્ એન્ડ્ ફોર્ ઑલ્ આ ખુલાસો કરી દે. ઠાકોરજીને જો નિવેદન કર્યા પછી તું પ્રભુને તારો સ્વામી ગણતો હોય તો પારકાની ચિંતા કરીને તેઓને તું ભગવત્સેવાના બહાને પીડા આપનાર કોણં? જબરદસ્તી પરાણે સેવા કરાવનાર તું કોણ?

ઠાકોરજીને લેવી હશે તો લેશે, નહિ લેવી હોય તો નહિ લે. જે આહંકારિક સમસ્યા છે એ અત્યાગ્રહાત્મિકા કે ‘‘ના-ના! નિવેદન તો મેં કર્યું હતું, આ તો બધા એમ જ સેવામાં ચાલુ થઈ ગયા’’. અસલ નિવેદન કરનાર કોણ? ‘હું’. લ્યો ત્યારે આ ‘હું’એ જ તો મારી નાખ્યો ને. ફરી પાછું આવું ‘હું’ કર્યું કેમ તમે? સ્વામી તું કે તે? જો તમે પ્રભુને સ્વામી માનતા હોવ તો આવું ‘હું’ કરવાનું તમને કોણે કહ્યું? કોણે ડહાપણ કરવાનું કહ્યું? નિવેદન કર્યા પછી તમે નિવેદક નથી નિવેદિત થઈ ગયા. તમેય નિવેદિત છો અને તમોએ નિવેદિત કરેલ પણ બધા નિવેદિત છે. તે પૈકી જેનાથી પ્રભુને સેવા લેવી હશે લઈ લેશે, જેનાથી નહિ લેવી હોય નહિ લે.

હવે ક્યારેક આવો સિદ્ધાન્ત સંભળાઈ જાય કે તરત—‘‘અચ્છા અચ્છા હવે સમજ્યા કે લેવી હશે તો લેશે ને નહિ લેવી હોય તો નહિ લે, મહારાજ! તમે આવ્યા છો ગામમાં તો બ્રહ્મસંબંધ તો આપી જાઓ’’. જો આવું તમે વિચારવા મંડો તો મહાપ્રભુજી નવરત્નને ક્યાંક ભૂમિમાં જ દાટી દેવા માગશે કે ભાઈસાબ! ભૂલ કરી કે નવરત્નનો ઉપદેશ આપ્યો. એક વાત ધ્યાનથી સમજો કે આ ઉદ્વેગના નિવારણનો ઉપાય નથી ઉપદેશ્યો આ તો ચિંતાના નિવર્તન માટે ચિંતનનો ઉપાય મહાપ્રભુજી બતાવે છે કે **‘‘સર્વેષાં પ્રભુસમ્બન્ધઃ’’** આવું ચિંતન કરશો તો આ ઉદ્વેગ તમને ચિંતામાં નહિ પિંજાય, આ જો ચિંતન નહિ કરો તો ઉદ્વેગ તો બહુ સ્વાભાવિક છે. મેં નિવેદન કર્યું હોય અને મને જો ભાન હોય કે મેં ફક્ત મારું જ નિવેદન નથી કર્યું બલ્કે મારા દરેક આત્મીય વસ્તુઓનું અને વ્યક્તિઓનું પણ નિવેદન કર્યું છે; અને પ્રભુની સેવામાં એનો વિનિયોગ નથી થતો તો એનો ઉદ્વેગ તો થવો અત્યંત સ્વાભાવિક છે. તમે ભક્ત હશો તો થશે થશે ને થશે જ. ઉદ્વેગ થવામાં કાંઈ વાંધો નથી પણ તે ઉદ્વેગનું આટલું બધું પિંજાણ ના કરો

કે એ ચિંતાના રૂપે વકરી જાય. એટલે મહાપ્રભુજી ફરી પાછો તે બાબતમાં પ્રભુના પોઈન્ટને પ્રેશર્ આપે છે કે **"સર્વેષાં પ્રભુસમ્બન્ધઃ"** આ પોઈન્ટને દબાવો પછી તમને સમજમાં આવશે કે જેનાથી લેવું હશે તે લેવા માટે એ તમારા ઘરમાં બિરાજતો ઠાકોરજી સર્વસમર્થ પ્રભુ છે. હવે નિવેદન કર્યા પછી તું તારા અહંકારના પોઈન્ટને દબાવી રહ્યો છે એ પોઈન્ટને નહિ દબાવ. **"સર્વેષાં પ્રભુસમ્બન્ધઃ"** એટલે 'પ્રભુ' શબ્દ કન્ડેન્સ્ છે. **"ન પ્રત્યેકમ્ ઈતિ સ્થિતિઃ. અતો અન્યવિનિયોગે અપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્"**.

સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ।
અતો અન્યવિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિ ચેત્॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૪.[આન્તરિકોપાયોપદેશ] : સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ (કર્તૃકર્મબુદ્ધિવિવેક) ; અતઃ સ્વસ્ય અન્યવિનિયોગેઽપિકા ચિન્તા ! ઈતિ સ્થિતિઃ.

સરળ ભાવાર્થ : પ્રભુની આગળ આત્મનિવેદન કરતાં બધાનો જ પ્રભુ સાથે સંબંધ બંધાઈ ગયો; એટલે પોતાનો પણ જો અન્યવિનિયોગ થતો હોય તો ચિંતા કરવા જેવી કોઈ વાત સમજવી નહીં.

પોતાના અન્યવિનિયોગની બાબતમાં પણ ચિંતા ન કરવી :

તેવી જ રીતે પોતાની (પોતાના અન્યવિનિયોગની) બાબતમાં પણ લાગુ પડે છે કે મેં નિવેદન કર્યું હતું અને હું જ સેવા નથી કરી શકતોને બાકી ઘરના બધા સેવા કરવા મંડ્યા તો મારો અહંકાર ઘવાય. મારો નિવેદનકર્તા તરીકેનો અહંકાર ઘવાતો હોય અને એ ઘવાયેલા અહંકારનું પિંજણ કરીને આપણે ફરીથી કોઈ ચિંતા કરીએ તો એ ચિંતાનું નિરાકરણ મહાપ્રભુજી ફરી પાછુ એજ રૂપે કહે છે કે નિવેદન કર્યા પછી તમે અને તમારો પરિવાર નિવેદિત

છો. બધા જ તમે નિવેદિત જ છો. નથી કોઈ નિવેદક કે નથી કોઈ નિવેદનીય એટલે તમારો પણ અન્યવિનિયોગ થતો હોય તેમાં ચિંતા કરવાપણું કશું રહી જતું નથી. એ ફરી પાછો કર્તૃ-કર્મ-બુદ્ધિ-વિવેક અહીંયાં જેમ એક્યુપ્રેશર્માં જે પોઈન્ટ દબાવવામાં આવે એ જ પોઈન્ટ્ને ફરીથી દબાવવામાં આવી રહ્યો છે. તમારો કર્તૃ-કર્મ-બુદ્ધિનો વિવેક વાપરો તો તમને સમજમાં આવી જશે કે આ બધી વાતો શું છે.

મેં આત્મનિવેદન કર્યું પણ મારા ઘરમાં પત્ની-દીકરી સેવા કરે છે ને મારાથી તો પ્રભુ સેવા લેતા જ નથી. હવે એની ચિંતા થવા માંડી, નથી સેવા લેતા તો છોડને ધંધો ઘરમાં બેસી જા, બાયડીને ઓફિસમાં બેસવા દે, તારાથી સેવા લેવા મંડશે! આમ કહી દઈએ તો બોલે એ તો ન ચાલે. તો ન ચાલે તો પછી ચિંતા કરવાથી ફાયદો શું? કાં તો તું એને મોકલ ઓફિસમાં અને તું ઘરમાં બેસીને સેવા કર. જા હમણાં જ તારાથી સેવા લેવા મંડશે. તો બોલે એ ન પોસાય, પછી ચિંતા કરવાથી ફાયદો શું? આનંદ કરને તું. એમ કેમ નથી સમજતો કે તારી પત્ની સેવા કરી રહી છે એ તારી અર્ધાંગિની છે. આ કંઈ ઓછી વાત છે કે તારૂં અડધું અંગ સેવા કરી રહ્યું છે, અને તે અડધા અંગની સેવા તું કરી રહ્યો છે. તું આવું ચિંતન કરશે તો ચિંતા નિવૃત્ત થઈ જશે.

આત્મનિવેદનના કર્તા અને તેમાં પ્રભુને નિવેદિત થયેલ કર્મ ની બાબતમાં સાચી બુદ્ધિ રાખવાના વિવેકથી ચિંતા ત્યાગી શકાય :

આ કર્તા, કર્મ, બુદ્ધિ અને તેનો વિવેક એટલે? આત્મનિવેદન કરનાર કોણ? અને તમે કોનું નિવેદન કર્યું છે? એ તમને વિવેક સમજાવી રહ્યા છે કે તમે સર્વનું નિવેદન કર્યું છે. પ્રત્યેકનું નિવેદન કર્યું નથી અને તેવી બુદ્ધિ તમે વાપરો તો "અતઃ સર્વેષાં ભગવદ્વિનિયોગે

સ્વસ્ય ચ આત્મનિવેદનકર્તુઃ અન્યવિનિયોગેઽપિ સ્વસ્ય કા ચિન્તા?'' પોતાને શી ચિંતા થવી જોઈએ? પ્રભુ છે કે નહીં! એ જો પ્રભુ છે અને આપણે જો આત્મનિવેદન કર્યું હોય તો એટલે આપણા કોઈકનો પોતાની સેવામાં વિનિયોગ કરાવતા હોય અને આપણો ન કરાવતા હોય તો પણ પોતાનામાં વિનિયોગ કરાવવા પ્રભુ સમર્થ છે કે નહીં? ''પ્રભવતિ ન વા?'' જો 'પ્રભવતિ' તો પછી તમારે શા માટે ચિંતા કરવી જોઈએ! તમે નિવેદન કર્યું એટલે તમે પ્રસન્ન રહો.

અવિવેકી માટે ચિંતા નિવારણનો ઉપદેશ નથી :

હવે તમે પાછા એમ ના કહેતા કે આતો અમને કીમિયો મળી ગયો, બ્રહ્માસ્ત્ર મળી ગયું. અમને ખાલી બ્રહ્મસંબંધ આપી દો સેવામાં નહીં નહાવીએ! કેમકે સેવામાં નાહવાનું પોસાય નહીં, સેવામાં નહાવું તો પછી ધંધા કે નોકરી માટે કોણ જશે? સેવામાં નહાવું તો દુકાન કે ઓફિસે કેવી રીતે જવાય? એટલે સેવા તો મારી બૈરી કરી લેશે એને જ બ્રહ્મસંબંધ અપાવી દઉં, આખો દિવસ ઘરમાં રહે છે. ઘરથી છૂટીને હવેલીમાં અને હવેલીથી છૂટી ને ઘરમાં! ઓટલાથી પાટલા અને પાટલાથી ઓટલા પર ચક્કર મારતી રહેશે. પછી તો એને એકલીને ભગવત્સેવાની આજ્ઞા આપો. બાકી અમને કોઈને ભગવત્સેવાની ગરજ જ નથી. કેમકે ''સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ''. આ તો મહાન્ અનર્થ થઈ ગયો ને! પણ આવો ભાવ જાગે કોને? જે નિવેદિતાત્મા છે તેને તો ઉદ્વેગ જ થાય કે ''જોકે મારા પરિવારના લોકોથી ભગવત્સેવા નભે છે પણ મેં બ્રહ્મસંબંધદીક્ષા લીધી તો પણ મારો ભગવત્સેવામાં વિનિયોગ કેમ થતો નથી? મેં બધાનું પ્રભુને નિવેદન કર્યું તેમનો અન્યવિનિયોગ નથી થતો તો મારો કેમ થાય છે?'' તેનો એને ઉદ્વેગ થાય. ઉદ્વેગ છે તો તેની ચિંતાનું નિવારણ આવા ચિંતનથી થઈ શકે છે કે **'સર્વેષાં પ્રભુસમ્બન્ધો'**.

આમ ચિંતાનું નિવારણ કરવાના ઠેકાણે તમે **''સૈંયા ભયે કોતવાલ અબ ડર કાહેકા''** કરો કે પછી ખાલી પત્નીને બ્રહ્મસંબંધ અપાવો કેમકે પુષ્ટિમાર્ગ સ્ત્રીઓનો ધર્મ છે. ''પુરુષોને તો ધંધા ઉપર જ જવાનું હોય, આપ પણ જાણો છો કૃપાનાથ!'' પછી કૃપાનાથેય સમજી જાય કે વારુ તો ચાલશે. બ્રહ્મસંબંધ પણ બધાજ લઈ જાવને, સેવા કરવાની જ જરૂરત ક્યાં છે? કેમકે પ્રભુમાં વિનિયોગ થાય કે અન્યમાં વિનિયોગ થાય **''સર્વેષાં પ્રભુસમ્બન્ધો''** પ્રભુ તો સર્વસમર્થ છે, સર્વેશ્વર છે, સર્વાત્મા છે એને તો કોઈ ગરજ છે જ નહીં, લ્યો લેતા જાવ બ્રહ્મસંબંધ, આવ્યા એટલે લેતા જાવ. તમે ન લેવા આવતા હોવ તો અમે તમારે ઘેર આવીને આપી દઈશું. તે પણ ન ફાવતું હોય તો જાહેરખબર છાપામાં છપાવી દઉં કે ફલાણા મેદાનમાં અમે આમારા ઠાકોરજીને પધરાવીને હાજર રહીશું બ્રહ્મસંબંધ આપવામાટે. પોત-પોતાને ઘરે નહાવીને લેવા આવી જજો. વ્રત પણ દીક્ષા લીધા પછી ક્યારેક કરી લેશો તોય ચાળશે! કેમકે અમે નહીં આપીએ તો બીજો કોઈ આપી દેશે અને પબ્લિક તો લઈ લેશે જ. તો બધા લઈ જાય અને અમે રહી જઈએ તે કેમ પોસાય? એટલે લેતા જાવ! અરે! શું ધંધો ખોલી લીધો ભાઈસાબ! આ તે કેવું કૌભાંડ છે? નવરત્નમાં આવી ચિંતાને દૂર કરવાનું કહ્યું છે? નહીં, આવી ચિંતાને દૂર કરવાનું નથી કહ્યું. નિવેદિતાત્માની ચિંતાને દૂર કરવાનું કહ્યું છે. ખોટી રીતે નિવેદન કરાવનારા અમો ગો.બા.ઓની અને ખોટી રીતે નિવેદન કરનારા આવા પ.ભ.ઓની ખોટી ચિંતા કે નિશ્ચિંતતા માટે કાંઈપણ નવર્ત્નમાં કહેવામાં નથી આવ્યું. એ વાત ધ્યાનથી સમજશો તો તમને કર્તૃ, કર્મ, બુદ્ધિનો વિવેક લાધશે અને 'પ્રભુ'નો અર્થ પણ તમને સમજમાં આવતો થશે. તો એક સાચા આત્મનિવેદી તરીકે તમને જે ચિંતા થતી હશે તેવી ચિંતાઓનું નિવારણ આ ચિંતનથી મહાપ્રભુજી કરી રહ્યા છે. બાકી આવી લેભાગુ ચિંતાનું નિવારણ મહાપ્રભુજી નવરત્નમાં કરી નથી રહ્યા.

એટલે આ ચોથી જાતની ચિંતાનું નિવારણમાટે મહાપ્રભુજીનું વચન તો તે જ છે ફક્ત અન્વય અહીંયાં બદલાઈ જાય છે.

આમાં એક શંકા ફરીથી ઉદ્ભવે છે. એક તો મેં સમસ્યા તમને બતાવી કે ગુસાંઈજીએ આને ત્રીજું કહ્યું અને હું આને ચોથું કહી રહ્યો છું. આવો ગોટાળો મેં કેમ કર્યો? આ ગોટાળો *ઈન્ટેન્શનલી* કર્યો છે. એનું મૂળ કારણ આ કે આ શ્લોકમાં બે સમાધાન એકી સાથે મહાપ્રભુજી આપવા માગે છે. તો એક સમાધાન તો ત્રીજા શ્લોકમાં કહેલું જે સમાધાન છે તે જ સમાધાન છે, અને તેના કરતાં એક હજી વધારે સમાધાન મહાપ્રભુજી કહે છે કેમકે અહંકારની સમસ્યા મમતા કરતાં બહુ વધારે ગંભીર છે. એટલે એક સમાધાનથી અહંકારનું સમાધાન નથી થતું. બે-ચાર સમાધાન આપો તો માંડ-માંડ અહંકાર થોડો ઘટે. મમતાનું સમાધાન તો બહુ જલદી થઈ જાય હોં! આપણે કોઈને બહુ પોતાનો ગણતા હોઈએ પણ જ્યારે કોઈક એવો રોગ લાગે કે જે રોગનો ચેપ આપણને લાગતો હોય તો બધું વહાલ તરત ખતમ થઈ જાય. એમ તો તમે અમને બહુ વહાલા છો પણ જરા દૂર રહેજો હોં ભાઈસાબ! પાસે નહિ આવતા, ચેપ લાગી જશે તો ક્યાં જઈશું? એટલે મમતા તો બહુ હળવી છે, મમતાને *ઓવરકમ્* કરવી એટલી *ડિફિકલ્ટ* વાત નથી. પણ અહંતાને *કન્ટ્રોલ્*માં લાવવી તો બહુ અઘરી વાત છે. આપણે બધી વાતો જ કરીએ હોં, વાતોના વડા કરીએ પણ ખરેખર અહંતાને કોઈક વખતે *કન્ટ્રોલ્*માં લાવવાનો અભિગમ રાખો તો તમને ખબર પડશે કે ખરેખર કેટલું પહાડ ચડવા જેટલુ અઘરું છે! પાછા પગમાં બૂટ ન હોય, આંખમાં લીલા ચશ્મા ન હોય, શરીર ઉપર ગરમ કપડાં ન હોય, ઑક્સિજનનો સિલિન્ડર ન હોય અને હિમાલય ચડવો હોય, એટલું કપરું કામ છે અહંતાને *કન્ટ્રોલ્*માં લાવવાનું. મમતા તો થોડાક ઝગડા થાયને ફટાક તૂટી જાય. બહુ ઉછેરીને આપણે છોકરાને મોટો કરીએ અને

એક વહુ આવી અને ઝગડો થઈ જાય. મમતાનો તો બહુ કમજોર દોરો છે હોં, ફટાક તૂટી જાય. પણ જે ન તૂટે તેવો દોરો અહંતાનો દોરો છે. એમાં કોણ જાણે ક્યા કેટલા વળ અપાયા હોય છે કે એને કાપો તો પણ માંડ-માંડ કપાય, કાતર કોઈક વખતે બુઠ્ઠી થઈ જાય પણ અહંતાનો દોરો સરળતાથી ન કપાય.

અહંતા એટલી મોટી *પ્રોબ્લેમ્* છે એટલે મહાપ્રભુજી *ઓવર્ પ્રિકોશન્ ઓવર્ કૉશસ્* થઈને એના એક નહિ બે ઉપાય આપે છે કે અચ્છા ભાઈ આમ નહિ તો એમ, પણ સમજ. મહાપ્રભુજીની કહેવાની *સ્ટાઈલ્* જુઓ કે કેટલી ખૂબસૂરતીથી તેઓ અહંતાના પોઈન્ટને જેમ કોઈકને આમ ગરદનથી પકડીને આપણે ઘરથી બહાર કાઢીએ ને એવી રીતે મહાપ્રભુજીએ અહંતાને અહીંયાં ગરદન પકડી લીધી છે. જેને તેં નિવેદન કર્યું તેના કરતાં તારુ કાંઈક મહત્ત્વ વધારે છે કે નહિ? **“યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના!”** આ આત્મનિવેદનની પ્રક્રિયામાં તારી જાતનું આટલું મહત્ત્વ તું ગણતો હોય કે જેનું નિવેદન થયું છે તેમાં તું પોતાને ખપાવી ન શકતો હોય તો તું બહુ મોટો પ.ભ. લાગે છે, એમ મહાપ્રભુજી કહે છે હોં! તું ખરેખર મોટો પ.ભ. છે. કેવો? કે તેં તારા પ્રાણને કૃષ્ણ સાથે સાની લીધા છે, જેમ દાળભાતનાં કોળને સાનીએ, એવી રીતે તું એમ સમજે છે કે તારા તે પ્રાણને કૃષ્ણની સાથે સાની લીધા, તારા જે મમતાસ્પદ છે એ કૃષ્ણ સાથે નથી સનાયા. તેં તારી જાતને કૃષ્ણ સાથે સાની લીધી છે. **“મેરો તન ઓર વા ઢોટાકો એકમેક કરી સાન્યો”** એવી રીતે તેં કાંઈક સાની લીધું લાગે છે. અરે! કબૂલ કરે છે કે નહિ બોલ, હવે અહંકાર હશે તો કબૂલ કરશે જ કે હા કબૂલ કરૂં છું ને! એટલે મહાપ્રભુજીએ તરત તમને પકડી લીધાં પછી ચિંતા કરવાની શું વાત છે? જો કબૂલ ન કરે તો અહંકાર ઘવાય. આમ ડાયલેમાં ઉભો થાયતો બધું સમજમાં આવે! અહંકારના મૂડમાં આવેલાને એ વાત કબૂલ

કરવામાં જરા પણ વાર નહિ લાગે કે "હું આત્મનિવેદનકર્તા પ.ભ. છું અને બીજા બધા મારાદ્વારા નિવેદિત છે. હું પરમનિવેદી પરમભગવદીય છું" એ કબૂલ કરતાં વાર ન લાગે ને મહાપ્રભુજી પકડી લે છે કે બોલ હવે ખુલાસો કર કે અલ્યા! પ.ભ. છે તો અહંકાર કેમ કરે છે પ.ભ. હોવાનો? એ તો ખુલાસો આપ.

આગળનો શ્લોક જે વાત આપણને સમજાવે છે તે અન્યવિનિયોગની જ સમસ્યા છે.

અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના!॥૪॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

પ.[**આન્તરિકોપાયોપદેશ**] : **જ્ઞાનાદ્ અથવા અજ્ઞાનાદ્ યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ** (કર્તૃબુદ્ધિવિવેક) **આત્મનિવેદનં કૃતં તેષાં *કા પરિદેવના!***

સરળ ભાવાનુવાદ : જ્ઞાનપૂર્વક કે અજ્ઞાનવશ જેઓએ આત્મનિવેદન-દ્વારા પોતાનાં પ્રાણ શ્રીકૃષ્ણ સાથે એકમેક કરી લીધા હોય તેઓને કોઈ વાતની ચિંતા કરવાની ના હોય!

મહાપ્રભુજી ઘણી ચતુરાઈથી પૂછે છે કે તેં જ્ઞાનથી નિવેદન કર્યું કે અજ્ઞાનવશ? તેઓશ્રી જાણે છે કે માણસની સાથે અહંકાર કેવી-કેવી રમત રમી શકે. આપણે કહેવામાટે "**અહં બ્રહ્માસ્મિ**"નું જપ-પ્રવચન કરતાં હોઈએ પરંતુ હકીકતમાં આપણને બ્રહ્મ હોવાની મજા ન આવતી હોય પણ પોતાના અહંકારની જ મજા આવતી હોય છે. એટલે ઉપદેશ સાંભળનાર કરતાં ઉપદેશકને પોતાના જ બ્રહ્મ હોવાની હકીકત વધારે પ્રિય હોય છે! આપણે પણ "**દાસો અહં**" કીધે રાખીએ પણ ખરેખર 'દા'બહુ હળવાશથી બોલતા હોઈએ

છીએ. આપણને પણ '**સોહમ્**'ની જ મજા આવતી હોય છે. તમે કોણ? "હું ભગવાન્‌નો દાસ! બ્રહ્મસંબંધ લઈને મરજાદમાં સેવા પહોંચનાર" એટલે દર વખતે અહંકારનો જે આનન્દ છે એ તો બહુ ગજબનો આનન્દ છે. સર્વાતિશાયી આનન્દ છે જેમાં પારમાત્મિક આનન્દ પણ આ આહંકારિક આનન્દની આગળ અંજાઈ જતો હોય છે.

તો મહાપ્રભુજી કહે છે કે *પોસિબિલીટિ* તો તારી બે જ છે કે પ્રભુની આગળ તેં આત્મનિવેદન કર્યું છે કે નહિ? હવે પહેલાંથી જો ખુલાસો કરે તો તો પાછો છટકી જાય કે "ના-ના મેં બ્રહ્મસંબંધ લીધું તે વખતે આ જ્ઞાન નહોતું કે નિવેદન કર્યા પછી હું નિવેદિત થઈ જઈશ અને હું નિવેદક નહિ રહી જાઉં. એ મને જ્ઞાન નહોતું એટલે ચિંતા કરી રહ્યો છું". મહાપ્રભુજી કહે છે, વાંધો નહિ તેં જ્ઞાનથી કે અજ્ઞાનથી અંગારાને હાથમાં ઉઠાવ્યો તો તે બાળે કે નથી બાળતો? એ તો ખુલાસો કર. શું આપણે એમ કહી શકીએ કે "ના ના અજ્ઞાનથી ઉઠાવ્યો એટલે મને બહુ ટાઢો લાગે છે" એવું કોઈ દિવસે શક્ય ખરૂં? અંગારાને આપણે હાથમાં ઉઠાવી લઈએ અજ્ઞાનથી તો શું હાથ બળશે નહિ! જ્ઞાનથી ઉઠાવ કે અજ્ઞાનથી ઉઠાવ જો આગ છે તો બળશે, બળશે, ને બળશે. એમ આત્મનિવેદન તેં કર્યું છે અને તું એ આત્મનિવેદનમાં બીજાને એમ માને છે કે "બીજા બધા જઘન્યાધિકારી છે એટલે સેવા નથી કરતાં તો ચાલશે પણ હું તો ઉત્તમાધિકારી છું એટલે હું સેવા નહિ કરૂં તો કેમ ચાલે?" એટલે *બાય હુક ઓર બાય ક્રુક* મારે કોઈક રીતે તો સેવા કરવી જ પડશે. ઘરમાં નહિ કરૂં તો ગો.બા.ઓના મંદિરમાં મનોરથ કરાવીને સેવા કરી લઈશ. મનોરથ નહિ કરાવું તો કોઈ પ.ભ.ને પૈસા આપી દઈશ કે તમે સેવા કરી લેજો મારાવતી પણ સેવા તો કરાવી જ પડશે. એવા બધા અહંકારો આપણને છે હોં! ભૂલી નહિ જતાં.

બ્રહ્મસંબંધ લઈ રાખ્યું છે અને આપણે કહીએ છીએ 'દાસાનુદાસ' પણ એ લખવામાં બધાને 'દા.દા.' જ લખવું ફાવે છે. દાસાનુદાસ લખવું ફાવતું નથી. એટલે ભગવાન્ સાથે પછી દાદાગીરી કરવા માટે દા.દા. આપણે લખીએ છીએ કે દાસાનુદાસ હોવાના અર્થમાં દા.દા. લખીએ છીએ. એ બધી મોઘમ વાતો છે ભીતરની, બહારની કંઈક જુદી છે. ભીતરમાં આપણને ખબર છે કે આવી ગયો હાથમાં હવે, હવે અમે દાદા છીએ તારા, હવે ક્યાં જશે? આપણને એવું બધું માફક આવે છે કેમકે આપણો અહંકાર આપણને એ બધી પ્રેરણાઓ પુષ્કળ આપતો જ હોય છે. બહુ *ડાયનેમિક્ ફોર્સ્* છે આપણી ભીતર અહંકારનો.

એટલે મહાપ્રભુજી બન્ને વાતને ખ્યાલમાં રાખીને સરખી રીતે કહે છે કે વાંધો નહિ જ્ઞાનથી લીધું કે અજ્ઞાનથી લીધું. તું પોતાને આત્મનિવેદનની પ્રક્રિયામાં નિવેદિત કે બીજા નિવેદિતો કરતાં વિશેષ ગણે છે કે નથી ગણતો? તો અહંકાર તો બોલશે જ કે ''હા મેં તો આત્મનિવેદન કર્યું હતું. આ લોકોને હોશ ક્યાં હતો કે મારે આત્મનિવેદન કરવું જોઈએ''. મહાપ્રભુજી કહે છે કે તો તો તું ''**કૃષ્ણસાત્કૃતપ્રાણ:**'' થઈ ગયો. હવે તેં તારા પ્રાણોને કૃષ્ણની સાથે સાની લીધા છે. હવે ચિંતા કરવાની શું જરૂર? એટલે સપડાઈ જાય પેલો અહંકારી. કેમકે કરવું તો આપણને બન્ને જ હોય છે. આત્મનિવેદન પછી અહંકાર પણ કરવો છે અને દા.દા. પણ થવું છે. તો એ વાતને મહાપ્રભુજી અહીંયાં પકડી રહ્યા છે. એ વાતને હું ચોથા ક્રમે ન મૂકું તો આ સાથે જોડાય નહિ. શ્રીગુસાંઈજીએ તો પંક્તિમાં પછીથી એક ઉત્થાનિકા *ઈન્ટ્રોડ્યૂસ્* કરીને સિંહાવલોકન કરીને એ પંક્તિનો સંદર્ભ પાછો લઈ લીધો. હવે એ બધું અહીંયાં કરૂં તો પાછો વિસ્તાર વધારે થાય. એટલે મેં *શોર્ટ*માં એનો ઓર્ડર ખાલી બદલી દીધો છે. જે ઓર્ડર ગુસાંઈજીએ ત્રીજો લીધો છે તે મેં ચોથો લઈ લીધો. કેમકે ચોથો જે કેસ છે તે પેલી બાજુએ

જોડાઈ રહ્યો છે ને આ બાજુએ પણ જોડાઈ રહ્યો છે. ઉંબરા ઉપર મૂકેલ દિવડા જેવો. ઓલી કોરના રૂમમાંય પ્રકાશ પાથરે અને આ રૂમમાં પણ પ્રકાશ પાથરે. આથી એને વચમાં મૂકી દીધો. એટલે બન્ને ઠેકાણે એને જોડીને તમે સમજી શકો.

અહીંયાં ફરીથી આંતરિક ઉપાયનો ઉપદેશ છે. કર્તૃબુદ્ધિના વિવેકના પોઈન્ટ્ને મહાપ્રભુજી *પ્રેશર્* આપી રહ્યા છે કે નિવેદનકર્તા તું હતો તો મને તારો *ઓડિટેડ્ એકાઉન્ટ્* આપ કે નિવેદનકર્તા તરીકે તું પોતાને ઉત્તમાધિકારી ગણે છે, મધ્યમાધિકારી ગણે છે કે જઘન્યાધિકારી ગણે છે? જઘન્યાધિકારી અને મધ્યમાધિકારી ગણતો હોય તો જેવા સાધારણ બીજા નિવેદિત હતાં તેવો તું છે. પછી શા માટે ચિંતા કરે છે? જો તને તું ઉત્તમાધિકારી ગણતો હોય તો ઉત્તમાધિકારી કોણ હોઈ શકે? જે 'કૃષ્ણસાત્કૃતપ્રાણઃ' હોય તે. હવે જે 'કૃષ્ણસાત્કૃતપ્રાણઃ' હોય તેને ચિંતા કરવાની હોય શું! ''**યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના!**'' એટલે ફરીથી એ વાતને ટકોરના રૂપે મહાપ્રભુજીએ અહંકારને ફરીથી પકડી લીધો છે ગરદનથી કે હવે ક્યાં જાય છે બોલ ખુલાસો કર. તું જે ખુલાસો આપે તે મને મંજૂર અને પછીથી હું મારી વાત કહું. પક્ષગ્રહણ મારે નથી કરવો, પક્ષગ્રહણ તું કર. તું જે પક્ષગ્રહણ કરે તેનાથી વાત આગળ ચાલશે એ રીતે. 'પરિદેવના' એટલે ચિંતા, સંક્ષેપમાં ઉદ્વેગજનિત ચિંતા.

અમારા કિશનગઢમાં એક એવી દુર્ઘટના ઘટી. કિશનગઢમાં એક હનુમાનજીનું મંદિર, એ હનુમાનજીના મંદિરમાં બધા ફાટેલી નોટો ભેટ ધરી જાય. એનો પુજારી રડતો હતો બિચારો કે શું કરીએ જમાનો ખરાબ એવો આવી ગયો છે કે બધાં ફાટેલી નોટ અહીંયાં ધરી જાય છે. મે કીધું ''હનુમાનજીને કહો ને કોક દહાડે પોતાની ગદા ચલાવે''. તે બોલ્યો ''ગદા ચલાવતાં નથી એ તો

તકલીફ છે. એકાદ વખત ગદા ચલાવે ફાટેલી નોટ ધરનાર ઉપર તો ફાટેલી નોટ કોણ ધરે?'' પણ જેની નોટ ફાટે એ હનુમાનજીના ગોલખમાં નાખી જાય. અને એને બિચારાને બેન્કમાં જવું પડે એટલે હનુમાનજીની પૂજા કરવી અને ફાટેલી નોટો પણ બેન્કમાં બદલી કરવા જવું પડે.

દર વખતે આપણે એવા ચતુર હોઈએ છીએ, ફાટેલી નોટો ભગવાન્‌ને ભેટ ધરી દઈએ. ખોટો સિક્કો ભેટ ધરી દઈએ ''**બળતું ઘર કૃષ્ણાર્પણ**'' કરી દઈએ. આ બહુ *ઈઝી કોર્સ્* છે કેમકે આપણે ગામમાં પણ પ.ભ. તરીકે ખપીએ અને પોતાને એક સંતોષ થઈ જાય કે હાં ભઈ કાંઈક કરવું હતું તે યથાશક્તિ કરી દીધું ને! સાજી નહિ તો ફાટેલી નોટ પણ કાંઈક તો ચઢાવ્યુંને. ''ન કરતાં કર્યું ભલુ'' એટલે બન્ને જાતનાં સંતોષ આપણે લઈ લઈએ. ફાટેલી નોટ બીજે ક્યાંય ચાલવાની નહોતી હવે ભગવાન્‌ને નહિ ચાલે તો કોને ત્યાં ચાલે? પ્રભુ તો સર્વસમર્થ! પ્રભુ તો''**સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ**'' આપણી પૂજાની કે જે આપણી સેવાની પણ વાત જવાદો તમે એક-બીજાને સ્નેહોપહાર આપવાની જે *ડીસેન્સિ* કે જે સુઘડતા હોય છે તે શેમાં રહેલી છે? જે મારી પાસે સારામાં સારું હોય તે તમને આપું. કોની પાસે સારામાં સારું શું છે તે તો વ્યક્તિના સ્તર ઉપર નિર્ભર કરશે. પણ *અટ્ લીસ્ટ* આપનાર વ્યક્તિએ જે પોતાની પાસે સારામાં સારું હોય તે આપવું જોઈએ, પૂજામાં કે પ્રેમોપહારમાં કે સેવામાં.

તેથી જ આપણે ત્યાં એમ કહેવામાં આવે છે કે પ્રભુ ઉત્તમોત્તમ વસ્તુના ભોક્તા છે. આપણે પોતાની બડાઈ દેખાડવા માટે એનો ખોટો અર્થ સમજ્યા કે ઠાકોરજીને અમુક પ્રમાણમાં કેસર, અમુક પ્રમાણમાં ઘી, અમુક પ્રમાણમાં સાકર, અમુક પ્રમાણમાં મઠડી, મોહનથાળ વિના ચાલતું જ નથી. પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે એટલે ભિખારીવેડા કરીને પણ ધરવું જ પડશે. ધરવામાટે વપરાતી વસ્તુની ઉત્તમતાની ઘેલછામાં પ્રભુની ઉત્તમતા નીચી પાયરી ઉપર પટકી નાખી! આ તો ખરેખર સામે ધરેલું બધું ઠાકોરજી આરોગી નથી જતાં એટલે ભોગ-સામગ્રીમાં ભિખારીવેડા કરીને તે સામ્રગીના વેચાણનો બમણો લાભ મળતો હોવાથી આવા ગતકડાં આપણને પોસાતા હોય છે! ઠાકોરજી પણ એવા કોઈ લેણિયાત શનિ રાહુ-કેતુ જેવા પાપગ્રહ નથી કે જેમની દશા લાગી ગયેલી હોવાથી દાન આપવું જ પડતું હોય. તેલ ચડાવવું જ પડશે નહિ તો બાધા ઉતરે જ નહિ. શનિ વળગી જાય એમ ઠાકોરજી આપણને વળગતા નથી. તે તો ઉત્તમ વસ્તુના ભોક્તા હોવાને કારણે ફકત તમારા ભાવને સહુથી ઉત્તમ ગણે છે. તેથી તમે જેને ઉત્તમ ગણતા હો તે પ્રભુને તમે સમર્પણ કરશો તો પ્રભુ તેવા ઉત્તમ ભાવના ભોક્તા છે. તમે જેને ઉત્તમ નથી ગણતા, તમે એમ સમજી રહ્યા હોવ કે આવા ભિખારીવેડા તમારા પોતાના નામે કરવા તે સારી વાત નથી તો તમારા ઠાકોરજીના નામે આવા જઘન્ય ભિખારીવેડા કરો તો તેવી જઘન્ય સામગ્રીના પ્રભુ ભોક્તા નથી જ. ભિખારીવેડા કેમ કરીએ એટલે ઠાકોરજીના નામે કરી રહ્યા છો. જો ભિખારીવેડા ઉત્તમ હોય તો પોતાના નામે કરો પછી ઠાકોરજીને ભોગ ધરશો તો આરોગે પણ ખરા! આ તો બીજી કોઈ આવડત ન હોવાને કારણે ઘર-ખરચો ચાલતો નથી. તેથી ભિખારીવેડા માટે ઘર બળી રહ્યું છે. તેથી કૃષ્ણાર્પણ કરી દીધું! લ્યોને ત્યારે આવો અવસર ક્યારે આવશે? ''કૃષ્ણાર્પણમ્ અસ્તુ!'' ચાલો પતી ગઈ વાત. બળતું ઘર તો કૃષ્ણાર્પણ કર્યું એમાં ઉત્તમ વસ્તુના ભોક્તા ઠાકોરજીને તમે ક્યાં માન્યા? ભિખારીવેડા ઉત્તમ હોય તો અમો ગો.બા.ઓએ પોતાનાં નામે પહેલાં કરવા જોઈતાં હતાં. તમારી સાવ ઝૂંપડપટ્ટી હોય, ગટરના કાંઠે હોય પણ તમે રહેવા માગો છો કે નહિ એમાં? ખુલાસો કરો. તમે એ વાત કબૂલ દિલથી કરી રહ્યા છો કે નહિ કે મારા રહેવા માટે તાજમહેલ કરતાં મારી ઝૂંપડી સારી છે. તમે જો એને ઉત્તમ વસ્તુ ગણતા હોવ તો એને પ્રભુને સમર્પણ કરો. એ ઉત્તમ

વસ્તુના ભોક્તા છે. તમને જો એવો ભાવ થયો કે મરજાદ તો પળાતી નથી, કૂવાનું જળ છે નહિ, પૈસા આટલા બધા ક્યાંથી લાવીએ, પછી આપણે સેવા કેવી રીતે કરીએ?

હવે સેવા તો નભે નહિ. એટલે મિશ્રી ધરીએ કે નાગરી ધરીએ બીજું તો હવે શું ધરી શકીએ. બાકીતો બધું હવેલીમાં ધરી શકાય તો જે તમે ધરી રહ્યા છો તેમાં તમને પોતાને ઉત્તમતાનો તો ભાવ છે જ નહિ પછી પ્રભુ કાંઈ ભુખ્ખડ છે કે તમારી મિશ્રી કે નાગરી ના માટે ભુખ્ખડ થઈને ત્યાં બેઠા રહે તમારા ઘરમાં. જો તમે એને ઉત્તમ ગણતાં હો તો જેમ પ્રભુને ભોગ ધરો છો તેમ પોતે પણ એના ઉપર ટકી રહો. તમે જ્યારે ધરતાં પહેલાં જ આવી રીતે કરગરી રહ્યા છો, માયકાંગલાપણું તમારું દેખાડી રહ્યા છો કે અમે આ બધું ક્યાંથી લાવીએ? તો પછી પ્રભુ એવી વસ્તુનાં ભોક્તા જ નથી. કેમકે તમારા પોતાનો ભાવ એનામાં ઉત્તમ હોવાનો નથી, જઘન્યતાનો ભાવ છે. ઠાકોરજીને મિશ્રીભોગ ધરીને તમે પણ મિશ્રીથી રહેતાં હોવ તો કે મિશ્રી જ મારા માટે ઉત્તમ છે, તો વાંધો ન આવે પણ તમે તો ઢોકળાં-ફાફડા બધું જ જમો છો. હવે ઠાકોરજી ક્યાં જાય? એટલે મેં ગયે વખતે ધોળ બનાવ્યું હતું કે

“મારે ઠાકોરજી નથી થાવું,
કોઈ ભજે ના મને પુષ્ટિના ભાવથી શીદને ઠાકોરજી થાવું,
વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું.”

જેને આપણે ઉત્તમ નથી ગણતાં, મોટા ભાગની અમારા લોકોની હવેલીઓમાં ઠાકોરજીને જે સખડી ભોગ ધરવામાં આવતો હોય છે ને એતો અમારા સ્ટાફને પગાર પેટે અપાતો હોય છે. અમે જે આરોગતાં હોઈએ છીએ તે અમારી તપેલીમાં અલગ રંધાતું હોય

છે. એ ઉત્તમ હોય છે, એ સ્ટાફને આપીએ તો પોસાય નહિ એટલું ઉત્તમ હોય એટલે ઠાકોરજીના ભોગ સ્ટાફના પગારપેટે અને અમારા પેટમાં તપેલીમાં સિદ્ધ કરવામાં આવેલ ઉત્તમ ક્વોલીટિની વાનગીઓ હોય છે. કેમકે એમાં ઘી કાંઈક સારી *ક્વોલીટિ*નું હોય છે, ઘઉં કાંઈ સારી *ક્વોલીટિ*ના હોય છે, એ ઉત્તમ વસ્તુ હોય છે. ઠાકોરજીને હવે એની શી ગરજ? ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે. એટલે જે ઠાકોરજીના નેગ પેટે ભોગ ધરાતો હોય છે એ સ્ટાફના પગાર પેટે અપાતો હોય છે. હવે ઠાકોરજી એના કાંઈ ભૂખ્યા હોઈ શકે ખરા? જોવાની ગમ્મત આ કે પાછો એ જ ભાવ મઠડી-મોહનથાળમાં નથી રાખતાં. કેમકે તપેલીમાં મઠડી-મોહનથાળ સિદ્ધ થાય નહિ. એ તો મન્દિરનાં ભીતરીયા કરે તો જ સિદ્ધ થાય. એટલે એના પ્રસાદમાં અમને બહુ... **“અસમર્પિતવસ્તુનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્”** ભાવ જાગી જતો હોય છે. આવો હોય છે આધુનિક પુષ્ટિમાર્ગનો દિવ્ય ભાવ કે અસમર્પિત વસ્તુનો ત્યાગ કેવી રીતે થાય!

એવો ભાવ અમારો જ છે એવું નહિ તમો વૈષ્ણવોનો પણ એવો જ છે હોં, ભૂલતા નહિ. જ્યારે તમે મંદિરમાં જાઓ છો ત્યારે મઠડી-મોહનથાળનો જ પ્રસાદ લેવા જાઓ છો. કોઈ મીઠા કે હળદર નો પ્રસાદ લે છે? કોઈક દિવસે પ્રસાદ લેવા આવે અને કોઈ પ.ભ.ને એક પડિયામાં મીઠું આપી દો અને કહો “લ્યો આ પ્રસાદ લઈ જાવ” તો પેલો કહેશે કે “આ તો ઘરમાંય છે મહારાજ! મઠડી ક્યાં છે?” મઠડી લાઓ. મોહનથાળ ક્યાં છે પ્રસાદની, *સાઈઝ* કેમ ઘટી ગઈ? રૂપિયા તો સો લઈ લીધાં હતાં અમારી પાસેથી! **“આવ ભાઈ હરખા! આપણે બેઉ સરખા!”** એવું નહિ સમજતા કે તમે કાંઈ બહુ ઉત્તમ કક્ષાના ભગવદીય છો. આપણે બધા જ જઘન્યકોટિમાં જ હમણાં વિચરી રહ્યા છીએ. એ વાત સરખી રીતે સમજી જાઓ કે તમને પણ સખડી પ્રસાદ ગમતો નથી. સખડી તો તમે પણ તમારી કિચનમાં અલગ જ

સિદ્ધ કરાવી રહ્યા છો, એ મઠડી તમારે ત્યાં સિદ્ધ નથી થતી, લોચો એનો જ છે. મોહનથાળ તમારે ત્યાં સિદ્ધ નથી થતો લોચો એનો છે. તેથી પ્રસાદનો ભાવ જાગી રહ્યો છે.

તમારા ઘરમાં તમે સખડી ઠાકોરજીને ભોગ ધરો છો? એટલે સખડી જેને તમે ઉત્તમ ગણો છો? પેલા બાસમતી ચોખાને, પેલા ખંડવાના ઘઉં એની રોટલી કાંઈ ઠાકોરજીને ધરવાના હોય! એ તો આપણાથી અપરસ પળાતી નથી તો કેવી રીતે ધરી શકાય? પછી ક્યાંથી ધરવા એટલે મંદિરોમાં ભટકી-ભટકીને મઠડી મોહનથાળ, પેંડા બરફી મેસૂર ભોગ ધરવાવો. મારા ઉપર લોકો ગુસ્સે થાય છે કે ‘‘પ્રસાદ લેવાની ના કેમ પાડો છો?’’ અરે ભાયા શેનો પ્રસાદ લેવો છે ખુલાસો તો કર! પ્રસાદ લેવો હોય તો તારે ત્યાં જે કાંઈ રંધાતું હોય એને ભોગ કેમ નથી ધરતો તું? એ તો બાસમતી ચોખા છે નીચે મંદિરમાં કેવી રીતે અપાય? એ તો ઉપર તપેલીમાં જ ખાવાના હોય. પતી ગઈને તો વાત! આપણે બહુ ચતુર થઈ ગયા છીએ હોં. ઠાકોરજી બધાની બુદ્ધિને પ્રેરણા આપતા હશે પણ આપણે ઠાકોરજીને કેવી કેવી પ્રેરણા આપી રહ્યા છીએ! કોઈક વખતે ઠાકોરજી બાલભાવથી આપણી બધી પ્રેરણા ગ્રહણ કરી લે તો ઠાકોરજી પણ આપણાં દુઃસંગથી શયતાન બની જાય. આવા ચતુર આપણે છીએ. એટલે આપણને પ્રસાદરૂપે મઠડી-મોહનથાળ જ ગમે છે બાકી કોઈ પ્રસાદ નથી ગમતો.

હમણાં જ એક મારી પ્રશ્નોત્તરી થઈ રહી હતી. સ્વાનુભવની વાત જણાવું છું. બધા એકદમ જાણે કોઈ એ.કે.૪૭ લઈને મારી સામે બેઠા હોય તેમ મને પૂછવા માગતા હતા ‘‘કુછ પૂછના હૈ’’. મેં કહ્યું ‘‘પૂછો, જે કાંઇ પૂછવું હોય’’ તો એમણે પૂછ્યું ‘‘તમે પ્રસાદ લેવાની કેમ ના પાડો છો?’’ મેં કહ્યું ‘‘હું પ્રસાદ લેવાની ના નથી પાડતો ફક્ત પ્રસાદ લેવાની જ વાત કરી રહ્યો છું.

પણ પ્રસાદ વેચાય નહિ અને પ્રસાદ ખરીદાય નહિ. એટલું જ કહેવા માગું છું’’. મારાથી ભૂલથી એમ પણ કહેવાઈ ગયું કે જ્યારે વેચાતો તમે ખરીદો છો તો હોટલની કોઈ પણ વાનગી કે પ્રસાદ માં ફરક શું રહ્યો? તો મારી પાસે બેઠેલી માજીએ કહ્યું કે ‘‘જવા દ્યોનિ તમે આવી વાત, બધી હોટલમાં મેં ખાઈને જોયું છે (‘‘**અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્**’’ નહિ હોં) બધી જ સારામાં સારી હોટલોમાં; પણ અમુક હવેલીઓના પ્રસાદનો જે સ્વાદ છે તેતો અહીંયાં મોઢામાં ફરે છે!’’

હું પણ ધ્વસ્ત થઈ ગયો. મેં કીધું ખરેખર આનો જવાબ મારી પાસે ન હોઈ શકે. મોઢામાં સ્વાદ ફરતો હોય પછી એ સ્વાદને કેવી રીતે જતો કરવો? એટલે એવા સ્વાદની હું તમને ના નથી પાડતો, તમે આનન્દથી પ્રસ્વાદ લો. ભગવાન્ ડાયાબીટીસ્ કરે ત્યાં સુધી આવા પ્રસાદ લો ને તમે. બીજી તો કઈ શુભકામના આપણે કરી શકીએ?

આપણેય ચતુર છીએ, બધી વ્યવસ્થા ચતુરાઈની છે. સ્નેહમાં ચતુરાઈ હોવી ન જોઈએ પણ આપણે ચતુરાઈ સિવાય બીજું કશું જ નથી વાપરી રહ્યા. સ્નેહનો એક છાંટોએ નથી વાપરી રહ્યા. ચતુરાઈ પૂરી આસમાનની આપણે વાપરતા હોઇએ છીએ! પુષ્ટિસંબંધ આત્મનિવેદનનો હોય અને ‘**અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જન માચરેત્**’નો એવા બધા સંબંધો મહાપ્રભુજીએ આપણને પુષ્ટિપ્રભુ સાથે બંધાવી આપ્યા છે. આપણે પરંતુ કેટલા ચતુર અને આપણા ઠાકોરજી બિચારા કેટલા ભોળા કે આમા સંડોવાઈ ગયા! એટલે મારે લખવું પડ્યું કે ‘‘**વલ્લભ મારે ઠાકોરજી નથી થાવું, કોઈ ભજે ના મને પુષ્ટિના ભાવોથી શીદને ઠાકોરજી થાવું! ઓ વલ્લભ! મારે ઠાકોરજી નથી થાવું**’’ ઠાકોરજી બિચારા ભોળવાઈ ગયા બાલભાવથી સેવાતા હોવાને કારણે! એટલે જો આપણે આવી ઉત્તમ વસ્તુ પ્રભુને ભોગ

નથી ધરતા, તમે પોતે *કન્વિન્સ્* છો કે આ સાધારણ કક્ષાની વસ્તુ છે પછી પ્રભુને ભોગ ધરવાની જરૂરિયાત ક્યાં છે? પછી **"અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્"**નો નિયમ તમને લાગુ જ નથી થતો. **"નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્"** એટલે જો નિવેદી હોવ તો તમારી પાસે જે ઉત્તમ હોય, જેને તમે ઉત્તમ ગણતા હોવ, જેમ શબરી પોતાના બોરને ઉત્તમ ગણતી હતી; અને બોર ઉત્તમ છે કે નહિ એ એણે ચકાસીને પણ જોવા માટે, ખાઈ-ખાઈને, એઠાં કરીને રામને આરોગાવતી હતી. એના મનમાં એમ કે કોઈ કડવું બોર મારા રામને ક્યાંક આરોગાવી ન દઉં. એટલે પોતે ચાખી લેવાની હદ સુધી એણે ચકાસણી કરી. જે ઉત્તમ બોર એને સ્વાદમાં લાગ્યાં તે જ તેણે પ્રભુને સમર્પ્યાં. હવે શ્રીરામ આરોગ્યા કે નહિ?

એક વખતે શાંત ચિત્તથી વિચાર કરશો તો તમને સમજમાં આવશે કે કઈ જાતની ઉત્તમ વસ્તુના ભોક્તા પ્રભુ છે. અને કઈ જાતની અધમ વસ્તુના ભોક્તા પ્રભુ નથી. ઉત્તમ વસ્તુના ભોક્તા એટલે જે તમને ઉત્તમ લાગતું હોય તે, શબરીને બસ એ જ ઉત્તમ લાગતું હતું, એના સિવાય બિચારી શબરીની કોઈ બુદ્ધિ ન હતી, શબરીનો કોઈ વિવેક ન હતો. તો જેની પાસે જે વિવેક છે એનામાં જે એને ઉત્તમ લાગે છે તે એણે નિવેદન કરવું જોઈએ. ગદાધરદાસજીને જળની લોટી ઉત્તમ લાગી તો એ ભોગ ધરી દીધી. જે તમને ઉત્તમ લાગે છે તે ભોગ ધરો. પદ્મનાભદાસજીને મહાપ્રભુજીના ઘરેથી આવેલુ સીધું ઉત્તમ ન લાગ્યું, શું મહાપ્રભુજી કાંઈ હલકી જાતનો ભાત ખાતા હશે કે હલકી જાતના ઘઉં ખાતા હશે? મહાપ્રભુજી કાંઈ એટલા દરિદ્ર નહોતા, સમૃદ્ધ હતા બધી રીતે. સોમયાગ કરતા હતા. સોમયાગ કરવામાં આજે બે-ચાર લાખ રૂપિયા લાગે છે તો તે વખતે પણ એટલા જ લાગતા હશે. આજના લાખ નહિ તો તે વખતનાં પાંચસો કે હજાર હશે. તો તે વખતે પાંચસો

કે હજારની કિંમત લાખ જ હશે ને! એટલે મહાપ્રભુજી કાંઈ દરિદ્ર ન હતા, ઉત્તમ વસ્તુ જ ઠાકોરજીને ભોગ ધરતા હતા, પણ પદ્મનાભદાસજીને એમ લાગ્યું કે આવી સામગ્રી મારા માટે ઉત્તમવસ્તુ નથી. તેથી શ્રીમથુરાધીશજીને પૂછી લીધું કે આ આરોગવું હોય તો સુખેન અહીંયાં બિરાજીને આરોગો નહિ તો મારી પાસે તો ઉત્તમોત્તમ સામગ્રી છોલાની છે. શ્રીમથુરાધીશજીએ કબૂલ રાખ્યું કે "નહિ તારી પાસે જે ઉત્તમોત્તમ સામગ્રી તે જ હું આરોગવા માગું છું". પછી બીજી *ક્વૉલિટી* જે કાંઈ ઉત્તમોત્તમતાની હોય તે ખાવા ઠાકોરજી બંધાયેલા નથી. એટલે દર વખતે ઉત્તમતાનું ત્રાજવું એ છે કે તમારી સહજ ભાવના, તમારી નિખાલસ સમજ અને તમારી સાચી સામર્થ્ય. તે મુજબ જે સામગ્રી ઉત્તમ હોય તેનાં ભોક્તા પ્રભુ બને છે. હવે બતાવો કે તમે તમારી જાતને ઉત્તમ ગણી રહ્યા છો કે અધમ ગણી રહ્યા છો, પહેલાં એનો તો ખુલાસો કરો!

ભક્તિ અને ચિંતા પરસ્પર વિરોધી હોય છે :

તમે શું કહી રહ્યા છો કે નિવેદન તો મેં કર્યું પણ પ્રભુ મારો પોતાની સેવામાં વિનિયોગ કેમ થવા દેતા નથી! આવી ચિંતા તમને સતાવતી હોય છે. હવે આવી ચિંતા રાખીને તમે વિનિયોગ કરવા જશો કે સેવા નભાવવા જશો તો પણ ભક્તિ નહિ નભાવી શકો. કાલે મેં તમને બહુ વિસ્તારથી આ બાબતમાં સમજાવી દીધું હતું. જ્યારે આપણે ચિંતા કરીએ છીએ ત્યારે સ્નેહનો ભાવ ખંડિત થઈ જતો હોય છે. ચિંતા સાથે સેવા થઈ શકે પણ ચિંતા સાથે ભક્તિ નભી શકતી નથી. ભક્તિ અને ચિંતા નો બાપ માર્યાનો વેર છે.

તમારો કોઈ પ્રિયજન માંદો પડ્યો હોય તમને ચેપ લાગવાની ચિંતા લાગતી હોય તો તમે ભક્તિપૂર્વક એની સરખી સેવા નહિ કરી શકો. અને જો તમને ચિંતા નહિ સતાવતી હોય કે ચેપ

લાગી જશે તો કેટલો પણ રોગ ચેપીલો હોય તમે ભક્તિપૂર્વક સેવા કરી શકશો. સ્નેહ અને ચિંતા આમ એકબીજાથી વિપરીત સ્વભાવવાળા હોય છે. એટલે જો આપણે તડકામાં કરમાયેલાં ફૂલ પ્રભુને સમર્પિત ન કરતા હોઈએ, જો ફાટેલી નોટો આપણે પ્રભુને સમર્પિત ન કરતા હોઈએ તો આપણી ચિંતાતુર અવસ્થાનો પણ પ્રભુની સેવામાં વિનિયોગ કરવો જોઈએ નહિ. જો તમને ચિંતા થઈ જ રહી છે તો પછી સેવા છોડી દો : **"તદા ત્યક્તવ્યા"** એમ મહાપ્રભુજી કહે છે.

જેણે પ્રાણ કૃષ્ણસાત્ કર્યા હોય તેને પરિદેવના ન હોય :

બહુ સુંદર શબ્દોમાં બાંધીને આ વાત મહાપ્રભુજી કહે છે કે **"યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ તેષાં કા પરિદેવના!"** પરિદેવનાથી કરમાયેલું તમારું વ્યક્તિત્વ પ્રભુની સેવામાં પરાણે જોડવા માટે લાયક નથી હોતું. એટલે ચિંતા જો થતી જ હોય તો ભગત્સેવાનો દુરાગ્રહ રાખ્યા વિના એક વખત શરૂઆતથી છેવટ સુધીની ચિંતા જ કરી લ્યો અને જ્યારે તમને તેને દૂર કરવાનો બીજો કોઈ સરખો ઉપાય જડી જાય તેનાથકી ચિંતાથી નિવૃત્ત થયા પછી ભગવત્સેવામાટેના ઉદ્યમ કરો. હકીકતમાં તો તમે પોતાને **'કૃષ્ણસાત્કૃતપ્રાણઃ'** ગણતા હોવ તો પરિદેવનાને છોડી દેવી જોઈએ. પરિદેવના એક એવો તડકો છે કે જેમાં તમારું આ તન, તમારું મન બધું કરમાઈ જશે. તડકામાં જેમ ફૂલ કરમાઈ જાય તેવી રીતે. એટલે જો આને પ્રભુને સમર્પવા લાયક તમારે રાખવું હોય તો નિશ્ચય કરો કે તમારે ઉત્તમ કોટિનાં પુષ્પ બની રહેવું છે. એની કાળજી રાખો કે તમારૂં તન-મન તાજું રહે.

તમે ઉત્તમ થાઓ છો, એમાં મહાપ્રભુજીનાં પેટનું પાણી કાંઈ હાલતું નથી, અમારી જેમ કે વૈષ્ણવોમાં કોઈ અમારા કરતાં ચઢીયાતી સેવાભક્તિ કરે તો અમને બીક લાગે કે આ ક્યાંક અમારા કરતા ચઢીયાતો ભક્ત ના ગણાઈ જાયને!. દામોદરદાસ સંભલવાલા મહાપ્રભુજી કરતાંય વધારે નેગભોગવાલી સેવા કરતા હતા તેમાં મહાપ્રભુજીનાં પેટનું પાણી હાલતું નહોતું કે ક્યાંક બીજા વૈષ્ણવો દામોદરદાસજીને મહાપ્રભુજી કરતા ઊંચી કક્ષાના ભગવત્સેવાપરાયણ સમજીને... શ્રીગુસાંઈજીનાં પેટનું પાણી કોઈ દિવસે હાલતું નહોતું તેથી જ તો ગુસાંઈજી અચ્યુતદાસજીના દર્શન કરવા રોજેરોજ પધારતા હતા. એટલો ગુસાંઈજીને ભાવ હતો અચ્યુતદાસમાં. વાર્તા કહે છે કે લોકવ્યવહારમાં એવું જણાવતા હતા કે દર્શન આપવા જાઉં છું. હકીકતમાં પણ ગુસાંઈજીના પોતાના હૃદયનો ભાવ એવો હતો કે અચ્યુતદાસજીમાં મહાપ્રભુજી બિરાજે છે. તેથી એમનાં દર્શન કરવા મારે જવું જોઈએ.

આજે આપણી વચ્ચે જે જાતના કટુ સંબંધો બંધાઈ ગયા છે તેવી જાતના કટુ સંબંધો મૂળ આચાર્યોમાં અને મૂળ અનુગામી વૈષ્ણવોમાં નહોતા. વૈષ્ણવો આચાર્યો માટે હતાં—આચાર્યો વૈષ્ણવો માટે હતાં. એક બીજાના આગળ વધવાથી એકબીજાને બીક લાગે એવા અવિશ્વાસ ભરેલા કટુ સંબંધો, એવા જટિલ સંબંધો, તે વખતે નહોતા. એટલે મહાપ્રભુજીને કાંઈ બીક નથી લાગતી કે કોઈ **'કૃષ્ણસાત્કૃતપ્રાણઃ'** ઉત્તમાધિકારી થઈ ગયો તો હવે મારૂં શું થશે? હવે મને કોઈ આચાર્ય માનશે કે નહિ માને? એટલે આજે નેગભોગરાગ-અપરસનાં બહાનાં બનાવીને વૈષ્ણવોને તેઓનાં ઘરોમાં સેવાની છૂટ આપવામાં આવતી નથી. અથવા તો કોઈ ને કોઈ બહાનાં બનાવીને અમારી હવેલીઓમાં બિરાજતા ઠાકોરજીઓની સરખામણીમાં વૈષ્ણવોને ઘરે બિરાજતા ઠાકોરજીઓને હલકી પાયરી ઉપર મૂકવામાં આવે છે કે વૈષ્ણવો અન્તે અમારી ધંધાકીય હવેલીઓનાં ચક્કર મારતા થઈ જાય! આમાં બીક જ કામ કરી રહી છે કે અમારાં કરતાં વૈષ્ણવ ક્યાંક ચડિયાતો ભગવત્સેવાપરાયણ ન બની જાય. કોઈક વૈષ્ણવને કારણે બાળકને કોઈક ઓછો ગણતો હોય તો પહેલાંથી જ સેવાપરાયણ વૈષ્ણવને પાખંડી ઘોષિત કરી દેવાતો હોય છે. આવા છળકપટથી રહિત શ્રીમહાપ્રભુજી એક શુદ્ધ વાત

તમને સમજાવવા માગે છે કે તમે નક્કી કરો કે તમે **કૃષ્ણસાત્કૃતપ્રાણ:** છો કે નહિ. જો હોવ તો પરિદેવના નહિ કરો. અને જો તમારે પરિદેવના કરવી હોય તો પોતાની જાતને '**કૃષ્ણસાત્કૃતપ્રાણ:**' નહિ માની લેતા. સમજી જાવ કે તમારી હેસિયત શું છે? જેમ બધા નિવેદિત છે એવા તમે પણ છો. પ્રભુને તમારી સેવા લેવી હશે તો લેશે, નહિ લેવી હોય તો નહિ લે. ચિંતા કરવી છોડી દો.

> "**અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનમ્।**
> **યૈ: કૃષ્ણસાત્કૃતપ્રાણૈ: તેષાં કા પરિદેવના!॥**"
> (નવરત્ન)

કેવા કાવ્યાત્મક શબ્દોથી કેટલી ગંભીર વાત આપણને શ્રીમહાપ્રભુજીએ સમજાવી છે. એક વખતે એને હૃદયથી તમે સાંભળશોને! આંખ-કાનથી તો વાંચી-સાંભળી હશે જ પણ હું તમને *રિક્વેસ્ટ* કરી રહ્યો છું કે એક વખતે મહાપ્રભુજીનું હૃદય શું છે? આ ઉપદેશમાં તેને તમે હૃદયથી *એક્સેપ્ટ* કરશો તો રોમાન્ચ અનુભવાશે. એવી વાત મહાપ્રભુજીએ અહીંયાં આપણને કહી દીધી છે.

"અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્" નો અનર્થ :

આ વિધાનનો આજે ખોટો અર્થ થઈ રહ્યો છીએ કે બ્રહ્મસંબંધ લીધા પછી આવશ્યક બનતા બ્રહ્મસંબંધીના સાચા કર્તવ્યને સમજ્યા કે સમજાવ્યા વિના બ્રહ્મસંબંધ દીધે રાખો અને લીધે રાખો. એમ કેમ? તો "**અજ્ઞાનાદ્ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનં યૈ: કૃષ્ણસાત્કૃતપ્રાણૈ: તેષાં કા પરિદેવના**" અરે ડોબા! કોણે તને આવી ઉલટી પાટી પઢાવી દીધી? જો ભગવત્સેવા પોતાના ઘરમાં નથી કરવી તો વૈષ્ણવપરિવારમાં ફક્ત જન્મ કે વિવાહ ને કારણે બ્રહ્મસંબંધ લઈ લેવાથી પોતાને **કૃષ્ણસાત્કૃતપ્રાણ:** માની લેવાનું કોણે કહ્યું? ક્યાં તેં સાન્યા છે પોતાના પ્રાણ કૃષ્ણ સાથે? તેં સાન્યા છે પોતાના પ્રાણ ધંધા સાથે, તેં સાન્યા છે પોતાના પ્રાણ પોતાના પરિવાર સાથે, તેં સાન્યા છે પોતાની બધી લૌકિક પ્રતિષ્ઠાવાળા સંસાર સાથે.

અમો ગો.બા.ઓને પૂછો તો કહે કે એતો મહાપ્રભુજી જોતાંની સાથે જ ઓળખી જતા કે કોણ દૈવી જીવ હોઈ ભગવત્સેવા નભાવવા સમર્થ કે અસમર્થ છે. અમે કેમ સમજી શકીએ પણ જો બ્રહ્મસંબંધ ન આપીએ અને જો જીવ દૈવી હોય તો એને વિમુખ રાખવાના અપરાધી બની જઈએ! અરે પણ આટલા જો તમે અબુધ હોવ તો સર્વજ્ઞ પુરુષોત્તમ બનીને શામાટે ગામમાં પૂજાવો છો? તો તેનો જવાબ આમ આપે કે "**શ્રીમદ્વલ્લભવંશમેં સબહી વલ્લભરૂપ**" પણ જો આ વાત પાછી ખરી હોય તો કોણ દૈવી હોવાથી ભગવત્સેવા નભાવી શકશે અને કોણ મર્યાદી કે પ્રવાહી હોઈ ભગવત્સેવા નહિ નભાવી શકે તે પિછાણી કેમ નથી શકતા? તો કહે કે "આમ કરીશું આપણો સંપ્રદાય ઉચ્છિન્ન થઈ જશે." અરે પણ ભગવાન્ પોતે જ્યારે આજ્ઞા કરતા હોય કે "**દૈવી સમ્પદ્ વિમોક્ષાય નિબન્ધાય આસુરી મતા**" તો ભગવાન્‌ની વ્યવસ્થાનો ઉચ્છેદ કરીને આપણો સંપ્રદાય કેમ ટકી શકે? એટલે આ બધા સંપ્રદાય ટકાવવાના બહાના હકીકતમાં તો પોતાની આજીવિકા રળવામાટે સૃષ્ટિ ટકાવી રાખવાના છળકપટ છે. આજે આપણે સંપ્રદાયમાં '**કૃષ્ણસાત્કૃતપ્રાણ:**' ક્યાં છીએ? આપણે આ શ્લોકને ક્વોટ કરી શકીએ એવો ઉત્તમ અધિકારી ક્યાં છીએ? ઓડહોડડ જરા આપણી શોભા તો મહાપ્રભુજીના ઉપદેશની આરસીમાં જુઓ! શામાટે આવા અગડમ્-બગડમ અર્થો આપણને સ્ફૂરે છે? એટલે બ્રહ્મસંબંધ આપે રાખો કેમકે અજ્ઞાન અથવા જ્ઞાન થી બ્રહ્મસંબંધ આપ્યા પછી **કૃષ્ણસાત્કૃતપ્રાણ:** થઈ જવાય છે. કોઈ જાતની ચિંતા કરવાની રહી જતી નથી. એટલે "**દાઈનો ઘોડો રમતો જમતો છુટ્ટો**". આટલી હળવાશથી કેમ લઈ લીધું આ પ્રકરણને! હકીકતમાં એટલું હળવું પ્રકરણ નથી બહુ ગંભીર પ્રકરણ છે.

'કૃષ્ણસાત્કૃતપ્રાણ:' એ આર્થિક+વાચનિક ઉપદેશ છે :

મહાપ્રભુજીનું હૃદય અને વાણી બન્ને અહીંયાં બોલી રહ્યાં છે, કોઈ જાતની છેતરપીંડી મહાપ્રભુજી અહીંયાં કરવા નથી માગતા. આ ઉપદેશ ક્યારે લાગુ થાય કે ક્યારે લાગુ ન થાય? જે વ્યકિત આમ સમજી રહ્યો છે કે હું **કૃષ્ણસાત્કૃતપ્રાણ:** છું તેને કાંઈક ઉદ્વેગ થાય છે. તેનું પિંજાણ કરીને એ ચિંતાના વમળમાં ક્યાંક ફસાઈ ન જાય કે હું **કૃષ્ણસાત્કૃતપ્રાણ:** હોવા છતાં પણ ભગવત્સેવામાં વિનિયુકત કેમ નથી થઈ શકતો? તેવાની ચિંતાનું નિવારણ મહાપ્રભુજી **'કૃષ્ણસાત્કૃતપ્રાણૈ:'**એવા આર્થિક તેમજ વાચનિક બન્ને ઉપદેશોદ્વારા કરે છે. તેથી મેં આ અક્ષરો *અંડરલાઈન્ડ કન્ડેન્સ્* કર્યા છે. કાલે મેં કહ્યુંને કે "કહેવાનું દીકરીને ને સંભળાવવાનું વહુને" તેવી રીતે આ આર્થિક ઉપદેશ છે.

આમાં ફરીથી મેં *બ્રેકેટ્* લગાવ્યો છે કર્તા, બુદ્ધિ અને વિવેક ના ઉપદેશ માટે. તેથી આત્મનિવેદન કરનારે પોતાની બુદ્ધિ સરખી રીતે વાપરવી પડશે. આવા કેસમાં એને નિશ્ચય કરવું પડશે. પોતાની એવી ભ્રમણાને દૂર કરવી પડશે. કાંતો તું પરિદેવનાને છોડી દે કે કાંતો તું પોતાના **કૃષ્ણસાત્કૃતપ્રાણ:** હોવાની ધારણાને છોડી દે. આ બન્ને ધારણાઓ એકીસાથે નહિ ટકે. વાચનિક ઉપદેશ જે મહાપ્રભુજીએ આપ્યો તે તો એટલો જ કે "**યૈ: આત્મનિવેદનં કૃતં તેષાં કા પરિદેવના**" જેણે આત્મનિવેદન કર્યું છે તેને શું ચિંતા કરવાની હોય? આટલા અંશથી આટલો જ ઉપદેશ અપાયો છે. તેની સાથે અર્થગર્ભિત ઉપદેશ **'કૃષ્ણસાત્કૃતપ્રાણ:'**માં ધબકી રહ્યો છે, હૃદયની માફક! તેથી આ શ્લોકના ઉપદેશનો જાન છે જે ભીતર *કન્ડેસ્* થઈને ધબકી રહ્યો છે.

હવે આગળનો શ્લોક જોઈએ :

તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે।

વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થોહિ હરિ: સ્વત:॥૫॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૬.[આન્તરિકોપાયોપદેશ] : તથા શ્રીપુરુષોત્તમે(સમ્પ્રદાનબુદ્ધિવિવેક), *નિવેદને ચિન્તા ત્યાજ્યા* હરિ: હિ સ્વત: સમર્થ:.

સરળ ભાવાનુવાદ : તેવી રીતે મેં જે પોતાનું આત્મનિવેદન કર્યું તે શ્રીપુરુષોત્તમે સ્વીકાર્યું કે નહિ, એવી ચિંતા પણ કરવી જોઈએ નહિ; કેમકે શ્રીહરિ પોતે કોઈને પણ સ્વીકારવા સમર્થ છે.

વિવેકધૈર્યાશ્રયમાં કહેવામાં આવ્યું છે કે "**પ્રાર્થિતે વા તત: કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ**" એ ઉપદેશથી સંબંધ ધરાવનાર આ છઠ્ઠું વાક્ય છે. આ પણ એક આન્તરિક ઉપાય જ છે, તે શરૂઆતનાં *બ્રેકેટ્*ને કારણે જણાઈ જશે. "*નિવેદને ચિન્તા ત્યાજ્યા*" આમાં 'નિવેદન' અને 'ચિન્તા' ના અક્ષરોને ત્રાંસા કરવામાં આવ્યા છે. એટલે આ શ્લોકમાં જે રોગ છે તે નિવેદન બાબતની ચિંતાનો છે. એને '*ત્યાજ્યા*' કહીને મહાપ્રભુજી કહે છે કે છોડો અને તેમાં પાછા બે પોઈન્ટને પકડી રહ્યા છે. મહાપ્રભુજીનો આ વાચનિક ઉપદેશ "**હરિ: સ્વત:સમર્થ:**" છે. તમારા નિવેદનને સ્વીકારવા માટે હરિ સ્વત:સમર્થ છે તેથી એ બાબતની ચિંતા તમારે કરવી જોઈએ નહિ. હવે 'સ્વત:સમર્થ' કહો કે 'સર્વસમર્થ' કહો અન્તે વાત એક જ કહેવાયી રહી છે.

બીજા શબ્દોમાં કહેવું હોય તો જ્યારે તમે રેલગાડીમાં રાતની મુસાફરી કરવા બેસી ગયા પછી ગાડીમાં ઊંઘવું કે નહિ ઊંઘવું એવી જો ચિંતા કરો તો મહાન્ માનસિક ઉપાધિ પેદા થઈ કહેવાય. કેમ? તો આપણે ઊંઘી જાઈએ એટલામાં ગાડીનો *એક્સિડેન્ટ્* થઈ

જાય તો! આપણને ખબર જ નહિ પડે! હવે ધારોકે તમે ઊંઘતા નથી અને જાગતા રહ્યા તો શું ગાડીનો *એક્સિડેન્ટ્* તમે રોકી શકો છો? એટલે ભલેને આખી રાત ડબ્બામાં ચક્કર મારતા રહો કે ઊંઘીશ જ નહિ કેમકે ઊંઘી જાઉંને ક્યાંય ગાડી ભટકાઈ જાય તો! પણ ગાડી જો ભટકાવવાની જ હશે તો તમારા જાગવાથી પણ તમે રોકી નહિ શકો? ગાડી પાટાથી ક્યારે ગબડી પડશે એની તમને કેવી રીતે ખબર પડી શકે, ગાડીમાં બેસી ગયા પછી તમે અસમર્થ બની જાઓ છો. જે ડ્રાઈવર ચલાવી રહ્યો છે એને ઊંઘ આવશે તો ગાડી ભટકાઈ જશે પણ તમારા જાગવા કે સૂવાથી ગાડીનો *એક્સિડેન્ટ્* ન થાય એ વાત કાંઈ તમારા હાથમાં નથી.

સમર્થો હિ હરિઃ સ્વતઃ :

સૌથી પહેલાં મહાપ્રભુજી **‘સમર્થો હિ હરિઃ સ્વતઃ’** એમ કહીને તમને વાચનિક ઉપદેશ આપે છે કે આત્મનિવેદન કર્યા પછી આત્મનિવેદનની ગાડીમાં તમે સવાર થયા. પછી હું પ્રભુ સુધી પહોંચીશ કે નહિ પહોંચીશ, એની ચિંતા તમે નહિ કરો. પ્રભુને તમારી પાસે જ્યારે જે ક્ષણે જેવી રીતે જ્યાં પહોચવું હશે, ત્યારે તે ક્ષણે તેવી રીતે ત્યાં પોતે પહોંચી જવા સમર્થ છે જ. તેથી જ વાર્તામાં કહેવાણું છે **“સાહેબ કૈસે મિલે? જૈસે હમ તુમ!”**

પ્રભુને તમારી પાસે પહોચવું હશે તો પહોંચી જ જશે. હવે તમે ખોટી ધાંધલ નહિ કરો કે હું પહોંચીશ કે નહિ પહોંચીશ. તમે આત્મનિવેદન સ્વતઃસમર્થ શ્રીહરિની સન્મુખ કર્યું છે કે નથી કર્યું? તમારી શું ધારણા છે? તમારા પોતાનાં હૃદય ઉપર હાથ મુકીને જુઓ. તમને એવું લાગે છે કે તમે આત્મનિવેદન કર્યું છે. બસ તો પર્યાપ્ત વાત થઈ ગઈ હવે નિવેદન બાબતની ચિંતા કરવાની તમને કોઈ આવશ્યકતા નથી. **‘સમર્થો હિ હરિઃ સ્વતઃ’** એ બધી

તમારી કાળજી લઈ લેશે.

ધારો કે તમે ઓપરેશન ટેબલ ઉપર જઈને સૂઈ ગયા. ડોક્ટર તમને *એનેસ્થેસિયા* આપીને ઓપરેશન્ કરવા જઈ રહ્યો હોય એના પહેલાં તમે બીજી ચિંતા *સ્ટાર્ટ્* કરો કે ડોક્ટર સરખી રીતે કાપશે કે નહિ કાપે! નહિ કાપે તો હું શું કરીશ! અરે તમને તો બેહોશ કરી દેશે, એટલે તમારે કરવાનું ત્યાં શું બચી જાય છે? તમે મડદાની માફક પડ્યા હશો ઓપરેશન ટેબલ ઉપર. જે કરશે તે તો ડોક્ટર જ કરશે. તેમાં તમે ચિંતા કરવા માંડો તો ઓપરેશન કરવામાં કનડગત થશે. કેમકે તમને *બ્લડ્પ્રેશર્* વધી જશે, ઓપરેશન ટેબલ ઉપર. જો એવી ચિંતા કરો કે ડોક્ટર ઓપરેશન તો કરવાનો છે પણ આ મારા શરીરમાંથી કાઢી નાખવાના ભાગના ઠેકાણે કોઈ ભલતો ભાગ ન કાઢી નાખે, ક્યાંક ગોટાળો કરશે તો પછી શું થશે? હવે આવી પિંજણ ઓપરેશન ટેબલ ઉપર તમે કરો એટલે સૌથી પહેલાં તો *બ્લડ્પ્રેશર્* વધી જશે. *બ્લડ્પ્રેશર્* વધે એટલે ડોક્ટરને પોતાને પંચાત થઈ જાય કે હવે ઓપરેશન કરવું કેવી રીતે બી.પી. વધી ગયું તો! એટલે ચિંતા છોડી દો. તમને ડોક્ટર ઉપર વિશ્વાસ નથી તો (આત્મનિવેદન કરો નહિ) ઓપરેશન ટેબલ ઉપર સૂવાની ખોટી ધાંધલ કરો નહિ. ડોક્ટર પાસે કાંતો તમે જાઓ નહિ અને ગયા હોવ તો આનન્દથી સૂઈ રહો જે થવાનું હશે તે થશે. મરીએ જશોને તો બેહોશીમાં મરશો કાંઈ મરવાનું દુઃખ તમને થોડું જણાશે? પણ જો ઓપરેશન ટેબલ ઉપર જીવતા તમે ચિંતા કરવા મંડશો તો ઓપરેશન *ફેઈલ્* થઈ જશે.

શ્રીપુરુષોત્તમે તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા :

‘શ્રીપુરુષોત્તમે’ એ **“હરિઃ સ્વતઃસમર્થ”** છે. તમારામાંથી શું કાપવું છે અને શું નથી કાપવું એ બધાની જાણકારી એને બરાબર છે કે નહિ? અને બીજી વાત ‘શ્રીપુરુષોત્તમે’દ્વારા મહાપ્રભુજી આર્થિક

ઉપદેશ આપી રહ્યા છે કે કોને તમે નિવેદન કર્યું છે? તમને કાંઈ હોશ છે નહિ કે રસ્તા ઉપર રખડતા કોઈક અમથાલાલને કે ફોકટલાલને તમે આત્મનિવેદન કર્યું છે? શ્રીપુરુષોત્તમને નિવેદન કર્યું છે એને નિવેદન કર્યા પછી તમારે શા માટે ચિંતા કરવી જોઈએ? શ્રીપુરુષોત્તમ બધી રીતે સમર્થ છે. નિવેદન તમારું સાંભળવા માટે, નિવેદન તમારું સ્વીકારવા માટે, નિવેદન પછીથી જે કાંઈ તમારી *પ્રોગ્રેસ્* છે તે *પ્રોગ્રેસ્*ને નભાવવા માટે પણ. કઈ હદ સુધી નભાવવી તે બધાને માટે જ સમર્થ છે. હવે તમે ચિંતા નહિ કરો.

પાછા આપણે ચતુર હોં! અચ્છા આ વાત પહેલાંથી જ કહી દેવી જોઈતી હતી ને કે નિવેદનની ચિંતા જ નથી કરવાની બ્રહ્મસંબંધ લીધે રાખોને દીધે રાખો. આ તો શ્રીપુરુષોત્તમ સાથે નિવેદન થયું છે, એમાં સેવા કરવાની વાત આવી ક્યાંથી? **"ચિન્તાસમર્થો હિ હરિઃ સ્વતઃ"** શ્રીહરિ સ્વતઃસમર્થ છે. સેવા સ્વીકારવી હશે તો સ્વીકારશે, નહિ સ્વીકારી હશે તો નહિ સ્વીકારે **"સમર્થો હિ હરિઃ સ્વતઃ"** એમાં આપણે ચિંતા કરવાથી ફાયદો શું? આવા આપણાં વિચાર સાંભળીને તો બિચારા મહાપ્રભુજીને પણ ચિંતા થવા મંડે કે આ નવરત્ન કોને મેં બતાવી દીધો! આ અર્થ નથી, તમને આત્મનિવેદન કર્યા પછી ચિંતા ઉદ્વેગને કારણે થઈ રહી છે કે નિવેદન કર્યા પછી મારું નિવેદન પ્રભુએ *એક્સેપ્ટ્* કર્યું કે નહિ કર્યું. એટલો *જેન્યુઈન્ કેસ્* તમારો હોય તો તમને ઉદ્વેગ થશે.

આજના ચાલુ ખાતાનું આત્મનિવેદન હશે તો તમને ક્યાં ચિંતા થાય છે? ક્યાં ઉદ્વેગ થાય છે કે પ્રભુએ સ્વીકાર્યું કે ન સ્વીકાર્યું? હું જો ભૂલ ન કરતો હોઉં, એટલે ખોટી ગણતરી ન કરતો હોઉં તો મને એવું લાગે છે કે સિત્તેરથી એંસી ટકા વૈષ્ણવો બ્રહ્મસંબંધ લીધા પછી કંઠીએ પહેરવાની કાળજી નથી રાખતા. બીજી વાતતો જવાદો. જૂજ ચાલીસ ટકા એવા વૈષ્ણવો હશે કે જે બ્રહ્મસંબંધ લીધા પછી કંઠી પહેરવાની કાળજી રાખે છે. પરણ્યા પછી બંગડી પહેરવાની કાળજી રાખે, પરણ્યા પછી વીંટી પહેરવાની કાળજી રાખે, પરણ્યા પછી ચાંદલો લગાવવાની કાળજી રાખે, બધા જ લટકાં-મટકાં કરે પણ બ્રહ્મસંબંધ પછી કોઈને કહો કે કંઠી પહેરો તો કહે કે, ગળામાં ખૂંચે છે કેવી રીતે પહેરીએ? પતી ગઈને વાત, મંગલસૂત્ર કે ટાઈ કેમ નથી ગળામાં ખૂંચતી? કેમકે પરણ્યા છીએ કેમકે રિસેપ્શન્માં જવું છે આપણને, હવે *સિન્સીયર્* નિર્ધાર છે. બ્રહ્મસંબંધમાં સાચું નિવેદન કર્યું છે કે આપણે ચાલુ ખાતામાં જ લીધું છે? આપણને તેનો નિર્ધાર કરવાની દરકાર પણ નથી કે થયું છે કે નથી થયું, હવે દરકાર નથી તો એનો કાંઈ ઉદ્વેગ તમને શામાટે થશે? ઉદ્વેગ નહિ થાય તો એની ચિંતા તમને કેવી રીતે થશે? ચિંતા નહિ થાય તો આ ઉપદેશ તમારા માટે કેવી રીતે હોઈ શકે? એ મુદ્દાની વાત તમે સમજો કે આ ઉપદેશ તમારા માટે છે જ નહિ, તમે ખોટું સમજી રહ્યા છો કે આ ઉપદેશ તમારા માટે છે. **"તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે"** નિવેદન બાબતની ચિંતા નહિ કરવી. આ ચિંતા ન કરવાનો ઉપદેશ તમને કહેવામાં જ નથી આવી રહ્યો.

જેને કહેવામાં આવી રહ્યું હોય એ કોઈ જુદો વિરલો અધિકારી હશે કે જેને ખરેખર નિવેદન *સિન્સીયર્લી* કર્યું હોય. જે વ્યક્તિ *કન્વિન્સ્ડ્* હોય. માની રહી હોય કે પોતે કે મેં નિવેદન કર્યું છે અને નિવેદન કર્યા પછી તેનો ઉદ્વેગ થઈ રહ્યો છે કે પ્રભુએ મારું નિવેદન અંગીકાર કર્યું કે નથી કર્યું. જે નિવેદનને આટલી *સિન્સીયર્લી* લે છે તેના માટે આ ઉપદેશ છે. આપણે પરણ્યાં હોય અને તે છોકરી પિયરેથી સાસરે આવતી ન હોય તો ખળ-ભળ થાય પેટમાં કે શું થઈ ગયું? આવતી કેમ નથી? કાંઈક લફરું થઈ ગયું કે શું થઈ ગયું? ભાગી ગઈ કે શું થયું? એ પરણેલા

માણસને ચિંતા થાય. પરણ્યા જ ન હોય, તો સાસરામાં રહેવું હોય તો કોઈ છોકરી સાસરામાં રહે પિયરમાં જાવું હોય તો જાને! ચિંતા પણ નહિ થાય અને ઉદ્વેગ પણ નહિ થાય.

મે એક જોક વાંચ્યો હતો. એક ભાઈને પરણ્યા પછી કોણ જાણે કેમ ચિંતા થઈ ગઈ કે એમની પત્ની એમને ખરેખર ચાહે છે કે નહિ. એટલે એક દિવસે પોતાની પત્નીને પૂછ્યું કે “હું તને કેવો લાગું છું?” પત્ની ચતુર હતી એટલે એણે વળતો સવાલ કર્યો કે “પહેલાં તમે મને બતાવો કે હું તમને કેવી લાગું છું?” તે ભાઈ બોલ્યા કે “ભલે ને તું અતિશય રૂપાળી ન હોય પણ ખરાબ તો નથી લાગતી.” પત્ની બોલી કે “તમે પણ કાંઈ હીરો જેવા સુન્દર તો નથી તો પણ મને તો તમે ગમો જ છો.” હવે તો ભાઈના પેટનું પાણી હાલી ગયું કે મારી પત્નીને અવશ્ય કોઈક હીરો મારા કરતા વધુ ગમતો હશે. એટલે જે ફિલ્મ જોવા માટે પત્ની ઈચ્છા દરસાવે કે તરત એને પૂછે કે “આ ફિલ્મનો હીરો તને કેવો લાગે છે?” તે દરેક વખતે આમ જ કહે કે “ઠીક છે પણ મને બહુ નથી ગમતો”. એટલે એક દિવસે થાકીને પતિએ પૂછી જ લીધું કે કયા હીરોની સરખામણીમાં તું મને ઓછો દેખાવડો માને છે? પત્નીએ પૂછ્યું કે “શામાટે આમ આવા પ્રશ્નો કરો છો?” તેઓ બોલ્યા કે “તે દિવસે તે મને નહોતું કહ્યું કે હીરો જેવા સુન્દર ન હોવ તો પણ તમે મને ગમો છો?” એટલે પત્નીએ ફરીથી એવી જિદ પકડી કે પહેલાં તમે મને બતાવો કે કઈ હીરોઈન કે દેખાવડી સ્ત્રીની સરખામણીમાં તમે મને ઓછી દેખાવડી માનો છો.” હવે તો વાત પાછી ત્યાંને ત્યાં જ આવીને ઊભી રહી ગઈ. એટલે પરણ્યા પછી આવી નકામી ચિંતાઓ કરવાથી આપસી અવિશ્વાસ સિવાય બીજું કાંઈ પણ હાંસિલ થતું નથી.

આપણે પ્રભુને સર્વસ્વ માન્યા જ નથી પછી આપણું આત્મનિવેદન

એક્સેપ્ટ થયું કે નથી થયું એનો ઉદ્વેગ થવાનો નથી, ઉદ્વેગ થવાનો નથી એટલે ચિંતા થવાની નથી. એ વાત ધ્યાનમાં રાખો, અને ચિંતા થવાની જ નથી તો આ ઉપદેશ તમને થોડો આપવામાં આવી રહ્યો છે? એ વાત પણ તમે હૃદયથી સ્પષ્ટ રીતે સમજી જાઓ.

અહીંયાં મહાપ્રભુજી ‘શ્રીપુરુષોત્તમે’ કહીને સંપ્રદાનબુદ્ધિનો વિવેક વાપરવાનું કહે છે કે તમે કોને આત્મનિવેદન કર્યું, તેને તમે બુદ્ધિ વાપરીને સરખી રીતે સમજો. શ્રીપુરુષોત્તમને તમે આત્મનિવેદન કર્યું છે. એક વખતે આ વાત સમજશો તો તમને બધી ચિંતા નિવૃત્ત થઈ જશે.

એક બીજું પણ ભાષ્ય વિવેકધૈર્યાશ્રયમાં આનું આપણે શોધવું હોય તો “આપદ્‌ગત્યાદિકાર્યેષુ હઠસ્ ત્યાજ્યશ્ચ સર્વથા” વચનમાં પણ શોધી શકીએ. તમે નિવેદન કર્યું છે પણ તમારા જીવનમાં કોઈક એવી આપત્તિ આવી ગઈ, જેને કારણે તમને નિશ્ચય નથી થઈ રહ્યું કે તમારું આત્મનિવેદન થયું કે નથી થયું તો એ બાબતમાં તમે હઠ નહિ રાખો કે મારું આત્મનિવેદન થયું અને મને તેનાં એંધાણ મળી નથી રહ્યાં. એટલે શું પ્રભુએ આવીને એક દિવસે તમને કહેવું જ જોઈએ કે “તમારૂં આત્મનિવેદન મેં કબૂલ રાખ્યું છે”. પૂતનાથી બોલ્યા હતા અને કંસને મારવા ગયા હતા તો મેં તો આત્મનિવેદન કર્યું મને કેમ નથી કહેતા કે “મેં તારૂં આત્મનિવેદન સ્વીકાર કર્યું છે”. આવી ખોટી હઠ તમે નહિ રાખો “આપદ્‌ગત્યાદિકાર્યેષુ હઠઃ ત્યાજ્યઃ ચ સર્વથા”.

એટલે વિવેકધૈર્યાશ્રયને જોશો તો આ જે મનોભૂમિ છે એની પાછળનો હેતુ તમારા ખ્યાલમાં આવશે. ત્યાં હજી આના કરતા વ્યાપક સંદર્ભમાં આ વાત કહેવાયેલી છે પણ આ તે સંદર્ભને થોડો સંકોચ કરીને નિવેદનની બાબતમાં પણ એનો અમલ કેવી

રીતે કરવો જોઈએ એ આપણે સમજી શકીએ છીએ.

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૭.[આન્તરિકોપાયોપદેશ] : **હરિઃ હિ સ્વતઃ સમર્થઃ,(તસ્માત્) શ્રીપુરુષોત્તમે**(સમ્પ્રદાનબુદ્ધિવિવેક) *વિનિયોગે અપિ સા ત્યાજ્યા.*

સરળ ભાવાનુવાદ : શ્રીહરિ બધી રીતે પોતે સમર્થ હોવાથી શ્રીપુરુષોત્તમમાટે આત્મનિવેદન કરનારે તેમની સેવામાં પોતાના વિનિયોગની બાબતમાં પણ ચિંતા કરવી નહિ.

તે પછીથી જેવી રીતે અહીંયાં નિવેદનની બાબતમાં ચિંતા થઈ તેવી જ રીતે વિનિયોગની બાબતમાં પણ એનો એજ આખો પ્રકાર, એના એજ પોઈન્ટ્‌ને *પ્રેશરાઈઝ્* કરવાનો એટલે સંપ્રદાનબુદ્ધિના વિવેકના પોઈન્ટને *પ્રેશરાઈઝ્* કરવાનું “**હરિઃ સ્વતઃ સમર્થઃ (તસ્માત્) શ્રીપુરુષોત્તમે** વિનિયોગેઽપિ સા ત્યાજ્યા” એ વાત પણ કહેવામાં આવી છે તે મુજબ જ છે.

તેના પછી આવે છે છઠ્ઠો શ્લોક :

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ।।૬।।

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૮.[આન્તરિકોપાયોપદેશ] : **(યૂયમ્) અખિલાઃ સાક્ષિણો ભવત!**(કર્તૃબુદ્ધિવિવેક-ધૈર્ય); **યસ્માત્**, પુષ્ટિમાર્ગસ્થિતો હરિઃ(સમ્પ્રદાનબુદ્ધિવિવેક), **(તસ્માત્) લોકે** *તથા વેદે સ્વાસ્થ્યં તુ ન કરિષ્યતિ*(સમ્પ્રદાનમતિવિવેક)

સરળ ભાવાનુવાદ : તમે બધા સાક્ષી બનો આ હકીકતના કે શ્રીહરિએ તમારો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યો હોવાથી એ તમને લોક કે વેદ માં સ્વસ્થ તો નહિ જ રહેવા દે.

આમાં ધ્યાનથી તમે જોશો તો “**યૂયમ્ અખિલાઃ સાક્ષિણો ભવત**” આવો ઉપદેશ મહાપ્રભુજીએ આપ્યો છે કે તમે આ બાબતમાં સાક્ષી બનો. હવે ‘સાક્ષી’ શબ્દના બે અર્થ થાય : ૧.એ થાય કે કોઈક માણસ કંઈક કામ કરતો હોય અને તમે એને જોઈ રહ્યા હોવ. બીજો એક બહુ વિશિષ્ટ અર્થ પણ ‘સાક્ષી’નો થાય. તમારે જાતે જ કોઈક ઘટના કે વસ્તુ અનુભવવી હોય તો તમે “**અક્ષિભ્યાં સહ અયં સાક્ષિન્**” બની તમારી પોતાની આંખથી તમે જે કાંઈ જોયું અને જાણ્યું હોય, એટલે સાંભળેલી વાત નહિ કે ફેલાઈ ગઈ રૂમરને કારણે કે લોકો ભાગી રહ્યા છે અને આપણેય ભાગવા મંડ્યા એમ પણ નહિ. પોતાની આંખ વાપરીને જોયેલી-જાણેલી વસ્તુનું જે બયાન કરતો હોય તે સાક્ષી. તો જે આંખો ધરાવતો હોય, જેણે પોતાની આંખો વાપરી હોય કોઈ ઘટનાનું તારતમ્ય કાઢવામાટે તે સાક્ષી. તો તેવા અર્થમાં મહાપ્રભુજી કહી રહ્યા છે કે “**યૂયમ્ અખિલાઃ સાક્ષિણો ભવત**” તમે સાક્ષી બનો. સાક્ષી બનો એટલે ક્યા અર્થમાં કે તમે પોતે આ વાતને જોઈ લો, જાણી લો સરખી રીતે. આમ થવાનું છે. અને તમે તમારા જાત અનુભવ તરીકે એને મૂલવી લો કે આમ થાય છે કે નથી થતું તે અર્થમાં તમે પોતે જ સાક્ષી બનો. બીજા કોઈએ કાંઈ કામ કર્યું ને તમે એમાં સાક્ષી છો એ અર્થમાં સાક્ષી નહિ. ‘સાક્ષી’નો એક મતલબ *વીટનેસ્* થાય અને બીજો અર્થ *એક્ઝામ્પલ્* થાય. તો અહીંયાં *વીટ્નેસ્*ના અર્થમાં નહિ, પણ *એક્ઝામ્પલ્*ના અર્થમાં છે. તમે એના *એક્ઝામ્પલ્* બની જાઓ.

હવે આપણાં પેટમાં ફાળ પડી જાય હોં કે જો બ્રહ્મસંબંધ લેતા... ઠાકોરજીની સેવા કરતા લોક અને વેદ બંને જ બગડવાનાં હોય તો એવી ખોટી ભાંજગડમાં પડવું કેમ? તેમાં પાછું કહે કે તમે સાક્ષી બની જાઓ કે લોકવેદમાં ભલું થતું નથી. તો બુદ્ધિનું દેવાળુ કાઢ્યું હોય તો કોઈ સાક્ષી બને! લઈએ જ નહિ બ્રહ્મસંબંધ!

એ અર્થ પરંતુ અહીંયાં નથી. કેમકે આ વાત તમને કહેવામાં જ નથી આવી રહી. જેને કહેવામાં આવી રહી છે તે કોઈક વિરલો અધિકારી છે. એ વાત કોને કહેવામાં આવી રહી છે? જે વ્યક્તિએ પોતાની જે કાંઈ લૌકિકતા કે જે કાંઈ વૈદિકતા હોય તેવા બધા કર્મોને ત્યાગ્યા વિના સાક્ષાત્ પુષ્ટિપ્રભુને એમાં પધરાવ્યા હોય. હવે લોકવેદાત્મક સંસારમાં પ્રભુને પધરાવ્યા છે પછી લોક-વેદમાં એને કોઈ જાતની કનડગત થતી હોય તો એ લોકવેદરૂપી સંસારમાં પધરાવેલા પ્રભુની સેવા કેવી રીતે નભાવવી? લોકવેદમાં જો હું સ્વસ્થ હોઉં તો પ્રભુની ભક્તિમયી સ્વસ્થતા કેમ નભાવવી? અને જો લોક-વેદમુજબ સ્વસ્થ ન રહેવાતું હોય તે મારા પ્રભુની સેવામાં પણ લોક-વેદ પ્રતિબંધ ઉત્પન્ન કરી શકે કે નહિ? એ જાતનો બહુ ગંભીર ઉદ્વેગ કોઈક અધિકારીનો આમાં વર્ણવાઈ રહ્યો છે. એ ગંભીર ઉદ્વેગનું પિંજણ કરીને કોઈકને ચિંતા થતી હોય કે "હવે હું સેવા કેવી રીતે નભાવું? મહાપ્રભુજી એમ મને નથી કહેતા કે દુનિયાને છોડીને હિમાલયમાં જાઓ અને ત્યાં બેસીને સેવા કરો. મહાપ્રભુજીએ મને એમ આજ્ઞા આપે છે "**ગૃહે સ્થિત્વા સ્વધર્મતો અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્**"(ભક્તિવર્ધિની-૨). અને ઘરમાં રહીને હું કરૂં છું. તે ઘરમાં રહેવામાટે મહાપ્રભુજીએ 'સ્વધર્મતઃ' એટલે વેદની મર્યાદાઓને નભાવવાનો ઉપદેશ પણ આપ્યો છે. હવે આ *કન્ડિશન્* ઉપર મેં ઠાકોરજીને પધરાવ્યા, સેવા શરૂ કરી અને જો લોક કે વેદ મને માફક ન આવતો હોય, કોઈ ને કોઈ કનડગત લોકવેદથી ઉભી થતી જ રહેતી હોય તો મારે સેવા કરવી કેવી રીતે? આવી બહુ ઉચ્ચ અધિકારની આ સમસ્યા કે ઉદ્વેગ છે.

લીલાત્મક સરસ સાક્ષિભાવ અને અરસાત્મક સાક્ષિભાવનો ભેદ :

તે ઉદ્વેગમાંથી થતી ચિંતાને દૂર કરવા મહાપ્રભુજી એમ કહે છે કે આ ભગવલ્લીલોપયોગી સાક્ષિભાવ તમારી ભીતર કેળવો. આને જ્ઞાનમાર્ગીય સાક્ષિભાવ સમજવાની ભૂલ કદી કરતા નહિ.

ધારો કે એક મુરતિયાને ઠેકાણે તમારી પાસે ત્રણ મુરતિયા રજુ કરવામાં આવ્યા હોય. પ્રકૃત સંદર્ભમાં એક મુરતિયો હરિ છે, બીજો વેદ અને ત્રીજો મુરતિયો લોક છે. હવે તેમાંથી તમે એકને પોતાના વર તરીકે વર્યા પછી બીજાની ઉપર આંખ ચળાવો તો બિચારો એ મુરતિયો સહન કેવી રીતે કરે? એને એમ લાગે જ કે એ તરફ તમને નહિ જોવા દેવું. એટલે ત્રણ મુરતિયામાંથી આપણે એકને આપણો હાથ કન્યાદાનમાં સોંપી દીધો છે. હવે એ તમને બીજાને કેવી રીતે તાકવા દેશે? આવો ભાવ કેમ નથી વિચારતા! તમને આમાં કોઈ જાતની કચાશ લાગતી હતી તો આ (હરિ) મુરતિયાને નહિ ને પેલા મુરતિયાને પરણી જાઓ, કોણ ના પાડતું હતું તમને! તમારે વેદ સાથે પરણી જવું હતું, તમારે લોક સાથે પરણી જવું હતું. તમારી પાસે ત્રણેય *કેન્ડીડેટ્* ઉભાં હતાં. તેમાંથી તમે જો પોતે *સિલેક્ટ્* કર્યો હોય આ *કેન્ડીડેટ્*ને તો હવે એનો પણ કાંઈક અધિકાર તમારે માની લેવો જોઈએ કે એ લોક કે વેદ માં તમને ન તાકવા દે. તેમાં તમારે માઠું નહિ લગાડવું જોઈએ.

જેમ મુસલ્માનો કે આપણી પણ મધ્યકાલીન પ્રથા કે પરણ્યા પછી ઘરની વહુઓ ઘૂંઘટ તાણવાનો નિયમ પાળે. તેમ અહીંયાં લોકવેદનાં ઘૂંઘટ પાળવાની પ્રેરણા અપાઈ રહી છે. ઘૂંઘટમાંથી પરપુરુષને જેટલું જોઈ શકાય તેટલું લોકવેદને જોવામાં વાંધો નથી પણ લોકવેદની સાથે આંખ મિલાવવાની મનાઈ કરવામાં આવી રહી છે. લોકવેદ તમને દેખાઈ રહ્યું છે લોકવેદની વચ્ચે જીવન જીવવાની કે હરવા-ફરવાની મનાઈ નથી પણ આંખમાં આંખ નાખવાની મનાઈ છે. તમારે છેવટે તો એની સાથે, એના હાથમાં હાથ નાખીને, ફરવાનું છે કે જેની સાથે તમને પરણાવામાં આવ્યા છે. લોકવેદના હાથમાં હાથ નાખીને મારે ફરવાનું નથી. હવે આસપાસમાં લોકવેદ હોય એમના હાથમાં હાથ ન નાખી શકે તો એની ચિંતા શામાટે કરવી? આજુબાજુમાં ક્યાંક લોક હશે, ક્યાંક વેદ હશે, જેટલો સામાજિક

વ્યવહાર થતો હોય તેટલો કરી લેવાનો બાકી બીજાની સાથે ઘનિષ્ઠતા વધારવાની ખોટી ભાંજગડ કરે તો આની સાથે પરણી કેમ? એટલે *ફ્રિલાન્સર્* હોય ને તો કોઈ એકને પરણવું ન જોઈએ પછી જ્યાં જેની સાથે ફરો તે બધું ચાલે. પણ *ફ્રિલાન્સિંગ્* જો ન કરવી હોય અને કોઈક એક સાથે *કમ્મિટ્* થવું હોય તો એનો પણ કાંઈક અધિકાર તમારે તો સ્વીકારવો જોઈએ. તેથી લોકવેદમાં પ્રભુ તમને સ્વસ્થ નહિ રહેવા દે.

પ્રેમની બાબતમાં પ્રવર્તમાન આધુનિક ફેશનને કારણે લોકોમાં જૂના જમાના જેટલું પ્રેમનું સામર્થ્ય જ રહી નથી ગયું. તેથી પર-અસહિષ્ણુ કે પરપ્રત્યે ઈર્ષ્યા વિનાના પ્રેમનું ગુણગાન આધુનિક ઉપદેશકો દ્વારા વધારે ગવાય છે. "*લવ્ વિદઆઉટ્ કમ્મિટ્મેંટ્ કે નૉન્ કમ્મિટેડ્ લવ્*" એટલે કે કોઈકની સાથે બંધાયા વિના તેને સ્નેહ કરવાની મનોવૃત્તિ આજે આદર્શ સ્નેહ તરીકે આલેખાતી હોય છે. એટલે જૂનાં જમાનાની, અનન્યાશ્રય કે અનન્યાસક્તિ કે એકાન્તિક ભક્તિ અથવા તો અનન્યસાંપ્રદાયિક નિષ્ઠા, આવી બધી વાતો આપણી આધુનિક માનસિકતા આધુનિક વ્યવહાર કે આધુનિક ચિંતન કે આપણી જીવનશૈલીમાં જ માફક આવતી નથી. એટલે આ મુદ્દાને સમજવા કે સમજાવવા માં થોડીક તકલીફ તો સ્વીકારવી રહીજ. એટલે આ મુદ્દાની સાચી સમજમાટે પ્રેમતત્ત્વની જૂની દૃષ્ટિ વહોર્યા સિવાય વાત સમજી શકાતી નથી.

આ ઉદ્વેગ કોને થાય? જેણે ખરેખર પ્રભુના શ્રીહસ્તમાં પોતાનો હાથ સોંપી દીધો હોય અને જે *કન્વીન્સ્ડ્* હોય કે મેં પ્રભુને મારૂં બધું અર્પણ કર્યું છે અને તે લોકવેદની વચ્ચે કર્યું છે. તેના પછી લોકવેદમાં આપણને *ડિફ્ફિકલ્ટી* આવતી હોય તો આવી ભાવના કરવાની હોય. કો'ક આપણને તાકે તે ગમતું હોય કે આપણ કોઈકને તાકવું ગમતું હોય તો આપણે *બ્યૂટીકોન્ટેસ્ટ્*માં જ ભાગ ન લઈએ! પરણવા શામાટે જઈએ! ત્યાં બધાજ જુએ અને આનંદ-આનંદ થઈ જાય તાળીઓ પણ વાગે! આપણને પરંતુ *બ્યૂટીકોન્ટેસ્ટ્*માં ભાગ નથી લેવો—પોતાની બ્યુટીને કોઈ એકને સમર્પિત કરવી છે. હવે જ્યારે કોઈકને સમર્પણ કરવું છે ત્યારે એ બ્યૂટીને બધા *એન્જોય્* કરે એવો આપણોય અભિગમ નથી અને જેને આપણી બ્યૂટીનું સમર્પણ કર્યું છે એનેય પાછુ એ ગમતું નથી. સમર્પણ બધાને જ કરવું હતું તો મને કેમ પકડ્યો? એટલે "**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્**".

ભગવાને કોઈ ચાલુ ખાતમાં જેમ દ્રૌપદીના પાંચ હતા, એમ તમને દ્રૌપદી માનીને બેમાં એક પોતાનો ઉમેરો નથી કર્યો કે લ્યો હું ત્રીજો પણ આવી ગયો! એમ ભગવાને પોતાની જાતને લોકવેદ માં ઉમેર્યા નથી. "લોકવેદમાં ઉમેર્યા નથી" એનો મતલબ કે તમારી લોકાસક્તિ અને તમારી વેદાસક્તિ માં પોતાની આસક્તિને ઉમેરી નથી પણ તમારી લોકાસક્તિ અને તમારી વેદાસક્તિ નું પોતાની આસક્તિમાં ઉદાત્તીકરણ કર્યું છે. એટલે જ્યારે તમારી લોકાસક્તિ અને તમારી વેદાસક્તિ નું શનૈઃશનૈઃ ભગવદાસક્તિમાં ઉદાત્તીકરણ અભિપ્રેત છે તે વખતે ભગવાન્ પણ લોક કે વેદ માં તમે વધારે આસક્ત થવા જશો તો તમને સ્વસ્થ નહિ રહેવા દે. એવો ભાવ વિચાર કરશો તો જે કાંઈ લોક કે વેદ માંની આસક્તિના કારણે તમને જે કાંઈ કનડગત ઉભી થઈ રહી હશે, એમાં તમને બહુ સુંદર એક ભાવ મળી રહેશે વિચારવાનો કે પુષ્ટિપ્રભુ મને પોતાનો અનન્ય બનાવવા માગે છે. એવા ભાવને કારણે પછી તમને લોકમાં કે વેદમાં થતી કનડગતી ભગવદાસક્તિમાં કોઈ દિવસે ચિંતાનો ઉમેરો નહિ કરી શકે. તેથી મહાપ્રભુજી આજ્ઞા કરે છે "**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્**".

આ લોકવેદની મર્યાદાની ભીતર કોઈક જાતના આપસના કરારથી

આપણે એકબીજા સાથે બંધાયેલા છીએ. પુષ્ટિપ્રભુ પણ આ લોકવેદની મર્યાદાની ભીતર તમારી સાથે પુષ્ટિમાર્ગની રીતે સેવ્ય થવાના કરારથી બંધાયેલાં છે. જેમ તમે પ્રભુ સાથે પુષ્ટિમાર્ગના કરારથી બંધાયેલા છો. એમાં તમને લોકવેદમાં શામાટે સ્વસ્થ થવા દે! જો આધુનિક ફેશન મુજબ તમને લોકવેદમાં સ્વસ્થ થવા દે પ્રભુ, તો પોતે પ્રભુને પણ સ્વસ્થ થવાની લોકવેદમાં ઈચ્છા થઈ જશે. પછી તમારાથી બંધાયેલા નહિ રહે, પછી તમારે માથે નહિ બિરાજે, પબ્લિક ટ્રસ્ટમાં બિરાજશે. પછી પર્પેચ્યુલ માઈનોરીટિના રાઈટને પ્રોટેક્શન્માટે ચેરીટી કમિશ્નરનો પણ *ઈન્ટરફિયરેન્સ્* પ્રભુ આવકારશે! કેમકે પછી તો પ્રભુ પણ સમજી જશે કે "તમે લોકવેદમાં સ્વસ્થ રહેવા માગો છો. મારે તમારા માથે બિરાજવું એના કરતાં ચેરેટી-કમિશ્નર શું ખોટો? ટ્રસ્ટીઓ શું ખોટા? લોકવેદ બંને મારા જળવાય. મઠડીએ આવે, મોહનથાળ આવે, સેવા આવે, ભેટ આવે. બધું આવે અને મહારાજ રહે તો રહે અને જાય તો જાય. હું ક્યાં બંધાયેલો છું મહારાજ સાથે!" પછી પ્રભુ પણ આધુનિક યુગના પ્રેમના આવા ગૂઢ રહસ્યને સમજી જશે. પણ મૂળમાં તમે પ્રભુ સાથે એ રીતે બંધાયેલા નહોતાં. તમે તો પ્રભુ સાથે પુષ્ટિમાર્ગના સંબંધથી બંધાયેલાં હતાં. પ્રભુ આપણાં માથે બિરાજે છે આ સ્વીકારીએ તો પ્રભુ પણ કહેશે કે "હું જો તારે માથે બિરાજતો હોઉં તો તારે મારી સાથે બિરાજવું પડશે. મને છોડીને હવે તું બીજા કોઈ લક્ષ્મીવાહનોની ચાપલૂસી નહિ કરી શકે! કરશે તો તારૂં સત્યાનાશ થશે" :

"યદા બહિર્મુખાઃ યૂયં ભવિષ્યથ કથઞ્ચન।
તદા કાલપ્રવાહસ્થાઃ દેહચિત્તાદયોઽપિ ઉત॥
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિઃ મમ।"
(શિક્ષાશ્લોકી : ૧-૨)

આમ આપણું સત્યાનાશ થવાનું છે અને પ્રભુ પણ એવી

લીલા આધુનિક પુષ્ટિમાર્ગમાં અવારનવાર દેખાડી રહ્યાં જ છે, નથી દેખાડતા એવું નથી. ચિંતા થાય તો કરો, ન ચિંતા થાય તો ન કરો. ઉદ્વેગ હશે તો ચિંતા થશે, ઉદ્વેગ જ નહિ હોય તો એની ચિંતાય નહિ થાય!

હમણાં જ મુંબઈ સમાચારમાં આપણાં જ એક વૈષ્ણવપુત્ર શ્રીસૌરભભાઈનો સુંદર એક લેખ આવ્યો *ગુડમોર્નિંગ્* કટારમાં. ખરેખર આનાથી વધારે સારી *મોર્નિંગ્* કઈ હોઈ શકે! એમાં તે કહે છે કે શામાટે દર્શન બંધ કરવામાં આવે છે? ખુલ્લા રહેવા દો દર્શન અઢાર કલાક, સવારથી લઈને રાત સુધી ઠાકોરજીને શણગારવા હોય તોય અમારી સામે શણગારો, ભોગ ધરવા હોય તોય અમારી સામે ધરો. એ ભાઈ લખે છે, એમાં કે દર્શન કરવામાં રામકૃષ્ણ મંદિરમાં તમે જાઓતો આંખ મીંચીને ધ્યાન કરવાની કેવી સગવડ છે! એવી સગવડ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં મળતી નથી.

જો આંખ મીંચવા મંદિરે જવાનું હોય તો પછી ટેરો ખુલ્લો હોય કે ટેરો બંધ હોય એમાં ફરક શું પડે? 'ગુડ્ મોર્નિંગ્' વાંચીને મેં વિચાર્યું કે મહાત્મા ગાંધી એવી આજ્ઞા કરી ગયા છે "ગ્રાહકને **દર વખતે ભગવાન્ સમજો**". આપણે ગ્રાહકોને આમંત્ર્યા છે, ભક્તોને નથી આમંત્ર્યા! એટલે હવે ભગવાન્ સ્વરૂપમાંથી બહાર નીકળીને તેમનાં દર્શનાર્થી ગ્રાહકોમાં વસી ગયા છે. હવે એ જે *ડિમાન્ડ્* કરે એ મુજબ *સપ્લાય્* તો કરવો જ પડશે. તેને કેવી રીતે ના પાડી શકો? ગ્રાહક *ઓલ્વેઝ્* ભગવાન્ છે. મહાત્મા ગાંધીએ ભારત સ્વતન્ત્ર થવા પહેલાં જ બધા દુકાનદારોને એ બોધપાઠ આપ્યો હતો કે ગ્રાહકને કોઈ દિવસે બીજી રીતે નહિ જુઓ. ગ્રાહકને ભગવાન્ સમજો, ગ્રાહક કોઈ દિવસે ખોટો હોઈ શકતો નથી. હવે ગ્રાહક જો એમ કહે કે અઢાર કલાક ખોલો તો અઢાર કલાક ખોલવા પડશે! ગ્રાહક કહેશે કે બંધ જ નહિ કરો તો બંધેય

નહિ કરી શકો તમે, ગ્રાહક કહેશે કે ભગવાન્‌ને કેમ પોઢાવો છો? એ તો પોતે રાતના જાગીને દુનિયાની કાળજી લે છે તમારા ખાધેલા ખોરાકને ખૂન બનાવવામાટે તો તમે પોઢાવનારા કોણ! તો હવે તમારે જગાડવા જ પડશે શ્રીનાથજીને. ગ્રાહકને કોઈ દિવસે તમે નિરાશ નથી કરી શકતા.

કેમકે મંદિરની દુકાન જો માંડી તો દેવમૂર્તિને નહીં પણ ગ્રાહકને જ ભગવાન્ માનવો પડશે!

હવે તમારે નક્કી કરવાનું છે કે મહાત્મા ગાંધીએ જે ગ્રાહકને ભગવાન્ કહ્યો તે ગ્રાહકોની સેવા તમારે કરવી છે કે મહાપ્રભુજીએ જેને ભગવાન્ માન્યા તેની સેવા તમારે કરવી છે! એ તો તમારે નક્કી કરવું પડશેને? એનો બિચારાનો દોષ નથી એ તો ગ્રાહક છે. એને જે વસ્તુ જોઈએ છે તે એ માંગ કરશે. એ ટેરો ખોલાવીને પછી પોતાની આંખો મીંચી લેશે! લેખનો મૂળ મુદ્દો સમજો કે ટેરો ખુલ્લો રહેવો જોઈએ ને હું આંખો મીંચીશ.

કોઈ દિવસે તમારી બાયડી એવું કરે તો? તમે આવો અને આંખ મીંચી લે કે "પતિદેવ સાંજે ઘેરે આવીયાં રે લોલ!" હવે તો ઓફિસે જાય ત્યારે જ આંખ ખોલે, ઘરમાં આવે એટલે આંખ મીંચીને બેસી જાય કે ધ્યાન કરૂં છું. કેમકે મને અતિશય વ્હાલા છે. પછી તો સાસુ પોતાના દીકરાની કાળજી લેવા કાંઈક સૂચન કરે તો સાસુને પણ ધધડાવી નાખે કે શું સમજો છો મારા પતિ ને કાંઈ તમારા બાપની મૂડી છે? હું આંખ મીંચીને બેસીશ એની સામે. હવે સાસ-વહુના આ ઝગડામાં બિચારા વરે ક્યાં જવું? ઓફિસથી આવ્યા પછી પત્ની આંખ મીંચીને બેસી જાય તો એ કરે શું? એટલે ગ્રાહકને ઉદાસ નથી કરી શકાતો આ સંબંધની ગરિમા પતિ-પત્નીના વચ્ચે હોય તો એમાં *રાઈટ્* કે *રૉંગ્* ને આપણે *ડિસાઈડ્* કરી શકીશું પણ ગ્રાહક અને વિક્રેતા ના સંબંધમાં તો *ઓલવેઝ્* ગ્રાહકને આધીન થવું જ પડશે. એનો કોઈ ઉપાય કે *આન્સર્* નથી આપણી પાસે. મુંબઈ સમાચારનો આર્ટિકલ વાંચીને જુઓ ખરેખર સાચો આર્ટિકલ છે. પણ એ સાચો ક્યારે છે કે જ્યારે આપણે પુષ્ટિપ્રભુને વેચવા માગતા હોઈએ તો. વેચવા ન હોય તો આપણે ચોખ્ખું કહી શકીએ કે અમારા પુષ્ટિપ્રભુ સાથે તમને શું લાગે-વળગે? તમને ધ્યાન ધરવું જ્યાં સારૂં લાગતું હોય ત્યાં જઈને ધ્યાન ધરોને, પુષ્ટિમાર્ગીય હવેલીમાં કેમ આવી ચડો છો? પણ એ કહેવાની આપણી હિંમત આજે કેમ ન રહી? પ્રસાદ વેચવા છે, તુલસી-ફૂલો વેચવા છે, મનોરથની ઝાંખીઓ વેચવી છે, બ્રહ્મસંબંધની કંઠી વેચવી છે. દરેક વસ્તુ વેચવી છે, પછી આપણે એને નાખુશ નથી કરી શકતા. એમ આ તો *બેઝિક્* કમજોરી આપણી છતી થઈ છે. ગ્રાહકને જે માલ જોઈએ તે તેવી જ રીતે *સપ્લાય્* કરવો પડે.

આપણે લોક અને વેદ માં સ્વસ્થ થવા માગીશું તો પછી પ્રભુ પણ લોકવેદમાં સ્વસ્થ બની જશે. આપણે જો પ્રભુથી એવી અપેક્ષા રાખીશું કે તમે લોકવેદમાં સ્વસ્થ નહિ થાઓ. તમે અમારા ઘરમાં અમારે માથે મહાપ્રભુજીએ જે પદ્ધતિ બતાવી તે રીતે અમારી સેવા અંગીકાર કરો. તમને દુનિયા ગમતી હોય તો જાહેર હવેલીઓમાં પધારીને બિરાજો. અમે તો દુનિયાની સામે તમને સ્નાન નથી કરાવી શકતા. કેમકે તમને નજર લાગી જવાનો અમને ભય છે! દુનિયાની સામે તમને ભોગ નથી ધરી શકતા. ઠંડી પડતી હોય તો અમને લાગે કે તમને પણ ટાઢ વાય છે બારણું ઉઘાડી નથી શકતા. ગરમીમાં અમને લાગે કે તમને ગરમી સતાવે છે તેથી દર્શનાર્થી લોકોની વધુ પડતી ગિરદી થતાં તમને પણ ગરમી વધારે સતાવશે. આમ મહાપ્રભુજીના પુષ્ટિપ્રભુને ગરમી અને ટાઢ લાગે છે સર્વોદ્ધારક્ પરમાત્માને ટાઢ નથી લાગતી કે નથી ભૂખ લાગતી કે નથી ઊંઘ

આવતી કે નથી તે જાગતો-સૂતો. વાત સમજો કે ભક્તોદ્ધારક પ્રભુને આ બધું લાગે છે. ભક્તના મનોરથોને સંતુષ્ટ કરવામાટે અને મહાપ્રભુજીના ભાવ મુજબની ભાવનાથી જો તમે એને બાંધશો તો પછી એ પણ તમારાથી કાંઈક તો અપેક્ષા રાખશે કે હું તારાથી પુષ્ટિમાર્ગમાં બંધાઉને તું મર્યાદામાં જાય તો તે કેમ પોસાય? તું પ્રવાહમાં જાય તો તે કેમ પોસાય? એનો કાંઈ ખુલાશો તું કર. મને તો હાથ પકડીને બાંધી લીધો કોઈ પાસે જવા નથી દેતો અને તું બધાને ઈશારા કરવા આંખ મારે છે. આવું કેવી રીતે ચાલે યાર! નવરત્નની ગંભીર વાત છે હોં! આને હળવાશથી નહિ લઈ લેતા. ચિંતા કરવા જેવી વાત છે “**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવત અખિલાઃ**”.

તમે એના *એક્ઝામ્પલ્* બનો જો તમે પ્રભુને પુષ્ટિમાર્ગના સંબંધથી આવી રીતે પકડ્યા હોય તો. તમે પાણિગ્રહણ કર્યું હોય તો એ પાણિગ્રહણની પ્રક્રિયા જ એવી છે કે તમારો પાણિ એના પાણિમાં છે અને એનો પાણિ તમારા પાણિમાં છે. તમારા બન્નેનું પુષ્ટિમાર્ગીય પાણિગ્રહણ થયું છે. પુષ્ટિમાર્ગી પાણિગ્રહણમાં પછી આ *એક્સ્ટ્રા કેરીક્યુલમ્ એક્ટિવિટી* નહિ ચાલે. લોકમાં લૌકિક ફેશનને અનુસરો વાંધો નહિ આવે પરંતુ સમજી જાવો કે પુષ્ટિપ્રભુમાટે તો પુષ્ટિફેશન જ તમારે જીવવી પડશે. આજે નહિ સમજી શકો તો કાલે સમજવી પડશે. પરમ દિવસે સમજી લેજો છેવટે પચાસવર્ષ પછી સમજવી તો પડશે જ. પુષ્ટિમાર્ગ તરીકે આપણે જીવવું હશે તો આપણને આ વાત સમજવી પડશે, સમજવી પડશે ને સમજવી પડશે જ.

અહીંયાં તમારી ભીતર ભગવત્સેવાના કર્તા તરીકે જે વિવેક અને ધૈર્ય અપેક્ષિત છે તેને જગાડવાનો વાચનિક ઉપદેશ મહાપ્રભુજી આપી રહ્યા છે. તેથી અંડરલાઈનવાળા અંશની પાછળ

‘કર્તૃબુદ્ધિવિવેક+ધૈર્ય’ નો બ્રેકેટ્ સૂચવ્યો છે. તેમજ ‘પુષ્ટિમાર્ગસ્થિતો હરિઃ’ અક્ષરોને કંડેંસ્ કર્યા તેથી આર્થિક ઉપદેશની વાત યાદ કરી લેવી. તેમજ “*લોકે તથા વેદે સ્વાસ્થ્યં* તુ ન કરિષ્યતિ” તે આપણે આપણાં સમર્પણનું સંપ્રદાન કોને એટલે લોકવેદાતીત પુષ્ટિપ્રભુને બનાવ્યા છે તે સંપ્રદાનમતિનો વિવેક સૂચવાયો છે.

તે પછીથી આવે છે :

સેવાકૃતિર્ ગુરોઃ આજ્ઞા બાધનં વા હરીચ્છયા।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્॥૭॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૯.[કાયિકાન્તરિકોપાયોપદેશ] : સેવાકૃતિઃ ***ગુરોઃ આજ્ઞા(નુસારિણી ભવતિ), હરીચ્છયા બાધનં,*** વા(ક્રિયાપ્રજ્ઞાવિવેક) અતઃ સેવાપરં ચિત્તં વિધાય સુખં(કર્તૃપ્રતિભાવિવેક+ધૈર્યોપદેશ) **સ્થીયતામ્.**

સરળ ભાવાનુવાદ : ભગવત્સેવાની શરૂઆતમાં ગુરુની આજ્ઞા પ્રમાણે નભાવવાનો આગ્રહ રાખવો પરન્તુ તે નભાવતાં ભગવદાજ્ઞા ગુરુની આજ્ઞાથી જો વિપરીત પણ કાંઈ કરવાની થાય તો ગુરુની આજ્ઞાનો બાધ કરી શકાય છે. તેથી ભગવત્સેવાસુખ આપણાથી જેમ સચવાતું હોય તેમ સાચવવું.

મહાપ્રભુજી પોતાનો પૂજાપો વધારવા નહિ પણ પુષ્ટિજીવની પુષ્ટિપ્રભુપરતા વધારવા સેવાનો ઉપદેશ કરવા માગે છે :

વિવેકધૈર્યાશ્રયમાં આ બાબતમાં “**વિશેષતઃ ચેદ્ આજ્ઞા સ્યાદ્ અન્તઃકરણગોચરઃ** તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નન્તુ દૈહિકાદ્ **આપદ્ગત્યાદિકાર્યેષુ** હઠઃ ત્યાજ્યઃ ચ સર્વથા” (વિવેકધૈર્યાશ્રય : ૩-૪) આવા શબ્દોમાં આ સૂત્રનું ભાષ્ય મહાપ્રભુજીએ કર્યું જ છે. પણ હમણાં અહીંયાં પહેલાં આ જુઓ કે આ કાયિક ઉપદેશ પણ

છે અને આન્તરિક ઉપદેશ પણ છે. "સેવાકૃતિઃ ગુરોઃ આજ્ઞા" સેવા કેવી રીતે કરવી? જેમ ગુરુએ આજ્ઞા કરી તે પ્રમાણે કરવી, આ કાયિક ઉપદેશ છે અને "બાધનં વા હરીચ્છયા" આમાં મેં 'વા' ઉપર *અન્ડર્લાઈન્* કરી છે. તમને એમ વિચાર થશે કે 'વા' એટલા જ અંશને કેમ *અન્ડરલાઈન્* કરી પણ મૂળ 'વા' માં દરેક વાત મહાપ્રભુજીએ કહી દીધી છે. તમારે ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવાનો એવો દુરાગ્રહ નથી રાખવાનો કે જેમાં ભગવાન્ પોતે અસંતુષ્ટ થઈ જાય અને ભગવાન્‌ને સંતુષ્ટ કરવાનો એવો મનગમતો સ્વચ્છંદતાપૂર્ણ દુરાગ્રહ પણ નહિ રાખવો કે તમને ગુરુની આજ્ઞાનું ભાન કે પરવા જ ન રહી જાય. આ બહુ *ડેલિકેટ્ બેલેન્સ્* તમારે જાળવવાનું છે. એટલે તમને એક વિકલ્પ આપવામાં આવી રહ્યો છે બંનેમાંથી આમ કે આમ. અહીંયાં જે ઉપદેશ મહાપ્રભુજીનો છે એ વિકલ્પનો ઉપદેશ છે. બંનેમાંથી કોઈ પણ એક રીતે સંભવી શકે છે. પણ એ કઈ રીતે સંભવે છે, એનો તમને અવસર, એની સંગતિ તમારે સમજવી પડશે. એટલે મુખ્ય ઉપદેશ જે વિકલ્પમાં છે એમાં એક વાત આવી "અતઃ સેવાપરં ચિત્તં" આ આર્થિક ઉપદેશ છે.

મૂળમાં આ અતિશય કાળજી સાથે ધ્યાનમાં રાખવાની વાત છે કે ગુરુ આજ્ઞા પ્રમાણે તમારે સેવા કરવાની છે. તેમ કરતાં તમારૂં ચિત્ત સેવાપર રહે છે અથવા અહંકારપર, મમકારપર, લોકપર કે વેદપર રહે છે? શેનામાં તત્પર રહે છે? કેમકે સેવાપર ચિત્ત ના રહેતું હોય તો ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરી રહ્યા છો તે પણ વ્યર્થ છે અને ગુરુની આજ્ઞાનો બાધ કરીને સેવા કરી રહ્યા છો તો પણ વ્યર્થ છે. "દાઈનો ઘોડો રમતો જમતો એ વાત કરતાં જ છુટ્ટો થઈ જાય". હવે પ્રભુની ઈચ્છાથી ગુરુની આજ્ઞાનો બાધ થઈ શકે છે, એટલે બધા જ એમ કહેશે કે અમારે તો સાક્ષાત્ પ્રભુએ આજ્ઞા કરી. હવે આપણે ક્યાં ચકાસવા જવું?

કેટલાક શાસ્ત્રીઓ એમજ કરતા હોય છે. યદ્વા તદ્વા કાંઈ પણ કથા કરે અને "પ્રાચીન ભગવદીયના મુખારવિંદથી એમ સાંભળ્યું" એમ કહી દે! હવે પૂછવા કેવી રીતે જવું કે "તમે આવું સત્સંગમાં કીધું હતું કે નહિ કીધું હતું?" દરેક વાતને પ્રાચીન ભગવદીયના મુખારવિંદથી સાંભળેલી બતાવે, દરેક વાતને પ્રાચીન નિત્યલીલાસ્થિત પૂજ્ય પ્રાત:સ્મરણીય મહારાજશ્રીના મુખારવિંદથી સાંભળેલી બતાવે. ભૂતલસ્થિત મહારાજશ્રીનાં વચનામૃત કહે તો આપણે ખુલાસો કરવા જઈ શકીએ. નિત્યલીલાસ્થિતનાં વચનામૃત કહે તો, હિંમત કોણ કરે ત્યાં નિત્યલીલાસ્થિત પ્રાત:સ્મરણીય મહારાજશ્રીને પૂછવા જવાની! કોઈ સાહસ કરે જ નહિ!

અંતે આપણે બધા ચતુર વ્યક્તિઓ છીએ સ્નેહી નથી. સ્નેહ હોય તો સ્નેહ મુજબ બધું વર્તાય અને ચતુરતા હોય તો ચતુરાઈ મુજબ બધું વર્તાય, એટલે આવી આજ્ઞા આપણને કહે કે "**બાધનં વા હરીચ્છયા**" પછી તો લોકો રોજ નવી-નવી પ્રક્રિયા લઈને આવશે કે પ્રભુએ સાક્ષાત્ મને આજ્ઞા કરી કે મારી આગળ નમાઝ વાંચો, કેવી રીતે ના પાડવી? મહાપ્રભુજી ના પાડતાં હશે તો પણ "**બાધનં વા હરીચ્છયા**" પ્રભુએ પોતે મને આજ્ઞા કરી કે મને સ્કૂટરના ફ્રંટ્ પોકેટમાં બેસાડ, ફ્રોક પહેરાવ, મીની સ્કર્ટ્ પહેરાવ. હવે કેવી રીતે ના પાડવી? ના પાડે તો કહે "ના ના શ્યામા સખીનો શૃંગાર છે". સાડી અને ચોલી તો જૂની સખીઓ પહેરતી હતી હવે નવી તો મીની સ્કર્ટ્ પહેરે છે. સાક્ષાત્ પ્રભુએ આજ્ઞા કરી કે નહિ તે ખબર કેવી રીતે પડે! કેમકે "બાધનં વા હરીચ્છયા" નો કાંઈ ઉકેલ જ ન આવી શકે.

મહાપ્રભુજીએ કસોટી બતાવી છે "અતઃ સેવાપરં ચિત્તં" મહાપ્રભુજીએ જે સેવાનો પ્રકાર વર્ણવ્યો છે તે સેવામાં તમારી

ચિત્તની તત્પરતા વધતી હોય તો એના અન્તર્ગત મહાપ્રભુજીની કોઈક સેવાની પ્રણાલીકાનો કે કોઈક આજ્ઞાનો બાધ કરીને પણ સેવા કરી શકાય છે. અને મહાપ્રભુજીએ જે સેવા વર્ણવી નથી તેવા પ્રકારે જો સેવા કરશો તો તે સેવા જ નથી, ત્યારે ચિત્તને સેવાપર કેવી રીતે માની શકાય? ઠાકોરજીના સામે નમાઝ વાંચવી સેવા છે કે નહિ? *યસ્* અને *નો*માં તમે જવાબ વિચારો. કેમ સેવા નથી? જો સેવા ન હોય તો મસ્જિદમાં એ લોકો શું ભગવાન્‌ને ગાળો આપે છે? ગાળો તો નથી આપતાં ઠાકોરજીને. બૂટ પહેરીને ખુરશી ઉપર બેસીને પ્રાર્થના કરવી સેવા છે કે નહિ ચર્ચની માફક? બધા ક્રિશ્ચિયનો શું ગધેડા હોય છે કે ભગવાન્‌નું અપમાન કરે છે? કેવી રીતે નિર્ણય લેવો આનો? નિર્ણય લેવાની કસોટી એક જ હશે કે મહાપ્રભુજીએ આ પ્રકાર પ્રાર્થનાનો વર્ણવ્યો નથી કે ઠાકોરજીની સામે બૂટ પહેરીને આપણે ખુરશી ઉપર બેસીને પ્રભુની પ્રાર્થના કરીએ **"વ્રજ ભયો મહેર કે પૂત જબ યહ વાત સુની સુની આનંદે સબ લોગ ગોકુલ ગનિત ગુણી"** પદની તાલ બૂટ વગાડીને આપીએ. અરે બેસીને પલાંઠી મારીને ઝાંઝ વગાડો ને બૂટ કેમ વગાડી રહ્યા છો? બોલ્યા અમને જોશ આવી ગયું સાક્ષાત્ આજ્ઞા કરી **"બાધનં વા હરીચ્છયા"** પછી ક્યાં જવું? એટલે **"સેવાપરં ચિત્તમ્"** મહાપ્રભુજીએ જે સેવાનો પ્રકાર વર્ણવ્યો તે સેવામાં તમારું ચિત્ત તત્પર થતું હોય તો તમે પ્રભુની આજ્ઞાથી મહાપ્રભુજીની આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરી શકો છો અને મહાપ્રભુજીએ જે સેવાનો પ્રકાર વર્ણવ્યો નથી તે પ્રકારથી જ જો તમે સેવા કરવા માગતા હોવ તો તમારું ચિત્ત જ સેવામાં તત્પર નથી. તો હવે આ ઉપદેશ તમારા માટે નથી સમજી જાઓ. એ કોઈક બીજી વ્યક્તિ છે જે સેવામાં મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે વર્તવા બંધાયેલો છે. તમે તો મહાપ્રભુજીના ઉપદેશ અને ભાવ થી છટકી જવાની છટકબારીઓ શોધી રહ્યા છો. મહાપ્રભુજીએ કહ્યું છે 'તનુવિત્તજા' પણ અમને

સાક્ષાત્ પ્રભુએ આજ્ઞા કરીકે તું મારા માટે છપ્પનભોગનો મનોરથી શોધી આવ, તો ફસાઈ ગયાને બિચારા મહાપ્રભુજી! સાક્ષાત્ પ્રભુ આજ્ઞા કરે તો જવું ક્યાં મહાપ્રભુજીએ? જે મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે તે રીતે સેવાપ્રકારને કરવામાટે જે વ્યક્તિ બંધાયેલી છે તેને પોતાના હૃદયમાં એવો ભાવ રહેશે જ કે મહાપ્રભુજીએ જે આજ્ઞા કરી તે મુજબ જ મારે સેવા કરવી છે. એટલી *કમિટેડ્* વ્યક્તિને જ્યારે પ્રભુ કોઈ આજ્ઞા કરે કે "મારી સેવા આમ નહિ પણ આમ કર" ત્યારે મહાપ્રભુજીએ વર્ણવેલી સેવા કરવા કરતાં આ પ્રકારમાં જો તત્પરતા ચિત્તની વધતી હોય તો મહાપ્રભુજીની આજ્ઞાનો બાધ પણ થઈ શકે છે.

જમવાથી શરીરમાં શક્તિ રહે છે પણ કોઈક વખતે ઉલ્લંઘન કરવાથી પણ, ઉપવાસ રાખવાથી પણ શરીર સ્વસ્થ રહી શકે છે. એ કહેવાનો અધિકાર કોને? જે નિત્યપ્રતિ જમતો હોય સરખી રીતે તેને જ. જેણે કાંઈ ખાવું જ નથી, જેના પેટે જ જવાબ આપી દીધો છે. પેટમાં કેન્સર થઈ ગયું છે, કાંઈ કશું જતું જ નથી. નળીઓથી ગ્લૂકોઝ ઉતારવું પડતું હોય એ એમ કહે કે ઉપવાસ કરવાથી શરીર સ્વસ્થ રહે તો વાતમાં દમ કેટલો! **"અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્"** એણે પછી ભળતી કોઈપણ સેવા અને ભળતો કોઈપણ પ્રકાર અને ભળતી કોઈપણ આજ્ઞા અને ભળતો જ કોઈપણ સાનુભાવ કે ભળતું કોઈ સ્વપ્નદર્શન થશે જ. જેમ નિત્ય આપણે જમતા હોઈએ તો કોઈક દિવસે ઉપવાસ કરવાથી શરીરનું સ્વાસ્થ્ય જળવાતું હોય છે. નિત્ય તમે સૂતાં હશો તો કોઈક દિવસે તમને વિવાહના પ્રસંગે કે કોઈક એવા પ્રસંગે જાગવાની મજા આવશે. નિત્યપ્રતિ *ઈન્સોમ્નિયા* હોય ને તો તમને જાગવાની મજા જ નહિ પડે. એ જાગવું તમારામાટે ત્રાસ થઈ જાશે. એમ મહાપ્રભુજીએ ઉપદિષ્ટ સેવાના પ્રકારમાં તમારૂં ચિત્ત

તત્પર હોય અને તેમાં તત્પર પણ રહેવા માગતા હોવ તો; અને, તેમાં તત્પર રહેવામાટે જ એકાદ મહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન પણ થાય તો વાંધો નહિ આવે. જેમ કોઈ ઘરમાં આપણે રહેવું છે અને કોઈક વખતે આપણે ઉધઈની *ટ્રીટ્મેન્ટ્* કરાવવી પડે, તો એકાદ દિવસ ઉધઈની *ટ્રીટમેન્ટ* કરવાવાળામાટે ઘર ખાલી કરવું પડે છે. કેમ? કેમકે જે ઘરમાં રહેવું છે તે ઉધઈને કારણે ખતમ થઈ ન જાય. અથવા તો ક્યારેક દિવાળીના પહેલાં રંગરોગાન ફરીથી કરાવવું હોય તો પણ ઘર ખાલી કરવું પડે. હેતુ અંતે ઘરમાં સરખી રીતે રહી શકીએ તે જ. તો એક દિવસ જે નથી રહેતાં તેનો મતલબ એ નથી કે ઘરમાં રહેવા જ ન માગતા હોઈએ. તેથી આ આખા ઉપદેશની ધરી **સેવાપરં ચિત્તમ્** ઉપર ફરી રહી છે. કેમકે મહાપ્રભુજીએ ઉપદિષ્ટ પ્રકારે જેનું ચિત્ત સેવાપર બની જળવાતું હોય તે મહાપ્રભુજીની આજ્ઞા પાળીને કે મહાપ્રભુજીની આજ્ઞા વિના પણ ક્યારેક વિપરીત રીતે વર્તી શકે. પ્રભુના કોઈ સાનુભાવ, પ્રભુની કોઈ અન્ત:પ્રેરણાથી પણ આમ થઈ શકે. આજ્ઞાનું ઉલ્લંઘન બહુ *ડેલિકેટ્ સિચ્યુએશન્* છે, એકદમ ગુલાબના ફૂલને પકડવા જેવી. તેને ડાંડલીથી પકડશો તો પુષ્પ સાબિત રહેશે અને પાંખડીઓ જળવાઈ રહેશે. અન્યથા પાંખડીઓ ખરી જશે. આટલી *ડેલિકેટ્ સિચ્યુએશન્* છે.

એટલે મહાપ્રભુજીની આજ્ઞાને *અન્-નેસેસરી* પોતાના ઉપર લાગુ કરીને પોતાને એટલો ઉચ્ચ અધિકારી નહિ માની લેતા. કેમકે જેને આ ઉદ્વેગ થઈ રહ્યો છે તેણે તો વ્રત લીધું છે કે મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા કરીશ. તેથી પ્રભુ કાંઈક વિપરીત આજ્ઞા કરતા હોય તો ઉદ્વેગ થવો સ્વાભાવિક છે કે હવે શું કરવું? તો મહાપ્રભુજી કહે છે ‘‘ચિંતા નહિ કરો. અંતે મેં સેવા કરવાની આજ્ઞા પ્રભુસુખ માટે આપી છે તો પ્રભુસુખ સચવાતું હોય તો મારી આજ્ઞાનો

આજ્ઞા છે હરિઈચ્છા નથી. *વન્સ્ એન્ડ્ ફોર્ ઓલ્* આ પહેલાં સમજી જાવો. અંતે આ મહાપ્રભુજીની જ આજ્ઞા છે હરિઈચ્છાનો આમાં પ્રશ્ન નથી.

હરિ પણ તમને પોતાની ઈચ્છા જણાવશે તો કાંઈકને કાંઈક મહાપ્રભુજીથી કાનાફૂસી કરીને, પૂછીને જ તમને જણાવશે. એ પૂછશે મહાપ્રભુજીને કે તમે આનું આત્મનિવેદન કરાવ્યું છે કે નહિ? તમારા ઉપદેશ પ્રકારે આ સેવા કરી રહ્યો છે કે નહિ? *યસ્* કે *નો?* મહાપ્રભુજી કહે છે *યસ્* તો પછી કહેશે કે અચ્છા તો હું તમને બેચાર એવી વાત પણ જણાવું છું કે જે મહાપ્રભુજીએ તમને નથી કીધી! જો મહાપ્રભુજી ના પાડી દે કે ના મેં આનું આત્મનિવેદન નથી કરાવ્યું, હું એની બાહેંધરી લેવા તૈયાર નથી. કેમકે મારા ઉપદેશ પ્રમાણે આ સેવા કરી નથી રહ્યો કરવા માગતો નથી તો તમને જે કોઈ જણાવી રહ્યો છે તે પુષ્ટિપ્રભુ નહિ હોય બાકી કોઈ પણ બીજા સ્વરૂપ એના હોઈ શકે છે. અલ્લાહ હોઈ શકે છે, *ગોડ્* હોઈ શકે છે, અહૂર મઝ્દા હોઈ શકે છે, મહાદેવ હોઈ શકે છે, ગણપતિ હોઈ શકે છે પણ પુષ્ટિપ્રભુ નથી. એટલો *ડેલિકેટ્* આ ઈશ્યૂ છે. એટલે દરેક વખતે એક વાત ખાસ ખ્યાલમાં રાખવી કે જે ખરેખર ભક્ત છે તે સંસારમાં રહેશે ને તો પણ એમાં ભક્તિનો રંગ દેખાશે. એ કોઈ વૈદિક કર્મ પણ કરશે ને તો પણ એમાં ભક્તિનો મૂડ જળવાયેલો રહેશે. કેમકે પોતે ભક્ત છે. આ વાત મહાપ્રભુજીએ આપણને ‘નિરોધલક્ષણ’માં સમજાવી છે કે **‘‘પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ’’** પરણવું મારે એટલા માટે છે કે મારા ઠાકોરજીનો કોઈ વારસદાર મને જોઈએ છે. એના સંસારમાં પણ ભક્તિની સુવાસ છે. એ વાતને ભૂલી નહિ જતાં. પુત્રને જણવો તે સંસાર છે પણ એમાં એક ભક્તિની સુવાસ આવી શકે જ્યારે મારે પુત્ર એટલામાટે જોઈએ છે કે મારા ઠાકોરજીની સેવાનો વારસદાર કોઈક હોવો જોઈએ. પત્ની મને જોઈએ છે એટલા

માટે કે અમે બન્ને હળીમળીને ઠાકોરજીની સેવા કરીએ. પતિ મને જોઈએ છે એટલા માટે કે અમે હળીમળીને સેવા કરીએ. તો એ સંસારમાં પણ એક ભક્તિની સુવાસ હોય છે.

ભક્ત કોઈ પણ કાર્ય કરશે એમાં ભક્તિની સુવાસ હશે. એટલે જ આપણા પુષ્ટિમાર્ગની પ્રાચીન પરંપરા છે કે જે શાસ્ત્રના હિસાબે જે ષોડશ સંસ્કારો આપણે કરવાના હોય : યજ્ઞોપવિત વિવાહ વગેરે તે બધામાં આપણે સંકલ્પ લેતાં હોઈએ છીએ કે **'શ્રીગોપીજનવલ્લભપ્રીત્યર્થમ્!'** એ ભક્તિની સુવાસ લાવવામાટે છે. હું પરણી રહ્યો છું ગોપીજનવલ્લભની પ્રીતિમાટે, હું છોકરાં જણી રહી છું ગોપીજનવલ્લભની પ્રીતિમાટે. તેમજ લૌકિક કોઈ કર્મો આપણે સંકલ્પપૂર્વક નથી કરતાં છતાંય તેમાં શાબ્દિક સંકલ્પ નથી હોતો પણ તમારા એવા માનસિક સંકલ્પની તો અપેક્ષા મહાપ્રભુજી તમારાથી રાખે જ છે : હું ધંધો કરી રહ્યો છું, મારા ઠાકોરજીની સેવા સુખથી કરી શકું કોઈની પાસે હાથ પસાર્યા વિના. હું બહારગામ જઈ રહ્યો છું એટલા માટે કે મારા ઠાકોરજીની સેવા સરખી રીતે થાય. લૌકિક વસ્તુ હોય કે લૌકિક ક્રિયાકલાપ હોય કે વૈદિક ક્રિયાકલાપ હોય ભક્તની દરેક ક્રિયામાં ભક્તિની સુવાસ તો આવશે, આવશે, ને આવશે જ. પણ એક વાત આપણે ક્યારેય પણ ભૂલવી ન જોઈએ કે ભક્તની દરેક ક્રિયામાં ભક્તિની સુવાસ આવે છે તેથી આપણે ભક્તિના કોઈ પ્રયાસ કરવા કે ન કરવા?

ભક્તની ક્રિયામાં ભક્તિની સુવાસ આવે છે તેથી આપણને લૌકિક કે વૈદિક માંથી થોડુંક *ડિટેચમેન્ટ્* જરૂરી છે. પૂરેપૂરૂં *ડિટેચમેન્ટ્* નથી કહેતો, થોડોક ઉપેક્ષાનો ભાવ રાખીને ભક્તિની થોડીક અપેક્ષા હૃદયમાં રાખવી કે નહિ રાખવી? મૂળ મુદ્દો આ બાબતનો છે.

લોકવેદમાં તો આપણે બધી જ અપેક્ષાઓ રાખીએ છીએ પણ લોકવેદમાં બધી અપેક્ષાઓ રાખવા કરતાં ભક્તિની કોઈક અપેક્ષા

આપણા હૃદયમાં છે કે નહિ? ભક્તિની અપેક્ષા આપણા હૃદયમાં હશે તો પછી આ વાત સમજમાં આવી જશે કે "સેવાકૃતિર્ **ગુરોઃ આજ્ઞા બાધનં વા હરીચ્છયા અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્**". મારી મુખ્ય અપેક્ષા ભક્તિની છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે વર્તું તો અને શ્રીઠાકોરજીની આજ્ઞા પ્રમાણે વર્તું તો.

પરણીને ઘેર આવેલી પત્ની સાસુના કહ્યા પ્રમાણે વર્તે તો અથવા પોતાના પતિના કહ્યા પ્રમાણે વર્તે તો દરેક સંજોગોમાં એનો નિખાલસ ભાવ એવો હોવો જોઈએ કે મને મારું દામ્પત્ય નભાવવું છે. તેથી સાસુના કહેવા પ્રમાણે નભતું હોય તો તે રીતે નભાવવું છે. સાસુએ પોતાના દીકરાને ઉછેરીને મોટો કર્યો છે તો કોઈક *હેબિટ્* એણે નાંખી દીધી છે દીકરામાં. દીકરાના સ્વભાવના ઘડતરમાં સાસુનો બહુ મોટો ફાળો છે અને એ જાણે છે કે આનો સ્વભાવ કેવો છે : ખાટું ગમે છે, તીખું ગમે છે, કેવું ગમે છે કે શું નથી ગમતું. કેમકે આદત ઘડનારી કે એના સ્વભાવને ઘડનારી એની જનેતા હોય છે. તો એ જે કહેશે તે રીતે કરવાથી પતિ સુખી થશે. પણ ધારોકે હવે તમારા આવ્યા પછી, એટલે તમારા સંબંધના ઉમેરા પછી, *એડિશનલ્* પણ કાંઈક તમારા પતિને ગમવા મંડ્યું તો એ તમને જણાવશે. તમારો ઉદ્દેશ એવો ન હોવો જોઈએ કે સાસુના *અગેઈન્સ્ટ્ રિવોલ્ટ્* જ કરવો છે અથવા તો પતિને માવડિયો જ માનીને તેની સાથે વરતવું! કેમકે કાં તો સાસુની સામે વિદ્રોહ કરે તેનું નામ વહુ અને કાં તો બકરીની માફક સાસુની સામે દબાઈને જ રહેવું! શાંતિથી વિચારો કે પરિવારમાં પરણ્યા છો કે ફક્ત પતિને જ પરણ્યા છો? જો પરિવારમાં પરણ્યા હોવ તો પતિ ઉપરાંત પરિવારમાં સાસુ પણ છે, પરિવારમાં જેઠ પણ છે, પરિવારમાં સસરા પણ છે, પરિવારમાં દિયર પણ છે, પરિવારમાં નણંદ પણ છે. પતિને પરણતાની સાથે જ આપણે બધાની સાથે કોઈકને કોઈક સંબંધમાં પરણી ગયા જ છીએ, પતિવાળા સંબંધમાં

નહિ પણ સાસુવાળા સંબંધમાં, સસરાવાળા સંબંધમાં, સાસ-વહુનાં સંબંધમાં, નણંદ-ભોજાઈના સંબંધમાં, દિયર-ભાભીના સંબંધમાં, કોઈકને કોઈક સંબંધમાં બધાંની સાથે આપણે પરણ્યા છીએ. અને જ્યારે બધાની સાથે પરણ્યા છીએ ત્યારે તમારો અભિગમ શુદ્ધ હોવો જોઈએ. કેવો અભિગમ કે હું પરિવાર સાથે પરણી છું. એમાં દરેકનું માન, દરેકની કાળજી, દરેકના સૂચન, એ પરિવારમાં જેવું પતિનું ઘડતર છે તે ઘડતરને મારે સમજવું પડશે. અને તે ઘડતર સિવાયની પણ કાંઈક *નોવેલ્ટી* એમાં ઉભી થઈ રહી છે, અથવા હું પોતે ઉભી કરી શકું એટલે ભક્ત પોતાના મનોરથથી અથવા ભગવાન્ પોતાની ઈચ્છાથી કાંઈક થોડુક એ *પેટર્ન*માં રહેવા છતાંય થોડીક *પિક્નિક્* કરવા માગતાં હોય તો *પિક્નિક્ ડેફીનેટ્લિ* કરી શકાય. પણ *પિક્નિક્* કરવાનો મતલબ ક્યારે પણ ગૃહત્યાગ હોવો જોઈએ નહિ. આપણે ઘરથી રવિવારે *સમર્ વેકેશન્*માં *પિક્નિક્*માટે જતાં હોઈએ છીએ, હિલસ્ટેશન જતાં હોઈએ છીએ, ઘરના ત્યાગની ભાવનાથી નહિ, ઘરને તાળુ મારીને, ઘરને પાડોશીને સોંપીને, ઘરની બધી જ જાતની કાળજી રાખીને આપણે *પિક્નિક્* કરવા જતાં હોઈએ છીએ, એમ મહાપ્રભુજીના વચનોની દરેક કાળજી રાખ્યા પછી તમને ક્યારેક ભગવાન્ જો કાંઈક અલગ આજ્ઞા કરે તો એને પણ તમારી *પિક્નિક્*ના રૂપે લેવું જોઈએ. એ વાત તમારે ખાસ સમજવાની છે.

“**બાધનં વા હરીચ્છયા**”નો ખોટો અર્થ તમે લેશો કે હા બસ સાક્ષાત્ *ટેલીફોનિક કોન્ટેક્ટ્* મારો પ્રભુ સાથે જોડાઈ ગયો! કેમકે મહાપ્રભુજીનો ભાંગી ગયો છે, પાંચસો વર્ષ વીતી જવાથી. હવે તો મારો જ *કોન્ટેક્ટ્ એસ્ટાબ્લિશ્* થયો છે. જ્યારે ડાયલ કરો ત્યારે ભગવાન્ બોલે જ છે કે હવે મારામાટે કેક લાવ, હવે બ્રેડ લાવ, હવે બટર લાવ, હવે ઈંડા લાવ, હવે બીફ લાવ કેમકે “**બાધનં વા હરીચ્છયા**”. મહાપ્રભુજીએ ના પાડી હતી તે

પાંચસો વર્ષ જૂના ઠાકોરજીની વાત હશે. આજનું બાળક અમારું કોલેજમાં બધું ખાય છે તે ઠાકોરજીને ઈચ્છા ન થાય? આમ “**બાધનં વા હરીચ્છયા**” ની છૂટ ખરેખર એક પંચાત થઈ ગઈને!

મહાપ્રભુજીએ ઠાકોરજીનો જે સ્વભાવ ઘડ્યો પોતાના ભાવથી એ સ્વભાવનું શું થયું, એ ભાવનું શું થયું? તમે કોઈ દિવસે વિચાર્યું? આવી રીતે ન થાય આવી સ્વચ્છંદતા ઠાકોરજી સાથે ન વર્તાય, બસ એ જ વાત અહીંયાં કહેવામાં આવી રહી છે.

એના પછી આવે છે દસમો ઉપદેશ,

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્ કરિષ્યતિ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્॥૮॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૧૦.[આન્તરિકોપાયોપદેશ] : હરિઃ *ચિત્તોદ્વેગમ્ અપિ વિધાય* યદ્યત્ કરિષ્યતિ **તસ્ય લીલા તથૈવ ઇતિ મત્વા**(કર્તૃવિષયોપદેશ) ચિન્તાં દ્રુતં ત્યજેત્.

સરળ ભાવાનુવાદ : સર્વવિધ દુઃખોને હરનારા ભગવાન્ હરિ આપણાં ચિત્તની ભીતર ઉદ્વેગ પેદા કરીને જે કાંઈ કરી રહ્યા હોય તે તેમની લીલાના રૂપે જાણીને ચિંતામાં પડવું નહિ.

આ સૂત્રનું ભાષ્ય મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં—

“ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા।
[1]તક્રવદ્ [2]દેહવદ્ ભાવ્યં [3]જડવદ્ [4]ગોપભાર્યવદ્॥”

આમ ધૈર્યધારણનાં ચાર ઉદાહરણો આપીને તે મુજબ ધૈર્ય ધરવાનાં ચાર ઉપાયો પણ વર્ણવ્યા છે—

‘‘[૧]પ્રતીકારો યદૃચ્છાતો સિદ્ધઃ ચેદ્ નાગ્રહી ભવેત્।
[૨]ભાર્યાદીનાં તથા અન્યેષામ્ અસતઃ ચ આક્રમં સહેત્॥
[૩]સ્વયમ્ ઇન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્મનસા ત્યજેત્।
[૪]અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્ય અસામર્થ્યભાવનાત્॥’’

આ વાત ખરી કે આમરણ બધાં જ દુઃખોને સહન કરી લેવાં તે ધૈર્ય; પરંતુ મહાપ્રભુજી કહે છે કે સાહજિક રીતે આવી પડેલાં દુઃખોનું પ્રતીકાર શક્ય હોય તો પણ જાણી જોઇને પોતાને દુઃખ પમાડતાં રહેવું તે ધૈર્ય નહિ પણ ધૈર્યની અસ્વાભાવિક ઘેલછા છે. જ્યારે પ્રતીકાર શક્ય ના હોય તો સહન કરવાં સિવાય ઉપાય બીજો હોઇ શકતો નથી. સહન કરવાની પણ ઘેલછા તો ખોટી જ હોય છે પરંતુ રાજીખુશીથી સહન કરતાં-કરતાં પણ દુઃખોને મટાવી શકાતાં હોય તો મટાડી દેવા જોઇએ. જો તેવી સામર્થ્ય પોતાનાંમાં ના હોય તો અસામર્થ્યની ભાવના હૃદયમાં કરી લેવી જોઇએ.

તેથી હવે તમને આ ઉદ્વેગનો અર્થ તો સરખી રીતે સમજાઈ ગયો હશે કે ચિત્તમાં ઉદ્વેગ પેદા કરીને પણ પ્રભુ જે કાંઈ કરતા હોય તેને લીલા કેવી રીતે માનવી. કોઈ પણ સંજોગમાં ઉદ્વેગને ચિંતામાં નહિ વિકસાવો. તો ઉદ્વેગ અને ચિંતામાં ફરક છે કે નહિ? જો ઉદ્વેગ અને ચિંતા એક જ હોય તો ‘‘**ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ તથૈવ તસ્ય લીલા ઇતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્**’’ એમ મહાપ્રભુજી શામાટે કહે? કેમકે ઉદ્વેગ તમે પોતે ક્યાં કરી રહ્યા છો? આ ઉપદેશમાં ઉદ્વેગ જો ભગવાન્ પેદા કરતાં હોય તો પણ તેની ચિંતા તમારે કરવી જોઇએ નહિ. કેમકે ભગવાન્ ચિંતા નથી પેદા કરી રહ્યા આ વાતને ધ્યાનથી સમજો, વિષયનું પૃથક્કરણ કરીને, કે ભગવાન્ ઉદ્વેગ પેદા કરી રહ્યાં છે અને તમે એમાંથી ચિંતા પેદા કરી રહ્યા છો. ભગવાને જે ઉદ્વેગ પેદા કર્યો

તેને છોડવાનું મહાપ્રભુજી નથી કહેતાં. ભગવાને જે ઉદ્વેગ પેદા કર્યો એને મહાપ્રભુજી એમ કહે છે કે કોઈ કરુણાન્ત નાટક હોય કે કોઈ કરુણાન્તિકા/*ટ્રેજેડી* ફિલ્મ હોય તેને તમે જોવા જાઓ છો તો તેની મજા લો છો કે નહિ? હીરો દર દર ભટકી રહ્યો છે, ખાવાનું નથી મળી રહ્યું, ભૂખે મરી રહ્યો છે, રડી રહ્યો છે, એ જેટલા તમારી આંખમાં આસું આવે એટલો તમને આનન્દ વધારે આવતો હોય છે. ફિલ્મમાં જેટલી *ટ્રેજેડી* વધારે હોય, નાટક જેટલું *ટ્રેજિક્* વધારે હોય એટલું તમે વધારે એનો આનન્દ માણો છો. જો નાટકમાં ટ્રેજડીને રેલિશ્ કરી શકતાં હોય તો જીવનમાં કેમ રેલિશ્ નથી કરી શકતા? જો લીલાનો બોધ તમારામાં સરખી રીતે હોય તો. આ લીલાના બોધને ઝીલવા માટે તમને ધૈર્ય જોઈશે.

ધૈર્યના મેં જે ચાર સ્ટેપ્ ગણાવ્યાને, એ ધૈર્યના ચાર સ્ટેપ્ પસાર કરી ગયા હશો તો પછી તમે આ આનન્દને લઈ શકો છો. અને એ ધૈર્યના જે ચાર સ્ટેપ્ છે એમાંથી તમે પસાર નહિ થયા હોવ તો અહીંયાં તમે ભાંગી જશો. એમાં તમારો કાંઈ દોષ નથી. મહાપ્રભુજી એમ કહી રહ્યા છે કે ‘‘**ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ, તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્.**’’ મહાપ્રભુજી એમ નથી કહેતાં કે ‘‘તમારા ચિત્તમાં ઉદ્વેગ ભગવાન્ નથી કરી રહ્યા તમે પોતેજ કરી રહ્યા છો’’.

તમારામાંથી પણ કેટલાક લોકોને ખ્યાલ હશે કે મલાડમાં જે વખતે મેં નવરત્ન ઉપર પ્રવચન કર્યું ત્યારે એક ભાઈએ મને ચીટ્ મોકલાવી હતી કે ‘‘આવા વાતોનાં વડાં કેમ કરી રહ્યા છો એના કરતાં કોઈ નક્કર કામ કેમ નથી કરતાં તમે?’’ એટલે તે વખતે પણ મેં પ્રશ્નના ઉત્તરમાં એ જ વાત કહી હતી, ‘‘વાત તમારી સાચી છે કે હું વાતોનાં વડાં કરી રહ્યો છું પણ વેસણ શ્રીમહાપ્રભુજીના વચનોનું છે, તેલ એમાં પુષ્ટિભકિતનું છે, તમે સ્વાદ

માણી શકતાં હોવ તો જમો! સ્વાદ ના માણી શકતાં હોવ તો *પ્લીઝ્ ગેટઆઉટ્* હું કાંઈ દરવાજો બંધ કરીને તમને જબરદસ્તી તો સંભળાવી નથી રહ્યો''. એ ભાઈએ બીજે દિવસે ફરીથી મને સવાલ મોકલાવ્યો કે તમને દશ ભવનો અંતરાય થશે આવા બધા પ્રવચનો કરવાથી. નવરત્નના પહેલાં પ્રવચનનાં પુસ્તકમાં તમે વાંચજો તમારી પાસે હોય તો. મેં ફરીથી એજ વાત એ ભાઈના ધ્યાનમાં લાવી કે ''હું તમારો બહુ આભાર માનું છું કે મને પ્રભુપ્રાપ્તિમાં દશ ભવનો અંતરાય તમે કહ્યો. હું તો સમજતો હતો દશ હજાર ભવનો અંતરાય હશે. જે ચોર્યાસી લાખ યોનિમાં ભટકે છે આત્મા, એને દશ ભવને વિતાડવામાં કેટલો સમય લાગશે? *મેક્ઝિમમ્* પચાસ વર્ષ, સાઠ વર્ષ કે સો વર્ષ જીવતો હોય તો પણ એક હજાર વર્ષ લાગશે. મને લાગતું હતું દશ હજાર ભવનો અંતરાય હશે. એના કરતાં તો અભીષ્ટ વરદાન તમે મને આપ્યું છે, શાપ નથી આપ્યો''.

એટલે એક વાત સમજો કે કઈ વસ્તુને કેવી રીતે લેવી એ તો તમારા અભિગમ ઉપર નિર્ભર કરે છે કે ગ્લાસ તમને અડધો ભરેલો દેખાય છે કે અડધો ખાલી દેખાય છે. તમારો ગ્લાસ પ્રત્યે અભિગમ શું છે? તમને રડવાની *હેબિટ્* હશેને તો તમને ગ્લાસ અડધો ખાલી જ દેખાશે અને તમારી સંતોષની વૃત્તિ હશે **''પ્રાપ્તં સેવેત નિર્મમ:''**ની વૃત્તિ હશે તો તમને ગ્લાસ અડધો ખાલી નહિ દેખાય, અડધો ભરેલો દેખાશે. એક જે સૌથી મને પ્રિય શેર છે **''ગુંચે તેરી જીંદગીપે રશ્ક હોતા હૈ, તુ એક તબસ્સુમકે લિયે ખિલતા હે, ગુંચેને કહા હસ કર, ઐ બાબા એક તબસ્સુમ ભી કિસે મિલતા હૈ!''**

એક વખતે જીવનમાં મુસ્કરાવવાનો અવસર કોને સાંપડે છે? મને સાંપડે છે એ કાંઈ સાધારણ વાત છે? દસ ભવનો અંતરાય

પ્રભુ જો મને આપતાં હોય તો મારો કેટલો મોટો અધિકાર છે કે દસ ભવમાં મારું કામ બધું પતાવવા માગે છે. મારા કરતાં મોટો ભગવદીય કોણ દુનિયામાં અને મારા કરતાં પ્રભુની પુષ્ટિનો વધારે અધિકારી કોણ મોટો કે જેનું દસ ભવમાં કામ બધું પતાવી રહ્યા છે પ્રભુ. મારી લાયકાતથી હું જોવા જાઉં તો કોણ જાણે કેટલાં હજાર ભવના અંતરાય હશે. આપણને શ્રાપ આપનાર ભલે એમ સમજતો હોય કે શ્રાપ આપે છે પણ હું તો એને વરદાન જ સમજું, જો વાત સાચી હોય તો!

જો કે **''સતી શ્રાપ આપે નહિ અને શંખણીના લાગે નહીં''** હું એને કાંઈ ગણતો જ નથી. પણ એક વાત સમજો કે જો શ્રાપ હોય તો ની વાત છે હોં! કેમકે હું તો અંતરાય માનતો નથી મારા મતે તો મારા ઠાકોરજી મારા ઘરમાં બિરાજે છે. અંતરાય છે ક્યાં ભવનો મને? જેના ઘરમાં ન બિરાજતાં હોય, જે વાંઢાભાઈ હોય તેમને અંતરાય હશે. હું તો પરણેલો છું મારા ઠાકોરજી સાથે. મારા ઘરમાં મારો ઠાકુર બિરાજતો હોય ત્યાં શંખણીઓના શ્રાપ મને લાગે એ *ચાન્સ્* બહુ દૂર છે. તેથી હું નથી માનતો કે એવા શ્રાપ મને લાગે. અંતરાય મને છે જ નહિ એકેય ભવનો. મારા ઠાકુર મારા ઘરમાં બિરાજે છે. હું મારા ઠાકુર સાથે ઘરમાં રહું છું. હવે શેનો અંતરાય? કોનો અંતરાય? શામાટે અંતરાય? જેને હશે તેને હશે મને કોઈ અંતરાય નથી. હું એને કાંઈ પથ્થર માનતો નથી કે હું એને કાંઈ લોખંડ કે ધાતુ માનતો નથી. હું એને મારું સ્વરૂપ માનું છું એમાં અંતરાય શેનો રહ્યો હવે? જેને અંતરાય હોય તેને અંતરાય લાગે મને વ્યાપી વૈકુંઠસ્થિત પુષ્ટિપ્રભુ અને મારે ઘેર બિરાજતા સેવ્યપ્રભુ ની વચ્ચે અંતરાય લાગતો જ નથી તો હું શા માટે દસ ભવનો અંતરાય માનું? એકેય ભવનો અંતરાય નથી. હું એ નિષ્ઠાથી ચાલનારો માણસ છું. પણ કઈ રીતે લેવું એ અંતે આપણા અભિગમની વાત છે. આપણે ઠાકોરજીને

સ્વીકારીએ આપણા સ્વરૂપ તરીકે તો કાંઈકને કાંઈક પ્રભુનો ચિત્તોદ્વેગ પેદા કરવાનો અધિકાર આપણે સ્વીકારવો પડશે.

મારો ફોઈનો દીકરો છે એ મને ચિડવતો હતો યુવાવસ્થામાં. હું એમ કહેતો કે છોકરા નથી જોઈતાં કેમકે છોકરાઓ બધા ઉપદ્રવી હોય છે. એ મને એમ કહેતો કે મારે તો ઓછામાં ઓછા સાત-આઠ છોકરાઓ જોઈએ છે. મને કોઈ દિવસે વાત ભેજામાં ઉતરતી નહિ કે આજના જમાનામાં છ-સાત છોકરાઓ કેવી રીતે પોસાય? પછી એને એક છોકરો બહુ લાયક થઈ ગયો, પણ નાનો હતો ત્યારે એટલો બધો રડતો હતો કે આખી રાત એને ઉંઘ ન આવે એટલે એક દિવસે મેં એને પૂછ્યું કે ભઈ શું થયું તારા *પ્રોગ્રામ્*નું? એણે કહ્યું કે આ એક છોકરો સાત બરાબર છે. આખી રાત જગાડે છે મને. તો આપણે છોકરાને જણશું તો નાના બાળકનો એ અધિકાર આપણે સ્વીકારવો પડશે. આપણે બે કામ એક સાથે નથી કરી શકતાં કે છોકરાને જનમ આપીએ પણ આખી રાત રડવા ન દઈએ. અરે એક જ એવો હશે કે આખી રાત તમને સૂવા જ નહિ દે. એણે મને એમ કહ્યું કે ના એક જ સાત બરાબર થઈ ગયો. એટલે મારી ઈચ્છા પૂરી થઈ ગઈ હવે સાતની!

મેં એક બહુ મજેદાર જોક વાંચ્યો. કોઈક દંપતીને પરણ્યા પછી એમનું નવું-નવું બાળક થયું. કહેવાય છે કે દિવસમાં જન્મેલા મોટા ભાગના બાળકો રાતના જાગે અને રાતના જનમે તો દિવસના જાગે. એવું *ડોશીશાસ્ત્ર* છે. તે મુજબ એ બાળકને કાંઈક એવી કુટેવ કે રાત પડેને એને પહેલવાની સૂઝે, જાગે-રડે. બિચારી પત્ની ઘરનું કામ કરીને સૂઈ ગઈ હોય ત્યારે એ રડે એટલે એનેય કંટાળો આવે. તેથી દરેક વખતે પોતાના પતિને જગાડે ‘‘અરે તમે જુવોને કેમ રડે છે?’’ દસ-પંદર દિવસે એ પણ થાકી ગયો કે આ રોજની લમણાંઝીક થઈ ગઈ બાળક થયું કે શું! પછી તો એ *ચાઈલ્ડ્ સ્પેશિયાલિસ્ટ્*ને જઈને મળ્યો કે આનો ઉપાય શો? એણે કહ્યું એક ઉપાય કરો કે તમે રાતના બાળક સૂવે એના પહેલાં ખૂબ તેલની માલિશ કરો, માલિશ કરીને એને નવડાવો અને પછી એને સૂઈ જવા દો. પછી રાતના જાગશે જ નહિ. એક તો એ ખાર ખાઈને બેઠોલો હતો કે રોજ રાતના પત્ની જગાડે કે જાગો કેમ રડે છે જુઓ તો ખરા તમે! એમાં આ પાછું બીજું લફરું ગળે પડ્યું. પત્ની એમ સમજતી હોય છે કે પતિનો ગુનો છે કે છોકરો થયો, પતિ સમજતો હોય કે પત્નીનો ગુનો કે આવો છોકરો એણે જણ્યો. જોકે ગુનો બન્નેનો હોય છે *પાર્ટનર્શિપ્*માં ફીફટી-ફીફટી. પણ રાતે જાગવાનું હોય એટલે એક-બીજાને પછી પૂછે કે ‘‘તમે કેમ નથી જાગતાં તમારો છોકરો નથી?’’ એટલે દિવસના ઓફિસના કામથી થાકેલો એ પણ ત્રાસી જાય. છતાંય બિચારાએ ખૂબ તેલ માલિશ કરીને સ્નાન-પાન કરાવીને સુવડાવી દીધો. હવે તે દિવસે ખરેખર એ *ચાઈલ્ડ્ સ્પેશિયાલિસ્ટ્*ની વાત સાચી નીકળી કે રાતના છોકરો રડ્યો નહિ. પરંતુ બે અઢી વાગ્યા કે પત્નીએ નિત્ય-નિયમ મુજબ જગાડીને પતિને પૂછ્યું કે ‘‘અરે જુઓતો ખરા રડતો કેમ નથી?’’ હવે ક્યાં જવું! એક તો તેલ-માલિશ કરી, નવડાવ્યો બધું કર્યું તોય પાછું જાગવાનું કે રડતો કેમ નથી? એનેય એમ ચિંતા થઈ કે રોજ રડે છે ને આજે કેમ સૂતો છે? કાંઈકને કાંઈક ગરબડ તો નથી થઈ ગઈ? તેમાં પાછી પોતે તો ના જાગે પણ પતિને ચોક્કસ જગાડે!

ભગવાન્ પણ ‘‘**ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ**’’ કોઈક વખતે સૂતા હશો તોય તમને જગાડશે અને કોઈક વખતે જાગતા હશો તોય સુવા નહિ જવા દે. પણ આ તો દામ્પત્યની લીલા જેમ ચાલતી હોય તેમજ ચાલશે. ‘‘**તથૈવ તસ્ય લીલેતિ**’’ જેવું દામ્પત્યને પણ સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. બાળકને ઉછેરવાની આવી બધી પ્રક્રિયામાં આપણે પાર્ટી બનવું જ પડે. એમાં એક-બીજા ઉપર ઢોળી દઈએ કે લો ત્યારે ‘‘તારો જ દીકરો છે તું કેમ

નથી જાગતી?'' અને પેલી કહે કે ''ના ના તમારો પણ દીકરો છે તમે કેમ નથી જાગતા?'' પરંતુ જો બાળક રડવાનું જ બંધ કરી દેશે તો પણ તમારે રડવું તો પડશે અંતે! એટલે કોઈકને જાગવું પડશે. તેથી યથા-અવસર જાગતા રહેવું. **''ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિઃ યદ્યત્ કરિષ્યતિ''** દામ્પત્યની લીલા એવી જ હોય છે, **''ઈતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્''** ચિંતાને છોડી દો. જો જાગડતા હોય તો તમે પણ જાગો અને જો થપથપાવીને સુવડાવી શકતા હોવ તો સુવડાવી દો. ઉદ્વેગ કાંઈક તો થશે જ આવો, જ્યારે આપણે દામ્પત્યમાં બંધાયા છીએ.

હજી સુધીના ઉપદેશો એક નહિ તો બીજા રૂપે વિવેકધૈર્યાશ્રય પૈકી વિવેકરૂપી ઉપાયોનું અવલંબન કરવા બાબતનાં હતાં. હવે અહીંયાં મહાપ્રભુજી ધૈર્યનો ઉપદેશ આપવા માગે છે. તેમાં સહુથી પહેલાં તો આ પણ એક આંતરિક ઉપાય છે અને તેમાં સહુથી પ્રથમ 'હરિઃ' શબ્દ આપણને મળે છે **''અજ્ઞાન-પાપ-દુઃખાદિકં હરતિ ઈતિ હરિઃ''** એટલે જે આર્થિક ઉપદેશ અહીંયાં મળી રહે છે તે આ કે અધ્યાપક ભણાવે અને પછી પરીક્ષા પણ લે તેમ હમણાં પોતાની લીલાનો અનુભવ પ્રદાન કરતાં-કરતાં ભગવાન્ તમારી ભીતર કોઈ જાતનો ઉદ્વેગ પણ પ્રકટ કરતા હોય છે. કોઈ પણ સંજોગમાં છેવટે તો તે 'હરિ' હોવાને કારણે દુઃખોને હરી લેશે જ! એટલે જે દુઃખ કે ક્લેશ તમે અનુભવી રહ્યા હોવ તેની બાબતમાં ભગવલ્લીલા જ તેવી હોવાની ભાવના કરવાથી તમારો ઉદ્વેગ ચિંતામાં વિકૃત નહિ થાય. તેના આધારે મહાપ્રભુજી વાચનિક ઉપદેશ આપે છે કે આત્મનિવેદન કરનારે ધૈર્ય રાખવાના જુદા-જુદા ઉપાયો અપનાવવા જોઈએ તેથી ''તસ્ય લીલા તથા ઈતિ મત્વા'' અંશમાં વાચનિક ઉપદેશ સમજી લેવો. જેમ વિદ્યાર્થીની પરીક્ષા પણ અંતે તો તેને કરવામાં આવતું વિદ્યાધ્યાપનનું જ અંગ હોય છે તેમ જેવા ઉદ્વેગોને આપણે પોતાના આત્મનિવેદી તરીકેનાં વિવેક વાપરીને સમજી નથી શકતાં તેમને, ધૈર્યના ચતુર્વિધ પ્રકારોનું અવલંબન કરીને માનસિક હળવાશથી સહન કરી લેવા જોઈએ. અનુભવાતાં ક્લેશોને ભગવલ્લીલાનાં કોઈક પ્રકાર માની લેવા જોઈએ. એમ કર્તૃધૈર્યોપદેશ અહીંયાં અપાઈ રહ્યો છે.

તો એક વાત સરખી રીતે સમજી જાઓ **''તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ વદદ્ભિઃ એવં સતતં''** આ તમે ધ્યાનથી જુઓ અહીંયા મહાપ્રભુજીએ ધૈર્યનો ઉપદેશ આપ્યો છે. જે સૌથી મોટો *ફિનોમિના* આમાં ઈન્વોલ્વ્ થયો છે. ક્યા પોઈન્ટને મહાપ્રભુજીએ *પ્રેશરાઈઝ* કર્યા છે ધૈર્યના, કે તમે પરણ્યા પછી આવું ધૈર્ય નહિ ખોઈ દો કે છોકરા જણવામાં તમે એકદમ તૈયાર અને ઉછેરવામાં તમે પાર્ટનર ન થાઓ તો તમે ધૈર્ય ખોઈ રહ્યા છો દામ્પત્યનું, દામ્પત્યનું ધૈર્ય કોઈ દિવસે એવું નથી હોઈ શકતું. જણ્યા છે તો ઉછેરવા પડશે જ, બધી જ રીતે રાતે જાગવુંએ પડશે, બધું જ કરવું પડશે અને નથી હિમ્મત તો પરણવું જ નહોતું જોઈતું ને કોણે કહ્યું કે પરણો! એટલે પ્રભુને પકડ્યા છે આપણે તો જે કાંઈ ઉદ્વેગ પ્રભુ પેદા કરે તેને તેમની લીલા માનીને ચિંતાને છોડો તો તમે સરખી રીતે ભક્તિનો સંબંધ પ્રભુ સાથે નભાવી શકશો.

વિવેકધૈર્યાશ્રય પૈકી આમ વિવેક અને ધૈર્ય ના ઉપાયો વડે આત્મનિવેદીની ભીતર ઉદ્‌ભવતાં ઉદ્‌વેગોને ચિંતામાં પલટતાં કેમ બચાવી શકાય તે બાબતના ઉપદેશો બાદ હવે મહાપ્રભુજી ભગવદાશ્રય થકી પણ આપણે આપણાં ઉદ્‌વેગોને ચિંતામાં પરિણમતા રોકી શકીએ છીએ આ વાતને સમજાવવામાટે કહે છે—

તસ્માત્ સર્વાત્મના નિત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'।
વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્, ઈત્યેવ મે મતિઃ॥૯॥

શ્લોકાન્વય અને શ્લોકનું માનસશાસ્ત્રીય વિશ્લેષણ :

૧૧.[વાચનિકોપાયોપદેશ] : **તસ્માત્ સર્વાત્મના નિત્યં ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' (ઈતિ) વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્**$^{\text{(સંપ્રદાનાશ્રયોપદેશ)}}$, ઈત્યેવ મે મતિઃ.

સરળ ભાવાનુવાદ : વિવેક કે ધૈર્ય રૂપી ઉપાયોથી જેમના ઉપર કાબુ મેળવી શકાતો હોય અથવા તો કાબુ પામી જ ન શકાતો હોય એવા બધાં જ ઉદ્વેગોમાં આપણે "શ્રીકૃષ્ણઃ શરણં મમ" ની રટણદ્વારા ભગવદાશ્રય તો દઢ રાખવો જ જોઇએ એવો મારો દઢ અભિપ્રાય છે.

હવે અહીંયાં ફાઈનલ ઉપદેશ આવી રહ્યો છે. તેનું ગુસાંઈજી એવું વિવેચન કરે છે કે આ બધી સલાહ જે મહાપ્રભુજીએ આપી તેમાંથી કોઈ પણ સલાહ તમે અનુસરી ન શકતા હોવ તો શું કરવું? કશું પણ કરી શકવા આપણે સમર્થ ન હોઈએ ત્યારે બોલો શું કરવાનું? ત્યારે મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"તસ્માત્ સર્વાત્મના નિત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્, ઈત્યેવ મે મતિઃ"** આમાંથી કશું જ તમારાથી ન અનુસરી શકાતું હોય તો *એટ્લીસ્ટ્* શરણભાવના તો કરી શકો છો કે નહિ? શરણભાવનાના મેં તમને પહેલાંથી ચાર સ્ટેપ ગણાવી દીધા. તે *સ્ટેપ્ વાઈઝ્* તમે શરણભાવના કરો. તમારાં બધાં જ *પ્રોબ્લમ્નું સોલ્યુશન્* મળી રહેશે. **"તસ્માત્ સર્વાત્મના નિત્યં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્, ઈત્યેવ મે મતિઃ"**.

નવરત્નગ્રંથોક્ત શરણાગતિ અને વિવેકધૈર્યાશ્રયોક્ત શરણાગતિ નું તુલનાત્મક સ્વરૂપ :

તેનામાટે મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં આ સૂત્રનું ભાષ્ય કેવી રીતે કર્યું એ તમે વાંચશો તો તમને અતિશય આનન્દ થશે :

> **"એતત્ સહનમ્ અત્ર ઉક્તમ્ આશ્રયો અતો નિરૂપ્યતે।**
> **ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ।।**
> **દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે।**
> **ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે।।**
> **અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ।**

> **અહંકાર-કૃતે ચૈવ પોષ્ય-પોષણ-રક્ષણે।।**
> **પોષ્યાતિક્રમણે ચૈવ તથા અન્તેવાસ્યતિક્રમે।**
> **અલૌકિક-મનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ।।"**

(વિવેકધૈર્યાશ્રય : ૯-૧૨)

તમે કહો છો કે ઉદ્વેગને કારણે અમારૂં મન જ સ્વસ્થ કે સ્થિર નથી થતું કે અમે વિવેક કે ધૈર્ય વાપરી શકીએ. મહાપ્રભુજી કહે છે "કોઈ ચિન્તાની વાત નથી. દુઃખોને સહન કરવાનું મેં તમને જણાવ્યું પણ હવે હું તમને ભગવદાશ્રયની અસરકારકતા સમજાવવા માગું છું. ભગવદાશ્રય તો ઐહિક કે પારલૌકિક બધી વાતોમાં નભાવી શકાય એવો છે. તમારા દુઃખોને તમારે ખતમ કરવા હોય કે તમારાથી કોઈ પાપાચરણ થઈ ગયું હોય તો ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. કોઈ જાતની આધિભૌતિક આધ્યાત્મિક કે આધિદૈવિક ભીતિ તમને સતાવતી હોય તો ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. તમારી અધૂરી રહેલી કોઈક જાતની કામનાઓ તમને બહુ તકલીફ આપી રહી હોય તો ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. તમારાથી કોઈ ભક્તનો અપરાધ કે દ્રોહ થઈ ગયો હોય તો ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. તમારી ભીતર ભક્તિભાવ કેમેય કરીને જાગતો જ ન હોય તો ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. કોઈક ભક્તો તમને કોઈક જાતની તકલીફ પહોંચાડતા હોય તો પણ ભગવદાશ્રયથી તો વિચલિત નહિ જ થાવ. આવી અનેકવિધ તકલીફોનો પ્રતીકાર કરવા તમે સમર્થ હોવ કે અસમર્થ હોવ તો પણ ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. તમારા ઉપર જેઓ નિર્ભર હોય તેઓના પોષણ કે રક્ષણ કરવામાટે તમારે કોઈ તોછડાઈ કે અહંકાર પ્રકટ કરવાં જ પડતા હોય તો પણ ભગવદાશ્રયથી વિચલિત નહિ થાવ. જેઓ તમારા ઉપર નિર્ભર હોય એવા કે તમારા અંતેવાસીઓ પણ પાછા તમારી જ સાથે તોછડાઈ કરતા હોય તો પણ ભગવદાશ્રયથી તો વિચલિત નહિ જ થાવ. આવી અનેક બાબતોમાં વિચલિત ન થાય એવું તમારૂં અલૌકિક મન સિદ્ધ થઈ જશે જો તમે ભગવદાશ્રયથી

વિચલિત નહિ થતાં હોવ તો. આમ આ **"શ્રીકૃષ્ણ: શરણં મમ"** આ અષ્ટાક્ષરમંત્રદ્વારા જગાડવામાં આવતી આશ્રયભાવનાને કેળવો તમે કાયિક, વાચિક, માનસિક ત્રણ રીતે કૃષ્ણનો અનન્યાશ્રયનો ભાવ જાળવો—

"એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્"
(વિવેકધૈર્યાશ્રય : ૧૩)

ચિત્તમાં આવી ભાવના કરો અને વાણીથી આવી રીતે રટણ કરે રાખો.

"અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ।
પ્રાર્થના કાર્યમાત્રેઽપિ તથાન્યત્ર વિવર્જયેત્॥"
(વિવેકધૈર્યાશ્રય : ૧૪)

અન્યાશ્રય છોડો અને કાળજી રાખો કે પ્રભુમાં જેમ તમને શ્રદ્ધા છે તેમ જ વિશ્વાસ પણ રાખતા થાવ કે પ્રભુ શિવાય બીજો કોઈ તમારા ક્લેશોથી તમને મુક્ત કરી શકે તેમ નથી—

"અવિશ્વાસો ન કર્તવ્ય: સર્વથા બાધકસ્તુ સ:।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમ:।
યથાકથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ॥"
(વિવેકધૈર્યાશ્રય : ૧૫)

જે રીતે કરી શકતા હોવ તે રીતે કરો. ઊંચા-નીચા અગડમ-બગડમ જે કામ કરી શકતા હો પણ પોતાના કૃષ્ણાશ્રયના ભાવને તમે ખોઈ નહિ દો—

"કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્"

આ કલિયુગમાં ભક્તિમાર્ગને અનુસરવું ખરેખર અઘરૂં કાર્ય છે પણ શરણમાર્ગ બિલકુલ સરળ તમારી પાસે ઉપલબ્ધ છે. શરણમાર્ગને તમે અનુસરો ભાંગી નહિ જાઓ, આ વાત એટલા માટે કહેવામાં આવી છે. એટલા માટે નથી કહેવામાં આવી કે તમે બસ સેવા નહિ કરો. કેમકે "અષ્ટાક્ષર જપી લઈશું!" કહી છટકી જાવો. હકીકતમાં તો અષ્ટાક્ષર કેવી રીતે જપશો—શ્રીકૃષ્ણ મારે શરણે છે. કેમકે હું તેની સેવાની હવેલી ચલાવનારો પૂ.પા.ગો.બા. છું. તેમાં પાછા લક્ષ્મીવાહનો કોર્ટમાં વાંધાનો દાવો માંડશે કે ખોટું બોલ્યા કેમકે સેવા-મનોરથનાં નાણાંનો ભંડોળ તો અમે ભરાવી આપ્યો હતો! તેમાં વળી મુખિયા-ભીતરિયા કહેશે કે આ બન્ને મિથ્યાભાષી છે કેમકે હકીકતમાં તો સવારથી સાંજ સુધી સેવા તો અમે પહોંચતા હોઈએ છીએ, ઘાંચીનાં બળદની માફક; અને પગાર કેટલો ઓછો આપે છે! ભગવાનેય ગભરાઈ જાય કે પરસાદની માફક કેટલા બધાં હાથોમાં તેઓ વહેંચાઈ કે વેચાઈ ગયા!

આજે તો આપણે દેખાડવા પૂરતો ભક્તિમાર્ગ ચલાવી રહ્યા છીએ, ચિત્તમાં કોઈક બીજી જ ભાવના ચાલી રહી છે, વાણીથી કાંઈક ત્રીજી જ વાત કરી રહ્યા છીએ, દિલથી તો કાંઈક ચોથું જ કામ કરવા માગીએ છીએ. પણ લાંબા ગાળા સુધી એ એવી રીતે ગાડી નહિ ચાલી શકે. કેમકે છેવટે તો મહાપ્રભુજીએ સુસ્પષ્ટ શબ્દોમાં—

"એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્॥
અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ।
પ્રાર્થના કાર્યમાત્રેઽપિ તતોઽન્યત્ર વિવર્જયેત્॥
અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ॥
યથા કથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ।

કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્॥
એવમ્ આશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્।
કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યાઃ ઈતિ મે મતિઃ॥”
(વિવેકધૈર્યાશ્રય : ૧૩-૧૭)

અહીંયાં ૧.“[૧]અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ... વિવર્જયેદ્, **[૨]પ્રાપ્તં સેવેત નિર્મમઃ, [૩]યથા કથઞ્ચિત્ કાર્યાણિ કુર્યાદ્ ઉચ્ચાવચાન્યપિ કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્**” આમ ત્રણ અંશોથી કાયિક અનન્યાશ્રયની રીતિ મહાપ્રભુજી સમજાવવા માગે છે. ૨.“**[૧]વાચા ચ પરિકીર્તયેત્... [૨]પ્રાર્થના કાર્યમાત્રેઽપિ તતો અન્યત્ર વિવર્જયેત્**” આમ બે અંશોથી મહાપ્રભુજી વાચિક અનન્યાશ્રયનો ઉપદેશ આપી રહ્યા છે. ૩.“**[૧]એવં ચિત્તે સદા ભાવ્યં... [૨]અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ**” આમ બે અંશોથી મહાપ્રભુજી માનસિક અનન્યાશ્રયનો ઉપદેશ આપવા માગે છે. પણ નવરત્નમાં અહીંયાં ફક્ત વાચિક આશ્રયનો જ જે કેવળ ઉપદેશ આપ્યો છે તેમાં મહાપ્રભુજીનો હેતુ તમારા ઉદ્વેગમાં કોઈ પણ જાતની વૃદ્ધિ નહિ કરવાનો સ્પષ્ટ દેખાય છે. આ અષ્ટાક્ષર કરશો અને તે અષ્ટાક્ષરને તમે જીવવાનો પણ પ્રયાસ કરશો તો આવી બધી જ કફોડી પરિસ્થિતિઓ કે પાખંડોમાંથી તમારી જાતને બહાર કાઢવા તમે સક્ષમ બની જશો. પણ એ એવા અભિગમથી તો નહિ જ કે મહાપ્રભુજીએ ઉપદેશેલી રીતે સેવા તો કરવી જ નથી, તેથી અમે અષ્ટાક્ષર કરીશું! અથવા તો ભક્તિ તો કરવી નથી જ, તેથી અમે અષ્ટાક્ષર જપીશું. તમારે ભક્તિ જ કરવી હોય પણ કોઈ કારણથી તે નભતી ન હોય તો અષ્ટાક્ષર મહામંત્ર તમને સહાયક નીવડી શકે છે. તેથી છેલ્લી પાયરી ઉપર જઈ પડેલાઓમાટે અષ્ટાક્ષર મહામંત્ર વાચિક સંનિષ્ઠાથી પણ બધું સુધારી શકે છે.

હવે અષ્ટાક્ષરમહામંત્રને પણ સ્વાહા કરી નાખવામાટેનાં મહાયાગો

ગોઠવીને, તેના નામે પાછું ભંડોળ ભેગું કરી લેવાની ધંધાકીય કુનેહથી આ મંત્રનો પણ દુરુપયોગ કરી લેવા તો, આજનાં અમો પૂ.પા.ગો.બા.ઓ જોકે બધી રીતે સમર્થ છીએ. પણ આથી તો અમારો આત્મનાશ જ ધ્રુવ નિશ્ચિત છે.

તેથી પોતાનાં ભાષ્ય કરતા સૂત્રરૂપ નવરત્નગ્રંથમાં છેવટે મહાપ્રભુજી કાયિક વાચિક અને માનસિક એમ ત્રિવિધ આશ્રયનાં ઠેકાણે ફક્ત વાચિક આશ્રયની જ વાત કરી રહ્યાં છે “**તસ્માત્ સર્વાત્મના નિત્યં ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’ વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્**” તે પુષ્ટિજીવોને સેવાત્મક ભક્તિમાર્ગની સરળતા પણ અને દુર્લભતા પણ સમજાવવાના હેતુથી જ. તેથી સાચા અર્થમાં ભક્તિ કરવી હોય તો જ અષ્ટાક્ષર મહામંત્ર બધી રીતે સહાયક થઈ શકે છે. આ આપણે જોઈ શકીએ છીએ કે મહાપ્રભુજીએ બહુ કઠોર આજ્ઞા અહીંયાં આપી દીધી છે “**વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્!**” તમે સતત અષ્ટાક્ષર બોલી શકવાના જ નથી અને એવી રીતે રહી શકવાના પણ નથી જ. જો તમે અનન્યાશ્રય પ્રભુનો કેળવી નહિ શકો તો વિવેક-ધૈર્ય પણ તમે નહિ જ જાળવી શકો. અંતે તમારાથી આશ્રય પણ નભવાનો તો નથી જ. આશ્રયનો નિયમ આમ કોઈક બીજી દૃષ્ટિથી જોવા જતાં વિવેક-ધૈર્ય નભાવવા કરતાં પણ વધારે અઘરો નિયમ છે. તેમજ સેવા કરતાં પણ; કેમકે, સેવામાં અનવસરનું વિધાન મહાપ્રભુજીએ કર્યું છે. અહોરાત્રિમાં બપોરે પણ અનવસર થઈ જાય છે અને રાતનાં પણ અનવસર થઈ જાય છે. એકંદરે આદર્શ રીતે ત્રણ-ત્રણ કલાકની સેવા હોય તો પણ, કુલ ચોવીસ કલાકમાંથી ફક્ત છ કલાકની સેવા છે. અને અહીંયાં તો મારી જ નાખ્યા છે મહાપ્રભુજીએ આપણને “**વદદ્ભિઃ એવં સતતં સ્થેયમ્, ઈત્યેવ મે મતિઃ**” કહીને. કોના બાપની તાકાત છે “**સતતં સ્થેયમ્**” આજ્ઞાને અનુસરવાની? તેથી સેવાનો આ કોઈ *સબસ્ટિટ્યૂટ* નથી. તેથી એમ ના માની લેતા કે સેવા નથી કરતા તો અષ્ટાક્ષરની એક માળા ફેરવી લઈશું

ને ‘‘ફૂલ નહિ તો ફુલની પાંખડી’’ બસ! અરે, શું પાખંડ ફેલાવી રાખ્યું છે? આ વાત અહીંયાં નથી કહેવામાં આવતી. અહીંયાં કોઈક ગંભીર વાત કહેવામાં આવી રહી છે.

આમ આ વાચનિક ઉપાયના ઉપદેશમાં છેવટે જેની સંમુખ આપણે આત્મનિવેદન કર્યું છે તે શ્રીકૃષ્ણનો અનન્યાશ્રય કેળવવાનો ઉપદેશ મહાપ્રભુજી આપવા માગે છે તે બ્રેકેટ્માં ‘સંપ્રદાનાશ્રયોપદેશ’ કહીને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમજ *‘સર્વાત્મના’* અક્ષરોને ત્રાંસા કરીને એ બાબતનો ખુલાસો કરવા માગું છું કે મહાપ્રભુજીએ આપેલ ઉપદેશ આપણે પાળી શકતાં હોઈએ કે ન પાળી શકતાં હોઈએ કોઈ પણ આવા કપરા સંજોગોને અહીંયાં સમસ્યા તરીકે રજુ કરવામાટે. તે આ સમસ્યાનું સમાધાન અંડરલાઈન્ કરીને સમજાવી દીધું છે.

તેથી કૃષ્ણાશ્રયના ઉપસંહારમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે—

‘‘વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિઃ મમ॥
સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રૈવ અખિલાર્થકૃત્।
શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામિ અહમ્॥’’
(કૃષ્ણાશ્રય : ૯-૧૦)

શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણથી વચન માગે છે કે શરણાગત પુષ્ટિજીવ કેવો પણ હોય તેનો પુષ્ટિમાર્ગીય ઉદ્ધાર—એટલે પોતાની નિત્યસેવામાટે લાયક આ જ જનમારામાં કે આવનારા જનમારામાં કે પછી નિત્યલીલામાં—જેમ પ્રભુને રુચે તેમ કરવાની કૃપા વિચારશો!

ઉપસંહાર :

જો આપણો શ્રીમહાપ્રભુજી પ્રત્યેનો હૃદયનો ભાવ અને ગૌરવની લાગણી સાચી હોય તો તેમનાં નામે પૂજાવવા કે તેમના નામે નવો ચીલો વલ્લભપંથનો ચલાવવા કરતાં પોતે મહાપ્રભુજી કેટલો બધો શ્રીકૃષ્ણ સાથે નિશ્છળ-નિર્હેતુક પ્રેમ કરે છે અને તેમ કરવા આપણને પણ સમજાવવા માગે છે, તેને જો સમજીશું તો જ મહાપ્રભુજીને આપણે ગમીશું. અન્યથા બધું ફોકટ છે.

અંતે તેથી પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણ અને મહાપ્રભુજી ને શરણાગતિની આપણી પ્રાર્થના કરીને હવે આ પ્રવચનનો ઉપસંહાર કરીશું—

સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ।
પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ!॥

જે મહાપ્રભુજીએ નિશ્ચિંતતાનો આ દિવ્ય ઉપદેશ આપણી શ્રીકૃષ્ણભક્તિ અને શ્રીકૃષ્ણશરણાગતિ ને સુદૃઢ કરવામાટે આપ્યો તેમના અનુગ્રહ અને આશ્રય ની ભાવના સાથે આ કાર્યક્રમના ઉપસંહાર રૂપે આશ્રયનું પદ પણ આપણે ગાઈશું—

દૃઢ ઈન ચરણન કેરો ભરોસો॥
શ્રીવલ્લભનખચંદ્રછટા બિન સબ જગ માંઝ અંધેરો॥૧॥
સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો॥
સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો॥૨॥

* * *


નવરત્નોપદેશદ્વારા નિવર્તનીયા ચિન્તા
વાચનિકોપદેશદ્વારા
આર્થિકોપદેશદ્વારા (પ્રકાશ – ૩)
કસ્યચિદ્ વિશેષતોંગીકારદર્શને પુષ્ટિઃ ભાવનીયો
'ગન્ધેર્ચિતે તુલસિકા' ન્યાયેન
ક્રિયમાણા (૧-૭)
જાયમાના (૮-૯)
લૌકિકી (૧)
અલૌકિકી
યથોપદિષ્ટનિર્વાહ સંભવેપિ (૮)
યથોપદિષ્ટનિર્વાહ સંભવજન્યા (૯)
સ્વાર્થા
ભગવદર્થા (૭)
ત્રૈવર્ગિકાયાસ-સમ્પાદન જન્યા
ભક્ત્યર્થા
ગુર્વાજ્ઞા ભંગતઃ
ભગવદાજ્ઞા ભંગતઃ
સેવોપયોગી (૨)
સેવાનુપયોગી (૬)
અન્યવિનિયોગજન્યા
આત્મનિવેદના-વિશ્વાસજન્યા (૫)
ભગવદ્ વિનિયોગ જન્યા (૫)
સ્વસ્ય
સ્વકીયસ્ય
નિવેદિતેષુ(૩)
અનિવેદિતેષુ(૪)

(૧-૨-૩-૪) આત્મનિવેદન ચિન્તનેન
(૫) પુરુષોત્તમસ્વરૂપ ચિન્તનેન
(૬) સ્વસાક્ષિતાભાવ ચિન્તનેન
(૭) સેવાતાત્પર્ય વિવેકેન
(૮) લીલાભાવનયા
(૯) શરણાગત્યા
(પ્ર-૩) વિશેષપુષ્ટિવિચારેણેર્ષ્યાત્યાગેન